॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રુતઅધિષ્ઠાત્રી ભગવતી શ્રી સરસ્વતી માતાને નમઃ ॥

# આત્મસાધનાના
# અમૃત અનુષ્ઠાન

**(પ્રીતિયોગ-ભક્તિયોગ-જિનવચન
આજ્ઞાયોગ-અસંગયોગ)**

- શ્રીમદ્ આનંદઘનજી મહારાજ
- ગણિશ્રી દેવચંદ્રજી મહારાજ
- મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ
- મુનિશ્રી મોહનવિજયજી મહારાજ
- કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત
શ્રી વચનામૃત આદિ મહાપુરુષો દ્વારા રચિત
વર્તમાન તીર્થંકર ચોવીશીના અલૌકિક સ્તવનોનું
આંશિક વર્ણન

**લેખક-સંપાદક :**
**પ્રવીણચંદ્ર એલ. શાહ (Ph.D.)**
Newtonian And Quantum Physics
Reading, PA 19608 U.S.A.
email : pshahusa@yahoo.com

**પ્રકાશક :** Jain Center Of Connecticut

**પ્રકાશન વર્ષ :** 2017

**પ્રાપ્તિસ્થાન :**

**(ભારતમાં)** (૧) **ભરત ગ્રાફીકસ - અમદાવાદ**
Ph. : 079-22134176
(૨) **સરસ્વતી પુસ્તક ભંડાર - અમદાવાદ**
Ph. : 079-25356692
(૩) **સેવંતીલાલ વી. જૈન - મુંબઈ**
Ph. : 022-22404717, 22412445

(**U.S.A.**) (1) Dr. Pravin L. Shah
E-mail : pshahusa@yahoo.com
Cell Phone : 610-780-2855

**મૂલ્ય :** U.S.A. : $ 5.00
INDIA : RS.300

મુદ્રક : ભરત ગ્રાફીક્સ,
ન્યુમાર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો. ૯૯૨૫૦ ૨૦૧૦૬
E-mail : bharatgraphics1@gmail.com

## સહૃદય સમર્પણ

**"અનન્ય શરણના આપનાર એવા**
**શ્રી સદ્ગુરુ દેવને અત્યંત ભક્તિથી નમસ્કાર હો."**

**- અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી,**
**- મહોપાધ્યાય શ્રી યશોવિજયજી,**
**- મુનિ શ્રી મોહનવિજયજી મહારાજ,**
**- ગણી શ્રી દેવચંદ્રજી મહારાજ,**
**- પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજી આદિ**ના

કર-કમલોમાં આપની કૃપાથી આપને પ્રિય એવું આપને જ સમર્પણ કરતાં અત્યંત આનંદ અનુભવું છું.

આ ગ્રન્થ સૌને કલ્યાણકારી નિવડો
તેવી મારી અંતરની પ્રાર્થના

**"જ્ઞાન પ્રકાશે રે મોહ તિમિર હરે, જેહને સદ્ગુરુ સુર,**
**તે નિજ દેખે રે સત્તાધર્મની, ચિદાનંદ ભરપૂર."**
(ઉ. યશોવિજયજી કૃત સવાસો ગાથાનું સ્તવન)

**અહો ! અહો ! શ્રી સદ્ગુરુ, કરુણા સિંધુ અપાર;**
**આ પામર પર પ્રભુ કર્યો અહો ! અદ્ભુત ! ઉપકાર,**

**શું પ્રભુ ચરણ કને ધરૂં, આત્માથી સૌ હીન,**
**તે તો પ્રભુએ આપીયો, વર્તુ ચરણાધીન.**
**દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત્,**
**તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણિત**
(શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર-શ્રીમદ્ રાજચંદ્રજી)

**-પ્રવીણચંદ્ર એલ. શાહ (Ph.D.)**

# અનુમોદના

**અ**નંત ઉપકારી પરમાત્મા શ્રી વીતરાગ પ્રભુના શાસનમાં અનેક મહાત્મા પુરુષો થયા છે. ચૌદ પૂર્વધારી તથા દશ પૂર્વધારી એવા સુધર્માસ્વામી, જંબૂસ્વામી ઇત્યાદિ અનેક ધર્મવીર પુરુષો થયા છે. છેલ્લા એક હજાર વર્ષના ગાળામાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય તથા પૂજ્યપાદ હરિભદ્રસૂરિજી મહારાજ તથા મલયગિરિ મહારાજ સાહેબ આદિ અનેક ધર્મશાસ્ત્રો રચનારા તથા ટીકાગ્રંથો રચનારા ધર્મવીર પુરુષો થયા છે.

કલિયુગના પ્રભાવે ઘટતી જતી બુદ્ધિ અને ઘટતી જતી જ્ઞાનદશાવાળા કાળમાં પણ છેલ્લા ત્રણસો વર્ષ પહેલા નીચેના ચાર મહાત્મા પુરુષો ભક્તિયોગાચાર્યો થયા છે.

**૧. પૂજ્ય શ્રી આનંદઘનજી મહારાજ સાહેબ**
**૨. પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ**
**૩. પૂજ્ય શ્રી મોહનવિજયજી મહારાજ સાહેબ**
**૪. પૂજ્ય શ્રી દેવચંદ્રજી મહારાજ સાહેબ**

ઉપરોક્ત ચારે મહાત્મા લગભગ સત્તરમા સૈકામાં થયા છે. કોઈ આગળ અને કોઈક પાછળ, પણ આ અરસામાં આ મહાત્મા પુરુષો ગુજરાતમાં થયા છે. તેઓએ ચોવીશે તીર્થંકર પરમાત્માના ભક્તિભાવ સ્વરૂપે ચોવીશ-ચોવીશ સ્તવનો બનાવ્યા છે. જે અતિશય રસપ્રદ, ભક્તિયોગથી ભરપૂર, અધ્યાત્મ અને વૈરાગ્યરસથી છલોછલ ભરેલા, ગાતા-ગાતા ઘણો જ આત્મિય આનંદ ઉપજે એવા આ સ્તવનો બનાવ્યા છે. તે સર્વ સ્તવનોના અર્થ ભણવા જેવા, ગાવા જેવા અને કંઠસ્થ કરવા જેવા છે. ગાનાર સાધકનો આત્મા અવશ્ય કંઈક નવું અદ્ભૂત તત્ત્વ પ્રાપ્ત કરે જ તેવું દૈવત આ સ્તવનોમાં છે.



આ સ્તવનોના અર્થ લખવાનો ઘણા વક્તાઓએ સારો એવો પ્રયત્ન કર્યો છે. ઘીના પ્રકાશિત થયેલા દીપકમાં જેમ એક ચમચી ઘી ઉમેરવામાં આવે તો દીપક લાંબો સમય પ્રકાશ આપતો જ રહે છે, તેમ પરમાત્માના ભક્તિરસથી લખેલા આ સ્તવનોના સરળ ગુજરાતી ભાષામાં અર્થો લખીને **પ્રવીણભાઇ**એ અમેરિકામાં રહીને પણ જૈન સમાજને ભક્તિરસમાં દાખલ થવા આવું જ એક નાનકડું જ્ઞાન પ્રભાવનાનું ઉત્તમ કાર્ય કર્યું છે તે જાણીને ઘણો જ આનંદ થાય છે.

આ ચારે મહાત્માઓએ જે જે સ્તવનો બનાવ્યા છે તે ઘણા ગૂઢાર્થ અને આત્માની એકાકારતાની સાક્ષી સ્વરૂપ છે. તેમાંથી પણ કેટલાક સ્તવનો તો અતિશય આનંદકારી, આત્મતત્ત્વની સાધના આપનારા અને પરમાત્માની સાથે મીઠા-મધુરા બોલ સાથે સર્વથા એકાકાર થવા સ્વરૂપ છે. તેવા કેટલાક અણમોલ સ્તવનોના સરળ ભાષામાં અર્થ સહિત પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈએ પરમાત્મા સાથે એકાકાર થઈને આ અર્થો લખ્યા છે. આ કાર્ય ઘણું જ અનુમોદનીય અને પ્રશંસનીય છે. વારંવાર આ વિષયનો અભ્યાસ કરવા માટે ઉચિત માર્ગદર્શન આપતું આ પુસ્તક છે.

સર્વે પણ આરાધક જીવોએ ઓછામાં ઓછું પાંચ વાર આ પુસ્તક મનન-ચિંતન-નિદિધ્યાસન કરવાપૂર્વક વાંચવા હું વિનંતી કરું છું.

આ પુસ્તક દ્વારા આપણે પણ વીતરાગ પરમાત્માની ભક્તિમાં લયલીન બનીને આત્મ કલ્યાણ સાધનારા બનીયે. જૈન શાસનમાં આવા પુસ્તકોનો અભ્યાસ વૃદ્ધિ પામે અને લેખકના ઉત્સાહને ઉત્તેજના મળે એ જ આશા સાથે...

**એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,**
**નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ,**
**સુરત-૯ (ઇન્ડિયા)**
**ફોન ઘર : ૦૨૬૧-૨૭૬૩૦૭૦**
**મો. ૯૮૯૮૩૩૦૮૩૫**

**લિ.**
**ધીરલાલ ડાહ્યાલાલ મહેતા**

# અનુમોદના

હિમાલયમાંથી વહી નિકળેલી ગંગા આસપાસના પ્રદેશો અને કિનારાઓને શીતળ અને પવિત્ર કરી જેમ સાગરને પહોંચે છે તેમ સંતો મહંતો મહાત્મા પુરુષો અને મહાન વિભૂતિઓ પોતાની અનુભૂતિની કૃતિઓ અને મીઠી વાણી દ્વારા માનવોનું કલ્યાણ કરતા, માર્ગ બતાવતા પોતે મોક્ષ પ્રતિ પ્રયાણ કરે છે.

આવી જ કેટલીક મહાન વિભૂતિઓ (શ્રીમદ્ શ્રી આનંદઘનજી, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી, ગણી શ્રી દેવચંદ્રજી)ના રચેલ સ્તવનો સજ્ઝાયો પદો અને શાસ્ત્ર સૂત્રોનો સંગ્રહ કરીને એક એવું અણમોલ પુસ્તક (ગ્રંથ) બહાર પડ્યું છે જેના વાંચન મનન દ્વારા સાધક આત્મા મુક્તિના પંથે આનંદ-મંગળથી પ્રયાણ કરી શકે. અમેરિકાનીવાસી લેખક **ડૉ. શ્રી પ્રવીણચંદ્ર એલ. શાહે** આ પુસ્તક લખીને વાચક વર્ગને અને સર્વ જિજ્ઞાસુ આત્માઓને સુંદર ભેટ આપી છે.

એમણે જે રીતે એક પછી એક અનુષ્ઠાનો સંદર્ભ સાથે સમજાવ્યા છે તે બહુ મનનીય અને ચિંતનીય છે. અને આ અણમોલ સંગ્રહ પ્રવીણભાઈના જીવનના આત્મપુરુષાર્થનું પરિણામ છે.

આજનો માનવી આખા જગત સાથે સંબંધ બાંધવાની આંધળી દોડમાં પોતાની જાત (આત્મા સાથે) સાથેનો સંબંધ ખોઈ બેઠો છે. આખા જગતની સાથે સંબંધ બાંધવામાં, જગતને ઓળખવાની તાલાવેલીમાં,. પોતાની જાત સાથેનો સંબંધ ખોઈ બેઠો છે-ભૂલી ગયો છે અને પરિણામે દુઃખ જ અનુભવે છે. પોતા તરફ વળ્યા વિના અંતરમુખ દૃષ્ટિ પ્રાપ્ત કર્યા વગર એકલી ક્રિયાની ચીલાચાલુ દોડમાં ઘુમ્યા કરવાથી જીવનમાં શાંતિ સંતોષ અને આનંદનું અવતરણ થઈ શકતું નથી. અને ધાર્મિક રહેવા છતાં પ્યાસ અને પ્રીતિ તો ભૌતિકતાની જ રહે છે. અને આનું નામ જ ઓઘદૃષ્ટિ. આ પુસ્તકમાં સુંદર રીતે સમજાવી છે.



અનંત ઉપકારી જિનેશ્વર ભગવંતની ઉપાસના, આરાધના આત્મા માટે ઘણી જ અનિવાર્ય છે. આત્મસાધનાના અનેક પ્રકારોમાં જિનોપાસના એ મુખ્ય સાધના છે. જિનેશ્વર ભગવાનની સેવા, ભક્તિ કે આરાધના કરવી એ ઉપાસના કહેવાય. આવી સેવા વારંવાર થાય ત્યારે તે ભક્તિનું રૂપ ધારણ કરે છે. ભક્તિમાં ગુણાનુરાગની ભવ્યતા આવે ત્યારે તે આરાધનાનું રૂપ ધારણ કરે છે. અને આરાધનામાં એકાગ્રતા વધે ત્યારે તે અનન્ય ઉપાસનાનું રૂપ ધારણ કરે છે. આવી ઉત્કૃષ્ટ ઉપાસના દ્વારા જીવ પરમપદને પામે છે. (ઉત્તરાધ્યયન સૂત્ર આની સાખ આપે છે.)

ભદ્રતા, સરળતા, વિનય અને પવિત્રતા એ સાચી જિનોપાસનાના પાયા છે. આત્મશુદ્ધિના અપૂર્વ અનુષ્ઠાનો સમજાવીને મુમુક્ષુ આત્માનું કલ્યાણ થાય તે દૃષ્ટિમાં રાખી શ્રી પ્રવીણભાઈએ આ પુસ્તક લખ્યું છે. તેમની સરળ ભાષાથી ગહનમાં ગહન વાત સહેલાઈથી સમજી શકાય તેવા સંદર્ભો અને દૃષ્ટાંતો વડે સ્પષ્ટ પણે સમજી શકાય તેવી ઉત્તમ શૈલીથી તેનું નિરૂપણ થયું છે અને ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગનો ઉત્તમ સમન્વય થયેલો મળે છે. આ પુસ્તકમાં પ્રીતિયોગ, ભક્તિયોગ, જિનવચન આજ્ઞાયોગ અને અસંગયોગનો જ્યાં સમન્વય થયો છે. તેને વાચકો સમજે, મનન કરે, વાગોળે અને આત્મસાત કરી જિનોપાસનાના પવિત્ર પંથે આગળ વધે અને પરંપદની જ્યોત પ્રાપ્ત કરે એ જ શુભભાવના...

ઉત્તમ ગ્રંથ રચના માટે શ્રી પ્રવીણભાઈને હાર્દિક અભિનંદન તથા અનુમોદના વ્યક્ત કરતાં ખૂબ જ આનંદ થયો છે...જયજિનેન્દ્ર

ન્યુયોર્ક,
ઓગષ્ટ, ૨૦૧૬

**—પ્રમોદાબેન ચિત્રભાનુ**

ૐ

# અભિપ્રાય

આત્મસાધનાના અમૃત અનુષ્ઠાન પુસ્તકનું અવલોકન કર્યું, આનંદ થયો. તેમાં સ્વરૂપ સાધના ઝળકે છે.

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારીત્ર ગુણોની વૃદ્ધિ જે પ્રક્રિયા દ્વારા થાય તે સર્વ અમૃત અનુષ્ઠાન છે. આત્મવિકાસ માટે જ્ઞાન અને ક્રિયા બે મુખ્ય સાધનો છે.

આદરણીય મુમુક્ષુ ભાઈશ્રી **પ્રવીણભાઈ**એ છેલ્લા ત્રણસો ચારસો વર્ષમાં થયેલા મહાપુરુષો ખાસ કરીને શ્રી આનંદઘનજી મહારાજ, શ્રી યશોવિજયજી મહારાજ, શ્રી મોહનવિજયજી મહારાજ તથા શ્રી દેવચંદ્રજી મહારાજના કેટલાક સ્તવનો તથા શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતનું અવલંબન લઈને જ્ઞાનયોગ, ભક્તિયોગ, જિનઆજ્ઞાપાલન તથા અસંગ અનુષ્ઠાન વિષે સૂક્ષ્મ સમજણ આપીને સાધકોને મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે સુંદર માર્ગદર્શન આપ્યું છે. વિશેષમાં તે મહાપુરુષોના જીવનચરિત્રનું પણ આલેખન કર્યું છે, જે મુમુક્ષુઓને વિશેષ પ્રેરણાદાયી બની રહેશે.

ભગવાન મહાવીરની અંતિમ દેશના-શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, આચારાંગ સૂત્ર, ભગવતી સૂત્ર તથા શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી સમાધિશતક, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય આદિ આગમ ગ્રંથોનો પણ આધાર લેવામાં આવ્યો છે. તેથી તેમાં વીતરાગદર્શનના સિદ્ધાંતો વણી લેવામાં આવ્યા છે. વિશેષમાં આ પુસ્તકમાં નિશ્ચયનય અને વ્યવહારનય તથા જ્ઞાન-ભક્તિ અને ક્રિયાનો સુભગ સમન્વય દૃષ્ટિગોચર થાય છે. છેલ્લા પ્રકરણમાં કર્મસિદ્ધાંતની પણ ઉપયોગી સમજણ આપી છે.

આશા છે આ ગ્રંથ સૌ આરાધક જીવોને પ્રેરણાદાયી બની રહેશે. આદરણીય મુમુક્ષુ શ્રી પ્રવીણભાઈ શાહને આવા સુંદર સંકલન-આલેખન માટે અનેકશઃ ધન્યવાદ. તેઓની અધ્યાત્મ સાધના પણ વિશેષ વેગવંતી બને તેવી અંતરની શુભેચ્છાઓ સહ.

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
કોબા - ૩૮૨૦૦૯ (ગાંધીનગર)

ૐ
**સૌનો હિતચિંતક**

# લેખકશ્રીના મનન ઉદ્‌ગાર
# સહ આભાર વ્યક્ત

**શ્રી** મહાવીરસ્વામી ભગવાનને તથા પ્રાતઃસ્મરણીય ગુરુ ગૌતમ સ્વામીને નમસ્કાર કરીને તેમના શાસનમાં થયેલા સર્વ આચાર્ય ભગવંતો જેમના ગ્રન્થરત્નોનો સંદર્ભ અત્રે મૂક્યો છે તે સર્વ જ્ઞાની ભગવંતોનો હું અત્યંત ઋણી છું, કોટી કોટી વંદન હોજો.

જે મહાત્માઓના સ્તવનો આ પુસ્તકમાં સમજાવ્યા છે તે મહાત્માઓ તો મારા માથાના મુગટ છે. તેઓશ્રીની કૃપાથી જ મારા જેવા અલ્પજ્ઞ અને સંસારી, પ્રમાદી જીવથી આ પુસ્તક માત્ર ભક્તિ-ભાવનાથી લખવાનું શક્ય બન્યું તેમાં ગુરુકૃપા જ મુખ્ય કારણ છે.

૨૦૧૫ નું પર્યુષણ અમેરિકાના Connecticut નામના State માં New Heaven, CT area માં કરવાનો સુયોગ બન્યો અને પર્યુષણના સ્વાધ્યાયમાં આ સ્તવનોનો ભાવાર્થ સમજાવેલ. તે સ્તવનોમાં ત્યાંના જૈન સંઘને ઘણી જ રુચિ થઈ અને મને ભક્તિયોગ ઉપર પુસ્તક લખવા તે સંઘનો Support and સાથ મળ્યો. તે માટે CT Jain center નો અત્યંત ઋણી છું.

પંડિતવર્ય **શ્રી ધીરૂભાઈ મહેતા**નું સ્મરણ કરવા સાથે મને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે, જેમણે આ પુસ્તક લખવાના મારા ભાવોને ઘણાં જ આવકાર્યા અને હિંમત સાથે પ્રેરણા આપી કે તમે આ લખો તો સ્વાધ્યાય ગ્રુપોમાં આ પુસ્તક મદદરૂપ થશે. પૂજ્ય પંડિતજીનો મારા પર ઘણો જ ઉપકાર છે અને છેલ્લા ૨૦ વર્ષથી તેમની સાથે અમેરિકામાં અત્રે સત્સમાગમનો મને લાભ મળ્યો છે અને ઘણા શાસ્ત્રો ભણાવીને મને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી અને આચાર્યશ્રી હરિભદ્રજીના શાસ્ત્રોને સમજવામાં ઘણું જ ઉત્તમ માર્ગદર્શન આપ્યું છે તે માટે હું તેમનો અત્યંત ઋણી છું.

પૂજ્ય પંડિતવર્ય શ્રી ધીરુભાઇએ મારા પ્રત્યે ધર્મપિતાના વાત્સલ્યથી

આખું પુસ્તક બારીકાઈથી વાંચી યોગ્ય સ્થળે સુધારા-વધારા કરી શુદ્ધિમાં મને સુંદર સહયોગ આપેલ છે. વિશેષ આનંદની વાત તો એ છે કે, મેં તેઓશ્રીને આ પુસ્તક સંબંધી પ્રસ્તાવના લખી આપવાનું કહેતાં જ તેઓશ્રીએ ખૂબ જ સરળતા અને નિખાલસતાથી સંમતિ આપતા મારો આનંદ બેવડાઈ ગયો અને તેઓશ્રીના અનેક ઋણોમાં આ એક ઋણનો વધારો થયો.

પૂજ્ય ગુરુદેવ શ્રી ચિત્રભાનુજી અને પૂજ્ય પ્રમોદાબેનનું ૪૦ વર્ષનો મારા પર ધર્મવાત્સલ્ય વરસે છે. પૂજ્ય પ્રમોદાબેને ઘણાં જ ઉત્તમ સૂચનો આ પુસ્તકમાં દર્શાવેલ જેથી આ પુસ્તકની સુંદરતામાં ઓર વધારો થયેલ છે. સાથે સાથે તેઓશ્રીએ અનુમોદના શિર્ષક હેઠણ પુસ્તકની ટુંકમાં સુંદર સમજણ પણ આપી મારી મુંઝવણ દૂર કરેલ છે.

અમેરિકાના ઘણાં સાધર્મિક મિત્રોનો પણ બહુ જ સાથ, સહકાર અને પ્રેરણા આ પુસ્તકના કાર્યમાં ઉપયોગી થયા છે. ભગવાન મહાવીરનો દિવ્ય સંદેશો મેં એક ટપાલી થઈને તમને પહોંચાડ્યો છે, મારું આમાં કાંઈ જ નથી.

અંતમાં, આ પુસ્તક ખરેખર તો મેં મારા પોતાના સ્વાધ્યાય, સાધના માટે જ લખવાનું વિચારીને આ કામ હાથમાં લીધું અને જે આનંદ અને ચિત્તપ્રસન્નતા આ પુસ્તક લખવામાં મને પ્રાપ્ત થઈ છે તે જ મારા માટે પ્રભુકૃપાની મોટી પ્રસાદી છે. મારી મંગળ ભાવના છે કે જિનવાણીને આ પુસ્તકના અમૃત અનુષ્ઠાનોની ભક્તિયોગની સાધના, આરાધના, રુચિપૂર્વક સૌ કરે અને મનુષ્યભવની સાર્થકતા કરીને મોક્ષની મંગળયાત્રામાં આપણે સૌ એકબીજાને મૈત્રીભાવે, પ્રમોદભાવે આત્મીયતાથી મદદરૂપ બની, મહાવીરપ્રભુની મૈત્રીભાવના, ધર્મભાવનાનો જય જયકાર કરી, ''तिन्नाणं तारयाणं'' એવા કરુણાસાગર ભગવાનની કૃપાથી મોક્ષપદની સિદ્ધિ કરીએ. તથાસ્તુ ।

**॥ शिवम् अस्तु सर्व जगतः ॥**

**॥ नमो लोए सव्वसाहूणं ॥**

# Foreword and Author's Acknowledgements

Great Greek philosopher Socrates said**, "When a student is ready, the teacher appears auto-matically"**. Ever since I was 7 or 8 eight years old, I had a strong desire in my heart to find a right spiritual master (Sadguru) to understand the teachings of Lord Mahavir and great Masters of the universe. After completing my post graduate studies in USA in Physics, I was practicing the rituals and Jain Kriyas, but I was not satisfied knowing clearly that I did not have a spiritual direction and a goal in my life. Nevertheless, the quest and burning desire to find the right Sadguru kept on growing in my heart.

In 1980 we had gone to India for a wedding in the family and during this trip I learned from a close relative that teachings of Shrimad Rajchandra and Anadghanji had greatly impacted his life. I was inspired from this and went to visit Shrimad Rajchandra Ashram in Agas located near Baroda. Many miracles happened during my 8-day visit to this holy place. I was very touched by meeting some of the first hand disciples of PujyaShri Laguraj Swami, namely Ravji bhai Desai, and first hand Mumuxus of PujyaShri Bhrahamchariji namely Omkarbhai and Parasbhai Jain. Not only my heart accepted Shrimadji as a great self realized master, but it was further enriched each day when I attended morning Bhakti program when they recited 4 Stavans from "NItyakram" book of the four Jain masters, which is the main subject of this book. As I listened to the immortal compositions of Anadghanji, Devchandraji, Updhyay Yashovijayji, and Muni Mohan Vijayaji, I experienced incredible peace and spiritual bliss every day. This visit motivated and inspired me to commit my life to study the teachings of these great masters and I returned to US to continue my spiritual study with thirty Jain texts.

As discussed in first chapter, I was blessed to have numerous opportunities to conduct my lectures and Parushana programs for the last 35 years at many Jain centers in US and

my spiritual awakening became stronger from study of Gnanyog and Bhaktiyog as a daily practice of more than 4 to 6 hours of home study of scriptures. Talking about miracles, a pivotal point and a major miracle happened in 1985 when I met Shri Kiranbhai Parikh who provided continuous teachings and inspiration to study and write a book on the compositions of above Jain masters. Then in 1995 I was truly blessed by another miracle when I met Pujya Pandit Dhirubahi Mehta in Allentown PA. This was a huge blessing to me as Panditji continued to shower me with his teachings on many Jain texts of Upadhyay Yashovijaji and Acharaya Haribhadra for the next 20 years during his visits to US. Furthermore, I was very fortunate to know Gurudev Chitrabhanuji and Parmodaben very closely for four decades who inspired me greatly to write a text on Bhaktiyog based on my study and discourses.

## UNIQUENESS OF THIS BOOK

In 2015, I was invited to conduct Parushana program at Norwalk CT Jain center as my sixth visit to my favorite group of Jain friends. In 2009, during my program at this center, I had stressed the importance of weekly Swadhyay, and the group took the initiative to follow this and kept up so well for all these years. That Swadhyay group kindly requested me to offer 90-minute discourses every day on Bhaktiyog compositions of the four masters discussed in this book. Once again they received the teachings on Bhaktiyog so well that during our dinner session, many people asked me if I would write a book on Bhaktiyog to provide a home study course material. My heart immediately said, “I must write this book based on joyful experience of many years on Bahktiyog”. But I felt a restrain that living in US for more than four decades, I may not have the command of Gujarati language to write a book on Bhaktiyog of these great masters. On the fourth day of Parushana, I got up at 2 am at night and started writing the outline of this book and I don’t know how it happened as if “a spiritual flow of Bahktiyog came in my heart from the cosmic universe”! Not only I accepted the challenge to write this book in 2015 but also the CT Jain group immediately accepted the responsibility to sponsor the book and help with donations to fund the project.

# As shown in chapter outline on page 2, this book is unique for the following reasons:

1. It provides stepwise guidance on how to integrate and understand Bhaktiyog and Gnanyog in very simple language.

2. The book provides numerous examples and references to link the subject matter with Bhaktiyog and Gnanyog and its benefits to the reader in easy to follow steps.

3. First five chapters provide good introduction to the importance of human life, the clear and precise understanding of essential daily rituals, and self study one needs to practice with right understanding, and how one can transcend from materialistic life to a spiritual life with abundant joy and happiness.

4. Chapter seven provides a complete guide to connecting in divine love for Lord Mahavir and how to immerse in blissful state of unconditional love for the divinity.

5. Chapter eight offers very in depth guide to divine Bhaktiyog that can help the reader attain higher state of self-awareness in effortless state and experience true spiritual bliss.

6. Chapters 9 and 10 will walk you thru specific steps to remain obedient to the timeless teachings of great Masters, and attain self realization that ensures entry into Moxa or Nirvana and put an end to the cycle of birth, old age, suffering, and death.

7. This book provides a live testimony by the author based on his own experience that a genuine student of spiritual knowledge can truly benefit and transform his life by a focused study of this book as a **Home Study Course** and repeat the study of this book until the mastery of the subject matter is attained.

8. Immortal compositions of four masters presented in this book provides a one source reference to memorize and recite these epic Stavans in daily life and this experience can transform your life to experience “Heaven on earth” or truly divine state called “Samapati Dhyan” explained in last two chapters.

9. This book provides a scientific model of soul in purest form attained by Lord Mahavir and how we can attain that state of pure consciousness by activating our “Upadan” by applying the four stages of Bhaktiyog explained in the last five chapters.

10. **This book clearly shows you the divine path to Moxmarg by rejoicing Bhaktiyog, and understanding Gnanyog.**

# ACKNOWLEDGEMENTS AND THANKS

First and foremost, I want to thank Norwalk CT Jain center for their support to sponsor this book project and raise funds to help us get this book printed and distributed. In particular, I like to thank the Jain group committee headed by Vinitbhai Doshi and the pillars of the Jain sangh and my long time close friends Jayantibhai Maru and Yogeshbhai Kamadar who both have been my anchor to get this book going and support my efforts unconditionally for more than a year. The entire Jain group of CT has contributed to fund this project and I am very grateful to each and every person who has helped this project.

I don’t have proper words to express my deep gratitude for Pujya Pandit Dhirubhai Mehta who not only encouraged me to write this book but also promised me that any errors I make in grammar and sentence structure, he will gladly edit and correct it. Without Pujya Panditji’s tiring efforts to correct my hundreds of errors of grammar, this book could not have been ready to present to the Jain community as a valuable resource of Bhaktiyog. Pujya Panditji also blessed this book by providing **very compeling Anumodana and guidance to the readers to study this book at least five times !**

I am equally grateful to Pujya Pramodaben Chitrabhanu who has read the manuscript and provided wonderful Anumodana and inspiration during my write up.

I feel very blessed to have so many close friends and Mumuxus at so many Jain and Hindu centers who have provided inspiration and generous donations to help support

this book. In particular I like to thank Leenaben and Dr. Chandrakant Shah of Allentown and their Leigh Valley Sawadhyay group and Jain sangh for their generous donations and continued inspiration and Satsang. I also like to thank Dr. Premchand Gada and Kiritbhai Dafatari of Dallas Tx for their support to this project. I am very grateful to Chandrikaben Vipani and Maliniben and Rajubhai Vipani of CA for continued inspiration and support to this book.

I am also very thankful to the Rochester Satsang group including Anopbhai Vora, Pratapbhai Bhat, Sulekhaben, and Prabodhbhai Parekh. I am also very grateful to Harshadbahi Shah of Somerset NJ and past chairman of the Franklintwp. Jain temple for providing his resources to get the books shipped from India and provide generous help in distributing the books.

Last but not least, I am truly very grateful to Bharatbhai Shah of Bharat Graphics, Ahmedabad, who has taken this project at heart to offer me valuable guidance and coordination of this book in most spirited way with so much support to accommodate all my demands and needs to make it a **masterpiece text on Bhaktiyog for the global Jain and Hindu community.**

# વચનામૃત ૬૮૦ નું કવન

પરમ કૃપાળુ રાજ વિદેહી સહજ સ્વરૂપના સ્વામીજી,
પંચમકાળે રામ બીજાકે અહો ! મહાવીરસ્વામીજી.

નિષ્કારણ કરુણાના સાગર તારણ તરણ જહાજ બની,
અમ સૌને ઉદ્ધરવા આવ્યા રાજપ્રભુ રાજપ્રભુ મહા ધિંગધણી,

મોક્ષ સિવાય ન ઈચ્છા વર્તે સ્પૃહા નહીં જેના મનમાં,
સહજ સ્વરૂપમાં રમતા નિશદિન રાજરાજેશ્વર શુદ્ધાત્મા.

ભૂલી સૌ ભ્રમણામાં શોધે શ્રી મહાવીર પ્રભુને જી,
વર્તમાન વિચરતા વીરને શરણે આવો શ્રેયજજી,

પરમારથનો માર્ગ ન જાણે મતિ કલ્પના સર્વ કરે,
તે રઝળતા સંસારે જાણી નિષ્કારણ અમ હ્રદય રડે,

ત્રિવિધ તાપથી ત્રાસ્યા જીવો કર્મબંધથી મુક્તિ ચહે,
અમૃતસાગર રાજશરણ લઈ તાપાગ્નિને શાંત કરે.

ભવ્ય મુમુક્ષુને ઉદ્ધરવા કલ્પતરુ કલિકાલેજી,
પરમ શાંતિના ધામરામ પરમાત્મ સ્વરૂપ સાકારેજી,

અંતર અનુભવ રાજપ્રભુએ ચૈત્ર સુદી તેરસને દિને,
હ્રદય ચિતાર પ્રદર્શિત કીધો ઉદ્ધારવા જગ જીવોને.

વોયોમીસીંગ-ફીલાડેલ્ફીઆ
પેન્સીલવેનીઆ, અમેરિકા

-ડૉ. પ્રવીણભાઈ એલ. શાહ

# આત્મ સાધનાના અમૃત અનુષ્ઠાન

## લેખકશ્રીએ પોતાની અંતરની ઉર્મિથી આલેખેલ અનુષ્ઠાનો


| | વિષય | પેજ નં. |
|---|---|---|
| પ્રકરણ-૧ | મંગળાચરણ - મોક્ષની મંગલ યાત્રા | ૧૯ |
| પ્રકરણ-૨ | મનુષ્ય જીવનના ચાર મુખ્ય પુરુષાર્થ | ૩૦ |
| પ્રકરણ-૩ | મોક્ષમાર્ગના ચાર દુર્લભ અંગો | ૩૭ |
| પ્રકરણ-૪ | ધર્મક્રિયાના પાંચ અનુષ્ઠાનો | ૫૫ |
| પ્રકરણ-૫ | જિનભક્તિના રસાસ્વાદના અમૃત અનુષ્ઠાનોની રૂપરેખા | ૭૧ |
| પ્રકરણ-૬ | ભક્તિ યોગના પાંચ મહાત્માઓનો સંક્ષેપ પરિચય | ૯૦ |
| પ્રકરણ-૭ | જિનેશ્વર ભગવાન પ્રત્યે પ્રીતિ અનુષ્ઠાનોની રૂપરેખા | ૧૧૮ |
| પ્રકરણ-૮ | ભક્તિ-અમૃત-અનુષ્ઠાન ભક્તિયોગ સ્તવનોનું વિવેચન | ૧૫૩ |
| પ્રકરણ-૯ | જિનવચન-આજ્ઞા-અમૃત-અનુષ્ઠાન | ૧૯૪ |
| પ્રકરણ-૧૦ | અસંગ અમૃત-અનુષ્ઠાન વિચારણા | ૨૩૩ |
| પ્રકરણ-૧૧ | જૈનદર્શનની દૃષ્ટિએ કર્મનો સિદ્ધાંત | ૨૯૯ |
| પ્રકરણ-૧૨ | ઉપસંહાર | ૩૦૮ |
| | References | ૩૨૬ |
| | શબ્દકોષ | ૩૨૯ |
| | લેખકનો પરિચય | ૩૩૬ |


# પ્રકરણ : ૧ મંગલાચરણ : મોક્ષની મંગળ યાત્રા

**“વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે,**
**મિથ્યા મોહતિમિર ભય ભાગ્યું, જીત નગારૂં વાગ્યું રે,**

**• • • • •**

**“ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત,**
**રિઝ્યો સાહેબ સંગ ન પરિહરે, ભાંગે સાદિ અનંત.**
**ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ,**
**કપટરહિત થઈ આતમ અરપણા, આનંદઘનપદ રહે”**
**ઋષભ...**

જગતના જીવોને ત્રિવિધ (જન્મ-જરા-મૃત્યુ) તાપથી મુક્ત થવાનો, અને શાશ્વત અનંત સુખની પ્રાપ્તિનો, ચતુષ્કીય ગુણનિધિનો અલૌકિક માર્ગ પ્રકાશનાર ‘તિન્નાણં-તારયાણં’ એવા જૈનદર્શનના ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીર-સ્વામી, અને પ્રાતઃસ્મરણીય ગુરુ ગૌતમસ્વામીને કોટી કોટી નમસ્કાર કરી **“આત્મસાધનાના અમૃત અનુષ્ઠાન”** ને સમજવા પરમ ભક્તિ ભાવે મંગળાચરણ શરૂ કરીએ છીએ. “સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો” તેવી પ્રાર્થના.

મોક્ષમાર્ગની સાધનામાં જ્ઞાનયોગ, કર્મયોગ, ધ્યાનયોગ અને ભક્તિયોગની ખૂબ જ પ્રધાનતા જ્ઞાની પુરુષોએ આપી છે. જ્ઞાનમાર્ગ દુરારાધ્ય (કઠણ અને ગંભીર આશયવાળો) હોવાથી સમજવો મુશ્કેલ છે, કર્મયોગ વિષે ભગવદ્ગીતામાં નિષ્કામકર્મનો ઘણો ભાર છે. ધ્યાનયોગ

તો આત્મજ્ઞાનની પ્રાપ્તિ પછી જ વધારે ઉપલબ્ધ બને છે. પરંતુ વર્તમાનકાળમાં ભક્તિયોગ એ સુગમ-સરળ, રોચક અને મન અને આંતરશુદ્ધિ માટે અણમોલ અને અચૂક ઉપકારી છે. પ્રસ્તુત પુસ્તકમાં અધ્યાત્મના કારણભૂત એવા ભક્તિયોગને સમજવા "આત્મસાધનાના અમૃત અનુષ્ઠાન" દર્શાવ્યા છે અને આ ભક્તિયોગની સાધના આબાલ ગોપાલ સૌને **"સંજીવની ઔષધિ"** સમાન હિતકારી છે.

**"જો જિનતું છે પાશરો રે લો, કરમતણો શો આશરો રે લો;**
**જો તુમે રાખશો ગોદમાં રે લો, તો કિમ જાશું નિગોદમાં રે લો,**
**તાહરી ભક્તિ ભલી બની રે લો, જિમ ઔષધિ સંજીવની રે લો,**
**તન મન આનંદ ઉપનો રે લો, કહે મોહન કવિ રૂપનો રે લો"**

*(મોહનવિજયજી કૃત ૮મું સ્તવન)*

**પ્રેમ, શ્રદ્ધા અને અપર્ણતા** રૂપે ભક્તિમાર્ગનો વિસ્તાર આપણે સમજીને જિનભક્તિમાં મગ્ન થઈ, અંતરશુદ્ધિ અને આત્મકલ્યાણ કરવા આપણી મંગળયાત્રા હવે શરૂ કરીએ છીએ–

મહાવીર ભગવાનના નિર્વાણ (મોક્ષકલ્યાણક) ને આજે લગભગ ૨૬૧૫ વર્ષો વિત્યા છતાં ય ભવ્ય જીવોને માટે આ પંચમકાળમાં મોક્ષમાર્ગ અને તેની પ્રાપ્તિના સર્વ સાધનો ભવ્ય જીવોને ઉપલબ્ધ છે. જુઓ, પ્રભુ મહાવીરની કેવી નિષ્કારણ કરુણા- "સવી જીવ કરું શાસન રસી, ઐસી ભાવદયા મનમાં વસી."

પાવાપુરીમાં ભગવાને સમગ્ર જીવોના કલ્યાણ અર્થે અંતિમ સંદેશો ૧૬ પ્રહર એટલે ૪૮ કલાક નિરંતર પ્રકાશ્યો. જે ગણધર ભગવંતોએ ઝીલીને **'ઉત્તરાધ્યયન સૂત્ર'**માં તેનું અવતરણ કર્યું. આ પવિત્ર ગ્રન્થની ૧૦મી દ્રુમપત્રક અધ્યયનની ચોથી ગાથામાં જાણે ભગવાન મહાવીર પ્રાતઃસ્મરણીય ગુરુ ગૌતમસ્વામીને પોતાની છેલ્લી દેશનામાં તેમને



તારી લેવા ૩૬ વખત ફરી ફરી સંબોધે છે કે- "समयं गोयम मा पमाय" અર્થાત્ હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરવા યોગ્ય નથી ! આ લબ્ધિગાથાનો આપણે અર્થ સમજીએ-

**दुल्लहे खलु माणुसे भवे चिरकालेण वि सव्वपाणिणं ।**
**गाढा य विवाग कम्मुणो समयं गोयम मा पमायए ॥**

*(ઉતરાધ્યયન સૂત્ર, અધ્યયન-૧૦મું ,ગાથા-૪)*

**અર્થ :-** સર્વ પ્રાણીઓને ઘણા લાંબા કાળ પછી પણ મનુષ્યભવ ફરીથી પ્રાપ્ત થવો અત્યંત દુર્લભ છે, કારણ કે કર્મોના વિપાક (ઉદય) અત્યંત ગાઢ છે. (intense, complicated and Stressfully very unpredictable and dangerous) એટલે તેમાં સદ્‌વિવેક પામવો અતિ દુર્લભ છે એમ જાણી, હે ગૌતમ ! એક સમય માત્રનો પણ પ્રમાદ ન કરવો !

શ્રી ગૌતમસ્વામી પોતાના રોમેરોમમાં ભગવાનની ભક્તિથી એટલી લીનતા, મગ્નતા માણતા કે ભગવાનના ચરણકમળની ભક્તિને બદલે મોક્ષ કે કેવળજ્ઞાન પણ જાણે એમને વસમું લાગતું ! આવી અલૌકિક ભક્તિ કેવી હશે તેનો ચિતાર આ પદમાં છે–

**"મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,**
**જેહશું સબળ પ્રતિબંધ લાગ્યો,**
**ચમક પાષાણ જેમ લોહને ખેંચશે,**
**મુક્તિને સહજ તુજ ભક્તિરાગો !"**

*(ઉપાધ્યાય યશોવિજયજીકૃત ઋષભદેવનું સ્તવન)*

એક વખત ગૌતમસ્વામી ભગવાન મહાવીરને પૂછે કે, 'હે ભંતે હું જેને દીક્ષા આપું છું તે બધાને કેવળ જ્ઞાન થઈ જાય છે, ૧૫૦૦ તાપસો પણ દીક્ષા પામ્યા ને કેવળજ્ઞાન પામી ગયા, અને હું તમારો ગણધર કેવળજ્ઞાન વગરનો કેમ રહી ગયો છું ?'

પ્રભુએ કીધું : હે ગૌતમ ! તને મારા પ્રત્યે બહુ જ રાગ (ભક્તિરાગ) છે તે છોડી દે તો હમણાં જ કેવળજ્ઞાન થશે. નાનું બાળક જેમ માને કહે એવી સરળતાથી ગૌતમસ્વામી કહે છે, ‘હે ભંતે, મને તમારા ચરણકમળની ભક્તિમાં જ રહેવા દો ! મને તમારું કેવળ જ્ઞાન કે મોક્ષ નથી જોઇતા !’ ભગવાન તો સર્વજ્ઞ છે અને જાણતા હતા કે આ ગૌતમ માને તેવો નથી, અર્થાત્ એની આશ્રયભક્તિ મારા પ્રત્યે એવી છે કે એમાંથી એ દૂર નહીં થાય. અંતે ભગવાને ગૌતમસ્વામીને દેવશર્મા બ્રાહ્મણને ઉપદેશ આપવા મોકલ્યા અને પાછા વળતાં ભગવાન મોક્ષે સિધાવ્યા તેના દુઃખદ સમાચાર સાંભળી ગૌતમસ્વામી ખૂબ જ વિલાપ કરે છે ને પછી તુરતમાં જ જાગૃત થાય છે કે, ભગવાન તો વીતરાગ છે ને મને તેમના સાચા માર્ગે દોરે છે. ત્યાં જ ગૌતમસ્વામી ક્ષપકશ્રેણી માંડે છે ને દીવાળીના રાતે ભગવાન મહાવીર મોક્ષે ગયા ને ગુરુગૌતમ કેવળજ્ઞાન પામ્યા ! કેવા કરુણાના સાગર આપણા ભગવાન અને કેવા વિનયી અને આજ્ઞાધીન ગુરુ શ્રી ગૌતમસ્વામી આપણને ભક્તિમાર્ગની અલૌકિકતા સમજાવે છે ! આ પ્રસ્તુત પુસ્તકનો મુખ્ય ધ્યેય પણ આ જ છે કે ભગવાને પ્રરૂપેલો મોક્ષનો સુગમ ભક્તિયોગ આપણે ચાર અમૃત અનુષ્ઠાનોથી સમજીએ જે પાંચમા પ્રકરણમાં તેની રૂપરેખા જણાવશું. ટુંકમાં પ્રથમ પ્રીતિ અનુષ્ઠાન, બીજું ભક્તિઅનુષ્ઠાન, ત્રીજું આજ્ઞા-વચન અનુષ્ઠાન, અને ચોથું અસંગતા (૭માથી ૧૩મા ગુણસ્થાનની દશા)નું અનુષ્ઠાન દેવગુરુની ભક્તિથી કેવું સુગમ અને સરળ માર્ગ પ્રભુએ જે બતાવ્યો છે તે ચાર મહાત્માઓ (આનંદઘનની, યશોવિજયજી, દેવચંદ્રજી, અને મોહનવિજયજી)ના અલૌકિક સ્તવનોના માધ્યમથી વિચારી, ગાઈ, સમજી, જીવનમાં આપણે સૌ અંતરશુદ્ધિ કરતાં પરમપદ (મોક્ષ)ને પામીએ.



૨૬૦૦ વર્ષના ગાળામાં ભગવાનના શાસનમાં ગૌતમસ્વામી, સુધર્માસ્વામી, તથા છેલ્લા જંબૂસ્વામી કેવળજ્ઞાની થયા ને મોક્ષે ગયા.

શ્રી ગૌતમસ્વામીએ દ્વાદશાંગી (બાર આગમ શાસ્ત્રો)ની રચના કરી અને ગુરુ પરંપરાએ ત્યારબાદ ઘણા પ્રબુદ્ધ, લબ્ધિધારી, યુગપ્રધાન આચાર્ય ભગવંતોએ આગમોનું રહસ્ય જાણીને ગુરુગમ પ્રમાણે ભાષ્ય, ચૂર્ણી, ટીકા તથા બહોળો શાસ્ત્ર સમુદ્ર આપણા કલ્યાણ માટે રચ્યો અને અનંતી કરુણા કરીને મોક્ષમાર્ગની પ્રરૂપણા કરતા રહ્યા. દા.ત. ઉમાસ્વામી ભગવંતે તત્ત્વાર્થસૂત્ર અને પ્રશમરતિ જેવા ઉત્તમ શાસ્ત્રો રચ્યા, જિનભદ્ર ગણિ ક્ષમાક્ષમણે વિશેષ આવશ્યકાદિ મહાન ગ્રન્થો, ભાષ્યો રચ્યા, આચાર્ય કુંદકુંદ મ.સા.એ સમયસાર, પ્રવચનસાર, નિયમસાર જેવા દ્રવ્યાનુયોગના અલૌકિક શાસ્ત્રો રચી તીર્થંકરનો વિરહ જાણે મટાડ્યો. પૂજ્યપાદ સ્વામીનું સમાધિતંત્ર તથા ઈષ્ટોપદેશ અને સર્વાર્થસિદ્ધિ (તત્ત્વાર્થસૂત્રની ઉત્કૃષ્ટ ટીકા) રચી. સિદ્ધસેન-દીવાકરસૂરિજીએ સમ્મતિતર્ક, કલ્યાણ- મંદીર સ્તોત્રની રચના કરી. આચાર્ય અમૃતચંદ્રે શ્રી કુંદકુંદના સમયસાર આદિની અજોડ સંસ્કૃત ટીકા બનાવી ને અત્યંત ઉપકાર કર્યો છે. ૭મી સદીમાં તાર્કીકશીરોમણી, સમદૃષ્ટા શ્રી હરિભદ્રસૂરિજી આચાર્યે તો ૧૪૪૪ શાસ્ત્રો રચ્યાં જેમાં યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગબિન્દુ, ષટ્દર્શન સમુચ્ચય, ષોડશક પ્રકરણ, ધર્મબિન્દુ વગેરે ખૂબ જ આદરણીય ને કલ્યાણકારી શાસ્ત્રો રચ્યાં છે.બારમી સદીમાં ગુજરાતના જ્યોર્તિધર શ્રી હેમચંદ્રાચાર્યશ્રીએ કે જે કલિકાલસર્વજ્ઞનું બીરુદ ધરાવતા અને ૩॥ કરોડ પ્રમાણ શ્લોકોના શાસ્ત્રોની રચના કરી જેમાં યોગશાસ્ત્ર, સ્યાદ્વાદમંજરી, હેમવ્યાકરણ વગેરે ખૂબ જ ગહન અને ચમત્કારિક રચનાઓ છે.

આપણા સૌના પરમ પુણ્યના ઉદયે ગુજરાતને આંગણે છેલ્લા ચારસો વર્ષમાં બીજા પાંચ અલૌકિક જ્ઞાની ભગવંતો થયા જેમના

વચનો, પદો, વચનામૃત તથા ઉપદેશ આ પ્રસ્તુત પુસ્તકમાં ગુંથીને સરળ ભાષામાં સમજાવવાનો મારો ધ્યેય છે. અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી, ન્યાયવિશારદ, તથા લઘુહરિભદ્રના હુલામણા નામથી ઓળખાતા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી, ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજી તથા મુનિ શ્રી મોહનવિજયજીના સ્તવનોનો આંશિક વિવેચન આ પુસ્તકમાં આલેખવાનો મુખ્ય ઉદ્દેશ છે. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજીએ તો જૈન સમાજ ઉપર બહુ જ મોટો ઉપકાર કર્યો છે. તેઓ આનંદઘનજીના સમકાલીન હતા અને અધ્યાત્મસાર, જ્ઞાનસાર, દ્રવ્યગુણપર્યાયનો રાસ, આઠદૃષ્ટિની સજ્ઝાય, અમૃતવેલની સજ્ઝાય, સવાસો ગાથાનું સ્તવન આદિ અનેક ઉત્તમોત્તમ ગ્રન્થોની રચના કરીને આગમોનું ગુરુગમ આપણને જાણે સાગરના મોતીઓને ગાગરમાં ભરીને ખોબે ખોબે પીરસ્યા છે. તથા મહાત્મા ગાંધીજીએ જેમને પોતાના ધર્મગુરુ માન્યા છે અને જેમની પાસેથી અહિંસા, સત્ય, પ્રેમ, વૈરાગ્ય અને માનવધર્મ - આત્મધર્મનો બોધ આકંઠ ભરીને પીધો છે. એવા શ્રીમદ્ રાજચંદ્રજીએ 'વર્તમાનકાળમાં મોક્ષમાર્ગ બહુલોપ, વિચારવા આત્માર્થીને ભાળ્યો અત્ર અગોપ્ય' - આત્મસિદ્ધિશાસ્ત્ર જેવા ૧૪ પૂર્વના સારરૂપે અધ્યાત્મ જગતને અપૂર્વ કરુણા કરીને મોક્ષમાર્ગ ફરી સમજાવ્યો છે. માત્ર ૩૩ વર્ષના ટુંકા જીવનકાળમાં અલૌકિક જીવન જીવ્યા અને સર્વ મુમુક્ષુઓને સાચી મુમુક્ષુતા કેવી રીતે પ્રાપ્ત થાય તેનો સરળ, સચોટ માર્ગ વચનામૃતજીમાં સમજાવ્યો છે. ગાંધીજીએ તો શ્રીમદ્જી રચિત અપૂર્વ અવસર નામના પદની 'આશ્રમ ભજનાવલી'માં ઉમેરીને પોતાના જીવનમાં અને આદર્શમાં શ્રીમદ્જીનું સ્થાન કેટલું ઉચ્ચ કોટીએ પ્રસ્થાપિત કર્યું છે તે સમજાય છે.

ભગવાન મહાવીરના સમયમાં જીવો પ્રાજ્ઞ (બુદ્ધિશાળી, ક્ષયોપશમવાળા) અને સરળ બુદ્ધિના હતા અને જ્ઞાનમાર્ગની આરાધના



ગુરુ પરંપરાએ કરવાની રુચિ અને વિનયી હોવાથી જ્ઞાનમાર્ગ તે સમયમાં મોક્ષમાર્ગના મૂળભૂત અંગ ગણાતું હતું. પણ જેમ જેમ કાળ ઉતરતો ગયો તેમ તેમ જીવો જડ અને વક્ર બુદ્ધિના થઈ ગયા અને વર્તમાનકાળમાં ક્રિયા જડતા શુષ્ક અધ્યાત્મપણું, મતાગ્રહ, કદાગ્રહ, અને ગચ્છ અને મતના આગ્રહો વધતા ગયા છે. આવી વિષમ પરિસ્થિતિનું તાદશ વર્ણન ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ ૩૫૦ વર્ષ પૂર્વે નીચે મુજબ બતાવેલ છે :-

**'કુગુરુની વાસના પાસમાં હરિણપણે જે પડ્યા લોક રે,**
**તેહને શરણ તુજ વિણ નહિં, ટળવળે બાપડા ફોક રે.**
**વિષય રસમાં ગૃહી માચીયા, નાચિયા કુગુરુ મદપૂર રે,**
**ધૂમધામે ધમાધમ ચલી, જ્ઞાનમારગ રહ્યો દૂર રે.**
**સ્વામી સીમંધરા વિનતિ...**

*(સવાસો ગાથાનું સ્તવન - ઉ. યશોવિજયજી)*

વર્તમાનકાળના આવા વિષમ વાતાવરણમાં જૈનસમાજમાં ઘણા ભાગે ક્રિયા જડતા અને શુષ્ક અધ્યાત્મપણું અને કદાગ્રહ વધારે જોવા મળે છે અને ભગવાનના સ્યાદ્વાદનો અલૌકિક અધ્યાત્મ ધર્મ લગભગ ભૂલાઈ ગયો લાગે છે. હું પોતે પણ જૈનકુળમાં જન્મ મળવા છતાંય પૂરેપૂરો કુળધર્મની અંધશ્રદ્ધા, ક્રિયાજડતા અને લોકસંજ્ઞાથી ધર્મક્રીયા કરવામાં જ ધર્મ માનતો હતો. Ph. Dનું શિક્ષણ Newtonian and Quantam physics લેવા અમેરિકા આવવાનું થયું અને એ સમયમાં કુળધર્મના સંસ્કારે પ્રેરાયેલ ધર્મક્રિયા સામાયિક, ભક્તિ વગેરેનો ક્રમ અમેરિકામાં ચાલુ રાખેલો પણ આત્મા અને આત્મધર્મ શું હોય તેનું ભાન જ ન હતું. આવી મનોદશાને યોગીરાજ આનંદઘનજી તેમના બનાવેલા શ્રી ધર્મનાથ ભગવાનના સ્તવનમાં સુંદર રીતે પ્રકાશે છે :

**' ધરમ ધરમ કરતો જગ સહુ ફરે,**
**ધરમ ન જાણે હો મર્મ, જિનેશ્વર૦**
**ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી,**
**કોઈ ન બાંધે હો કર્મ. જિનેશ્વર૦'**

બાળપણથી એક એવી શ્રદ્ધા હતી કે તીર્થંકર ભગવાન જેવા કોઈ દેવ નથી અને ગૌતમસ્વામી જેવા બીજા ગુરુ નથી. કોઈ પૂર્વપુણ્યના ઉદયથી સાચા સદ્‌ગુરુની શોધ અંતરમાં ચાલ્યા કરતી હતી કે ગૌતમસ્વામી જેવા ગુરુ મળે તો ભગવાનનો સાચો ધર્મ સમજાય. અને બન્યું એવું કે જેમ કહ્યું છે કે 'यादृशि भावना यस्य, सिद्धि र्भवति तादृशी' – એવી રીતે ૧૯૮૦માં ભારત જવાનું થયું અને મને શ્રીમદ્ રાજચંદ્ર એક જ્ઞાની પુરુષ છે એવી વાત જાણવા મળી. મુંબઈથી આઠ દિવસ સુધી 'અગાસ શ્રીમદ્ રાજચંદ્ર' આશ્રમમાં જવાનો સુયોગ મળ્યો અને એ પવિત્ર ભૂમિમાં સાચા સદ્‌ગુરુની ઓળખાણ, શ્રદ્ધા, પ્રતીતિ થઈ. આઠ દિવસના સત્સંગમાં અધ્યાત્મધર્મના જાણે બીજ વવાઈ ગયા અને ૧૯૮૦માં અગાસમાં જીવનમાં પ્રથમવાર જેઓશ્રીના નામો પણ નહોતા સાંભળ્યા એવા અધ્યાત્મ જગતના મહાજ્ઞાની પુરુષોના સ્તવનોનો અભ્યાસ-ચિંતન-મનન કરવાનો લાભ મલ્યો. લગભગ ૮૦ વર્ષ પહેલાં શ્રી લઘુરાજસ્વામીએ 'નિત્યક્રમ' નામનું પુસ્તક રચ્યું જેમાં શ્રીમદ્ રાજચંદ્રના બધા પદોની નિત્યક્રમની રચના છે તે નાનકડા પુસ્તકમાં ૯૬ સ્તવનો આ ચાર મહાપુરુષોના જાણવામાં આવ્યા - શ્રી આનંદઘનજી કૃત ચોવીસી, શ્રીમદ્ દેવચંદ્રજીકૃત ચોવીસી, ઉપાધ્યાય યશોવિજયજી કૃત ચોવીસી અને મુનિશ્રી મોહનવિજયજી કૃત તીર્થંકર ચોવીસીના સ્તવનો દરરોજ ત્યાં સવારના નિત્યક્રમ (ચાર સ્તવનો)માં ગવાતા. ત્યાં મેં નીચેનું પદ સાંભળ્યું અને આત્મામાં અપૂર્વ જાગૃતિ આવી :



**'પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન,**
**હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરૂ સમાન. જિનેશ્વર૦**
**દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ જિનેશ્વર૦**
**પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી, ગુરુગમ લેજો રે જોડ. જિનેશ્વર૦**
**(યોગીરાજ આનંદઘનજી - ધર્મનાથજી સ્તવન)**

અમૃતનું એક બિંદુ જેમ મનુષ્યને અમર કરી દે છે, વરસતા જળબિન્દુથી જેમ ચાતક અને મોર નાચી ઉઠે છે, વસંતઋતુમાં જેમ ફૂલો ખીલી ઉઠે છે, તેમ મારા હૃદયમાં આ ચાર મહાત્માઓના સ્તવનોનો અભ્યાસ, શ્રવણ, અને ભક્તિથી હૃદયમાં જાણે અધ્યાત્મનો અરૂણોદય થયો હોય તેવું ભાસ્યું. આજ્ઞા-ભક્તિનો નિયમ લઈને અગાસ આશ્રમમાંથી ત્રીસેક (૩૦) ધર્મશાસ્ત્રો (વચનામૃત, સમાધિતંત્ર, આઠદૃષ્ટિની સજ્ઝાય આદિ ગ્રન્થો) લઈને પાછા અમેરિકા આવવાનું થયું. મારી બધી ધર્મસાધના અહીંથી જ શરૂ થઈ છે.

દેવ-ગુરુ કૃપાથી અમેરિકાની ભૂમિના શાંત વાતાવરણમાં અને એકાંત મને પ્રિય હોવાથી મને સત્શાસ્ત્રનો સ્વાધ્યાય કરવાની ખૂબ જ રુચિ થઈ અને દરરોજનાં ૪ થી ૬ કલાક ધર્મ અભ્યાસ કરવાનો ક્રમ લગભગ ૧૯૮૦ થી શરૂ થયો અને તે ક્રમ વધતો ગયો. આ સાથે સંસ્કૃત-પ્રાકૃતનો અભ્યાસ પણ જાતે કર્યો જેથી Original Text નો મર્મ સમજાય. છેલ્લા ૩૫ વર્ષમાં અમેરિકામાં વીસેક Center માં સ્વાધ્યાય, શિબીરો, તથા પર્યુષણ કરાવવાનો સુયોગ મળ્યો.

મારી પોતાની સાધનામાં ઉપાધ્યાય યશોવિજયજી અને આચાર્ય હરિભદ્રના ઘણા ઉત્તમ ગ્રંથો જેવા કે અધ્યાત્મસાર, જ્ઞાનસાર, યોગદૃષ્ટિ સમુચ્ચય, શોડષક પ્રકરણ, વચનામૃત, યોગબિન્દુ, ધર્મબિન્દુ, દ્રવ્યગુણ પર્યાયનો રાસ આદિ ઉત્તમ સત્શાસ્ત્રોનો ઊંડાણથી અભ્યાસ કરવાનો

સુયોગ મળ્યો. અને મારી સાધનામાં સોનામાં સુગંધ જેવું તો એ બન્યું કે અમારા સદ્‌ભાગ્યે અમેરિકામાં પંડિતવર્ય શ્રી ધીરૂભાઈ પંડિતજીનું છેલ્લા ૨૫ વર્ષથી આવવાનું થયું અને તેમની સાથે ખૂબ જ ગાઢ આત્મીય સંબંધ મારે થયો. દર ઉનાળાના સમયમાં તેમની સાથે Personal સત્સંગ થતો અને પૂ. પંડિતજીએ ખાસ ભલામણ કરી કે તમે યશોવિજયજી અને હરિભદ્રસૂરિજી આચાર્યના ગ્રંથોમાં ઉંડા ઉતરીને ભણો અને બીજાને ભણાવતા રહેજો.

આમ જ્ઞાનમાર્ગની આરાધના સતત ચાલુ રહી હતી પણ હજી આત્માનો (અંતરનો) આનંદ માણ્યો ન હતો. ૧૯૮૫માં શ્રી કીરણભાઈ પારેખનું અમેરિકામાં મને મળવાનું થયું અને તેમણે શ્રીમદ્ આનંદઘનજી, દેવચંદ્રજી, અને યશોવિજયજીના સ્તવનો મુખપાઠ કરીને અર્થ સાથે ભણવા માટે તથા તેના ભાવાર્થ લખીને બધાને સમજાવવાની ખાસ ભલામણ કરી. તીર્થંકર ચોવીસીના આ સ્તવનો તો મારા માટે 'સંજીવની ઔષધી' બની ગયા. છેલ્લા વીસેક વર્ષથી આ મહાત્માઓના સ્તવનોની શિબીર તથા પર્યુષણ પર્વોમાં તેનો ભાવાર્થ ઘણા Jain Center માં કરાવવાનો લાભ મને મળ્યો. લગભગ ૯૬ સ્તવનો મુખપાઠ થઈ ગયા અને જીવનના રાત-દિવસની ચર્યામાં આ ઉત્તમ અધ્યાત્મના ભક્તિ સૂત્રોનું મનન થવા લાગ્યું અને 'ચિત્તપ્રસન્ને રે પૂજન ફલ કહ્યું' એવું ચરિતાર્થ થવા લાગ્યું. 'ગુરુકૃપા બલ ઓર હૈ''

મીરાબાઈના અમર Timeless ભજનો જેમ વૈરાગ્ય અને પ્રેમલક્ષણા ભક્તિથી ભરપૂર છે તેમ તીર્થંકર ચોવીસીના સ્તવનો તો વૈરાગ્ય અને સાત્વિક અને તાત્વિક ભક્તિથી ભરપૂર છે. ખાસ કરીને દેવચંદ્રજીનાં અને આનંદઘનજીના સ્તવનો તો દ્રવ્યાનુયોગ અને ભક્તિયોગની ગંગા-જમનાનું જાણે સમન્વયવાળું મીઠું ઝરણું છે.



પ્રસ્તુત પુસ્તકમાં આ અલૌકિક ભક્તિ યોગને સમજાવવા આ ચાર મહાત્માઓના સ્તવનોનો ભાવાર્થ ચાર અમૃત અનુષ્ઠાન રીતે (પ્રીતિ, ભક્તિ, વચન-આજ્ઞા, અસંગતા) આપણે વિસ્તારથી વિચારશું અને જિનેશ્વર ભગવાનની ગુણાનુરાગની પ્રશસ્ત ભક્તિ કરીને અંતરશુદ્ધિ અને આત્મજાગ્રતિથી સૌ વાચકવર્ગનું આત્મકલ્યાણ થાય તેવી ભાવના સાથે પ્રભુ પ્રાર્થના કરું છું.

આ પુસ્તક લખવાની પ્રેરણા મને મારા અમેરિકાના સ્વાધ્યાય ગ્રુપ જ્યાં ઘણાં Center થઈ રહ્યા છે તેના ખૂબ જ જિજ્ઞાસુ મિત્રોના પ્રેમભર્યા આગ્રહથી આ લખાવાનું નિમિત્ત મળ્યું. તે ઉપરાંત ખાસ કરીને અમેરિકામાં છેલ્લા ચાર દાયકાથી મને પૂ. ગુરુદેવશ્રી ચિત્રભાનુ અને શ્રી પ્રમોદાબેનનો સત્સંગ, સહયોગ, અને પ્રેરણાકારી ઉલ્લાસીત સૂચના મળી કે તમે જે અમેરિકાની ભૂમિમાં રહીને આવા ઉત્તમ શાસ્ત્રો અને આનંદઘનજી, ઉ. યશોવિજયજીના સ્તવનોનો સ્વાધ્યાય કરાવો છો તેનો લાભ સમસ્ત જૈન સમાજને મળે તેવું એક પુસ્તક લખો તો ખૂબ જ ઉપકારી થશે. આ નિર્ણય જ્યારે આ પુસ્તક લખવાનો મેં વિચાર કર્યો ત્યારે શ્રી પ્રમોદાબેનને ફોન પર વાત કરી અને અત્યંત ઉલ્લાસથી મને તેમણે આશીર્વાદ પાઠવ્યા અને મારા ઉત્સાહમાં ખૂબ જ જોર આવ્યું. જો કે મારી યોગ્યતાની ઘણી જ ખામી છે છતાંય-

**सोहं तथापि तव भक्तिवशान्मुनीश ।**
**कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृतः ॥**

*(ભક્તામર સ્તોત્ર ગાથા ૫)*

'હે પ્રભુ, ભલે મારી શક્તિ અલ્પ હો, પણ આજે તમારી અનન્ય ભક્તિને કારણે આપના ગુણાનુરાગ અવશ્ય ગાઈશ.'

'એવું માની, સ્તવન કરવાનો થયો આજ ભાવ,
તેમાં માનું મનમહી ખરે, આપનો છે પ્રભાવ,

મોતી જેવું, કમળ પરનું વારિબિંદુ જ છે જે,
એવી સ્તુતિ મનહર અહા ! સજ્જનોને ગમે છે.

એમાં કાંઈ નથી નવીનતા, નાથ દેવાધિદેવ,
ભક્તો સર્વે પદ પ્રભુતણું, પામતા નિત્યમેવ,

લોકો સેવે કદિ ધનિકને, તો ધની જેમ થાય,
સેવા થાતાં પ્રભુપદ તણી, આપ જેવા જ થાય.'

(ભક્તામર સ્તોત્ર ગાથા ૮, ૯)

'સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે,
દરિશણ શુદ્ધતા તેહ પામે,

જ્ઞાન ચારિત્ર તપ, વીર્ય ઉલ્લાસથી,
કર્મ જીપી વસે મુક્તિ ધામે,

તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી,
જગતમાં એટલું સુજશ લીજે,

દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણો,
દયાનિધિ દીન પર દયા કીજે

(દેવચંદ્રજી - ૨૪મું સ્તવન)

સુજ્ઞ વિદ્વાનો, મુનિ ભગવંતો અને પંડિતજનો મારી બાળક બુદ્ધિથી રચાયલ આ પુસ્તકમાં મારાથી જે ભૂલો થઈ હોય કે ભગવાનની વાણીથી વધુ ઓછું લખાઈ ગયું હોય તો મને ક્ષમા કરી જાણ કરવા વિનંતી કરું છું.

'અનન્ય શરણના આપનાર એવા
સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર હો.

# પ્રકરણ : ૨ મનુષ્ય જીવનના ચાર મુખ્ય પુરુષાર્થ

ભગવતીસૂત્રમાં અને ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન મહાવીર પ્રભુએ મનુષ્યભવની દુર્લભતા ખૂબ જ અલૌકિક રીતે સમજાવી છે. ૧૦મા દ્રુમપત્રક અધ્યયનમાં અંતિમ દેશનામાં પ્રભુ સમજાવે છે –

હે ભવ્ય જીવો- અનંતકાળના પરિભ્રમણમાં અજ્ઞાનને લીધે અનંત પુદ્‌ગલ પરાવર્તનો આ જીવે નરક,નીગોદાદિના ભવોમાં એકેન્દ્રિયપણે તથા પંચેન્દ્રિયપણે ભોગવ્યા છે અને ક્યારેક જ મનુષ્યભવ મળે છે તેમાંય જિનેશ્વર પ્રણીત ઉત્તમ દયાળુ ધર્મનું શ્રવણ થવું અત્યંત દુર્લભ છે. શ્રવણ કદાચ થાય તોય સમ્યક્શ્રદ્ધા થવી તો અત્યંત દુર્લભ છે.

બીજુ આગમ સૂત્ર સૂત્રકૃતાંગના ૭મા અધ્યયનની ૧૧મી ગાથાસૂત્રમાં ભગવાન મહાવીરસ્વામી પ્રકાશે છે.

'હે જીવો ! તમે બુઝો !!! સમ્યક્પ્રકારે (તીર્થંકર પ્રભુના અંતર ઉપદેશને લક્ષમાં રાખી) સમજો, બુઝો. મનુષ્યપણું મળવું ઘણું દુર્લભ છે અને ચારે ગતિને વિષે ભય છે, એમ જાણો. અજ્ઞાનથી સદ્‌વિવેક (જડ-ચેતનનો ભેદ) પામવો દુર્લભ છે, એમ સમજો. આખો લોક એકાંત દુઃખે કરી બળે છે અને સર્વે જીવ પોતપોતાનાં કર્મે કરી વિપર્યાસપણું (અજ્ઞાનને લીધે રાગદ્વેષના પરિણામથી બળે છે.) અનુભવે છે.

સંસારી જીવો સૌ સુખને જ ઈચ્છે છે પણ સ્વરૂપના અજ્ઞાનથી પાંચ ઈન્દ્રિયના ભોગો અને જગતના ભૌતિક પદાર્થોમાં સુખબુદ્ધિ અને બહિર્મુખતા ને લીધે ઝાંઝવાના જળને સાચું જળ માની ભ્રમાત્મક સુખમાં રચ્યા-પચ્યા રહે છે અને તેનો વિયોગ થતાં અત્યંત દુઃખ અનુભવે છે, ક્યારેક આત્મહત્યા પણ કરી બેસે છે !

ભારતના ગીતાર્થ ઋષિમુનિઓએ મનુષ્યજીવનના ચાર પુરુષાર્થ બતાવ્યા છે :

૧. ધર્મ, ૨. અર્થ, ૩. કામ, ૪. મોક્ષ.

તેમાં અર્થ (લક્ષ્મી, અધિકાર, પરિવાર વગેરે)ના ઉપાર્જનથી કામ (કામભોગ તથા મનની ઈચ્છાઓ) નું 'સુખ' ભોગવીશું એવી મિથ્યા ભ્રમણામાં જગતના લગભગ બધા જ મનુષ્યો જીવન ગાળે છે અને પોતાની કામના સફળ ન થાય ત્યારે અપાર દુઃખથી Depression, Mental And Physical Suffering and Suicide સુધીના બનાવો વર્તમાનકાળમાં વધતા જણાય છે.

આચાર્ય હરિભદ્રસૂરિએ યોગદષ્ટિ સમુચ્ચય ગ્રન્થમાં આવા કામ અને અર્થના પુરુષાર્થમાં ભ્રાન્તિપણે લીન થયેલા અજ્ઞાની જીવોને **'ભવાભિનંદી'** કહ્યા છે.' એટલે કે સંસારમાં અને જગતના ભૌતિક પદાર્થોમાં જ સુખ છે તેવી માયાજાળમાં તે જીવે છે. ઉપાધ્યાય યશોવિજયજીએ આઠ દષ્ટિની સજ્ઝાયની ચોથી દીપ્રા દષ્ટિમાં આવા જીવોની કેવી મનોદશા હોય તે સુંદર રીતે પ્રકાશી છે :-

**'લોભી કૃપણ દયામણોજી માયી મચ્છર ઠાણ,**
**ભવાભિનંદી ભય ભર્યોજી, અફલ આરંભ અયાણ,**
**મનમોહન જિનજી, મીઠી તાહરી વાણ'**
**(ચોથી યોગદષ્ટિ ગાથા ૯ - યશોવિજયજી)**



**અર્થ :** ભવાભિનંદી જીવ લોભી, કૃપણ (કંજુસ) દયાને પાત્ર, માયા-કપટવાળો, બીજાની અદેખાઈ કરે તેવો, ભયભીત અને સંસાર સુખની માયાજાળને ટકાવી રાખવા અને દુઃખથી ગભરાતો હાયહોય કરવામાં જીવન પૂરું કરે છે, અને આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનાં પરિણામોથી માઠી ગતિમાં પરિભ્રમણ કરતો રહે છે.

આવા ભવાભિનંદી જીવોની કરુણ મનોદશા શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ 'અમૂલ્ય તત્ત્વ વિચાર'માં જણાવી છે :-

**'બહુ પુણ્ય કેરા પુંજથી, શુભદેહ માનવનો મળ્યો,**
**તોયે અરે ! ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો,**

**સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે, લેશ એ લક્ષે લહો**
**ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો !'**

**લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?**
**શું કુટુંબ કે પરિવારથી વધવાપણું તે નય ગ્રહો,**

**વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,**
**એનો વિચાર નહીં અહોહો, એક પણ તમને હવો !!!'**

આવા ભવાભિનંદી જીવો દુર્લભ એવો મનુષ્યભવ પામવા છતાં ભયંકર ભાવમરણ (આર્તધ્યાન - રૌદ્રધ્યાન)માં ડૂબીને અમૂલ્ય મનુષ્યભવ હારી જાય છે, ને ભવભ્રમણ વધારે છે.

કોઈ મહાન પુણ્યના યોગે જ્યારે કોઈ ભવ્ય જીવને કાળલબ્ધિ પાકે છે અને 'હું કોણ છું ?' એવો પ્રશ્ન અંતરમાં જાગે છે ત્યારે તે જીવ અર્થ અને કામના પુરુષાર્થથી U-turn લઈ, ધર્મ અને મોક્ષના પુરુષાર્થ ભણી વળે છે. Socrates નામના ગ્રીક Philosopher કહે છે : "When a student is ready, the teacher appears automaticaly"

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ આઠ યોગદષ્ટિમાં આવા જાગૃતીવાળા જીવને પ્રથમ મિત્રાદષ્ટિવાળો કહ્યો છે જ્યાં યોગના (મોક્ષની સાથે જોડાવે તે યોગ) છ બીજ આ જીવના હૃદયમાં વવાય છે. આ દષ્ટિવાળો જીવ હજી મિથ્યાદષ્ટિ જ છે પણ હવે તેને અર્થ અને કામને ગૌણ ગણી, સાચા સદ્‌ગુરુની શોધ કરવાનો, એવા જ્ઞાની મળે ત્યારે તેમની આજ્ઞાભક્તિમાં લયલીન થવાનો અને નિરંતર સત્શાસ્ત્રનો સ્વાધ્યાય, સત્સંગ, જિનેશ્વર ભગવાનની ભક્તિ (તત્ત્વભક્તિ) અને શાસ્ત્ર વચનોનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન તે જીવનનો મુખ્ય ધ્યેય બને છે. Priority બદલાય છે અને અનાદિકાળનો મિથ્યાદષ્ટિ, ભવાભિનંદી જીવ ચરમાવર્ત (છેલ્લા આવર્ત)માં આવે ત્યારે આ પ્રથમ યોગદષ્ટિમાં તેનું મોક્ષમાર્ગ તરફ પ્રયાણ, સાચી ધર્મયાત્રા શરૂ થાય છે. પહેલી મિત્રા દષ્ટિમાં તેનું વર્ણન આ પ્રમાણે છે –

**'યોગના બીજ ઈહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે,**
**ભાવાચાર જ સેવના, ભવ ઉદ્વેગ સુઠામોરે.**

**સદ્‌ગુરુયોગે વંદન ક્રિયા, તેહથી ફળ હોય જેહો રે,**
**યોગ ક્રિયા ફળ ભેદથી, ત્રિવિધ અવંચક એહો રે.**
**(પ્રથમ યોગ દષ્ટિ - યશોવિજયજી.)**

આ પ્રથમ યોગદષ્ટિવાળો જીવ સંસારને હવે પૂંઠ વાળે છે અને પોતાના આત્મકલ્યાણની સાચી જિજ્ઞાસા તથા સત્પુરુષાર્થ કરવાનો દઢ નિશ્ચય કરી, અર્થ અને કામને ગૌણ ગણી, જિનેશ્વર ભગવાને પ્રરૂપેલા નવ તત્ત્વ, છ દ્રવ્ય, આત્માના છ પદ આદિ તત્ત્વજ્ઞાનને સમજવા નિરંતર સદ્‌ગુરુના બોધનું અને સત્શાસ્ત્રોનું શ્રવણ કરવાવાળો બને છે અને સમ્યક્‌દર્શનનાં પાંચ લક્ષણો જે સાચી મુમુક્ષુતાનાં લક્ષણો છે તે પોતાના આત્મામાં પ્રગટાવવા સતત ભગીરથ પુરુષાર્થ ઉપાડે છે. જે જીવમાં આ પાંચ લક્ષણો ઓછા કે વધુ જણાય છે. તે જીવ



તે પ્રમાણમાં સાચો મોક્ષમાર્ગી કહેવાય એમ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં જણાવ્યું છે.

**'કષાયની ઉપશાંતતા માત્ર મોક્ષ અભિલાષ**
**ભવે ખેદ પ્રાણી દયા ત્યાં આત્માર્થ નિવાસ.'**
**(આત્મસિદ્ધિ શાસ્ત્ર ગાથા ૩૮ - શ્રીમદ્ રાજચંદ્ર)**

જિજ્ઞાસુ જીવોએ આ પાચ લક્ષણો - શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્થા - વિસ્તારથી સમજવા શ્રીમદ્ રાજચંદ્રજી કૃત વચનામૃત પત્રાંક ૧૩૫ વાંચવા વિનંતિ તથા સમ્યક્ત્વ સડસઠ બોલની સજ્ઝાય અવશ્ય જોવી.

# Summary of Chapter-2

## (જ્ઞાનીઓની દૃષ્ટિએ આ પ્રકરણનો સાર)

૧. મનુષ્યભવની દુર્લભતા સમજવી

૨. સંસારના પદાર્થો, વ્યક્તિઓ, સાંસારિક પ્રસંગો જીવને સાચું શાશ્વત સુખ આપી જ ન શકે માટે અર્થ-કામના પુરુષાર્થને ગૌણ કરી, સંતોષ, સદાચાર અને જિનભક્તિ અને સત્સંગમાં જીવનને સફળ કરવું. ભવાભિનંદીપણું ત્યજીને સાચા મુમુક્ષુ બનવું.

૩. 'જાગ્યા ત્યાંરથી સવાર' એ ન્યાયે મનુષ્યભવની પ્રત્યેક પળ ચક્રવર્તીની સંપત્તિથી વિશેષ મૂલ્યવાન સમજી, 'હું કોણ છું ?' એ પ્રશ્નનો જવાબ શોધવા જ્ઞાની સદ્‌ગુરુની શોધ કરી, સત્શાસ્ત્ર - સદ્‌ગુરુ - સદાચાર - ગુરુભક્તિ અને ગુરુઆજ્ઞા જીવનનાં મુખ્ય ધ્યેય ગણી પોતાના આત્માની દયા લાવી, મારો આત્મા કર્મોના કારાગૃહમાં જંજીરોથી બંધાયેલો દુઃખી છે તેમ સમજી, પોતાના આત્માની દિવ્ય શક્તિને સત્પુરુષાર્થમાં ઉલ્લાસથી ફોરવવાના પ્રયત્નો કરશે તો અવશ્ય મોક્ષમાર્ગમાં સફળતા મળશે જ. આ ગેરન્ટી ભગવાનની છે. સિદ્ધિના અવિસંવાદી નિમિત્ત તીર્થંકરદેવ છે.

# પ્રકરણ : ૩ મોક્ષમાર્ગના ચાર દુર્લભ અંગો

પૂર્વના પ્રકરણમાં આપણે જોયું કે અનાદિકાળના અજ્ઞાનના સંસ્કારોને લીધે જગતના મોટા ભાગના મનુષ્યો અર્થ અને કામના પુરુષાર્થને જ સાચા માની તેની પાછળ પોતાનું સમસ્ત મનુષ્યજીવન વેડફી દે છે. જ્ઞાનસાર અષ્ટક ગ્રન્થમાં મહોપાધ્યાય, ન્યાયવિશારદ શ્રી યશોવિજયજી મહારાજ ચોથા મોહત્યાગ અષ્ટકમાં વર્ણવે છે કે–

**अहं-ममेति मन्त्रोऽयं मोहस्य जगदान्ध्यकृत् ।**
**अयमेव नञ्पूर्वः प्रतिमन्त्रोऽपि मोहजित् ॥**

*(જ્ઞાનસાર ૪-૧)*

અર્થ : હું અને મારું એ મોહરાજાનો મંત્ર છે. તે જગતને આંધળું કરનારું છે અને નકારપૂર્વક આ જ પ્રતિમંત્ર તે મોહને જીતનાર બને છે. જીવ અજ્ઞાનને લીધે પોતાનું આત્મસ્વરુપના અજ્ઞાનથી મિથ્યા માન્યતામાં જીવે છે કે 'આ દેહ તે જ હું, દેહ, સ્ત્રી, પુત્ર, લક્ષ્મી, અધિકાર, પરિવાર, મકાન, વગેરે મારા છે.' આવી વિપરીત માન્યતાથી બહિરાત્મ દૃષ્ટિવાળો જીવ. 'ક્ષણે ક્ષણે ભયંકર ભાવમરણે' રાચી રહ્યો છે. અર્થાત્ ભાવમરણમાં મગ્ન થયો થકો નવા નવા કર્મો બાંધીને ચારે ગતિમાં અનંત પુદ્‌ગલ પરાવર્તનનું પરિભ્રમણ કરતાં અનંત દુઃખો ભોગવી રહ્યો છે.

આવા 'ભવાભિનંદી' જીવો કદાચ બાહ્યદૃષ્ટિએ

ધર્મક્રિયા કરતા દેખાય તો પણ પ્રાયે તે બધી ક્રિયા લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા, મતાગ્રહ, અને કદાગ્રહવાળી હોવાથી તેમાં ક્રિયાજડતા જ વધારે હોય છે અને સાચી સમજણ અથવા સાચી મુમુક્ષુતા તેમાં પરિણમતી નથી. કારણકે 'પૌદ્ગલિક પદાર્થોમાં સુખબુદ્ધિ છે.'

કોઈક ભવ્ય જીવને મહાન્ પુણ્યના ઉદયથી કાળલબ્ધિ પાકે છે ત્યારે તે જીવને પોતાના આત્માની સાચી 'અંતરદશા' પ્રાપ્ત થાય છે અને તેવો જાગૃત જીવ કારાગૃહરૂપી સંસારમાં બંધાયેલા પોતાના આત્માને કર્મબંધનથી મુક્ત કરવા સત્પુરુષાર્થ કરવા તૈયાર થાય છે. પરાપ્રકૃતિનો એક મહાન સિદ્ધાંત છે કે જ્યારે કોઈ પણ ચેતના (જીવ - મનુષ્ય) આત્મકલ્યાણના માર્ગે આગળ વધવા સાચો પુરુષાર્થ કરવા કટિબદ્ધ થાય છે ત્યારે તેની સમસ્ત ચેતના સૃષ્ટિ (Counsciousness) તેને મદદરૂપ થાય છે. પોતાની મેળે જ તેના જીવનમાં મંગળ પ્રસંગો બને છે અને કોઈ સત્સંગી મિત્રનો, કોઈ સત્શાસ્ત્રનો યોગ, કોઈ અનુભવી કે જ્ઞાની મહાત્માનો યોગ ઈશ્વરકૃપાથી બની જાય છે અને તે જીવ જો આવા ઉત્તમ નિમિત્તોનો લાભ લેવાનો નિર્ણય કરે તો તેની મોક્ષયાત્રા ખૂબ જ સુંદર રીતે આગળ વધે છે. આ મારી પોતાની અનુભૂતિ છે.

પ્રસ્તુત પ્રકરણમાં મોક્ષના ચાર દુર્લભ અંગો આવા જિજ્ઞાસુ આત્માર્થી જીવને માટે જ ભગવાન મહાવીર પ્રભુએ ઉત્તરાધ્યયન સૂત્રનાં ત્રીજા 'ચતુરંગીય' પ્રકરણમાં ઉપદેશ્યાં છે જુઓ—

**चतारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो ।**
**माणुसत्तं सुइ सद्धा, संज्जम्मिअ वीरिअं ॥**

*(ઉત્તરાધ્યનસૂત્ર ૩-૧)*

ભગવાન મહાવીરની અંતિમ દેશના ઉત્તરાધ્યયનસૂત્રમાં ગણધર ભગવંતોએ ઝીલીને પ્રરૂપી છે. ભગવાન કહે છે કે- આ સંસારમાં જીવોને ધર્મના ચાર પ્રધાન અંગો (કારણો) પ્રાપ્ત થવા અતિ દુર્લભ છે તે આ પ્રમાણે છે- (૧) મનુષ્યત્વ, (૨) જિનવાણી એટલે સત્ધર્મનું શ્રવણ પ્રાપ્ત થવું, (૩) જિનેશ્વર ભગવાનના ધર્મ પ્રત્યે સમ્યક્શ્રદ્ધા થવી. (૪) જિનાજ્ઞા પ્રમાણે ચાલવું અર્થાત્ સંયમના માર્ગે આત્મ-સાધનામાં નિરંતર પ્રવર્તવું અને ઉલ્લસીત ભાવે સંવેગથી મોક્ષમાર્ગની સાધના કરવી. આ ચાર દુર્લભ અંગોની અગત્યતા અને મોક્ષપ્રાપ્તિમાં તે ચાર અંગો કેટલો મહત્વનો ભાગ ભજવે છે તે જોઈએ.



### ૧. મનુષ્યત્વ :

અમેરિકાના અમારા સ્વાધ્યાયમાં એક પ્રશ્ન ફરી ફરી પૂછાય છે કે જો મનુષ્યભવ આટલો દુર્લભ હોય તો જગતની વસતી તો વધતી જ જાય છે, તે કેમ ? તેનો જવાબ એ છે કે જ્ઞાની પુરુષો માનવપણું (મનુષ્યત્વ) તેને કહે છે જેનામાં **'વિવેકબુદ્ધિ ઉદય પામી હોય.'** તે વડે સત્ય અસત્યનો નિર્ણય કરી, સમજી, પરમ તત્ત્વ, ઉત્તમ આચાર, અને સત્ધર્મનું સેવન કરી તેવા આર્ય સંસ્કારવાળા મનુષ્યો ઉત્તમ મોક્ષ ને પામે છે. જગતના જીવો (મનુષ્યો)ને જાગૃત કરવા પોકારી પોકારી જ્ઞાનીપુરુષો કહે છે કે મનુષ્યભવ મળવો બહુ દુર્લભ છે, અતિ પુણ્યના પ્રભાવથી તે મળે છે, માટે ઉતાવળે ઉતાવળે સંવેગભાવથી આત્મસાધન કરી લેવું દા.ત. અવંતિસુકુમાર, ગજસુકુમાર જેવા નાના બાળકો પણ માનવપણાને સમજ્યા અને વિવેકબુદ્ધિ વડે મોક્ષને પામ્યા ! ઉત્તરાધ્યયન સૂત્રનાં દસમા અધિકારમાં ભગવાન મહાવીર પ્રભુ ગૌતમસ્વામી જેવા ચાર જ્ઞાનના (મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ જ્ઞાન) ધારક ગણધરને પણ છત્રીસ વાર આ સૂત્ર ફરી ફરી પ્રકાશે છે : 'समयं गोयम मा पमायं' અર્થાત્ હે ગૌતમ ! એક

સમયમાત્રનો પણ પ્રમાદ કરવા યોગ્ય નથી. મૃત્યુની પળ આપણે જાણી શકતા નથી તેથી 'વિચારવાન જીવો તો કૈવલ્યદશા પ્રાપ્ત થાય ત્યાં સુધી મૃત્યુ આવે ત્યાં સુધી સમજીને ધર્મમાં પ્રવર્તે છે. (મોક્ષમાળા શિક્ષાપાઠ ૪). વિચારવાન જીવે તો જ્ઞાનીપુરુષની આજ્ઞામાં રહીને એક ક્ષણમાત્રનો પણ પ્રમાદ કર્યા વગર આત્મકલ્યાણ કરવું એવી શિખામણ ઠામ ઠામ આગમ શાસ્ત્રોમાં જોવા મળે છે. આત્માર્થી જીવે નીચેના સૂત્રને ફરી ફરી મનન, નિદિધ્યાસન કરતા રહેવાની શિખામણ જ્ઞાની ભગવંતો કહે છે :

**'હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?**
**કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરિહરું ?**

**એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંતત્ત્વ અનુભવ્યાં,**

**તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?,**
**નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું,**

**રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,**
**સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.'**
**(મોક્ષમાળા શિક્ષાપાઠ ૬૭ - શ્રીમદ્ રાજચંદ્ર)**

આગમશાસ્ત્રોમાં ભગવાન મહાવીર પ્રકાશે છે કે આપણો આત્મા અજ્ઞાનને લીધે અનાદિકાળમાં અનંત પુદ્ગલપરાવર્તન કરી ચૂક્યો છે છતાંય જાગતો નથી અને મહાન પુણ્યના યોગે જ્યારે આર્યસંસ્કારવાળો મનુષ્ય દેહ મળે, ઉત્તમ ધર્મના સંસ્કારવાળુ કુળ મળે, પાંચે ઈન્દ્રિયો બરાબર કામ કરતી હોય તેવા સમયે સદ્ગુરુની ઓળખાણ, શ્રદ્ધા કરીને નિરંતર સત્સંગમાં જો જીવ જોડાય તો તેને આત્મકલ્યાણની બધી જ સામગ્રી પ્રાપ્ત થાય અને પોતાના આત્માની દયા કરીને તેવો ભવ્ય



જીવ કર્મબંધનથી 'એ દીવ્ય શક્તિમાન' આત્માને કર્મ જંજીરથી સર્વથા મુક્ત થઈ અનંત સુખ, શાશ્વત સુખને સાદિ અનંત કાળ ભોગવી શકે તેવી જાણકારી Scientific Process જૈન દર્શનના ગીતાર્થ જ્ઞાનીઓએ આપણને કરુણાથી બતાવી છે. આવો દુર્લભ મનુષ્યભવ સફળ કરવા વિચારવાન મનુષ્યે તો અધ્યાત્મસાર, જ્ઞાનસાર, આઠ યોગદૃષ્ટિ, મોક્ષમાળા અને ઉત્તરાધ્યયનસૂત્ર જેવા શાસ્ત્રોનો નિરંતર અભ્યાસ કરવાનો નિયમ કરવો અને વૈરાગ્ય, ઉપશમ, સંવેગ, સમ્યક્ શ્રદ્ધા આદિ સમકિતના ગુણો પ્રગટ કરવા જોઈએ. 'માર્ગ સરળ છે પણ તેની પ્રાપ્તિ તથા રુચિ થવી ઘણી દુર્લભ છે.'

### ૨. 'શ્રુતિ' - અર્થાત્ જ્ઞાનીના વચનોનું શ્રવણ :

મનુષ્યભવ મળ્યા છતાં જો જીવને પોતાના આત્માનું કલ્યાણ કરવાની જિજ્ઞાસા - તીવ્ર ઈચ્છા ન જાગે તો તે જીવ મોક્ષમાર્ગમાં આગળ વધી શકતો નથી. જિનવાણીનું માહાત્મ્ય જ્યાં સુધી જીવને અંતરમાં સમજાય નહિ ત્યાં સુધી તેની બધી ધાર્મિક ક્રિયાઓ માત્ર લોકસંજ્ઞા કે ક્રિયાજડતા પ્રધાન હોય છે અને તેનાથી જીવનો આધ્યાત્મિક વિકાસ થતો નથી.

આઠ યોગદૃષ્ટિમાં (મૂળ ગ્રન્થ હરિભદ્રસૂરિજીનો યોગદૃષ્ટિ સમુચ્ચય છે જેના ઉપર ઉ. યશોવિજયજી મ.એ અદ્ભૂત આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય રચી છે) જેમાં બતાવ્યું છે કે જ્યારે જીવને આત્મશુદ્ધિ કરવાનો લક્ષ બંધાય છે અને મુક્તિનો માર્ગ બતાવનાર સદ્ગુરુ અથવા જ્ઞાની મહાત્મા પ્રત્યે અહોભાવ, પ્રીતિભાવ, પૂજ્યભાવ ઉત્પન્ન થાય છે, ત્યારે એ જીવ પ્રથમ મિત્રાદૃષ્ટિમાં આવે છે. આ દૃષ્ટિમાં આવેલા જીવને સંસાર પ્રત્યે ઉદ્વેગ (વૈરાગ્ય) ઉદ્ભવે અને શ્રાવકના અણુવ્રતો પાળે અને સત્દેવ, સદ્ગુરુ અને સત્ધર્મ પ્રત્યે સાચી પ્રીતિ જન્મે ત્યારે જીવનો મોક્ષમાર્ગ પ્રત્યે પ્રારંભ થાય છે.

જિનેશ્વર પરમાત્માના વચનો તથા ધર્મ પ્રત્યે અહોભાવ વર્તે અને ધીમે ધીમે તેનો આધ્યાત્મિક વિકાસ થતાં તે જીવ હવે અંતરશુદ્ધિ માટે શ્રાવકના અણુવ્રત અને શિક્ષાવ્રત રૂપ નિયમો નિયમિતપણે ઉલ્લાસથી પાળે છે. આવા પ્રકારના બીજી યોગદૃષ્ટિમાં આવેલા જીવને પરમાત્માએ પ્રકાશેલા તત્ત્વો (નવ તત્ત્વ, છ દ્રવ્ય, આત્માના છ પદ, જડ-ચેતનના લક્ષણો) જાણવાની સાચી **'જિજ્ઞાસા'** નામનો ગુણ પ્રગટ થાય છે અને પોતાની બુદ્ધિની અલ્પતા તેને સમજાય છે તેથી 'શિષ્ટ કહે તે પ્રમાણ' એ વચન અનુસાર જ્ઞાની સદ્‌ગુરુ પ્રત્યે અત્યંત અહોભાવ પ્રગટે છે. આમ યોગદૃષ્ટિના વિકાસમાં આગળ વધતા આવા જીવનું મિથ્યાત્વ ધીમે ધીમે મંદ થાય છે અને ધર્મપ્રેમ વધે છે. સત્સંગ અને સ્વાધ્યાય, તથા ભક્તિ આદિ અનુષ્ઠાનો પ્રત્યે હૃદયની પ્રીતિ થતાં, તત્ત્વજિજ્ઞાસા વધારે તીવ્ર થાય છે ત્યારે તત્ત્વ સાંભળવાની ઈચ્છા નામનો ગુણ પ્રગટે છે જેને ત્રીજી દૃષ્ટિમાં **'શુશ્રુષા'** નામનો ગુણ કહ્યો છે. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી કહે છે કે જે જીવને ત્રીજી યોગદૃષ્ટિમાં 'શુશ્રુષા' ગુણ જેટલો પ્રબળ થાય તેટલો તે જીવ ધર્મદેશનાનું શ્રવણ કરતાં તેનું મન આનંદ પામે, શરીર હર્ષિત થાય અને **'ચિત્તપ્રસન્નતા'**નો પ્રથમ વાર અનુભવ થાય.

આ 'શુશ્રુષા' નામનો ગુણ જીવને મોક્ષમાર્ગની 'સંજીવની ઔષધિ' બની જાય છે કારણ કે જિનવાણી એટલી બધી અનુપમ, અવિસંવાદી, તથા કલ્યાણકારી છે કે સાચી હૃદયની પ્રીતિથી અને રુચિથી જો તત્ત્વશ્રવણ થાય તો જીવનું અવશ્ય કલ્યાણ થાય જ. જિનવાણીનું માહાત્મ્ય કેવું છે તે જરા જોઈએ –

**જિનેશ્વરની વાણી**

**'અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,**
**અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે,**



**સકલ જગત હિતકારિણી, હારિણી મોહ,**
**તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે.**

**અહો રાજચંદ્ર બાળ ખ્યાલ નથી પામતા એ**
**જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.'**

*(શ્રીમદ્ રાજચંદ્રજી)*

**'વાણી ગુણ પાંત્રિશ અનુપમ અવિસંવાદ સરૂપે રે,**
**ભવદુઃખ વારણ, શિવસુખકારણ, શુદ્ધો ધર્મ પ્રરૂપે રે**

**ભલુ થયું મેં પ્રભુગુણા ગાયા, રસનાનો ફલ લીધો રે,**
**દેવચંદ્ર કહે મહારા મનનો, સકલ મનોરથ સીધો રે**

*(દેવચંદ્રજી કૃત શાંતિનાથ ભગવાનનું સ્તવન)*

**'અવિસંવાદી નિમિત છો રે, જગતજંતુ સુખકાજ**
**હેતુ સત્ય બહુમાનથી રે, જિન સેવ્યાં શિવરાજ**
**પૂજો પૂજોરે ભવિકજન પૂજો રે પ્રભુ પૂજ્યા પરમાનંદ'**

*(દેવચંદ્રજી કૃત - સંભવનાથ જિન સ્તવન)*

જિનેશ્વર ભગવાનની વાણી ભવદુઃખથી સંપૂર્ણ મુક્ત કરાવે અને અનંત સુખનું ધામ એવી સિદ્ધપદની પ્રાપ્તિ કરાવે તેવી પાંત્રીસ વિશિષ્ટ ગુણોથી યુક્ત અને સ્યાદ્વાદથી ભરપૂર અને 'સુણતાં શ્રવણે અમી ઝરે' એવી કલ્યાણકારી છે. જૈન ઈતિહાસ સાખ આપે છે કે ભગવાનના એકાદ વચન, ઈચ્છા ન હોવા છતાં સંભળાઈ જવાથી, રોહીણિઓ ચોર લુંટારો મટી આત્મકલ્યાણ પામી ગયો !!! ચિલાતીપુત્ર એક હાથમાં તલવાર અને બીજા હાથમાં પોતાની પ્રિયતમાનું (ખૂન કરીને) માથું પકડીને જ્યારે એક મુનિ ભગવંતના જંગલમાં દર્શન કરે છે ત્યારે કહે છે કે 'મને મોક્ષ આપ નહિ તો તારું માથું કાપી નાખીશ.' શાંતરસમાં લીન મુનિ ભગવંત માત્ર ત્રણ જ શબ્દો કહે

છે - 'ઉપશમ, વિવેક, અને સંવર' - મુનિ આટલું કહી વિદાય થઈ ગયા. આ ત્રણ જિનવચનોનું શ્રવણ થતાં, ચિલાતીપુત્રનાં હાથમાંથી (પ્રિયતમાનું) માથું તથા તરવાર જમીન પર પડી જાય છે અને ધ્યાનમાં આરુઢ થઈ આત્માનું કલ્યાણ કરી જાય છે એ ચિલાતીપુત્ર.

આ છે જિનવાણીના તત્ત્વશ્રવણનો મહિમા !!! પુણીયો શ્રાવક, આનંદ શ્રાવક, સુલસા શ્રાવિકા આદિ કેવી ભક્તિમાં લીન જિનવાણીના શ્રવણ સાથે ભક્તિમાં લીન બની ત્વરાથી કલ્યાણ કરી ગયા !

### ૩. શ્રદ્ધા

**'आहच्च सवणं लब्धु सद्धा परमदुल्लहा'**
***(ઉત્તરાધ્યનસૂત્ર - ૩જો અધિકાર ગાથા ૯)***

**અર્થ :** કદાચ મનુષ્યભવ અને ધર્મનું શ્રવણ પણ પ્રાપ્ત થાય, તો પણ ધર્મ પર રુચિ થવી, સમ્યક્ શ્રદ્ધા ઉત્પન્ન થવી તે પરમ દુર્લભ છે એમ શ્રી ભગવાન મહાવીર પ્રભુ ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રકાશે છે.

**तत्त्वार्थं श्रद्धानम् सम्यक्दर्शनम् । *(तत्त्वार्थसूत्र)***

**'દેવગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે,**
**કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો,**

**શુદ્ધ શ્રધાન વિણુ, સર્વ ક્રિયા કરી**
**છારપર લીપણું તેહ જાણો...**

**ધાર તરવારની સોહિલી,**
**દોહિલી ચૌદમા જિનતણી ચરણ સેવા**
***(આનંદઘનજી - ૧૪મું અનંતનાથ જિન સ્તવન)***

ઉપરના સૂત્રો ખૂબ જ અગત્યનાં છે. મનુષ્યભવ મળ્યા પછી કદાચિત તત્ત્વ શ્રવણની પ્રાપ્તિ થાય પણ જિનેશ્વર ભગવાનના ધર્મતત્ત્વો



પ્રત્યે **સમ્યક્શ્રદ્ધા** થવી અત્યંત દુર્લભ છે. આગમ શાસ્ત્રોમાં ફરી ફરી કહ્યું છે કે જ્ઞાન અને શ્રદ્ધા ગુરુ પરંપરાથી જ પ્રાપ્ત થાય છે.

ઘણીવાર એવી લોકમાન્યતા વર્તે છે કે અમે જૈન કુળમાં જન્મ્યા છીએ તેથી તીર્થંકરદેવ તે સત્‌દેવ, અમારા કુળગુરુ તે જ સદ્‌ગુરુ અને અમારી બધી ધર્મક્રિયા તે જ અમારા સાચા ધર્મના સાધન છે માટે અમે ધર્મના માર્ગે જ વર્તીએ છીએ. આચાર્ય હરિસૂરિજીએ આવી માન્યતાને **'લોકસંજ્ઞા'** અથવા **'ઓઘસંજ્ઞા'** કહી છે. જેમાં લૌકિક માન્યતાથી બધી ક્રિયા થાય છે. પણ આ સમ્યક્શ્રદ્ધા ન ગણાય. સત્ દેવ અને સત્‌ધર્મ ગળથુથીમાં મળ્યો હોય તોય જ્યાં સુધી જીવની સાચી મુમુક્ષુતા ન પ્રગટે ત્યાં સુધી તેને સાચા સદ્‌ગુરુની ઓળખાણ કરવાની ગરજ જાગે જ નહિ અને પરીક્ષકપણાની બુદ્ધિના અભાવે અજ્ઞાનીને જ્ઞાની માની, તેવા જીવો પ્રવર્તે છે. વર્તમાન કાળમાં તીર્થંકરદેવનો વિરહ છે અને સાચા આત્મજ્ઞાની ગુરુ મળવા બહુ જ દુર્લભ છે. જુઓ-

**'આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્ય લિંગી રે,**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ સંગી રે'**
***(આનંદઘનજી - ૧૨મું સ્તવન)***

**'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય,**
**બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નવી જોય.**
**(શ્રીમદ્ રાજચંદ્ર - આત્મસિદ્ધિ શાસ્ત્ર)**

જીવને સદ્‌ગુરુની ઓળખાણ કરવામાં અનાદિકાળથી ભૂલ થયા કરે છે અને સદ્‌ગુરુને ઓળખવા માટે સાધક જીવે સત્‌શાસ્ત્રો અને સત્સંગના નિયમીત સ્વાધ્યાયથી પોતાના આત્મામાં શમ, સંવેગ, નિર્વેદ આદિ ગુણો પ્રગટ કરવા પ્રથમ સત્પુરુષાર્થ કરવો જોઈએ. જ્યારે સાચી મુમુક્ષુતા પ્રગટે છે ત્યારે અવશ્ય તે જીવને સદ્‌ગુરુની

ઓળખાણ અને યોગ પ્રાપ્ત થાય જ આવો સિદ્ધાંત છે. જ્યાં સુધી સદ્‌ગુરુનો યોગ ન થાય ત્યાં લગી આ પુસ્તકમાં જે જ્ઞાની મહાપુરુષોના વચનો ગુંથ્યા છે તેવા ઉ. યશોવિજયજી તથા આનંદઘનજીના સ્તવનો તથા અધ્યાત્મસાર, જ્ઞાનસાર, આઠ યોગ- દૃષ્ટિ જેવા ઉત્તમ શાસ્ત્રોનો નિરંતર અભ્યાસ કરવાથી જીવને સત્પાત્રતા પ્રગટે છે. સત્ પુરુષનો અર્થાત્ જ્ઞાની પુરુષનો યોગ થાય છે, ત્યારે જીવને કેવા ભાવ વર્તે છે તે નીચેની ગાથા સૂત્રોમાં આપણે સમજીએ.

**'સેવે સદ્‌ગુરુચરણને, ત્યાગી દઈ નિજપક્ષ,**
**પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ.**

**પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર,**
**એવો લક્ષ થયા વિના, ઉગે ન આત્મ વિચાર**
***(શ્રીમદ્ રાજચંદ્ર - આત્મસિદ્ધિશાસ્ત્ર ગાથા ૯, ૧૧)***

સાચા સદ્‌ગુરુની ઓળખાણ, પ્રતીતિ, શ્રદ્ધા જેને થાય તેવો મુમુક્ષુ જીવ પોતાનું સમસ્ત જીવન દાવ ઉપર મૂકી તે સદ્‌ગુરુના ચરણોમાં, તેમની આજ્ઞામાં સમસ્ત અર્પણ ભાવથી નમી પડે છે અને પોતાનું જીવન **'સત્પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમમાં'** ગોઠવી દે છે. તથા નિયમિત તેનો લાભ લે છે. તેને પ્રથમ વ્યવહાર સમકિત પ્રાપ્ત થાય છે- જુઓ-

**'સ્વછંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ,**
**સમકિત તેને ભાંખીયું, કારણ ગણી પ્રત્યક્ષ,**

**પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર,**
**ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞા ધાર.**
**(શ્રીમદ્ રાજચંદ્ર - આત્મસિદ્ધિ શાસ્ત્ર)**

ભગવાન મહાવીર પ્રભુએ ઉત્તરાધ્યયન સૂત્રના ૩જા અધ્યયનમાં જે ચાર દુર્લભ અંગો મુમુક્ષુને સમજાવ્યાં છે તેમાં આ ત્રીજુ અંગ -



**'શ્રદ્ધા પરમ દુલ્લહા'** જીવને સદ્‌ગુરુના ચરણકમળની ત્રણે યોગ (મન-વચન-કાયા) થી એકત્વભાવે સેવા, આજ્ઞા અને વિનયભાવથી ઉપાસના કરવાથી અવશ્ય પ્રાપ્ત થાય છે. લૌકિક ભાવે તીર્થંકર ભગવાનની પૂજા સેવા કરવાથી સમકિત અથવા સમ્યક્‌શ્રદ્ધા ક્યારેય પણ પ્રાપ્ત થતી નથી. (વચનામૃત પત્રાંક ૭૬મા અદ્‌ભુત બોધ શ્રીમદ્‌જીએ આપ્યો છે તે જોઈએ :-)

'બીજું કાંઈ શોધમા.' માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઈચ્છાને પ્રશંસવામાં, તેને જ સત્ય માનવામાં આખી જીંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ.'

***(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક ૭૬)***

**'જ્ઞાન પ્રકાશે રે મોહ તિમિર હરે, જેહને સદ્‌ગુરુ સૂર,**
**તે નિજ દેખે રે સત્તા ધર્મની, ચિદાનંદ ભરપૂર.**
**શ્રી સીમંધર સાહિબ સાંભળો.'**
***(ઉ. યશોવિજયજી - સવાસો ગાથાનું સ્તવન)***

ઉપર જણાવ્યા મુજબ જ્ઞાની પુરુષના યોગથી મુમુક્ષુ જીવને પોતાના આત્મામાં જ પોતાનો અંતરવૈભવ, સિદ્ધસમાન સત્તાગત ગુણો દેખાય છે અને તે મુમુક્ષુ સદ્‌ગુરુની સાચી શ્રદ્ધા તથા આશ્રયભક્તિ કરતો કરતો ક્રમે કરીને વ્યવહાર સમકિત અને પ્રાંતે નિશ્ચયસમકિત પામે છે જેને ભગવાને **'સદ્ધા પરમ દુલ્લહા'** કહી છે. જિજ્ઞાસુ જીવે ઉ. શ્રી યશોવિજયજીના બનાવેલા સવાસો ગાથાના સ્તવનનાં ભાવાર્થ ફરી ફરી વાંચવા વિનંતિ છે અને સાથે સાથે આત્મસિદ્ધિશાસ્ત્રનો ભાવાર્થ પણ ભાવથી ભણવો જરૂરી છે જેથી સાચું તત્ત્વ શ્રદ્ધાન થાય, અને આત્મકલ્યાણ થાય - 'સર્વ જીવ છે સિદ્ધ સમ જે સમજે તે થાય.'

### ૪. જ્ઞાનીની આજ્ઞાપૂર્વક વર્તવું :

સંયમ અને સમ્યક્‌શ્રદ્ધાપૂર્વક ધર્મ આરાધના કરવી તે સૌથી દુર્લભ છે.

ઉત્તરાધ્યયના ૩જા અધિકારની પ્રથમ ગાથામાંથી આપણે મોક્ષમાર્ગના ઉત્તમ અંગોમાંથી ત્રણ અંગો - ૧. મનુષ્યત્વ, ૨. જિનવાણીનું શ્રવણ થવું અને ૩. દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે સમ્યક્‌શ્રદ્ધા થવી એ ત્રણ અંગો વિષે આપણે થોડી વિચારણા કરી. હવે આ ત્રણ ઉત્તમ યોગ જેને પ્રાપ્ત થયા છે એવા ભવ્ય મુમુક્ષુ જીવે સદ્‌ગુરુની આજ્ઞામાં જીવન જીવવાનો દૃઢ નિર્ધાર કરવો અવશ્ય જરૂરી છે. વર્તમાનકાળમાં પાંચ ઈન્દ્રિયોના ભોગના સાધનો ખૂબ જ વધતાં જાય છે અને Technology નો ઘણો દુરઉપયોગ પણ થતો દેખાય છે. દા.ત. iphone નું ભૂત જાણે બધાને વળગ્યું હોય તેમ જણાય છે કે માણસો હાલતા, ચાલતા, બેસતા, Drive કરતાં, દોડતાં, વ્યાખ્યાન સાંભળતાં એવા તો Smart Phone માં Addicted થઈ ગયા છે કે ઘણીવાર કુટુંબમાં જમતી વખતે બધા બેસે તો સાથે પણ કોઈ કોઈથી વાતચીત જ ન કરે, બધા Text message (sms) માં ચીટકેલા હોય છે ! ઘણીવાર તો અમારા સ્વાધ્યાયોમાં અને પ્રતિક્રમણો કરતી વખતે iphone નું જાણે સામ્રાજ્ય વર્તતું દેખાય છે ! આવા [૧]'ભવાભિનંદી' જીવોને આ બોધ ગમતો નથી. જેને સંસાર કારાગ્રહ લાગ્યો હોય, જેને પોતાનો આત્મા જેલની Cell માં બંધાયેલો લાગે, જેને પોતાની 'અંતરદશા' જાગે તેવા ભવ્ય, જાગૃત અને 'સમીપ મુક્તિગામી' જીવને ભગવાનની આ દીવ્ય ગાથાનો બોધ 'સંજીવની ઔષધી' સમાન-ભવરોગની દવા સમાન લાગે છે ને તેવો જીવ જ આવા ઉત્તમ બોધનો અધિકારી બને છે.



ઉપર આપણે સમજાવેલાં મોક્ષના ત્રણ અંગો મનુષ્યત્વ, જિનવાણીનું શ્રવણ, અને દેવ-ગુરુ-ધર્મની સમ્યક્‌શ્રદ્ધા, જેને થઈ છે તેવા જીવને મોક્ષમાર્ગમાં આગળ વધવા ભગવાન મહાવીર પ્રભુ સમજાવે છે કે, પ્રમાદ એ મોટો શત્રુ છે અને મનુષ્યભવ બહુ દુર્લભ છે અને મનુષ્ય જીવનની એકેક પળ પોતાના આત્માનું કલ્યાણ કરવા માટે વાપરવી જોઈએ. સંસારને પૂંઠ વાળીને, અર્થ કામના પ્રયોજનો ગૌણ કરીને, સાચા મુમુક્ષુ જીવે તત્ત્વશ્રવણ, સત્સંગ, સ્વાધ્યાય, જિનભક્તિ (આ પુસ્તકમાં સમજાવેલા અમૃત અનુષ્ઠાનો) નિયમિતપણે કરવા જોઈએ. કારણ કે-

**'માથા ઉપર મરણ ભમે છે, કાળ રહ્યો છે તાકીને' !**

કારણ કે અનાદિકાળની જામેલી મિથ્યાત્વની ગ્રન્થિઓ તોડવી સહેલી નથી. તેના માટે દુર્ધર પુરુષાર્થ જોઈશે. અમૃતવેલની સજ્ઝાયમાં ઉ. શ્રી યશોવિજયજી પ્રકાશે છે -

**'ચેતન જ્ઞાન અજુવાળીએ, ટાળીએ મોહ સંતાપ રે,**
**ચિતડું ડમડોળતું વાળીએ, પામીએ સહજસુખ ધામ રે**
**ચેતન ! જ્ઞાન અજુવાલીએ.'**

જ્ઞાનદશા એ આત્માનો મૂળભૂત ગુણ છે. સમ્યક્‌જ્ઞાનની પ્રાપ્તિ થવાથી જીવમાં વિવેકબુદ્ધિ આવે છે, સ્વદ્રવ્ય (શુદ્ધાત્મા) અને પરદ્રવ્યનું (દેહ, સ્ત્રી, પુત્ર, ધન વગેરે) ભાન થાય છે, હેય-ઉપાદેય બુદ્ધિ જાગે છે અને સાચો વૈરાગ્ય તથા ઉપશમ આદિ ગુણો ઉત્પન્ન થાય છે. આ ગુણો પ્રાપ્ત કરવા જીવે સદાચાર, યમ-નિયમ-ભક્તિમય જીવન ગાળવું, પ્રથમ (First Priorty) ભૂમિકા રૂપે પાળવું અત્યંત જરૂરી છે. તે સાથે અધ્યાત્મ અને વૈરાગ્યના ગ્રન્થો નિરંતર ભણવા જોઈએ અને ન સમજાય તેવા ગ્રંથો કોઈ અનુભવીના સત્સંગથી-ખંતથી સમજવા જોઈએ.

---

**૧. ભવાભિનંદી** - જેને સંસારમાં જ સુખ લાગે છે, જે પૌદ્‌ગલિક પદાર્થોમાં જ સુખ માને છે તેવો જીવ તીવ્ર ભવાભિનંદી કહેવાય છે.

ગૃહ, કુટુંબ, પરિગ્રહ આદિને વિષે જીવને જે અહંભાવ - મમત્વભાવ વર્તે છે તેને જ્ઞાનીએ **'વિપર્યાસ બુદ્ધિ'** અર્થાત્ મોહાંધતા અથવા અજ્ઞાનદૃષ્ટિ કહી છે. જ્યાં વૈરાગ્ય અને ઉપશમ ઉદ્ભવે છે ત્યાં તે વિપર્યાસતા મંદ થાય છે, અનુક્રમે નાશ પામે છે. આ મોહદશાના કારણે જીવનું ચિત્ત અથવા મન ડામાડોળ થાય છે. ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિમાં રાગ અને અનિષ્ટ વસ્તુ કે વ્યક્તિની પ્રાપ્તિમાં દ્વેષ જેને આપણે કષાયો કહીએ છીએ તેનું જોર ખૂબ જ પ્રબળ હોય છે. માનસશાસ્ત્રીઓ આવી મનોદશાને Stressfull ભયજનક, અને ઘણીવાર તેનાથી Depression પણ જીવને થઈ આવે છે.

જ્ઞાની કહે છે કે આ લોક (સમસ્ત લોકના બધાય જીવો) ત્રિવિધ તાપ (આધિ-વ્યાધિ-ઉપાધિ)થી આકુળ વ્યાકુળ છે. આવી ભયભીત દશા બધાની વર્તમાનકાળમાં નજરે દેખાય છે. આવા બળતા સંસારમાં સાચું સુખ, શાશ્વત સુખ જેને પ્રાપ્ત કરવું છે તેવા જાગૃત આત્માર્થીને માટે જ્ઞાની પુરુષનું શરણ, તેમની આજ્ઞામાં જીવવું અને સત્સંગ, સદ્શ્રદ્ધા અને સદાચારપૂર્વક જીવન જીવવું આવશ્યક છે.

વર્તમાનકાળમાં જીવોને Cancer, Diabetes, Depression, Unrest, Mental, Illness આવા રોગો ઘણા વધારે પ્રમાણમાં જગતભરમાં દેખાય છે. પરંતુ જ્ઞાની પુરુષો તેનો ઉપાય આપણને બતાવે છે તે આપણે દવા-ઉપાય લેવા, પાળવા તૈયાર નથી થતા તે આપણો જ વાંક છે! જુઓ -

**'આત્મભ્રાન્તિ સમરોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ,**
**ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.'**
***(આત્મસિદ્ધિ શાસ્ત્ર - ગાથા ૧૨૯ શ્રીમદ્ રાજચંદ્ર)***

**'આતમ અજ્ઞાને કરી, જે ભવદુઃખ લહીએ,**
**આતમ જ્ઞાને તે ટળે, એમ મન સદ્હીએ.'**
**આતમ તત્ત્વ વિચારીએ**



**'જિહાં લગે આતમ દ્રવ્યનું લક્ષણ નવિ જાણ્યું,**
**તિહાં લગે ગુણઠાણુ ભલુ કેમ આવે તાણ્યું.'**
***(ઉ. શ્રી યશોવિજયજી, સવાસો ગાથાનું સ્તવન ઢાળ ત્રીજી, ગાથ ૧, ૨)***

જ્ઞાની પુરુષો પોકારી પોકારીને નિષ્કારણ કરૂણાથી ફરી ફરી સમજાવે છે કે, સ્વરૂપનું અજ્ઞાન, મિથ્યાત્વ જેવું કોઈ પાપ નથી. કેમકે મિથ્યાદૃષ્ટિ જીવ તીવ્ર અનંતાનુબંધી[1] કષાય વડે કર્મ જ બાંધે ને ભવભ્રમણ વધારે જ છે. પણ તે અનંત દુઃખોનો અંત આવી શકે છે જો જીવ સદ્ગુરુની આજ્ઞામાં આત્મકલ્યાણ કરવાનો નિશ્ચય કરે તો.

જુઓ આ સમર્થ જ્ઞાનીનાં વચનો-

**'કષ્ટ કરો સંયમ ધરો, ગાળો નિજ દેહ,**
**જ્ઞાનદશા વિણ જીવને, નહિ દુઃખનો છેહ'**
***(ઉ. યશોવિજયજી સવાસો ગાથા સ્તવન ઢાળ ૩)***

અનાદિકાળથી જીવો ચાર ગતિરૂપ (મનુષ્ય, દેવ, નારકી, તિર્યંચ) સંસારમાં ભટકે છે અને અનંત દુઃખ પામે છે. આત્મતત્ત્વની અજ્ઞાનતાથી મોહાન્ધ થયેલા જીવો ઘણાં પાપો કરે છે અને દુર્ગતિએ જાય છે, અથવા ક્યારેક મનુષ્યભવ પામી ધર્મકરણી કરે છે પણ તે ધર્મક્રિયા ઓઘસંજ્ઞા અથવા લોકસંજ્ઞાથી અને જડતાથી ક્રિયા થતી હોવાથી ચાર ઘાતિ કર્મોના પહાડને તોડી શકાતા નથી. જ્યાં સુધી જીવ સાચી મુમુક્ષુતા પામે નહિ અને સદ્ગુરુની ઓળખાણ, સમ્યક્શ્રદ્ધા કરે નહિ ત્યાં સુધી મનની બધી દોડ સ્વછંદ, મત, આગ્રહોથી યુક્ત ધર્મકરણી હોય છે. આ વાત ઘણા મહાન સંતોએ સ્પષ્ટ પ્રકાશી છે: જુઓ -

---

૧. અનંતાનુબંધી - જે કર્મબંધનથી અનંત સંસારનું અનુબંધ થાય.

**‘જ્યાં લગી આતમ તત્ત્વ ચિન્ત્યો નહિ,**
**ત્યાં લગી સાધના સર્વ જુઠી’**
*(ભક્તશિરોમણી નરસિંહ મહેતા)*

**‘મન મરે માયા મરે, મર મર જાયે શરીર,**
**આશા તૃષ્ણા ના મરે, કહ ગયે દાસ કબીર.’**

**‘જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.’**
*(શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર ગાથા ૧-શ્રીમદ્ રાજચંદ્ર)*

આચારાંગસૂત્રમાં ભગવાન મહાવીરે પ્રકાશ્યું છે-
**‘જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું.’**

‘સુધર્મસ્વામી જંબૂસ્વામીને ઉપદેશે છે કે, જગત આખાનું જેણે દર્શન કર્યું છે એવા ભગવાન મહાવીરે અમને કહ્યું છે:- ‘ગુરુને આધીન થઈ (ગુરુ આજ્ઞામાં મગ્ન બની) વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષ પ્રાપ્ત થયા.’

**‘आणाए धम्मो आणाए तवो ।’**

અર્થાત્ આજ્ઞાનું આરાધન (સદ્‌ગુરુની આજ્ઞાનું ત્રણે યોગે એકત્વતાથી આરાધન) એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ.
*(આચારાંગ સૂત્ર - વચનામૃત પત્રાંક ૧૯૪)*

મુમુક્ષુ જીવે પોતાના જીવનને Totally Transform રૂપાંતર કરવું પડશે. પોતાની મતિ-કલ્પનાથી ધર્મ જે કરતા આવીએ છીએ, તે ‘સ્વછંદ’ નામનો મોટો દોષ જીવને આડો આવે છે. જુઓ જ્ઞાનીનો બોધ -

**‘રોકે જીવ સ્વછંદ તો પામે અવશ્ય મોક્ષ,**
**પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ’**
*(આત્મસિદ્ધિશાસ્ત્ર - ગાથા ૧૫ - શ્રીમદ્ રાજચંદ્ર)*



# Summary of Chapter-3

મોક્ષમાર્ગનો આ પહેલો એકડો ઘુંટવાનો છે. પોતાના સર્વ અભિનિવેષ (મત, અભિપ્રાય)ને છોડી જ્ઞાની પુરુષના વચનામૃત એટલે સત્‌શાસ્ત્રોનો નિરંતર અભ્યાસ, સત્સંગ, સદ્‌ગુરુ ભક્તિ અને જ્ઞાનીની સર્વ આજ્ઞા સમર્પણભાવે આરાધવાથી સ્વછંદનો ક્રમે કરીને નાશ થાય છે અને ધીમે ધીમે સાચી મુમુક્ષુતા પ્રગટે છે. આ પ્રકરણમાં આપણે ‘‘ભગવાને કહેલા ચાર દુર્લભ અંગો વિષે વિચારણા કરી તે દુર્લભ અંગોની સફળતા માટે નીચેના Steps નિયમિતપણે મુમુક્ષુએ એક નિષ્ઠાથી દરરોજ આરાધવાં આવશ્યક છે.’’

**મોક્ષમાર્ગના અચૂક ઉપાયરૂપ સત્‌સાધનો :**

૧. સતશાસ્ત્રો જેવા કે અધ્યાત્મસાર, જ્ઞાનસાર આદિ ગ્રન્થોનો દરરોજ ક્રમસર એક કલાક Minimum અભ્યાસ લક્ષપૂર્વક કરવો. તેનું મનન, નિદિધ્યાસન કરવું.

૨. સ્વાધ્યાયથી જેમ જેમ સમજણ વધતી જાય તેમ તેમ સાચા જ્ઞાની પુરુષ (સદ્‌ગુરુ)ની ઓળખાણ કરવી અને શ્રદ્ધાપૂર્વક જ્ઞાનીની ભક્તિ કરવી.

૩. સમ સ્વભાવી સાધકો સાથે સત્સંગ નિરંતર કરવો.

૪. જીવનમાં સદાચાર, યમ, નિયમ, અને ધર્મક્રિયા આત્માને જાણવાના લક્ષે કરવાં.

૫. આ પુસ્તકમાં જે મહાત્માઓના સ્તવનોનું વિવેચન આગળના પ્રકરણોમાં આવશે તે સ્તવનો મુખપાઠ કરી, અર્થ સહીત દેવ-ગુરુની તાત્ત્વિક ભક્તિ કરવી.

૬. પોતાના દોષોનું અપક્ષપાતપણે ચિંતન Introspection કરતા રહેવું, તપાસતા રહેવું અને દોષત્યાગ કરવાનો દઢ નિર્ણય કરવો.

૭. આઠ યોગદષ્ટિની સજ્ઝાયનો નિરંતર નિત્યક્રમ કરવો અને તેમાં જણાવેલા દોષોનું નિવારણ અને આત્માના ગુણો પ્રગટાવવા, અત્યંત જાગૃતિપૂર્વક અભ્યાસ કરવો. આ મોક્ષનો અચૂક ઉપાય છે.

૮. મુમુક્ષુ જીવે સમ્યક્દર્શનનાં પાંચ લક્ષણો પ્રગટાવવા માટે ખૂબ જ લક્ષ અને ઉત્સાહથી સાધના કરવી જેથી આ પાંચ લક્ષણો પ્રગટે :-

(૧) શમ, (૨) સંવેગ, (૩) નિર્વેદ, (૪) અનુકંપા, (૫) આસ્તિક્ય - શ્રદ્ધા, વચનામૃત ૧૩૫ના પત્રમાં શ્રીમદ્જીએ આ પાંચ લક્ષણોનું સરળ, સુગમ પ્રકાશન કર્યું છે તે વાંચવા અને સમજવા વિનંતી. (ઉપાધ્યાયજીએ સમકિતના સડસઠ બોલની સજ્ઝાયમાં પણ આ વાત સમજાવી છે.)

૯. મનુષ્ય જીવનની સફળતા માટે મુમુક્ષુ જીવે સંતોષ અને સંયમથી જીવવાનું ખાસ જરૂરી છે મિથ્યાત્વનું સ્વરૂપ સમજી તેને તોડવા માટે બધા ધર્મ સાધનો કરવા જરૂરી છે, અને આત્માને જાણવો.

૧૦. શ્રી જિન વીતરાગ પરમાત્માની ગુણાનુરાગ ભરેલી તત્ત્વભક્તિ જે આ પુસ્તકનો મુખ્ય વિષય છે તે હૃદયમાં સહજસ્વરૂપે પરિણમે તેવી સાધકોને ખાસ સૂચના છે. જેથી ચિત્તપ્રસન્નતા પ્રાપ્ત થાય, સ્વછંદ અને માન કષાય મટે અને મોક્ષમાર્ગની મંગળ યાત્રા આનંદ અને ઉલ્લાસથી દિનપ્રતિદિન આગળ વધે.

# પ્રકરણ : ૪ ધર્મક્રિયાના પાંચ અનુષ્ઠાનો

જૈનદર્શન એ સ્યાદ્વાદથી યુક્ત, અનંતનય અને અનંત નિક્ષેપથી ઝળહળતું 'વીતરાગ વિજ્ઞાન' છે. જ્ઞાની પુરુષના વચનો આત્માની ઊંડી અનુભૂતિ અને જ્ઞાન સમૃદ્ધિરૂપ છે. તેના કારણે કોઈ નય ન દૂભાય એવી દિવ્યતાવાળા હોય છે. જુઓ -

**'વચન [1]નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,**
**વચન સાપેક્ષ વ્યવહાર સાચો,**
**વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફલ,**
**સાંભળી આદરી કાંઈ રાચો.**
**ધાર તરવારની સોહિલી, દોહિલી**
**ચૌદમા જિનતણી ચરણ સેવા.'**

**(શ્રીમદ્ આનંદઘનજીકૃત ચૌદમા અનંતનાથનું સ્તવન)**

આનંદઘનજી મહારાજ આ દિવ્ય સ્તવનમાં કહે છે કે, જેને મત કે ગચ્છનો આગ્રહ હોય તેવા લોકો મતના આગ્રહને લીધે નિરપેક્ષ વચન બોલે અને તેથી તે ગમે તેવી ક્રિયા કરતો હોય તો પણ તેનું ફળ સંસારની વૃદ્ધિ જ હોય. જિનવચન તો નિશ્ચય અને વ્યવહારનું સમન્વયવાળું, સાપેક્ષ જ હોય એટલે કે માત્ર સાચા જ્ઞાની જ સમજાવી શકે. આ વાત બહુ જ અગત્યની છે ને આપણે દાખલાથી વિચારીએ.

---

**૧. નિરપેક્ષ એટલે જ્ઞાનીના બોધના આશય અથવા ગુરુગમ વિનાની.**

**ज्ञानक्रियाभ्याम् मोक्षः ।**

જ્ઞાન અને ક્રિયા એમ બન્ને વડે મોક્ષની પ્રાપ્તિ થાય છે એમ જિનવચન પ્રકાશે છે. પરંતુ અહીંયા Key point એ છે કે 'જ્ઞાન' અને 'ક્રિયા' સાપેક્ષ હોવા જોઈએ, અર્થાત્ ભગવાને કહેલા નવ તત્ત્વ, આત્માના છ પદ આદિ સિદ્ધાંત જ્ઞાનને, નયને અને નિક્ષેપાના ભાંગાને લક્ષમાં રાખી સમજવા જોઈએ. દા.ત. આત્મા નિત્યાનિત્ય છે. આનો અર્થ છે કે આત્મા નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. આ વિરોધાભાસ નથી પણ સાપેક્ષ દૃષ્ટિએ વિચારીએ તો -

**'આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય,**
**બાળાદિ વય ત્રણ્યનું જ્ઞાન એકને થાય.'**
**(આત્મસિદ્ધિ શાસ્ત્ર - શ્રીમદ્ રાજચંદ્ર)**

**'ગુણપર્યાયવત્ દ્રવ્યમ્'** એ તત્ત્વાર્થસૂત્રનું અપૂર્વ વચન છે. તો આત્મા દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે, ત્રણે કાળે શુદ્ધ છે. પણ પર્યાય (બદલાતી અવસ્થાની) અપેક્ષાએ અનિત્ય છે અને ચૈતન્ય લક્ષણ વાળો છે તેથી બાળક, યુવાન, વૃદ્ધ આદિ અવસ્થાઓને નામ-રૂપને જાણનારો છે. જાણવું એ જ્ઞાનતત્ત્વ આત્માનું મુખ્ય લક્ષણ છે.

તો જેમ 'જ્ઞાન'ને સમજવામાં સ્યાદ્‌વાદનું ઊંડુ જ્ઞાન, અભ્યાસ જરૂરી છે તેવી રીતે ધર્મક્રિયા વિષે પણ થોડું વિચારીએ.

ભગવાને જે જે ધર્મક્રિયાઓ બતાવી છે તે તે બધી ક્રિયાઓ મોક્ષમાર્ગ માટે ઉપયોગી જ છે. જેમ કે પ્રભુની સેવા, પૂજા, ચૈત્યવંદન, પ્રતિક્રમણ, સામાયિક, તપસ્યા, મંત્રજાપ, સ્તવના વગેરે બધી જ ક્રિયા ભગવાને અંતરશુદ્ધિ કરવા માટે જ પ્રકાશી છે. બધી જ ધર્મક્રિયાઓ પોતાના આત્માના કલ્યાણ માટે એટલે કે અનાદિકાળના દોષો, કષાય ભાવો, ચિત્તની મલીનતા, ચિત્તની ચંચળતા આદિ દોષો ઘટાડવા અને [૧]શમ, [૨]સંવેગ, [૩]નિર્વેદ, શ્રદ્ધા, અનુકંપાના



નિર્મળ પરિણામ આત્મામાં વધે તે લક્ષે, આત્માના લક્ષે કરવાની ફરમાવી છે. નહિ તો તે જડક્રિયા બની જાય છે.

આપણે જેમ આગળ મંગળાચરણમાં જોયું કે ભગવાનના સમયમાં સાધકો પ્રાજ્ઞ અને સરળ હતા અને ભગવાનની વાણીનું બરાબર આજ્ઞાપાલન કરતા હતા. સદ્‌ગુરુનાં પ્રકાશેલા લક્ષ સહિત, આજ્ઞાધીન વર્તતા હતા તેથી ધર્મક્રિયામાં અને જ્ઞાન અભ્યાસમાં ભગવાનનો ગુરુગમ, તથા ભગવાનનો આશય સમજાય તેવી રીતે આરાધના સમ્યક્‌પણે થતી હતી.

વર્તમાનકાળમાં જીવો વક્રબુદ્ધિવાળા અને જડબુદ્ધિવાળા વધારે છે તેથી તેવા જીવો સાચી આરાધના કરવાને બદલે ઘણીવાર ભગવાનની એટલે ધર્મની વિરાધના કરી નાખે છે અને સંસાર પરિભ્રમણ વધારી દે છે - જુઓ -'

**'સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક,**
**પાર ન તેથી પામીયો, ઉગ્યો ન અંશ વિવેક'**

**'સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય,**
**સત્ સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય ?'**
**(સદ્‌ગુરુભક્તિ રહસ્ય પદ - શ્રીમદ્ રાજચંદ્ર)**

શ્રીમદ્‌જીએ સૌ સાધકોને ચેતવ્યા છે કે જ્યાં સુધી જીવ ધર્મના અનુષ્ઠાનો, ક્રિયાઓ પોતાની મતિકલ્પનાથી કરે અને મતાગ્રહ અને કદાગ્રહનું જોર હોય, ત્યાં સુધી સહુ સાધનો અર્થાત્ સમસ્ત ધર્મક્રિયાઓ આત્માને બંધનરૂપે નિવડે છે. પણ જ્યારે જીવને મહાન પુણ્યના યોગે 'હું કોણ છું ?' એવો અંતરમાં અવાજ સંભળાય અને પોતાના

---

**૧. શમ - કષાયની ઉપશાંતતા, ૨. સંવેગ - મોક્ષની તીવ્ર રૂચિ, ૩. નિર્વેદ - સંસાર પ્રત્યે સાચો વૈરાગ્ય**

સ્વરૂપને સમજવા, અનુભૂતિ કરવા, પોતાના બધા જ અભિનિવેશ Conditioned mind ને ત્યજી, ચોખ્ખો થઈને સદ્‌ગુરુને શરણે જાય ત્યારે જ તે જીવને સદ્‌ગુરુના '[૧]સાપેક્ષ' વચનો સમજાય અને પરિણામ પામે તે સાધક મોક્ષ માર્ગે આગળ વધી શકે.

આ વાત કેટલી મહત્ત્વની છે તે આપણે શ્રીમદ્ દેવચંદ્રજીના નીચેના પદમાં વિચારીએ :-

**'દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા રે, ભાવધર્મ રુચિ હીન,**
**ઉપદેશક પણ તેહવા રે, શું કરે જીવ નવીન.**
**ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ,**
**આતમગુણ અકષાયતારે, ધર્મ ન જાણે શુદ્ધ રે.**
**ચંદ્રાનન જિન, સાંભળીએ અરદાસ રે.'**

ગણીશ્રી દેવચંદ્રની લગભગ ૨૫૦ વર્ષ પહેલા થયા તેમણે તે સમયમાં સાધકો અને ઉપદેશકો કેવા ગચ્છ મતના કહાગ્રહથી દ્રવ્યક્રિયા એટલે Mechanical ક્રિયાજડતા અને શુષ્કજ્ઞાનમાં પ્રવર્તતા તેનો અંતરવિષાદ ચંદ્રાનન ભગવાનને કહે છે કે- હે પ્રભુ ! વર્તમાનકાળમાં તમારો મોક્ષમાર્ગ બહુ લોપાઈ ગયો છે અને બધા જ ધર્મનાં અનુષ્ઠાનો નિરપેક્ષપણે, આત્માના લક્ષ વિનાનાં, લોકસંજ્ઞા અને ઓઘસંજ્ઞાથી બધે થતાં જણાય છે. આવી વિષમ પરિસ્થિતિ જોઈને એ મહાપુરુષોએ આપણને જાગૃત કરવા આવા અલૌકિક પદો રચીને ચેતવ્યા છે. આવા મતાગ્રહ કે કદાગ્રહવાળા ઉપદેશક વધારે જણાય છે અને તેનાથી દૂર રહેવું.

આટલી પ્રસ્તાવના કર્યા પછી હવે આપણે આ ચોથા પ્રકરણમાં પાંચ ધર્મક્રિયાના અનુષ્ઠાનો સમજીએ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ

**૧. સાપેક્ષ - જ્ઞાનીના ગુરુગમ, મર્મ વાળી સમજણ સહીતનો બોધ.**



એમના અમૂલ્ય ગ્રન્થ અધ્યાત્મસારના દસમા અધિકારમાં પાંચ અનુષ્ઠાનો ધર્મક્રિયાના ખૂબ જ વિસ્તારથી સમજાવ્યાં છે. આપણે આ પાંચ અનુષ્ઠાનોમાંથી કયા અનુષ્ઠાનો આત્માને બંધનકારી છે (માટે ત્યાજય છે) અને કયા અનુષ્ઠાનો ખરેખર ઉપકારી છે તે સમજીએ :- આ પાંચ અનુષ્ઠાનના નામ આ પ્રમાણે છે :-

(૧) વિષઅનુષ્ઠાન (૨) ગરઅનુષ્ઠાન, (૩) અન્‌અનુષ્ઠાન (૪) તદ્‌હેતુઅનુષ્ઠાન અને (૫) અમૃતઅનુષ્ઠાન. (અનુષ્ઠાન = ધર્મક્રિયાઓ જે ભગવાને બનાવી છે તે).

**૧. વિષ અનુષ્ઠાનની સમજણ :**

શાસ્ત્રમાં જ્ઞાની કહે છે કે આહાર, પૂજા, સત્કાર, ઋદ્ધિ, લક્ષ્મી, વગેરેની ઈચ્છાથી કરેલું ધર્મઅનુષ્ઠાન શુભ ચિત્તને હણનાર હોવાથી તેને વિષઅનુષ્ઠાન કહેવાય છે. બાળજીવોની ધર્મક્રિયા લોકસંજ્ઞાથી અને જીવનના ઐહિક અને ભૌતિક લાભ માટે વધારે થતી હોય છે. ઘણા જીવો વર્તમાનકાળમાં પોતાની પૂજા-સત્કાર માટે લક્ષ્મી અથવા અધિકાર માટે વ્રત, તપ, ગુરુસેવા, ભક્તિ, મંત્રજાપ વગેરે કરે છે. આવી વૃત્તિવાળા ધર્મના અનુષ્ઠાનો (ક્રિયાઓ) ચિત્તની શુદ્ધિને તુરત હાની પહોંચાડે છે અને જેમ વિષ ખાવાથી માણસ તુરત મૃત્યુ પામે તેમ સંસારિક લાભ માટે થતી સમસ્ત ધર્મક્રિયાઓ વડે શુભ ચિત્તવૃત્તિ તુરત હણાય છે અને જીવને બંધનકર્તા થાય છે. આવી સકામ વૃત્તિથી અને દૃઢ આસક્તિથી કરેલી સર્વ ધર્મ ક્રિયાઓ જીવને સંસાર વધારનારી બને છે અને તેનો મોક્ષમાર્ગ લાંબો થઈ જાય છે. ભગવાન વીતરાગ છે તેઓ તો કોઈ પ્રત્યે પ્રસન્ન કે કોપાયમાન થતા જ નથી. ભગવાનની ભક્તિ - સેવા સર્વ માત્ર મોક્ષના લક્ષ્યથી, અંતરશુદ્ધિના લક્ષે અને સ્વરૂપમાં શ્રદ્ધા અને સ્થિરતા માટે કરવાની હોય છે. માટે સાધક જીવે

હંમેશાં ઉપર સમજાવ્યા પ્રમાણે વિષઅનુષ્ઠાનવાળી ધર્મક્રિયાઓ સર્વથા ત્યાગવી અને આત્મલક્ષી બધી ક્રિયાઓ કરવી આવશ્યક છે. સદ્ગુરુની આજ્ઞા પ્રમાણે બધી ધર્મક્રિયા કરવાથી અને તેમાં ચિત્ત પરોવવાથી વિષઅનુષ્ઠાન દૂર જ થઈ જાય છે.

**૨. ગરાનુષ્ઠાન :**

ઘણા જીવો જેને વર્તમાનમાં ભૌતિક સુખ મળ્યું નથી અથવા મળેલા ભૌતિક સુખમાં તૃપ્તિ થતી નથી તેથી ભવિષ્યમાં દેવલોકનું સુખ માગવા માટે ધર્મક્રિયાઓ કરે છે આવા પ્રકારના પરલોકના સુખની ઈચ્છાથી કરેલી ધર્મક્રિયાને 'ગરલ' અથવા ગરાનુષ્ઠાન કહેવાય છે. ઉપર પ્રથમ વિષઅનુષ્ઠાન જેમ તત્કાળ ઝેરની જેમ મારી નાખે છે તેમ ગરલ અનુષ્ઠાન Slow Poision ની જેમ કાલાન્તરે કદાચ દેવગતિ મળે તોય તેનો કાળ પૂરો થતાં તે દેવગતિનાં સુખોનો ક્ષય થાય છે. આચાર્ય કુંદકુંદ તો ત્યાં સુધી સમજાવે છે કે જેમ પાપકર્મ તે લોઢાની બેડી છે, તેમ શુભભાવથી પુણ્ય કર્મ જો ભૌતિકસુખ માટે ક્રિયાઓ થાય તો તે સોનાની બેડી છે અને બન્ને જીવને બંધનકારી જ નિવડે છે. ટૂંકમાં, વિષઅનુષ્ઠાન કે ગરલઅનુષ્ઠાનની ક્રિયાઓ કરવાથી જીવનું સંસાર-પરિભ્રમણ ઘટવાને બદલે વધે છે. આવા દોષોના પરિણામ ન થાય અને જીવનું સંસારપરિભ્રમણ કેમ ઘટે ? તે માટે જ્ઞાની પુરુષો નિષ્કારણ કરુણાથી સમજાવે છે :-

**'સૌ સાધન બંધન થયા, રહ્યો ન કોઈ ઉપાય,**
**સત્ સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય ?'**
**(સદ્ગુરુભક્તિ રહસ્ય - શ્રીમદ્ રાજચંદ્ર)**

જે જીવને પોતાના આત્માની સાચી દયા આવે તે જીવે તો પોતાની સમજણ પર મીંડું મૂકી, તેના પર ચોકડી મારી, માત્ર સદ્ગુરુ



આજ્ઞાએ પોતાના જીવનની સમસ્ત ધર્મઆચરણા કરવી તો જ જીવનું અવશ્ય કલ્યાણ થાય. અનાદિકાળથી ભવાભિનંદી જીવે વિષ અને ગરલ અનુષ્ઠાનવાળી ક્રિયાઓ કરીને જીવે અનંતવાર મનુષ્યભવ વેડફી દીધો છે. તેમ આગમશાસ્ત્રો ફરી ફરી આપણને ચેતવે છે. જિનેશ્વર ભગવાને જીવને ધર્મક્રિયાઓ કંઈ પણ 'નિયાણું' બાંધવાની ઈચ્છા વગર, માત્ર મોક્ષના માટે, અર્થાત્ 'મોક્ષ કહ્યો નિજશુદ્ધતા' એટલે અંતરશુદ્ધિ માટે બધી ક્રિયાઓ કરવાની જિનાજ્ઞા છે.

**૩. અનઅનનુષ્ઠાન :**

વર્તમાનકાળમાં ક્રિયા જડતા વધારે જણાય છે. આવી ક્રિયાજડતા જે Mechanical થાય છે, અર્થાત્ જે ધર્મક્રિયામાં મન જોડાય નહિ, મન બહાર ભટક્યા કરે અને ચિત્ત એકાગ્રતા ન હોય, તથા જે ક્રિયામાં ઉલ્લાસ, આદર ને અંતરની રુચિ ન હોય તથા આત્માના લક્ષ વિનાની બધી ધર્મક્રિયાઓ તે સર્વ **'અનઅનુષ્ઠાન'**ની સંજ્ઞા પામે છે, અર્થાત્ શૂન્યમનથી (ભાવ વગરની) બધી જ ધર્મક્રિયાઓ ખરેખર અનુષ્ઠાન ગણાતી જ નથી માટે તેને શાસ્ત્રકારે અનઅનુષ્ઠાન કહી છે. આવી ક્રિયાજડતાનું સચોટ દર્શન શાસ્ત્રકાર નીચેની ગાથામાં સમજાવે છે :-

**'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ,**
**માને મારગ મોક્ષનો, કરૂણા ઉપજે જોઈ.**
**બાહ્ય ક્રિયામાં રાચતાં, અંતરભેદ ન કાંઈ,**
**જ્ઞાન માર્ગ નિષેધતાં, તેહ ક્રિયાજડ આંહિં.'**
**(આત્મસિદ્ધિશાસ્ત્ર, ગાથા ૩-૪, -શ્રીમદ્ રાજચંદ્રજી)**

યંત્રવત્ (Mechanical Routine) પ્રમાણે ધર્મક્રિયાઓ વધારે થાય છે અને 'અંતરભેદ' એટલે આત્માનો લક્ષ, આત્માની શુદ્ધિનો

લક્ષ હોતો જ નથી એવી ક્રિયાઓને અન-અનુષ્ઠાન કહેવાય છે. આવી ક્રિયાજડતામાં [1]લોકસંજ્ઞા, [2]ઓઘસંજ્ઞા પ્રધાનપણે વર્તે છે અને ગુરુવચન કે ગુરુગમ ન મળવાથી જીવો ભાવહિન, શુન્યચિત્તે કરતા હોવાથી તેનું ફળ ખરેખર નિષ્ફલ જ હોય છે. અગાઉ ત્રીજા પ્રકરણમાં મોક્ષના ચોથા દુર્લભ અંગમાં આપણે જોઈ ગયા કે આચારાંગસૂત્રમાં જણાવ્યું છે કે-

'આજ્ઞાનું આરાધન તે જ ધર્મ, આજ્ઞાનું આરાધન તે જ તપ.'

અર્થાત્ સદ્‌ગુરુ અથવા જ્ઞાનીપુરુષની આજ્ઞા વગર પોતાની મતિકલ્પનાથી, સમજણ વગર, ભાવશૂન્ય ક્રિયાઓ ખરેખર ધર્મક્રિયા જ નથી, અર્થાત્ તે અનુષ્ઠાનો જ્ઞાનીને માન્ય નથી તેથી સાધક જીવે તો ગુરુગમ સમજી દરેક ધર્મ અનુષ્ઠાન કરવા તેવી ભગવાનની આજ્ઞા છે. આચારાંગ સૂત્રમાં તો ત્યાં સુધી ભગવાને ફરમાવ્યું છે કે સાધુપુરુષે પોતાના ગુરુની આજ્ઞા વગર કંઈપણ ન કરવું ને [3]સમિતિ - [4]ગુપ્તિમાં જ રહેવું, અર્થાત્ સદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે જીવવું, વર્તવું અને ભૂલ થાય તો તરત જ ગુરુની પાસે જઈ આલોચના માગવી. સંસારી જીવો માટે પણ બધી ધર્મસાધના સાચા જ્ઞાનીપુરુષ એટલે સદ્‌ગુરુની આજ્ઞાપૂર્વક, ઉપયોગપૂર્વક, આત્માના લક્ષે કરવી. તો ઘણાં દોષોથી બચી શકાય. વર્તમાનકાળમાં તપસ્યાઓ, બાહ્ય ધર્મ ક્રિયાઓ થતી વધારે દેખાય છે પણ જો તેમાં આત્માનો લક્ષ ન હોય, ભાવશૂન્યતા હોય તો તેવી ક્રિયાઓ મોક્ષનું કારણ કદીય બનતી નથી, તેથી તે અનઅનુષ્ઠાન છે.

---

**૧. લોકસંજ્ઞા - ગતાનુગત લોકમત પ્રમાણે વર્તવું.**
**૨. ઓઘસંજ્ઞા - અંધશ્રદ્ધાવાળી ક્રિયા, મર્મ કે લક્ષ વગરની ક્રિયા.**
**૩. સમિતિ - ગુરુ આજ્ઞા પ્રમાણે ખાવું, બેસવું, ચાલવું, બોલવું.**
**૪. ગુપ્તિ - મન-વચન-કાયા નો સંયમ ગુરુઆજ્ઞાથી પાળવો.**



**૪. તદ્‌હેતુ અનુષ્ઠાન :**

યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રન્થમાં મહર્ષિ હરિભદ્રાચાર્ય ખૂબ જ ઊંડાણથી અને સ્પષ્ટતાથી સમજાવે છે કે અનાદિકાળથી સંસારી જીવો તીવ્ર મિથ્યાત્વ એટલે સ્વરૂપના અજ્ઞાનને લીધે, ગાઢ રાગદ્વેષના પરિણામવાળા હોવાથી અનંત [1]પુદ્‌ગલ પરાવર્તન કાળથી સંસાર પરિભ્રમણ કરે છે. ચારે ગતિમાં જન્મ-જરા-મૃત્યુ અને આધિ-વ્યાધિ-ઉપાધિના દુઃખો ભોગવી રહ્યા છે.

આમાંથી કોઈ ભવ્ય જીવની જ્યારે કાળલબ્ધિ પરિપાક થાય છે ત્યારે તે જીવ [2]'ચરમાવર્ત' એટલે છેલ્લા પુદ્‌ગલ પરાવર્તનમાં અર્થાત્ છેલ્લા આવર્તમાં (Cycle) આવે છે ત્યારે તેની અનાદિકાળની 'ઓઘદૃષ્ટિ' મટી, યોગદૃષ્ટિવાળો તે જીવ થાય છે. આ વિધાન શ્રીમદ્ આનંદઘનજી સુંદર રીતે પ્રકાશે છે :-

**'ચરમાવર્તે હો ચરમ કરણ તથા રે, ભવ પરિણતિ પરિપાક,**
**દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચન વાક્'**
**સંભવદેવ તે ધુર સેવો સવે રે...**

માત્ર કેવળી ભગવાન જ તેમના જ્ઞાનથી જાણી શકે એટલો દીર્ઘકાળ અર્થાત્ અનંત પુદ્‌ગલ પરાવર્તનનો લાંબો કાળ ચારગતિમાં પરિભ્રમણ કરતાં કરતાં, જ્યારે જીવને અકામ નિર્જરાથી 'ચરમાવર્ત'માં જે જીવ છેલ્લા (ચરણ) કરણમાં પ્રવેશે છે ત્યારે તેની [1]કાળલબ્ધિ પાકી હોવાથી તે જીવ પ્રથમવાર ''ઓઘદૃષ્ટિ''માંથી ''યોગદૃષ્ટિ''માં પ્રવેશ કરે છે. ઓઘદૃષ્ટિમાં જીવનો સમસ્ત ધર્મ બાબતનો પુરુષાર્થ માત્ર સંસારના સુખની પ્રાપ્તિના લક્ષે થતો હોવાથી, તે મોક્ષનું કારણ

---

**૧. પુદ્‌ગલ પરાવર્તનકાળ - અનંત ચોવીસીઓ વીતી જાય તેવો દીર્ઘકાળ**
**૨. ચરમાવર્ત - છેલ્લું પુદ્‌ગલ પરાવર્તન.**

બનતો નથી પણ જ્યારે મહાન પુણ્યના ઉદયે કોઈ ભવ્ય જીવની [૧]કાળલબ્ધિ પાકે અને [૨]યોગદૃષ્ટિમાં પ્રવેશ કરે ત્યારે તેને વીતરાગધર્મ પ્રત્યે અંતરનો પ્રેમ, બહુમાન જાગે છે અને પોતાના આત્માનું કલ્યાણ કરવાની ભાવના ઉત્પન્ન થાય છે. એકવાર જીવ જાગે અને **હું કોણ છું ? ક્યાંથી આવ્યો ? મારું ખરું સ્વરૂપ શું છે ?** એવા પ્રશ્નો સાચી જિજ્ઞાસારૂપે ઉદ્ભવે છે. ત્યારે તે જીવ સનાતન સત્ય એટલે પોતાના આત્મસ્વરૂપને જાણવા, અનુભવવા જાગૃત થઈ, કોઈ અનુભવી, જ્ઞાનીનો સંપર્ક શોધે છે. સદ્ગુરુ અથવા સત્પુરુષને ઓળખવા તે પોતે નિરંતર સત્સંગ અને સ્વાધ્યાયના બળથી પરીક્ષક બુદ્ધિવાળો બની સદ્ગુરુનું શરણું પ્રાપ્ત કરી તેના જીવનને આત્મકલ્યાણ માટે જ જીવવું છે તેવો દૃઢ નિશ્ચય કરી તે નિશ્ચયને એક નિષ્ઠાથી પાળે છે.

**'એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુ યોગ,**
**કામ એક આત્માર્થનું, બીજો નહીં મનરોગ.'**
**(આત્મસિદ્ધિ શાસ્ત્ર-શ્રીમદ્ રાજચંદ્રજી)**

૩૫૦ વર્ષ પહેલા વિચરેલા શ્રીમદ્ આનંદઘનજી અને લગભગ ૧૨૦ વર્ષ પહેલા વિચરેલા શ્રીમદ્જીથી રચાયેલી અપૂર્વ એવી આત્મસિદ્ધિની ઉપરની ગાથામાં કેટલી સમાનતા, કેટલી અલૌકિક દૈવતવાળી તત્ત્વની સમજણ મળે છે કે જીવ જ્યારે જાગે છે અને આત્મકલ્યાણની ભાવનાથી પ્રથમ પગ ઉપાડે છે ત્યારે તેને અવશ્ય સાચા આત્મજ્ઞાની સદ્ગુરુની ઓળખાણ અને શ્રદ્ધા થાય છે અને મન-વચન-કાયાના સર્વ યોગો [૩]અવંચકપણે સદ્ગુરુની આજ્ઞામાં

---

**૧. કાળલબ્ધિ = જીવને મોક્ષ પ્રાપ્ત કરવાનો કાળ ઉદયમાં આવે તે.**
**૨. યોગદૃષ્ટિ = આત્માને મોક્ષની સાથે જોડે તેવો મોક્ષના સાધનોની જાગૃતિવાળો કાળ.**
**૩. અવંચકપણે = સદ્ગુરુ આજ્ઞા મુજબ જ્ઞાનીને છેતર્યા વિના એકનિષ્ઠાથી વર્તે.**



જોડી, તે ધર્મના અનુષ્ઠાનો - સ્વાધ્યાય, સત્સંગ, યમ, નિયમ, ભક્તિ, ચૈત્યવંદન આદિ બધા જ અનુષ્ઠાનો માત્ર આત્માર્થને સાધવા, પોતાના આત્માના કલ્યાણ માટે, અંતરશુદ્ધિ માટેના લક્ષથી, નિષ્ઠાથી, અને જાગૃતિથી કરે છે. પરિણામે અનાદિકાળનો મોટો **'ભવરોગ'** જે **મિથ્યાત્વ**ના કારણે છે તે ઘટવા માંડે છે અને 'દૃષ્ટિ ખૂલે ભલી' એટલે સમ્યક્દૃષ્ટિ અર્થાત્ સમ્યક્દર્શન તેને પ્રાપ્ત થાય છે.'

સદ્ગુરુનો યોગ થયા પછી, એમની દેશના તે નિરંતર સાંભળે છે. તે સદ્ગુરુના બોધ વડે પોતાના અંતરંગ દોષોને દૂર કરવા ભગીરથ પુરુષાર્થ કરે છે અને તેના બધા જ ધર્મ અનુષ્ઠાનો હવે સમ્યક્પણે, ગુરુગમના લક્ષથી થતા હોવાથી, આવી દશાવાળા અનુષ્ઠાનો 'તદ્હેતુઅનુષ્ઠાન' કહેવાય છે. આગળ વધતાં આ 'તદ્હેતુઅનુષ્ઠાન'

'અમૃત અનુષ્ઠાન'માં પરિણમે છે જે સૌથી ઉત્તમ અનુષ્ઠાન છે. આગળના પ્રકરણોમાં દર્શાવેલા બધા જ અનુષ્ઠાનો અમૃત અનુષ્ઠાન છે, અવશ્ય મોક્ષનાં કારણ બને છે.

### ૫. અમૃત અનુષ્ઠાન :

**'યોગનાં બીજ ઈહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે,**
**ભાવાચાર જ સેવના, ભવ-ઉદ્વેગ સુઠામો રે.**
**વીર જિનેશ્વર દેશના...**
**(આઠદૃષ્ટિની સજ્ઝાય - ઉપાધ્યાય યશોવિજયજી)**

એક મુસાફર કંઈક કામવશે સાંજના ઘરેથી નીકળી, બીજા ગામ પગયાત્રાએ જાય છે. અંધારું થઈ જતાં તે જંગલમાંથી પસાર થાય છે ત્યારે તેને મેઘગર્જના સંભળાય છે અને વરસાદ શરૂ થાય છે. તેથી રાતના પોતાના જીવના રક્ષણ માટે અને હિંસક પશુઓથી બચવા એક ઝાડ ઉપર ચડી જાય છે. પોતે મનથી ગભરાય છે પણ જાણે છે કે

સવાર પડે ત્યારે તુરત જ હું મારા મુકામે પહોંચી જઈશ. ત્યાં તો પરોઢના સમયે વીજળીના ઝબકારા થાય છે અને તે વીજળીના પ્રકાશમાં ઝાડની ઉપરથી તે એક મંદિરની ધજા નીહાળે છે. તે જોતાંની સાથે તેના હૃદયમાં ખૂબ આનંદ વ્યાપે છે અને હીંમતથી ઝાડ પરથી કુદકો મારી નીચે ઉતરે છે, અને મૂશળધાર વરસાદની પરવા કર્યા વિના દોડે છે ને થોડીવારમાં મંદિરમાં પહોંચી જાય છે અને તેનો ભય તૂટી ગયો હોવાથી થોડો આરામ કરી, પૂજારીના કહેવાથી ચા-નાસ્તો કરી પોતાના ધંધાના કામે શાંતિથી બપોરના પહોંચી જાય છે અને ઈશ્વરનો આભાર માને છે કે 'વીજળીના ચમકારાથી તેને દિશાનું ભાન થાય છે અને સુરક્ષિતપણે પોતાની મંજીલે ઉલ્લસિત ભાવે પહોંચે છે. તેવી જ રીતે સંસારપરિભ્રમણ કરતો અનાદિકાળનો મિથ્યાદૃષ્ટિ જીવ, જ્યારે કાળલબ્ધિ પાકે છે ને 'યોગદૃષ્ટિ'માં ચરમાવર્તમાં આવે છે ત્યારે તે પોતાના સમસ્ત જીવનને દાવ ઉપર મૂકી, જાગૃતિપૂર્વક પોતાની અંતિમ મંજીલ જે મોક્ષ છે તેની પ્રાપ્તિને અર્થે મોક્ષમાર્ગના ભોમિયા એવા સદ્ગુરુને શોધે છે અને સદ્ગુરુની પ્રાપ્તિ થતાં, સદ્ગુરુના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ, અમૃતબોધનાં ત્રીવેણી સંગમમાં, પોતાનું જીવન અર્પણ કરી જ્ઞાનીની આજ્ઞા ભક્તિમાં એકનિષ્ઠાથી જોડાય છે. આવી યોગદૃષ્ટિવાળો જીવ યોગના બીજની પ્રાપ્તિ કરે છે. જેમાં પ્રથમ બીજ છે જિનેશ્વર ભગવાનના અનંત અનંત અંતર ગુણોનો વૈભવ. તે તેને સદ્ગુરુ શ્રવણથી સંભળાય છે અને સમજાય છે અને ગુણાનુરાગથી અને સદ્ગુરુ અને જિનેશ્વર ભગવાન પ્રત્યે સંવેગથી નમસ્કાર, બહુમાનથી તેમની ભક્તિમાં આત્મલક્ષે જોડાય છે અને સાથે સાથે ગુરુવચનના બળથી સંસાર પ્રત્યે સાચો વૈરાગ્ય તેને ઉત્પન્ન થાય છે. ભવ-ઉદ્વેગ એટલે સંસાર પ્રત્યે અંતરનો વૈરાગ્ય, અનાસક્ત ભાવમાં જ વર્તવું, એવી જાગૃતિ આ જીવનમાં પ્રગટે છે.



આવી યોગદૃષ્ટિવાળા જીવમાં ધર્મનો અરુણોદય થઈ ગયો હોવાથી તેનો મંગળકાળ-મોક્ષની યાત્રાનો શરૂ થઈ જાય છે. જેમ સવારે અરુણોદય થાય ત્યારે પક્ષીઓ ગાન કરે છે અને આનંદથી પ્રભાતનું જાણે સ્વાગત ગુણગાન કરે છે તેમ પ્રથમ યોગદૃષ્ટિવાળો આત્માર્થી જીવ સમ્યક્દર્શનરૂપી સૂર્યના પ્રકાશને પામવા હવે આ અમૃત અનુષ્ઠાનને લક્ષમાં રાખી બધી ધર્મક્રિયાઓ સદ્ગુરુની આજ્ઞાને લક્ષમાં રાખીને જ કરે છે. તે હવે પોતાની મતિકલ્પનાથી મુક્ત થવા દૃઢ નિશ્ચય કરે છે અને લોકસંજ્ઞા તથા ઓઘસંજ્ઞાથી નિવૃત્તિ થઈ-કોરો થઈને પોતાના અંતરની શુદ્ધિ માટે નિરંતર ગુરુઆજ્ઞામાં એકતાન થઈ, સ્વાધ્યાય, સત્સંગ, જિનભક્તિ, યમ, નિયમ અને શાસ્ત્ર અભ્યાસ કરતાં મનની એકાગ્રતા પ્રાપ્ત કરવા કટિબદ્ધ થાય છે.

આવા યોગદૃષ્ટિવાળા જીવને [૧]'સંવેગ' ગુણ પ્રગટે છે જેથી મોક્ષ માટે તીવ્ર લગની તેને લાગે છે અને જ્યારે આવો સંવેગ અંતરમાં પ્રગટે છે ત્યારે તેના કષાયો શાંત થતા જાય છે. કારણ કે બાર ભાવનાના ચિંતનથી (અનિત્યભાવના, અશરણ-ભાવના, એકત્વ-ભાવના અને અન્યત્વભાવના) જગતના બધા જ પદાર્થોમાં ક્ષણ-ભંગૂરતા, તુચ્છભાવ ઉત્પન્ન થવાથી તે જીવને [૨]નિર્વેદ અર્થાત્ સંસાર પ્રત્યે સાચો વૈરાગ્ય કરાવે થાય છે.

આ પ્રકરણમાં સાધક-જીવને માટે પ્રથમના વિષ, ગરલ અને અનઅનુષ્ઠાનનો ત્યાગ કરી, છેલ્લા સદ્અનુષ્ઠાન અને અમૃત અનુષ્ઠાનની અંતરંગ શ્રદ્ધા થાય છે, સદ્ગુરુ ગમે છે, સાચી સમજણ પ્રાપ્ત થાય છે, તે જીવ હવે મોક્ષમાર્ગની યાત્રામાં સંવેગ, નિર્વેદ

---

**૧. સંવેગ - મોક્ષની તીવ્ર અંતર અભિલાષા, ઉત્કંઠા**

**૨. નિર્વેદ - ગૃહ, કુટુંબ, ધન, સંસાર પ્રત્યે અનાસક્ત બુદ્ધિ.**

(વૈરાગ્ય) શમ, અનુકંપા, અને આસ્તિકતા એ પાંચ સત્‌શ્રદ્ધાનાં એટલે કે સમ્યક્‌દર્શનના લક્ષણો (ગુણો) પોતાના હૃદયમાં કેમ પ્રગટે તેના લક્ષે જ તેનું જીવન ગોઠવી, નિરંતર તે અમૃત અનુષ્ઠાનોની આરાધના કરે છે. આત્માર્થીના આ લક્ષણો છે.

ક્રમે કરીને યોગમાર્ગમાં સંવેગભાવે આગળ વધતાં, જ્યારે આ જીવ ચોથી યોગદૃષ્ટિના ગુણો પ્રાપ્ત કરે છે ત્યારે તેના સર્વ અનુષ્ઠાનો અમૃતઅનુષ્ઠાન બની જાય છે. ઉપાધ્યાય યશોવિજયજી આઠ દૃષ્ટિની સજ્ઝાયમાં પ્રકાશે છે કે આવા જીવની લગની ધર્મ પ્રત્યે, મોક્ષમાર્ગ પ્રત્યે કેવી હોય છે, જુઓ :

**'તત્ત્વશ્રવણ મધુરોદકે જી, ઈહાં હોય બીજ પ્રરોહ,**
**ખાર ઉદક સમ ભવ ત્યજેજી, ગુરુભક્તિ અદ્રોહ.'**

જ્યારથી આ સાધક આત્મામાં સંસારસુખ અથવા ભવાભિનંદિની ઓઘદૃષ્ટિ મંદ પડી, મોક્ષસુખ પ્રાપ્ત કરવા માટેની ઝંખનાના પરિણામથી યોગદૃષ્ટિ શરૂ થઈ ત્યારથી પહેલી યોગદૃષ્ટિમાં કહેલા 'યોગબીજ' વવાય છે જેવા કે જિનેશ્વર ભગવાનને ગુણાનુરાગથી પ્રણામ, જિનભક્તિ, ભાવાચાર જ એટલે સદ્‌ગુરુની આજ્ઞા અને સંસાર પ્રત્યે વૈરાગ્યની સાધનાથી આ પ્રથમ યોગબીજ વવાય છે. આવી ઉત્તમ ભાવના ભાવતો તે સાધક આગળ વધે છે અને આ રીતે ચોથી યોગદૃષ્ટિમાં પ્રવેશ કરતાં, સદ્‌ગુરુ પાસેથી નિરંતર 'તત્ત્વશ્રવણ' રૂપી મધુર પાણીનો યોગ થવાથી તે યોગબીજના અંકુરો ફુટવા માંડે છે.

દેહ અને આત્માને ભિન્ન જણાવનાર ભેદજ્ઞાન, સંવેગ અને વૈરાગ્યના પરિણામને વધારનાર, ઉત્તમ જિજ્ઞાસાપૂર્વક, સદ્‌ગુરુ પાસેથી ભાવપૂર્વક થતું તત્ત્વશ્રવણ એ મીઠા પાણીનો પ્રવાહ છે તેથી યોગબીજને પ્રરોહ કરે છે અને તેમાંથી ક્રમે કરીને સમ્યક્‌દર્શન અને પ્રાંતે સમ્યક્‌-



ચારિત્ર વડે તે જીવ સર્વ [1]ઘાતિકર્મોનો ક્ષય કરી, કેવળજ્ઞાન પામી, આઠમી યોગદૃષ્ટિમાં પ્રથમ સયોગી ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે અને અંતે અયોગી ગુણસ્થાનક (૧૪મું) પ્રાપ્ત કરે છે અને સિદ્ધાલયમાં 'સાદિ અનંતકાળવાળા અનંત સમાધિ સુખમાં' બીરાજે છે.

જુઓ જિનવાણી અને સદ્‌ગુરુ દ્વારા થયેલા બોધનું અલૌકિક સામર્થ્ય !' અનાદિકાળનો મિથ્યાદૃષ્ટિ જીવ, ઓઘદૃષ્ટિમાં જે લીન હતો અને સંસારના પુદ્‌ગલ પદાર્થોમાં જ સુખ માનતો હતો, તેવો 'ભવાભિનંદી' જીવ જ્યારે પોતે જાગૃત થાય છે અને સત્‌દેવ અને સત્‌ધર્મનું સાચું સ્વરૂપ સમજાતાં મોક્ષસન્મુખ પુરુષાર્થવાળો થાય છે અને જ્યારે તેને સાચા સદ્‌ગુરુનો યોગ થાય ત્યારે તેમની આજ્ઞા-ભક્તિમાં સમર્પણભાવે મનુષ્યભવ સફળ કરવાનો દ્રઢ નિશ્ચય કરી, તેની આરાધનામાં તત્પર થાય છે. આચાર્ય શ્રી કુંદકુદ અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે કે આ પંચમકાળમાં પણ ઉત્કૃષ્ટસાધક જો અમૃતઅનુષ્ઠાનોથી સદ્‌ગુરુની આજ્ઞામાં રહીને ધર્મસાધના કરે તો સાતમા અપ્રમત્ત ગુણસ્થાનક સુધી શુદ્ધ સમ્યક્‌દર્શન સહિત પહોંચી શકે છે. આવા ચોથી યોગદૃષ્ટિવાળા ઉત્તમ સાધકના અમૃતઅનુષ્ઠાનો કેવાં હોય તે જોઈએ.

**'આદર કિરિયા રતિ ઘણીજી, વિઘ્ન ટળે મિલે લચ્છિ,**
**જિજ્ઞાસા બુધ સેવનાની, શુભકૃતિ ચિન્હ પ્રત્યચ્છિ.'**
**(ચોથી યોગદૃષ્ટિ - ઉ. યશોવિજયજી)**

અર્થાત્ આ સાધકને મોક્ષમાર્ગના સર્વ અમૃતઅનુષ્ઠાનો સાધવામાં ઘણો જ આદર, પ્રેમ, પ્રીતિ હોય છે અને ધર્મના પ્રભાવથી તેના સર્વ

**૧. ઘાતિકર્મ = આત્માના ગુણોનો ઘાત કરે તે : જ્ઞાનાવરણીય દર્શનાવરણીય, અંતરાય અને મોહનીયકર્મ તે ઘાતિકર્મ છે.**

વિઘ્નો દૂર થઈ જાય છે અને નિશદિન તેના વધતા જતા ઉલ્લસિત ભાવ, અને પરિણામથી અલૌકિક **'ચિત્ત પ્રસન્નતા'** તેને પ્રાપ્ત થાય છે. આ પુસ્તકનું લખાણ કરવામાં મારી પોતાની થયેલી અનુભૂતિમાં 'ચિત્ત પ્રસન્નતા' તેની સાખ પૂરે છે. તે શબ્દોમાં વર્ણવી શકાતી નથી. 'ગુરુકૃપા હિ કારણમ્'

## આ ચોથા પ્રકરણનો સાર

૧. સંસારના ભૌતિકસુખો ક્ષણિક અને નાશવંત છે તેની સાચી સમજણ સદ્ગુરુ પાસેથી લઈને વૈરાગ્યભાવના દૃઢ કરવાથી સાચી મુમુક્ષુતા પ્રગટે છે. આ મોક્ષમાર્ગનું First Step છે.

૨. આ પ્રકરણમાં વર્ણવેલા પ્રથમના ત્રણ અનુષ્ઠાન - વિષ, ગરલ અને અન-અનુષ્ઠાનથી સર્વ ધર્મક્રિયાઓ સંસારપરિભ્રમણ વધારે છે તેમ સદ્ગુરુના બોધથી સમજી તેવા દોષોથી થતી ભગવાનની વિરાધના સંપૂર્ણપણે ત્યાગવી.

૩. મનુષ્યભવ ક્ષણભંગુર છે અને છતાંય અત્યંત દુર્લભ છે તેમ સમજીને આ મનુષ્યદેહે જ્ઞાની પુરુષને ઓળખી, તેમની શ્રદ્ધાપૂર્વક તત્ત્વશ્રવણ-બોધશ્રવણ કરવાથી સર્વ ઓઘસંજ્ઞા, લોકસંજ્ઞા અને મતાગ્રહ છૂટે છે.

૪. **'જીવનું આત્મકલ્યાણ જ્ઞાનીની આજ્ઞા આરાધવાથી જ થાય છે'** એવું આચારાંગ સૂત્રમાં ભગવાને કહ્યું છે તે શ્રદ્ધાપૂર્વક સમજીને 'વીજળીના ચમકારે મોતીડા પરોવી લો' અર્થાત્ આત્માને જાણો. જાગો !

૫. અમૃત અનુષ્ઠાનમાં સમજાવેલ વિધિ મુજબ સાધકે બધી ધર્મક્રિયા, નિત્યક્રમ તથા જ્ઞાનાભ્યાસ નિરંતર કરવો તો ગુરુકૃપાથી અવશ્ય આત્મકલ્યાણ થાય તેના માટે આ Golden Period છે. 'કર વિચાર તો પામ.' ધર્મકમાણીની આ Best Opportunity છે.

# પ્રકરણ : ૫ જિનભક્તિના રસાસ્વાદના અમૃત અનુષ્ઠાનોની રૂપરેખા

જ્ઞાનીપુરુષોએ સાધક જીવોને માટે 'मोक्षेण युज्यते इति योगः' એટલે આત્માને મોક્ષની સાથે જોડે તે યોગ. યોગમાર્ગના વિવિધ સાધનો બતાવ્યા છે. જેમ કે જ્ઞાનયોગ, કર્મયોગ, વચનયોગ, ધ્યાનયોગ અને ભક્તિયોગ, સાધક સુગમતાથી આગળ વધે તે માટે આ બધા યોગના અંગો વિસ્તારથી આગમ શાસ્ત્રોમાં અને પ્રબુદ્ધ આચાર્ય ભગવંતોએ રચેલાં શાસ્ત્રોમાં પ્રકાશ્યા છે.

મંગળાચરણમાં આપણે જોઈ ગયા કે ભગવાન મહાવીરના સમયમાં અને ત્યારબાદ હજારેક વર્ષ પર્યંત જૈનદર્શનમાં સાધકો જ્ઞાનમાર્ગની આરાધના વિશેષ કરતા હતા. જેમ જેમ પ્રાજ્ઞ અને સરળ જીવોની સંખ્યા ઘટતી ગઈ અને વક્ર અને જડબુદ્ધિના જીવોની પ્રધાનતા વધતી ગઈ તેમ તેમ જ્ઞાનમાર્ગ બહુ લોપાઈ ગયો અને વર્તમાનમાં તો ક્રિયાજડતા અને શુષ્કજ્ઞાન વધારે દેખાય છે. પણ ભગવાનના શાસનમાં યુગે યુગે ક્રાન્તિકારી યુગપ્રધાન આચાર્યો કે ઉપાધ્યાયો થયા છે જેમણે આવા દુઃષમ પંચમકાળમાં બાળજીવોને સુગમતાથી મોક્ષની સાધના થઈ શકે તેવા સરળ અને રોચક એવા 'જિનભક્તિયોગ'ની સુંદર આયોજના કરીને તેને સમજાવવા દ્વારા જૈન સમાજ ઉપર અત્યંત મોટો ઉપકાર કર્યો છે.

આ પ્રકરણમાં આપણે ભક્તિયોગના ચાર અમૃત અનુષ્ઠાનોની રૂપરેખા સંક્ષેપથી વિચારશું અને પછીના પ્રકરણોમાં ખૂબ જ વિસ્તારથી આ પાંચ મહાત્મા પુરુષોના પદો અને સ્તવનો સમજાવીને તેનો મર્મ સમજવા અને ગ્રહણ કરવા માટે જે ચાર ભક્તિના અનુષ્ઠાનો છે તેનો વિસ્તારમાં ભાવાર્થ સમજશું. ધીરજથી, રુચિપૂર્વક આ અભ્યાસ કરવાથી આ અનુષ્ઠાનો મોક્ષમાર્ગનાં કારણ અવશ્ય થશે જ.

છેલ્લા ચારસો વર્ષમાં ગુજરાતની પવિત્ર ભૂમિમાં જન્મેલા અને વિચરેલા મહાપુરુષોના સ્તવનો અને અધ્યાત્મ પદોનો અભ્યાસ કરવાનો સુયોગ ૧૯૮૦થી મને અમેરિકામાં થયો છે તેનાથી ભક્તિમાર્ગની અલૌકિકતા અને તેના અભ્યાસથી પ્રાપ્ત થતી ચિત્ત-પ્રસન્નતાની અનુભૂતિ મને પ્રત્યક્ષપણે થયેલ છે. પ્રત્યક્ષ આત્માનુભૂતિ અને આ મહાપુરુષો પ્રત્યે બહુમાન કરવાને અર્થે આ પ્રકરણોનું યથાશક્તિ આલેખન કરી અલ્પ ઋણમુક્તિનો પ્રયાસ કરી રહ્યો છું. **આ મહાપુરુષોના સ્તવનોમાં [1]જ્ઞાનયોગ, [2]દ્રવ્યાનુયોગ અને ભક્તિયોગનો ત્રીવેણી સંગમનો જાણે ધોધ વરસે છે :-**

**૧. અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી**

**૩. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી**

**૨. ગણિશ્રી દેવચંદ્રજી**

**૪. મુનિશ્રી મોહનવિજયજી અને**

**૫. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી**

આ પાંચ મહાપુરુષોના જીવન ચરિત્રો આપણે સંક્ષેપમાં છઠ્ઠા

૧. જ્ઞાનયોગ - જે શ્રુતજ્ઞાનથી સમ્યક્જ્ઞાન તથા સમ્યક્દર્શન પ્રાપ્ત થાય.

૨. દ્રવ્યાનુયોગ - જડ અને ચેતનનું સ્વરૂપ દ્રવ્ય, ગુણ, પર્યાયથી સમજવું તે.



પ્રકરણમાં જાણીશું. આ પ્રકરણમાં માત્ર ચાર પ્રકારના ભક્તિયોગના અમૃત અનુષ્ઠાનોની રૂપરેખા સંક્ષેપમાં જોઈએ તેથી વાચકવર્ગને આત્મસાધનાના અમૃત અનુષ્ઠાનો, ભક્તિયોગનો માર્ગ કેટલો સુગમ અને રોચક છે તેનો ખ્યાલ આવે અને રુચિ થાય તો આગળના પ્રકરણોમાં જે જે પદોનું, સ્તવનોનું વિવેચન થશે તે વાંચવા, સમજવા, અને તેનો રસાસ્વાદ લેવાની સાચી જિજ્ઞાસા ઉત્પન્ન થાય.

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મ. સા. દ્વારા રચિત ષોડશક પ્રકરણના ૧૦મા અધ્યાયની ૨ જી ગાથામાં જણાવ્યું છે કે :-

**तत्प्रीति-भक्ति वचनाऽसंगोपपदं चतुर्विधं गीतम् ।**
**तत्वाभिज्ञैः परमपदसाधनं सर्वमैवेतत् ॥**

**ગાથાર્થ :** આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા ઉપરોક્ત ગાથામાં કહે છે કે- પ્રીતિ, ભક્તિ, વચન (આજ્ઞા) અને અસંગતા એ યોગના ચાર અનુષ્ઠાન છે અને આ બધા પ્રીતિઅનુષ્ઠાન, ભક્તિ-અનુષ્ઠાન, વચનઅનુષ્ઠાન અને અસંગઅનુષ્ઠાન -આ બધા મોક્ષના ઉત્તમ સાધન છે, અને મોક્ષના અચૂક ઉપાયો છે.

સાતમી સદીમાં થયેલા જૈનદર્શનના આ પ્રબુદ્ધ આચાર્ય, તાર્કિક શિરોમણી અને સમદષ્ટા હરિભદ્ર, જેમણે ૧૪૪૪ ગ્રન્થો રચ્યા છે તેમનાં હૃદયમાં જિનભક્તિનો મહીમા કેવો હશે તે ઉપરની ગાથામાં આપણને સ્પષ્ટ દેખાય છે ! વળી આ આચાર્ય ભગવંતે તેમના યોગદષ્ટિ સમુચ્ચય નામના અલૌકિક ગ્રન્થમાં તો ગુરુભક્તિનું ફળ 'તીર્થંકર ભગવાનનું દર્શન થાય' તેવું મહાન અનુભૂતિનું દિવ્ય સૂત્ર પ્રકાશ્યું છે, જુઓ -

**[1]गुरुभक्ति प्रभावेन तीर्थकृद् दर्शनं मतम् ।**
**समापत्यादिभेदेन निर्वाणैकनिबन्धनम् ॥**

૧. ગુરુભક્તિ સે લહો તીર્થપતિપદ શાસ્ત્રમેં વિસ્તારહે (નિત્યક્રમ પુસ્તક)

**અર્થ :** જે સદ્‌ગુરુએ જીવને તત્ત્વશ્રવણ કરાવ્યું, અનાદિની મોહની વાસના મંદ કરાવી, સંસારસુખની અભિલાષા રૂપ ખારા પાણીનો ત્યાગ કરાવ્યો, એવા અનન્ય શરણના આપનાર શ્રી સદ્‌ગુરુદેવ પ્રત્યે અતિશય આદરપૂર્વકની આશ્રયભક્તિથી, સાધકને ઘાતિકર્મોનો ક્ષયોપશય થતાં ક્રમે કરીને તીર્થંકર પરમાત્માનું દર્શન થાય છે. 'સમાપત્તિ ધ્યાન એટલે ધ્યાન દ્વારા એકાકારપણે તીર્થંકર પરમાત્માની ભાવથી સ્પર્શના થવી તે પરાભક્તિનું ફલ છે !' આવા સમાપત્તિ ધ્યાનની પ્રાપ્તિના મુખ્યત્વે ક્રમશઃ ત્રણ કારણ છે.

(૧) ચિત્તની નિર્મળતા, (૨) ચિત્ત-સ્થિરતા અને (૩) પ્રભુના અનંતગુણોમાં ગુણાનુરાગની તન્મયતા અથવા પરાભક્તિમાં જ લીનતા.

ચિત્તમાં, પરમાત્માના અનંતગુણો જે નિરાવરણ થવાથી પ્રગટ છે, તેવા જ અનંતગુણો સર્વ જીવમાં છે. 'સર્વ જીવ છે સિદ્ધ સમાન' તે સૂત્ર પ્રમાણે નિશ્ચય નયથી જગતના સર્વ જીવો (આત્મા) શુદ્ધ છે પણ કર્મ બંધનને કારણે સંસારી જીવોના અનંતગુણો ઢંકાયેલા છે. પરંતુ જૈન દર્શનની જગતને આ અમૂલ્ય ભેટ છે કે સદ્‌ગુરુ આજ્ઞાએ જે જીવ ગુરુભક્તિમાં (નવકારમંત્રના પાંચેય પરમેષ્ઠિ સદ્‌ગુરુ સ્થાને છે. તેઓની) ભક્તિમાં ગુણાનુરાગથી લીન થાય છે તેને ચિત્તની નિર્મળતાથી સ્થિરત્વ આવે છે અને વધતી સ્થિરતાથી તન્મયતા આવે છે, જે 'સમાપત્તિ ધ્યાન' કહેવાય છે. જુઓ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત આ ૧૬મા સ્તવનમાં આજ તત્ત્વભક્તિનું ફલ કેવું અલૌકિક હોય તે જોઈએ :

**'તારૂં ધ્યાન તે સમકિતરૂપ, તેહી જ જ્ઞાનને ચારિત્ર છે જી,**
**તેથી જાયે હો સઘળાં પાપ, ધ્યાતા ધ્યેય સ્વરૂપ હોવે પીછે જી.'**
**(ઉ. યશોવિજયજી - શાંતિનાથ ભગવાન સ્તવન)**



અર્થાત્ સાધક ભગવાનના ગુણાનુરાગની પરાભક્તિ વડે ક્રમે કરીને પોતે જ પરમાત્મસ્વરૂપનું દર્શન કરી તે ધ્યાન સમ્યક્‌દર્શન અને સમ્યક્‌ચારિત્રપણે પરિણમવાથી, સાધક પોતે જ જિનેશ્વર થઈ જાય છે!!! - જુઓ :-

**'જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે,**
**ભૃંગી ઈલિકાને ચટકાવે તે ભૃંગી જગ જોવે રે.'**
**(શ્રીમદ્ આનંદઘનજી - નમિનાથનું ૨૧મું સ્તવન)**

શ્રીમદ્ આનંદઘનજીનું બનાવેલું આ નમિનાથ ભગવાનનું સ્તવન અત્યંત ગર્ભિત અને દિવ્યતાથી ભરેલું છે. આ ગાથામાં ગ્રન્થકાર પ્રકાશે છે કે પ્રકૃતિના ખોળામાં જેમ કોઈ ભમરી જ્યારે ઈયળને ડંખ મારે છે, અને તેના સામે જુએ છે ત્યારે ડંખની વેદનાથી ઈયળની વૃત્તિ **ભમરીમાં તદાકાર થઈ જાય છે** અને માટીના ઘરમાં એળને બંધ કરે છે ત્યારે ભમરીના ધ્યાનમાં તદાકાર થયેલ એળ ૧૭ દિવસ બાદ પોતે ભમરી બની જાય છે. તેવી જ રીતે સાધક જીવ, સદ્‌ગુરુની આશ્રય ભક્તિથી, સમ્યક્‌ત્વરૂપી ચટકા (લયલીનતા)થી આત્મા જ્યારે પરમાત્માનું ધ્યાન કરે છે, ત્યારે તદાકાર થયેલ તે સાધકનો આત્મા પણ જિનેશ્વર ભગવાનના પરમાત્મસ્વરૂપમાં લીન થઈ, અભિન્નભાવથી જિનેશ્વર ભગવાનની પરાભક્તિવડે આરાધના કરતાં, પોતે જ જિનેશ્વર થાય છે. અર્થાત્ શ્રી ગૌતમસ્વામીની ભક્તિનું ઉદાહરણ આપણે મંગળાચરણમાં જોયું તેવી રીતે પ્રભુ ભક્તિના 'પ્રશસ્ત રાગ'થી પ્રાંતે તે સાધક પણ સામર્થ્યયોગ પ્રાપ્ત કરી, ક્ષપકશ્રેણીનું આરોહણ કરતાં બારમા ગુણસ્થાનના અંતે કેવળી ભગવંત બની જાય છે, જિનેશ્વર બની જાય છે ! કેવો અદ્‌ભુત, અલૌકિક ભક્તિયોગ !!! જીવને શીવ બનાવે છે ! અર્થાત્ સિદ્ધદશા પ્રાપ્ત થાય છે.

આ પુસ્તકમાં આત્મસાધનાના ચાર મુખ્ય અમૃત અનુષ્ઠાનો આપણે 'ભક્તિયોગ'ના માધ્યમથી સમજીએ તેવો મારો પ્રયાસ છે

અને તે ભક્તિયોગ પાંચ મહાત્માઓના પદો અને સ્તવનોથી આગળ સમજાવીશું.

મોક્ષના બધા સાધનોમાં, મોક્ષમાર્ગની આરાધના મારા અનુભવ પ્રમાણે ભક્તિયોગથી ખૂબ સુગમ અને આનંદકારી સાધના છે. જ્યારે જ્ઞાનમાર્ગથી થતી સાધના ઘણી મુશ્કેલીવાળી છે. એટલા માટે ઘણા સંતોએ ભક્તિયોગની પ્રધાનતા અને સુગમતા આપણને સમજાવી છે. આપણે આવા જ્ઞાનીઓના વિચારને Open Mindથી સમજીએ જેથી આપણા હૃદયમાં જિનભક્તિ પરિણમે અને તે ભક્તિ વર્ધમાન થાય. જુઓ -

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક ૬૯૩ માં પ્રકાશે છે :

'જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે, પરમાવગાઢ દશા (કેવળજ્ઞાન) પામ્યા પહેલા તે માર્ગથી પડવાના ઘણા સ્થાનક છે, સંદેહ, વિકલ્પ, સ્વછંદતા, અતિપરિણામીપણું આદિ જીવને વારંવાર પડવાના કારણો બને છે.

**ક્રિયામાર્ગે** અસદ્અભિમાન, વ્યવહાર આગ્રહ, સિદ્ધિ, મોહ, પૂજા સત્કારાદિ યોગ આદિ દોષોનો સંભવ છે. (આજે ક્રિયાજડતા Mechanical ક્રિયા બહુ બનતી જોવા મળે છે, ભાવશૂન્યતા હોવાથી તે મોક્ષનું કારણ બનતી નથી.)

કોઈક મહાત્માને બાદ કરતાં, ઘણાં વિચારવાન જીવોએ **ભક્તિમાર્ગ**નો તે જ કારણોથી આશ્રય કર્યો છે અને આજ્ઞા આશ્રિતપણું અથવા પરમપુરુષ સદ્ગુરુને વિષે સમર્પણપણું શિરસાવંદ્ય દીઠું, અને તેમ જ વર્ત્યા છે.'

(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક ૬૯૩) 'ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દઢ નિશ્ચય છે કે **ભક્તિ એ સર્વોપરિ માર્ગ છે અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે.'** (શ્રીમદ્ રાજચંદ્ર - પત્રાંક ૨૦૧)



'પરમાત્મા અને આત્માનું એકરૂપ થઈ જવું (!) તે પરાભક્તિની છેવટની હદ છે, **એક એ જ લય રહેવી તે પરાભક્તિ છે.** જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી, અને જે કોઈ અંતર માને છે તેને માર્ગની પ્રાપ્તિ વિકટ છે. માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી **દેહધારી દિવ્યમૂર્તિ - જ્ઞાની પરમાત્મા**ની - તે નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે તે ભક્તિ આરાધવી તેવો શાસ્ત્ર લક્ષ છે. પંચ પરમેષ્ઠી મંત્રમાં પણ **'નમો અરિહંતાણં'** પદ પછી સિદ્ધને નમસ્કાર કર્યા છે, એ જ એમ સૂચવે છે કે પ્રથમ જ્ઞાની પુરુષની ભક્તિ અને એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે.' (શ્રીમદ્ રાજચંદ્ર - પત્રાંક ૨૨૫)

જિનેશ્વર ભગવાન પ્રત્યે પરાભક્તિના ઉદાહરણો આપણને ભગવાન મહાવીરના શ્રાવકરત્નોમાં પ્રત્યક્ષ જોવા મળે છે. દા.ત. ભગવાન મહાવીરનો 'ધર્મલાભ' સાંભળતાં જ સુલસા શ્રાવિકાને ભગવાન પ્રત્યે અપૂર્વ ભાવોલ્લાસ થયો, હાથની બંગડીઓ તૂટી ગઈ અને ભગવાનને નમસ્કાર કરતાં તે ઉત્કૃષ્ટ વીર્યોલ્લાસમાં તેમને તીર્થંકરનામકર્મ પ્રાપ્ત કર્યું !!! કેવી અદ્ભુત અને અલૌકિક ભક્તિ હશે એ સુલસા શ્રાવિકાની ! તેવી જ અલૌકિક ભક્તિ પુણીયા શ્રાવકની અને આનંદ શ્રાવકની હતી. અને શ્રેણિકરાજાની તથા રેવતી શ્રાવિકાની ભક્તિ તો તેમને બન્નેને તીર્થંકરનામકર્મ પ્રાપ્ત કરવામાં કેવી દિવ્ય ભક્તિ બની ગઈ ! ભક્તિયોગમાં તન્મય થયેલા માનતુંગ આચાર્યની ૪૮ બેડીઓ પણ તૂટી ગઈ અને આપણને ભક્તામર સ્તોત્રની અલૌકિક દિવ્ય સ્તોત્રની પ્રાપ્તિ થઈ ! ચંદનબાળાની પગની બેડી તૂટી ગઈ અને પ્રભુભક્તિમાં લીન થયેલ ચંદનબાળા અને તેમના સુશિષ્યા મૃગાવતીજીને તો કેવળજ્ઞાન પ્રાપ્ત થયું !!! જુઓ જિનેશ્વર ભગવાનની નિષ્કારણ કરુણા અને જિનભક્તિનો

અપૂર્વ અદ્ભૂત મહિમા !!! ખરેખર 'तिन्नाणं तारयाणं' ભગવાન પોતે તર્યા અને સર્વને તારનારા પણ બન્યા છે.

અન્ય ધર્મોમાં મીરાબાઈની ભગવાન શ્રી કૃષ્ણ પ્રત્યેની પ્રેમ-લક્ષણા ભક્તિ તો જગવિખ્યાત છે 'યેરી મેં તો પ્રેમ દીવાની, મેરા દરદ ન જાને કોઈ' અને સૌરાષ્ટ્રના સતી ગંગાબાઈના પદો તો મને એટલા પ્રાણપ્રિય છે કે ઘણીવાર અમેરિકામાં તેમના પદોનો સ્વાધ્યાય કર્યો છે. ભક્તિ કરવાની યોગ્યતા કોને હોય તે આ પદમાં જુઓ - ભક્તિ એ માન કષાયને તોડવાનો અચૂક ઉપાય છે :-

**'ભક્તિ કરવી હોય તેણે રાંક થઈને રહેવું ને,**
**મેલવું અંતરનું અભિમાન રે જી,**
**સદ્ગુરુ ચરણમાં શિશ નમાવી,**
**સમજવી ગુરુજીની સાન રે, ભક્તિ કરવી૦**
**ભક્તિ કરે તે થાય નિર્માની રે,**
**વચન જાણી લો મનમાં ય,**
**ગંગા સતી એમ બોલિયાં રે, પાનબાઈ,**
**એનો જન્મ સફળ થઈ જાય... ભક્તિ કરવી૦**

(ગંગાસતીની ભજનગંગા - ધૈર્યચન્દ્ર બુદ્ધ)

**'પ્રેમ લક્ષણા ભક્તિ જેને પ્રગટી તેને, કરવું પડે નહિ કાંઈ રે,**
**સદ્ગુરુ વચનની છાયા પડી ગઈ તેને, અઢળક પ્રેમ જાગ્યો ઉરમાંય રે,**
**પ્રેમલક્ષણા૦**
**પ્રેમલક્ષણા ભક્તિ શબરી એ કીધી ને, શ્રી રામે આરોગ્યાં એઠાં બોર રે,**
**એવો રે પ્રેમ જ્યારે પ્રગટે પાનબાઈ, તો સહેજે હરિનો ભેટો થાય...**
**પ્રેમલક્ષણા...**

(ગંગાસતીની ભજનગંગા પદ ૩૭ મું)



માનકષાયને તોડનાર અને ભગવાનના તથા સદ્ગુરુના ગુણાનુરાગની અલૌકિક ભક્તિ જેને પ્રાપ્ત થાય તેવો સાધક આ ભક્તિયોગના રાજમાર્ગે સુગમતાથી દાસત્વભાવથી આત્મકલ્યાણ કરીને મોક્ષમાર્ગે આનંદથી, ચિત્તપ્રસન્નતાથી, નિર્ભય થઈને સિદ્ધપદની પ્રાપ્તિ કરી શકે છે તેવો આ ભક્તિયોગ આપણને ગુરુકૃપાથી પ્રાપ્ત થયો છે. આ મનુષ્યભવને સાર્થક કરવા આ સમર્થ મહાપુરુષોના સ્તવનોના માધ્યમથી હવેના પ્રકરણોમાં આ ચાર અમૃત અનુષ્ઠાનો વિસ્તારથી સમજશું. ટૂંકમાં આ ચાર અમૃત અનુષ્ઠાનો આ પ્રમાણે છે:-

### ૧. પ્રીતિ-અનુષ્ઠાન :

મનુષ્ય પાસે હૃદય હોવાથી તેનું માનસ લાગણીશીલ હોય છે. હૃદયમાં પ્રેમની લાગણી આપણે બાળકો, યુવાનો અને વડીલો બધામાં જોઈએ છીએ અનુભવીએ છીએ. એટલે કે પ્રેમ અથવા પ્રીતિ કરવાની શક્તિ દરેક મનુષ્યમાં છે. પણ અનાદિકાળના અજ્ઞાનને લીધે આ પ્રેમની મૂડી, આપણે સંસારિક સંબંધો, પદાર્થો, લક્ષ્મી, કુટુંબ, પરિવાર અધિકાર, અને માન-મોટાઈમાં ખર્ચી નાખી છે અને ઘણીવાર તો સંસારના સંબંધો અને પદાર્થોનો વિયોગ કે અણબનાવ થાય ત્યારે સ્વાર્થભર્યા સંબંધો જીવને ભયંકર દુઃખનું કારણ પણ બની જાય છે. આ અનુભવ બધાને ઓછો-વત્તો થાય જ છે. પરંતુ સ્વરૂપના અજ્ઞાનને લીધે જીવને સાચા સુખનો માર્ગ ન મળવાથી, જીવ સંસારમાં ચારે ગતિમાં પરિભ્રમણ કરે છે. પણ **'જાગ્યા ત્યાંરથી સવાર'.**

ઉપર આપણે જણાવ્યું તેમ જ્યારે કોઈ મહતપુણ્યના ઉદયથી જીવને સત્યની અથવા **શાશ્વત સુખ**ની શોધ અંતરમાં જાગે ત્યારે તે જો સદ્ગુરુને શોધી તેમના બોધથી જાગૃત થાય તો First Step એ લેવાનું છે કે જિનેશ્વર ભગવાન પ્રત્યે અને સદ્ગુરુ પ્રત્યે હૃદયથી પ્રેમ કરવો,

પ્રીતિ કરવી અને તેમના બોધને સમજવા પ્રભુ પ્રેમ વધારતા જવું. આ **પ્રેમલક્ષણા ભક્તિ** તે આત્મસાધનાના ચાર અમૃત અનુષ્ઠાનનું **પહેલું પગલું** છે. આગળના પ્રકરણમાં આ પ્રેમલક્ષણા ભક્તિ વિસ્તારથી સમજશું. અત્યારે આ અલૌકિક ભક્તિનું આ પદથી સામાન્ય દર્શન કરીએ :

**'પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ,**
**પરમપુરુષ શું રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ.**
**ઋષભ જિણંદશુ પ્રીતડી૦**
**(ગણી શ્રી દેવચંદ્રજી કૃત ઋષભદેવ સ્તવન)**

પ્રેમલક્ષણા ભક્તિની સફળતા માટે આ બહુ મોટી Condition છે કે જ્યારે જ્ઞાની પુરુષની ઓળખાણ જીવને થાય છે. ત્યારે જ્ઞાનીની આશ્રય ભક્તિમાં નિમગ્ન થવા માટે ધીમે ધીમે સંસારનો પ્રેમ ઘટાડવાનો લક્ષ કરવો અને સદ્ગુરુના બોધથી જેમ જેમ વૈરાગ્ય અને શમ, સંવેગ આદિ ગુણો પ્રગટે તેમ તેમ ગુરુભક્તિમાં જીવ લયલીનતા વધારી શકે. પ્રેમલક્ષણા ભક્તિના સ્તવનોના માધ્યમથી વિશેષ પ્રકરણ ૭ માં વિચારશું,

**૨. ભક્તિયોગ અનુષ્ઠાન :**

પ્રીતિ અનુષ્ઠાનમાં આપણે જોયું કે જેનાથી આપણા આત્માનું કલ્યાણ થાય તેવા જ્ઞાની સદ્ગુરુ અને તીર્થંકર દેવ પ્રત્યે સૌથી પ્રથમ હૃદયનો પ્રેમ અને અનન્ય પ્રીતિ કરવાની હોય છે. અર્થાત્ જેવી પ્રીતિ સદ્ગુરુ અને સત્દેવમાં હોય છે. તેવી પ્રીતિ સંસારનાં કોઈ પણ વ્યક્તિ કે પદાર્થ પ્રત્યે ન હોવી જોઈએ એવી અલૌકિક પ્રીતિ સદ્ગુરુ પ્રત્યે થાય ત્યારે આ પ્રેમ અને પ્રીતિ જેમ જેમ તેમની ઓળખાણ અને બહુમાન વધે તેમ તેમ પ્રેમ અને પ્રીતિ હવે ભક્તિમાં પરિણમવા માંડે. આવી અલૌકિક ભક્તિના ત્રણ અંગ છે.



(૧) શ્રદ્ધા, (૨) પ્રેમ, (૩) અર્પણતા.

ઉપરના ત્રણ ગુણો સાધકના હૃદયમાં સાથે સાથે જ જન્મે છે, વર્તે છે અને જેમ જેમ સદ્ગુરુનું બહુમાન વર્તે તેમ તેમ તેમના પ્રત્યે અવિચળ શ્રદ્ધા, 'ચોળ મજીઠના રંગ' જેવો અચળ પ્રેમ અને સમર્પણભાવ વધતો જાય છે. મીરાબાઈની ભક્તિમાં ત્રણે ગુણોનું પ્રત્યક્ષ દર્શન થાય છે.

ઉપર આપણે પ્રીતિયોગ અનુષ્ઠાનમાં ઉદાહરણો જોયા તે જ ઉદાહરણો હવે ભક્તિયોગના લક્ષે જોઈએ તો કેવી શ્રદ્ધા - પ્રેમ - અર્પણતા સુલસા શ્રાવિકાની હતી ! કેવી અલૌકિક ભક્તિ હતી ચંદનબાળાની અને આનંદ શ્રાવકની કે ભગવાન મહાવીરના ચરણોમાં પોતાનું સર્વ ભાવથી સંપૂર્ણ અર્પણતા કરીને ભક્તિયોગને પરાભક્તિમાં લઈ ગયા અને શાશ્વત સુખના અધિકારી બની ગયા ! સાચા ભક્તો પ્રભુભક્તિમાં કેવા લીન થઈ જાય છે અને કેવી નિર્ભયતાથી અને શૂરવીરતાથી તરવારની ધાર પર જાણે ચાલે છે ! જુઓ :-

**'હરિનો મારગ છે શુરાનો નહિ કાયરનું કામ જો ને**
**પરથમ પહેલું મસ્તક આપી વરતી લેવું નામ જો ને'**

નરસિંહ મહેતાની આવી અલૌકિક ભક્તિ તો જગજાહેર છે, અને **'યેરી મેં તો પ્રેમ દિવાની મેરા દરદ ન જાને રે કોઈ'** એ મીરા બાઈની શૂરવીરતાની વિરહ વેદના કોણે નથી સાંભળી ? અને કબીરજીને તો સદ્ગુરુમાં જ પરમાત્માનું દર્શન થવાથી જાણે ભગવાનને ઓલંભો આપી કહે છે :

**'ગુરુગોવિંદ દોનુ ખડે, કીસકુ લાગુ પાય,**
**બલિહારી ઉન ગુરુ કી, જીન્હે ગોવિંદ દીયો બતાય'**

જૈન મુનિઓમાં ભક્તિયોગની ગંગા વહાવતા મુનિશ્રી મોહન-વિજયજીની પણ ખૂમારી તો જુઓ !

**'જો જિન તું છે પાશરો રે લોલ, તો કરમ તણો શો આશ રો રે લો,**
**જો તુમે રાખશો ગોદમાં રે લોલ, તો કીમ જાશું નિગોદમાં રે લો.**
**તાહરી ભક્તિ ભલી બની રે લો, જિમ ઔષધિ સંજીવની રે લો,**
**તન મન આનંદ ઉપન્યો રે લો, કહે મોહન કવિ રૂપનો રે લો.**
**(શ્રી મોહનવિજયજી કૃત ચંદ્રપ્રભુનું ૮મું સ્તવન)**

જેના હૃદયમાં સાચી પ્રભુ ભક્તિ હોય તે સાધક કેવો નિર્ભય હોય ? નાનું બાળક માના ખોળામાં બેઠું હોય ત્યારે તેને કોઈનો ડર નથી હોતો. તેમ ઉપરના પદમાં ગ્રન્થકાર કહે છે કે હે જિનેશ્વર દેવ! તમારું શરણું મળ્યું હવે કરમ તો બકરી જેવા છે, તમારી ભક્તિથી અમારું હૃદય કર્મોને સિંહ ગર્જનાથી ભગાડી દેશે અને તમારી ગોદમાં તમારા ચરણનું શરણ મળ્યું તો હવે નિગોદ એટલે નીચી ગતિમાં જવાનો કોઈ સવાલ જ નથી ! અને સંજીવની વનસ્પતિ જેમ બધા રોગોની દવા છે તેમ તમારી ભક્તિથી અમારા હૃદયમાં અખંડ ચિત્તપ્રસન્નતા અને આનંદ જ વર્તે છે. કેવી ભક્તિરસની ખૂમારી આ પદમાં છે ! મારો પોતાનો આ અનુભવ છે કે ગુરુકૃપાથી મારી સાધનામાં આ પાંચ મહાત્માઓના સ્તવનોનો રસાસ્વાદ અને મસ્તિ માણવાનો જે આનંદ મારા હૃદયમાં આ પુસ્તક લખતાં અનુભવાય છે તે શબ્દોમાં વર્ણવી શકાતો નથી પણ તેના ફળ રૂપે એક અલૌકિક 'ચિત્ત પ્રસન્નતા' સદાય અને નિરંતર અનુભવાય છે, આવો ભક્તિ યોગનો અદ્‌ભૂત મહીમા છે. !!! તો આ ભક્તિરસનો ઉંડો આસ્વાદ આપણે ચાર મહાત્માઓના સ્તવનોથી પ્રકરણ ૮ માં વિસ્તારથી આચમન કરીશું.



**૩. વચનાનુષ્ઠાનો અથવા જિનઆજ્ઞા અનુષ્ઠાન**

જુઓ, કેવી Sceintific and Logical અનુષ્ઠાનોની સંકલના આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ પ્રગટ કરી છે કે પ્રથમ ભગવાન અને સદ્‌ગુરુ પ્રત્યે અવિચળ પ્રેમ-પ્રીતિ જન્મે અને સાધકને તેના ફળરૂપે હૃદયમાં ઉપર જોઈ ગયા તેવી શ્રદ્ધા - પ્રેમ - અર્પણતાથી રોમેરોમ ઉભરાતી ભક્તિ પ્રગટ થાય એટલે સાધકનું હૃદય હવે કેવું નરમ, વિનયી અને નવવધૂની (સતી સ્ત્રી) જેમ પોતાના સ્વામીનાથ - જિનેશ્વર ભગવાન અને સદ્‌ગુરુની સર્વ ઇચ્છિા, સર્વ આજ્ઞાને શિરસાવંદ્ય ગણીને વર્તે તેમ સદ્‌ગુરુદેવ પ્રત્યે પ્રીતિ અને ભક્તિવાળા સાધક-આત્માર્થીને સદ્‌ગુરુનો મહિમા કેવો હોય તે આ પદમાં જોઈએ-

**'પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર,**
**ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર**
**સ્વછંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ,**
**સમકિત તેને ભાંખિયું કારણ ગણી પ્રત્યક્ષ.'**
**(શ્રી આત્મ સિદ્ધિશાત્ર ગાથા ૧૭, ૩૫ - શ્રીમદ્‌ રાજચંદ્ર)**

ભગવાન મહાવીરસ્વામીએ આચારાંગસૂત્રમાં આ વાતને દિવ્યતાથી પ્રકાશી છે તે જોઈએ-

'જગત આખાનું દર્શન જેણે થયું છે તેવા ભગવાન મહાવીર-સ્વામીએ આચારાંગસૂત્રમાં આ વાતને નીચે પ્રમાણે કહેલ છે-

**ગુરુને આધિન થઈ વર્તતા એવા અનંતપુરુષો માર્ગ પામીને મોક્ષને પ્રાપ્ત થયા.' (વચનામૃત પત્રાંક ૧૯૪ - શ્રીમદ્‌ રાજચંદ્ર)**

જે સાધક જીવ પોતાની સર્વ મતિકલ્પના, મત અને ગચ્છના આગ્રહથી મુક્ત થઈ એકમાત્ર સદ્‌ગુરુની આજ્ઞા, જિનવચનમાં જ મગ્ન થઈ સાધના કરે છે તે અવશ્ય મોક્ષને પામે જ છે. એમ આગમ

શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે. આનો વિશેષ વિસ્તાર અને આજ્ઞાયોગનો મહીમા આપણે પ્રકરણ-૯માં વિચારીશું.

**'આજ્ઞાનું આરાધન એ જ ધર્મ, એ જ તપ'** (આચારાંગસૂત્ર)

**૪. અસંગ અનુષ્ઠાન :**

જ્ઞાનીપુરુષની ઓળખાણ થયા પછી જ જિનમાર્ગની આરાધના શરૂ થાય છે. અનાદિકાળનો મિથ્યાદૃષ્ટિ જીવ પોતાની મતિકલ્પનાથી અને લોકસંજ્ઞા અને ઓઘસંજ્ઞાથી લૌકિક ધર્મને આરાધે છે પણ તેનું ફળ માત્ર પુણ્યાનુબંધ થવા દ્વારા સંસારપરિભ્રમણ જ થાય છે.

મોક્ષમાર્ગની શરૂઆત સદ્ગુરુ ચરણની સેવા - આજ્ઞાપાલનથી શરૂ થાય છે અને તે જિનઆજ્ઞા ઠેઠ ૧૨મા ગુણસ્થાનનાં અંત સુધી અગત્યની છે એમ જિનાગમ સમજાવે છે.

અત્યાર સુધી આપણે ત્રણ અમૃત અનુષ્ઠાન વિષે થોડું વિચાર્યું:- (૧) પ્રીતિ અનુષ્ઠાનથી માર્ગની શરૂઆત થાય છે, (૨) ભક્તિ અનુષ્ઠાનમાં તીર્થંકરદેવ અને સદ્ગુરુ ભગવાન પ્રત્યે શ્રદ્ધા, પ્રેમ અને અર્પણતા કરવાથી અંતઃકરણની શુદ્ધિ વધે છે (મનની મલિનતા ઘટે છે) અને સાધકને અલૌકિક 'ચિત્ત પ્રસન્નતા' નો અનુભવ થાય છે. (૩) વચન - આજ્ઞાયોગ અમૃત અનુષ્ઠાનમાં જિનાજ્ઞા એજ જીવનનું સર્વોપરિ ધ્યેય બનવાથી સાધક જીવ મન-વચન-કાયાના એકત્વથી જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે ધર્મક્રિયાઓ અને જ્ઞાન અભ્યાસમાં વધારે લીનતા કરે છે અને કોઈ ધન્ય પળે આત્માનું [૧]સ્વસંવેદન જ્ઞાન અર્થાત્ આત્માની અનુભૂતિ પ્રાપ્ત કરે છે.

**૧. સ્વસંવેદનજ્ઞાન = જડ-ચેતનના ભેદ વિજ્ઞાનના ફળરૂપે "હું જ્ઞાનસ્વરૂપી આત્મા છું" એવી અનુભૂતિ.**



પતંજલી મહાત્માએ લગભગ ૫,૦૦૦ વર્ષ પહેલા 'યોગસૂત્ર' નામના ગ્રન્થની રચના કરી જેમાં યોગના આઠ અંગો વિસ્તારથી સમજાવ્યા છે. આ યોગના અંગોના નામ આ પ્રમાણે છે :

૧. યમ, ૨. નિયમ, ૩. આસન, ૪. પ્રાણાયામ, ૫. પ્રત્યાહાર, ૬. ધારણા, ૭. ધ્યાન, ૮. સમાધિ.

આ આઠ યોગના અંગોની ૭મી સદીમાં થયેલા પ્રબુદ્ધ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ અલૌકિક એવા આઠ યોગાંગની રચના કરી છે, જે **યોગદૃષ્ટિ સમુચ્ચય** ગ્રન્થમાં પ્રકાશી છે. 'શુભેચ્છાથી માંડીને નિર્વાણપર્યન્તની ભૂમિકાઓમાં બોધ-તારતમ્ય તથા ચારિત્ર સ્વભાવનું તારતમ્ય મુમુક્ષુ જીવને વારંવાર શ્રવણ કરવા યોગ્ય, વિચાર કરવા યોગ્ય અને સ્થિતિ કરવા યોગ્ય આશયથી તે ગ્રન્થમાં પ્રકાશ્યું છે. શ્રી હરિભદ્રસૂરિજી આચાર્ય રચિત આઠ યોગદૃષ્ટિઓ આત્મદશા માપક થર્મોમીટર યંત્ર છે.' **(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક ૮૧૪).**

આ ગ્રન્થના બોધને ઉપાધ્યાય યશોવિજયજીએ તેમની અલૌકિક રચના 'આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય' રૂપે ગુજરાતીમાં કાવ્યરૂપે કરી છે. આ ગ્રન્થો સૌ સાધકોને ખાસ ભણવાની, સમજવાની મારી સૂચના છે કે જેના ફળરૂપે મોક્ષમાર્ગના રાજમાર્ગના Landmarks અથવા Guidespots Clearly સમજાશે, દેખાશે અને મોક્ષની મંગળયાત્રા ઉલ્લાસથી આગળ વધશે.

કોઈ પણ જીવ જ્યારે તેની કાળલબ્ધિ પાકે અને તે ઓઘદૃષ્ટિમાંથી યોગદૃષ્ટિમાં આવે છે ત્યારે તેને જિનેશ્વર ભગવાનના ધર્મ પ્રત્યે હૃદયથી પ્રેમ, પ્રીતિ અને અલૌકિક ભક્તિ જાગે છે અને સદ્ગુરુની શ્રદ્ધાપૂર્વક જિનઆજ્ઞાભક્તિમાં તે આગળ વધે છે. આવા સાધકને

ચોથી [૧]યોગદૃષ્ટિમાં '[૨]**તત્વશ્રવણ**' નામનો ગુણ પ્રગટે છે અને તેને લીધે તે જીવને સદ્‌ગુરુના ઉપકારી બોધનું શ્રવણ, મનન, અને તેના ઉપર ઊંડો વિચાર કરવાની તમન્ના જાગે છે. આ તત્ત્વશ્રવણના ફળરૂપે, તેના આત્મામાં **સંવેગ** એટલે મોક્ષની તીવ્ર ઈચ્છા અને **નિર્વેદ** એટલે સંસાર અને પૌદ્‌ગલિક ભોગ પ્રત્યે **સાચો વૈરાગ્ય** પ્રગટે છે.

આવા ઉત્તમ સાધકને મનુષ્યભવની સફળતા કરવાની ઉત્કૃષ્ટ જિજ્ઞાસા અને ધગશ પ્રગટે છે અને જ્યારે તે દેવ-ગુરુની કૃપાથી નિરંતર તત્ત્વશ્રવણ, સત્સંગ અને અમૃત અનુષ્ઠાનોની સાધના કરે છે ત્યારે મન અને ચિત્તવૃતિ ધીમે ધીમે અંતરમુખતાની સાધના પ્રત્યે વળે છે અને અનાદિકાળની મોહોદયજન્ય જે બાહ્યવૃત્તિ હતી, જે જગતના પુદ્‌ગલ પદાર્થોમાં સુખબુદ્ધિ માનતી હતી, તે પદાર્થો તેને હવે અસાર, તુચ્છ અને ક્ષણભંગૂર ભાસે છે. ગુરુભક્તિમાં નિરંતર ચિત્તસ્થિરતાના અભ્યાસથી આવો સાધક હવે 'અસંગ અનુષ્ઠાન'નો પોતે અધિકારી બને છે અને તે સાધકને આત્માના સ્વરૂપની રમણતામાં જોડનારું [૪]'પ્રત્યાહાર' નામનું યોગાંગ પ્રાપ્ત થાય છે તથા [૫]વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિના પ્રભાવે '[૬]સૂક્ષ્મબોધ'ની તેને પ્રાપ્તિ થાય છે. આ દૃષ્ટિ ચોથાગુણસ્થાનકે શરૂ થાય છે અને આવા ગુણવાળા સાધકને '**સ્થિરા**' નામની પાંચમી યોગદૃષ્ટિ પ્રગટ થાય છે જેના પ્રભાવે '**અસંગતા**'નો તેને દિવ્ય અનુભવ થાય છે જે સમ્યક્‌દર્શનનું પ્રધાન લક્ષણ કહેવાય છે. તેના લક્ષણ નીચેની ગાથામાં દર્શાવ્યા છેઃ-

**૧. યોગદૃષ્ટિ - આત્મ કલ્યાણની સાચી જાગૃતિવાળા જીવની દૃષ્ટિ.**
**૨. તત્ત્વશ્રવણ - સદ્‌ગુરુ પાસે ધર્મનો બોધ સાંભળવો તે.**
**૩. ઓઘદૃષ્ટિ - લૌકિક ભાવે ક્રિયાજડતાની આગ્રહવાળી ક્રિયા.**
**૪. પ્રત્યાહાર - ઈન્દ્રિયોના વિકારોને જીતવાથી આત્મામાં જ રમણતા.**
**૫. વેદ્યસંવેદ્યપદ - આત્માની અનુભૂતિ.**
**૬. સૂક્ષ્મબોધ - જડ-ચેતનનો અનુભૂતિપૂર્વકનો વિવેક.**



**'દૃષ્ટિ થિરા માંહે દર્શન નિત્યે, રત્નપ્રભા સમ જાણો રે,**
**ભ્રાન્તિ નહીં વલી બોધ તે સૂક્ષ્મ, પ્રત્યાહાર વખાણો રે.**
**એ ગુણ વીરતણો ન વિસારું, સંભારું દિનરાત રે.'**

આ પાંચમી યોગદૃષ્ટિ [૧]અપ્રતિપાતિ સમકિતની છે. આ દૃષ્ટિમાં આત્માનો બોધ રત્નપ્રભા જેવો નિરંતર રહેનારો, પ્રકાશમાન છે અને 'સૂક્ષ્મબોધ'ની પ્રાપ્તિના કારણે શ્રુતજ્ઞાનથી પદાર્થનું સ્વરૂપ યથાર્થ જાણે છે. આવા સમકિતી જીવને જગત કેવું ભાસે છે તે કહે છે :-

**'બાલ ધુલી ઘર લીલા સરખી, ભવ ચેષ્ટા ઈંહા ભાસે રે,**
**રિદ્ધિ સિદ્ધિ સવિ ઘટમાં પેસે, અષ્ટમહા સિદ્ધિ પાસે રે.'**
**(ઉ. યશોવિજયજી કૃત આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય પાંચમી સ્થિરા દૃષ્ટિ)**

અસંગદશા જેને પ્રાપ્ત થઈ હોય તે જીવની અંતરદશા ઉપરની ગાથામાં પ્રકાશી છે. સમ્યક્ત્વ એટલે આત્માની અનુભૂતિ જેને થઈ હોય તે જીવને પાંચ ઈન્દ્રિયોના વિષયો, અર્થ ઉપાર્જન, ઘર-પરિવાર, અને માન-પ્રતિષ્ઠા -આ સર્વ તેને બાળકોને રમવા માટેના ધૂળના ઘર સમાન અસાર, તુચ્છ Childish અને નાશવંત લાગે છે. તેમાં આસક્તિ થતી નથી અને આખો સંસાર અને સંસારસુખ ઝાંઝવાના (Mirage) જળની જેમ ભ્રમસ્વરૂપ જ ભાસે છે. તેનું મુખ્ય કારણ એ છે કે સદ્‌ગુરુની આજ્ઞાથી સેવેલા પ્રથમના ત્રણ અમૃતઅનુષ્ઠાન (પ્રીતિયોગ, ભક્તિયોગ અને આજ્ઞાયોગ)નું યથાર્થ સેવન કરવાથી આત્માની અનુભૂતિ (સ્વસંવેદન પૂર્વકનું આત્મજ્ઞાન) તેને થવાથી, આત્માની અંદર રહેલી જ્ઞાનરૂપ જ્યોતિ [૨](જ્ઞાનચેતના) એ જ [૩]નિરાબાધ

**૧. અપ્રતિપાતી - ખોવાઈ ન જાય તેવું જ્ઞાન.**
**૨. જ્ઞાનચેતના-આત્માનું સાચું લક્ષણ જોવું -જાણવું અર્થાત્ સ્વ-પર પ્રકાશક શક્તિ.**
**૩. નિરાબાધ - જ્ઞાન ચેતનાને કોઈ બાધા ન હોય.**

[1]પરમતત્ત્વ છે એમાં જ તેની રમણતાની લગની હોય છે અને સંસાર માત્ર દુઃખરૂપી ખારા પાણીનો સાગર છે તેમ તેને ભાસે છે. ચક્રવર્તીનું રાજ્ય પણ સમકિતી જીવને આત્માના વૈભવ આગળ તુચ્છ નાશવંત અને અસ્થિર ભાસે છે. સંસારની સર્વ રિદ્ધિ-સિદ્ધિ પણ તુચ્છ લાગે છે. સિદ્ધ સમાન આત્માની જેને પ્રતીતિ અને અનુભૂતિ વર્તતી હોય તેને 'જડથી ઉદાસીન તેની આત્મવૃત્તિ થાય છે.' શ્રી વર્ધમાનકુમાર તથા ભરત ચક્રવર્તીને રાજમહેલમાં રહેતા હોવા છતા આવી ઉદાસીન દશામાં હતા !!

અનાદિકાળથી આ જીવે ધર્મના નામે અનંત ધર્મક્રિયાઓ કરી, શાસ્ત્ર અભ્યાસ, જિનદિક્ષા સુધીના પાંચ મહાવ્રતો પાળ્યા તોય આત્મજ્ઞાન ન થવાથી સંસાર પરિભ્રમણ હજી ચાલુ છે. પણ જ્યારે સાધક જીવ યોગદષ્ટિમાં આવે છે અને જ્ઞાની સદ્‌ગુરુની સાચી ઓળખાણ, શ્રદ્ધા અને આશ્રય ભક્તિમાં જોડાઈ મગ્ન યાય છે ત્યારે તેનું ફળ અવશ્ય આત્મકલ્યાણ જ થાય છે અને જગતથી અસંગ થઈ માત્ર ઉદાસીનભાવે સંસારમાં રહીને આત્મરમણતા કરે છે અને તેનું ફળ અંતે સિદ્ધદશા પ્રાપ્ત થાય છે. આગમશાસ્ત્રો આની સાખ પૂરે છે.

આવી અલૌકિક દિવ્ય આત્મસાધના કરવાને માટે આ ચાર અમૃત અનુષ્ઠાનો આ પુસ્તકમાં મુખ્ય વિષય સમજીને સમજાવ્યા છે. આપણે અત્યાર સુધી આ ચાર અમૃત અનુષ્ઠાનોની રૂપરેખા વિચારી અને હવેના છઠ્ઠા પ્રકરણમાં એ પાંચ મહાત્માઓના જીવન વિષે પરિચય કરશું. પછી ચાર અમૃત અનુષ્ઠાનો 'ભક્તિયોગ' ના માધ્યમથી આવા અનુપમ સ્તવનોના અવલંબને વિસ્તારથી સમજીશું. મોક્ષનું ભાથું અને તેની પ્રસાદીની લ્હાણી હવે શરૂ થાય છે.

**૧. પરમતત્ત્વ - આત્મા જ પરમોત્કૃષ્ટ તત્ત્વ છે, અનંતસુખનું ધામ છે.**



## પાંચમા પ્રકરણનો સાર -

૧. જિનેશ્વર ભગવાને પ્રરૂપેલા આ ચાર અમૃત અનુષ્ઠાનો ધીરજથી, રુચિપૂર્વક સમજવાથી મોક્ષનો માર્ગ ખૂલ્લો થાય છે.

૨. પ્રીતિયોગ અનુષ્ઠાનમાં ભગવાન પ્રત્યે અને જ્ઞાની સદ્‌ગુરુ પ્રત્યે પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત થવી એ મહાન પુણ્યોદય સમજી, પ્રકરણ ૭ ના બધા સ્તવનો, પદો, મુખપાઠ કરીને વારંવાર તેનું રટણ, કરવાથી સદ્‌ગુરુ પ્રત્યે સાચો પ્રેમ પ્રગટશે. ગૌતમસ્વામી જેવો પ્રેમ સૌને પ્રગટે તેવી પ્રભુને પ્રાર્થના.

૩. પ્રકરણ ૮માં ભક્તિયોગના સ્તવનોની સમજણ ખૂબ જ અગત્યની છે. ત્યાં બતાવેલા બધા પદોને ભાવથી ગાવા, સમજવા, મુખપાઠ કરીને નિરંતર તેનું પારાયણ કરવાથી અલૌકિક ભક્તિ પ્રગટશે જે અવશ્ય મોક્ષનું કારણ બનશે.

૪. પ્રકરણ ૯માં આજ્ઞાયોગ અનુષ્ઠાન વિષે ઊંડી સમજણ મળશે જે સદ્‌ગુરુ આજ્ઞામાં એકતાન થવામાં માર્ગદર્શનરૂપ બનશે. જો આજ્ઞામાં મગ્નતા થાય, જો સદ્‌ગુરુની આશ્રયભક્તિમાં જીવ એકનિષ્ઠાપૂર્વક જોડાય તો જ છેલ્લું અસંગ અનુષ્ઠાન મળે. 'સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.' (આત્મસિદ્ધિ શાસ્ત્ર ગાથા ૧૩૫)

૫. પ્રકરણ ૧૦માં અસંગ અનુષ્ઠાનની સમજણના સ્તવનો, પદો બતાવ્યા છે અને સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ અર્થે આ પદોનું રહસ્ય, ગુરુગમ અને નિરંતર લક્ષ રાખી જે જીવ આરાધના કરશે તેને આ અસંગ અનુષ્ઠાનની પ્રક્રિયાના ચોથા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનક સુધીની મોક્ષમાર્ગની મંગળયાત્રામાં ખરેખર મંગળરૂપ બનશે.

# પ્રકરણ : ૬ અધ્યાત્મમય ભક્તિયોગના પાંચ મહાત્માઓનો સંક્ષેપમાં પરિચય

આ પુસ્તકનો મુખ્ય ધ્યેય આપણા આત્મકલ્યાણને માટે પાંચ મહાત્માઓએ પ્રકાશેલા અધ્યાત્મભક્તિયોગના અમૃત અનુષ્ઠાનો તેમણે રચેલા સ્તવનોના માધ્યમથી તેનો ભાવાર્થ અને ગુરુગમ સમજી, મોક્ષની મંગળયાત્રામાં આપણે સૌ ઉલ્લસિતભાવે અને હૃદયના પ્રેમથી આગળ વધીએ.

મંગળાચરણમાં આપણે જોયું કે ભગવાન મહાવીર પ્રભુના સમયમાં તેમના શિષ્યો સરળ અને પ્રાજ્ઞ (બુદ્ધિવાળા, ઊંચા ક્ષયોપશમવાળા) હતા અને જ્ઞાનમાર્ગની સાધના જ વધારે ઉલ્લાસથી મોક્ષમાર્ગની યાત્રામાં મુખ્યપણે ગણાતી હતી. પરંતુ જેમ સમય ઉતરતો થયો તેમ તેમ ક્રમશઃ જીવોમાં જડતા અને વક્રતા વધતી ગઈ અને પરિણામે જ્ઞાનમાર્ગની પ્રધાનતા ઘટતી રહી છે અને ક્રિયા જડતા વધારે દેખાય છે.

પરંતુ આપણા સૌના સદ્‌ભાગ્યે ગુજરાતની પવિત્ર ભૂમિમાં છેલ્લા ચારસો વર્ષોમાં પાંચ અલૌકિક પ્રબુદ્ધતાવાળા જૈનશાસન પ્રભાવક પાંચ મહાત્માઓ થયા. જેમણે સમસ્ત - આગમ શાસ્ત્રોનો નિચોડ અને આબાલ ગોપાલ સૌને સરળતાથી સમજાય તેવા ચમત્કારિક અધ્યાત્મભક્તિથી ભરપૂર સ્તવનોની સુંદર અને અનુપમ રચના કરીને જૈન સમાજ ઉપર અત્યંત મોટો ઉપકાર કર્યો છે.

આ પાંચ મહાત્માઓ એટલે પાંચ સદ્‌ગુરુ જ્ઞાની



ભગવંતો મારા માટે મારા માથાના મુગટ સમાન છે કે જેમનાં રચેલાં પદો, સ્તવનો, વચનોના અભ્યાસથી અને તેઓશ્રીએ રચેલા અલૌકિક શાસ્ત્રો અને સજ્ઝાયોથી મારા હૃદયમાં જિનેશ્વર ભગવાનની ગુણાનુરાગવાળી પ્રશસ્તભક્તિ અર્થાત્ તાત્ત્વિકભક્તિનો રસાસ્વાદ માણવાનો અને ભક્તિરસમાં મગ્ન થઈને અંતરશુદ્ધિનો અને આત્મકલ્યાણનો આ સુગમ, સરળ, અલૌકિક અધ્યાત્મ માર્ગ ભક્તિ-યોગની સાધના કરવાની ગુરુકૃપા, ગુરુભક્તિ, અને ગુરુચરણોમાં એકનિષ્ઠાના ઉત્તમ ભાવો પ્રગટ્યા. હું માત્ર ભક્તિભાવથી આ પાંચ મહાત્માઓના ગુણગ્રામ કરવા આ પુસ્તક લખવા પ્રેરાયો છું. આ દિવ્ય અલૌકિક સ્તવનોનો મર્મ તો તે મહાત્માઓની ગુરુકૃપાથી જ સમજાય, તેવી જાગૃતિપૂર્વક તેમના ચરણોમાં આત્મા અર્પણ કરી, આપણે હવે ભક્તિયોગના પ્રણેતા મુનિભગવંતોના નામસ્મરણથી શરૂ કરી, તેમનું જીવન આપણે સંક્ષેપથી જાણીશું.

૧. **અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી**

૨. **ઉપાધ્યાય શ્રી યશોવિજયજી**

૩. **ગણીશ્રી દેવચંદ્રજી**

૪. **મુનિશ્રી મોહનવિજયજી**

૫. **પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજી**

૬. **લઘુરાજસ્વામી**

‘અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.’

## શ્રી સદ્ગુરુના ચરણનો મહિમા

સદ્ગુરુ ચરણ મહિમા ભારી, સકલ વિશ્વને મંગળકારી,
કરુણા સાગર ભવભય હારી, મોહ તિમિર અજ્ઞાન વિદારી.

ગુરુ વિણ જ્ઞાન ન કોઈ લાધે, કોટી ઉપાસના જપ-તપ સાધે,
ગુરુ મૂર્તિ ગુરુ મંત્ર મહીમા, ગુરુ આજ્ઞા ગુરુ વચન ગરિમા.

શ્રી મહાવીર પ્રભુના ચરણે, ગૌતમ મુનિવર આવ્યા શરણે,
ત્રિપદી મંત્ર શ્રુત કેવળ શ્રેણી, ગુરુ ગૌતમ પામ્યા શિવરમણી.

વષિષ્ઠ મુનિના પાદ કમળમાં, રામચંદ્ર પામ્યા સુખ પળમાં,
રાજ પરિક્ષિત સાત દિવસમાં, શુકમુનિ ચરણે આત્મલગનમાં.

રાજચંદ્ર ગુરુ પંચમકાળે, રામ બીજા કે વીર કળીકાળે,
શ્રી લઘુરાજ આતમ સુખ પામ્યા, બ્રહ્મચારીજી ગુરુગમ પામ્યા.

શ્રદ્ધા સાચી સદ્ગુરુ ચરણી, મોક્ષ માર્ગની ભવ્ય નિસરણી,
એક ભરોસો સદ્ગુરુ સાચો, બાકી જ સાથ જગતનો કાચો.

રવિ કિરણો સમ સદ્ગુરુ વાણી, આત્મપ્રકાશે મંગળ જાણી,
ગુરુકૃપા ગુરુગમ સુખખાણી, ગુરુચરણોમાં અમૃત લાણી.

ગુરુપૂર્ણિમા દિન, રચના :
૨૦૦૨ ડો. પ્રવીણભાઈ શાહ (ફીલાડેલફીઆ)



## ૧. અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજ

શ્રી આનંદઘનજીનો સમય આશરે વિ.સં. ૧૬૬૦ થી ૧૭૩૦ (1603-1670 A.D.) સુધીનો ગણાય છે. તેઓશ્રીનો જન્મ રાજસ્થાનમાં આવેલા મેડતા નામના ગામમાં થયો હતો. વિશેષ ભક્તકવિયીત્રી મીરાબાઈ પણ આ જ ગામમાં જન્મેલા. ભારતના રાજકીય ઈતિહાસની દૃષ્ટિએ જોતાં આ સમય શહેનશાહ અકબરના અંતિમ વર્ષો અને જહાંગીર -શાહજહાં અને ઔરંગઝેબના રાજ્યના પ્રારંભકાળનો સમય ગણાય. ઓરંગઝેબે ગુજરાતના ધાર્મિક અને સામાજિક ઉત્સવો સામે મનાઈ ફરમાવી હતી. આ રાજા એટલો ધર્મઝનૂની હતો કે તેણે અનેક મંદિરો અને ધર્મની પાઠશાળાઓનો ધ્વંસ કર્યો હતો.

રાજસ્થાન અને ગુજરાતની આવી વિષમ પરિસ્થિતિમાં જૈન દર્શનના અણમોલ રત્નોએ આપણા સદ્ભાગ્યે ભગવાન મહાવીરનો અહિંસા ધર્મ અને આત્મ ધર્મની સાધના અને પ્રભાવના અદ્ભુત રીતે કરી હતી. તપગચ્છના જ્યોર્તિધર શ્રી હીરવિજયસૂરિજીએ શહેનશાહ અકબરને જૈનધર્મનું સ્વરૂપ સમજાવ્યું હતું તેના પરિણામે બાદશાહ અકબરે પર્યુષણના આઠ દિવસ હિંસાનો નિષેધ ફરમાવ્યો હતો ! અકબર પર જૈનધર્મની અહિંસાની ભાવનાનો એટલો પ્રભાવ પડ્યો હતો કે વર્ષમાં છ મહિના કોઈ જીવની હિંસા ન કરવાનો હુકમ કર્યો હતો !

આ જ અરસામાં જૈનધર્મના બીજા ત્રણ યુગપ્રધાન સાધુપુરુષો થયા. તેમાં ખાસ કરીને શ્રી આનંદઘનજીએ અધ્યાત્મયોગની સાધના તેમના અલૌકિક પદો અને સ્તવનોથી કરી જે આજે પણ આપણને રોમાંચિત કરી રહેલ છે. આનંદઘનજીના મોટાભાઈ શ્રી સત્યવિજયજીની ધર્મક્રિયાની સમજણ ખૂબ જ ઉપકારી બની હતી અને ઉપાધ્યાય

યશોવિજયજીએ જ્ઞાનમાર્ગની સાધનાના અદ્‌ભૂત ગદ્ય અને પદ્ય રચના કરીને જૈન સમાજને ભગવાન મહાવીરના આગમશાસ્ત્રોના અગમ નિગમના ઊંડા રહસ્યો સરળ કરીને સમજાવ્યા છે. આમ આ ત્રણ મહાત્માઓએ અનુક્રમે ક્રિયાયોગ, અધ્યાત્મયોગ અને જ્ઞાનયોગનાં ત્રણ મહત્ત્વના અંગોનો જાણે ત્રિવેણીસંગમ સાધી આત્મસાધનાના દિવ્ય અજવાળાં પાથર્યા વિસ્તાર્યાં હોય એમ લાગે છે ! આ મહાત્માઓ સમકાલીન તો હતાં જ પણ સાથે સાથે પરસ્પરના ગાઢ સંપર્કમાં હોવા છતાં સૌએ પોત-પોતાની સાધનામાર્ગની આગવી રીત જાળવી રાખી હતી. આમ તેઓશ્રીએ જૈનસમાજ ઉપર ઘણો જ મોટો ઉપકાર કર્યો છે. તેમાંય વળી ઉ. યશોવિજયજીનો મેળાપ આનંદઘનજી સાથે થયેલ તે પ્રમાણસિદ્ધ છે અને ઘણો જ મહત્વનો છે તે આપણે આગળ વિચારીશું. ટૂંકમાં આનંદઘનજી એક ઉત્કૃષ્ટ અધ્યાત્મયોગી તરીકે પ્રખ્યાત થયા અને ઉપાધ્યાય યશોવિજયજીએ ન્યાયવિશારદ, તાર્કિકશિરોમણી, લઘુહરિભદ્રીય અને સાક્ષાત્ સરસ્વતીના બિરૂદો મેળવેલાં. શ્રી આનંદઘનજી મહારાજે ૧૦૮ અધ્યાત્મના પદો રચ્યા છે જેના ઉપર શ્રી બુદ્ધિસાગરજી મહારાજે તલસ્પર્શી વિવેચન કર્યું છે આનંદઘનજી મહારાજના રચેલા ચોવીસ તીર્થંકર ભગવાનના સ્તવનોનો અનુવાદ ૧૯૭૦માં શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ પ્રગટ કર્યો હતો જે ખૂબ જ માર્મિક વિવેચન અને તત્ત્વોના ઊંડાણને સરળ ભાષામાં સમજાવેલ છે. તે ઉપરાંત શ્રીમદ્ રાજચંદ્રજીના સમાગમમાં આવેલા મુમુક્ષુવર્ય શ્રી માણેકલાલ ઘેલાભાઈએ ચોવીસ સ્તવનોનું સુંદર વિવેચન કર્યું છે જે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ દેવલાલીથી પ્રકાશિત થયેલ. આ બન્ને વિવેચનો જિજ્ઞાસુ સાધકોએ ખાસ વાંચવા-સમજવા જેવાં છે.

શ્રી આનંદઘનજીએ પોતાની આત્મિક કે આધ્યાત્મિક સાધનાના લક્ષે બાહ્ય ક્રિયાકાંડો અને ગચ્છ અને મતના આગ્રહોવાળો શુષ્ક અને



જડતાવાળો માર્ગ મૂકીને આત્મતત્ત્વના સાક્ષાત્કારમાં સીધે સીધો ઉપયોગી થઈ શકે તેવો અધ્યાત્મયોગનો માર્ગ પસંદ કર્યો હતો. સર્વ આશાઓ, અને લોકેષણાઓથી પર રહીને એકાંત, શાંત, એકલવાયું મસ્તીભર્યું જીવન જીવવાનો રાહ અપનાવ્યો હતો. સમાજના ખોટા ખોટા દબાણો કે મતાગ્રહોથી દૂર રહીને તેમણે જે પદો રચ્યા છે તેમાં તે સમયની જૈનસમાજની કેવી વિષમ પરિસ્થિતિ હતી તેનો ચિતાર નીચેના પદોમાં જોવા મળે છે.

**‘ગચ્છના ભેદ બહુ નયન નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે,**
**ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકાં, મોહ નડીઆ કળીકાળ રાજે.’**
**(સ્તવન ૧૪મું ગાથા ૩ - આનંદઘનજી)**

અંતરનો ખેદ અને કરુણા વ્યક્ત કરતા આનંદઘનજી તે સમયના જૈન સાધુઓ પણ મતાગ્રહથી તત્ત્વની સાચી વાત કરવા સમર્થ ન હતા, અને સમાજને ગચ્છ મતના કદાગ્રહો અને ક્રિયાકાંડમાં દોરી જતા જાણી ધર્મના નામે પેટ ભરવાનો વ્યાપાર કરતા હતા. ત્યારે ૮૪ ગચ્છ જૈનધર્મમાં બની ગયા હતા.

વળી એક પદમાં કહે છે કે, આગમશાસ્ત્રના પ્રમાણથી જો વસ્તુતત્ત્વનો (આત્મતત્ત્વ) વિચાર કરવામાં આવે તો તેવી સાચી સાધના ક્યાંય દેખાતી નથી અને ક્યાંય પગ મૂકવાની જગ્યા પણ દેખાતી નથી એટલો ઘોર અંધકાર જૈન સમાજમાં અને ઉપદેશકોમાં વ્યાપેલો છે આ અભિપ્રાય તેમણે નીચેના પદમાં વ્યક્ત કર્યો છે :-

**‘પુરુષ પરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પલાય,**
**વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણધરણ નહીં ઠાય,**
**પંથડો નિહાળું રે બીજા જિનતણું રે.**
**(અજિતનાથ ભગવાન સ્તવન - આનંદઘનજી)**

આનંદઘનજીના સમયમાં (૩૫૦-૪૦૦ વર્ષો પહેલા) જૈન સમાજમાં ધાર્મિક મતભેદો અને ગચ્છ મતના આગ્રહો ખૂબ જ તીવ્ર રીતે પ્રવર્તતા હતા અને પરિણામે ઘણા ખરા શ્રાવકો અને સાધુજનો ભગવાનના મૂળ માર્ગથી, વીતરાગધર્મથી વિમુખ વર્તતા હતા. બાહ્ય સુખમાં રાચ્યા માચ્યા રહેતા માણસો આત્માના અનંત સુખને ભૂલી અર્થકામના પ્રપંચોમાં, સુખની માયાઝાળમાં, આંધળો આંધળાને દોરે, તેમ પ્રવર્તી રહ્યા હતા. કસ્તૂરીયા મૃગની નાભિમાં જ કસ્તૂરી હોવા છતાં આ મૃગ જેમ ઠેર ઠેર ભટક્યા કરે છે, તેમ સાચા જ્ઞાનીની ઓળખાણ વગર જગતના જીવો અંતરઘટમાં રહેલા આત્માના અનંતસુખના નિધાનને ભૂલી, એક કોડી માટે ઠેર ઠેર આંધળાની જેમ ભટકતા હતા. તેનો ચિતાર નીચેની સ્તવનની કડી વાંચતા આપણને ખ્યાલમાં આવશે :-

**'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંગી હો જાય, જિનેશ્વર૦**
**જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધોઅંધ પલાય, જિનેશ્વર૦'**
**(ધર્મનાથ ભગવાન સ્તવન - આનંદઘનજી)**

આનંદઘનજી બીજા એક પદમાં પ્રકાશે છે કે સાધુ તો તે જ કહેવાય જેને આત્માનો અનુભવ હોય. આત્મજ્ઞાન અને આત્મસમાધિની સાધનામાં લીન હોય. એવો સાચો સાધુ જ **'શ્રમણ'** કહેવાય છે, બીજા તો દ્રવ્યલિંગી એટલે 'બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિ' એવા હોય છે. જે પોતે આત્મજ્ઞાન પામ્યા છે તેવા ઉત્તમ સાધુ ભગવંતો જ આત્મજ્ઞાનનો માર્ગ સાધકોને સમજાવી શકે. જુઓ આ પદમાં તેમનો અંતરનાદ :-

**'આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે,**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મત સંગી રે.'**
**(વાસુપૂજ્ય ભગવાન સ્તવન ૧૨ - આનંદઘનજી)**



આનંદઘનજીના સ્તવનોમાં અધ્યાત્મયોગ તો ઠાંસી ઠાંસીને ભર્યો છે અને તેનો યથાશક્તિ મર્મ અને રસાસ્વાદ હવે પછીના સ્તવનોમાં સમજીશું. આનંદઘનજી જેવા અવધૂ મહાત્માની સાચી ઓળખાણ તેમના સ્તવનો અને પદોમાંથી જ મળી શકે અને મારી આત્મસાધનામાં ખરેખર આનંદઘનજીના બધા જ પદો મને અત્યંત ઉપકારી નિવડ્યા છે ! મને લખતાં આનંદ થાય છે કે અમેરિકામાં આનંદઘનજીના સ્તવનોનો સ્વાધ્યાય પહેલીવાર મેં 1981 New Jersey ના દેરાસરમાં કરાવેલ અને ત્યારબાદ દર વર્ષે યથાયોગ્ય સ્વાધ્યાય આ મહાત્માના સ્તવનોમાંથી જ કરાવતાં મારા આનંદનો અને ચિત્ત પ્રસન્નતાનો અલૌકિક અનુભવ શબ્દોમાં લખી શકતો નથી પણ આનંદઘનજી મને ન મળ્યા હોત તો હું અધ્યત્મયોગ સમજી જ ન શક્યો હોત ! કોટી કોટી નમસ્કાર આવા અવધૂ આનંદઘનજીને!!!

**'અબ હમ અમર ભયે, ન મરેંગે' (આનંદઘનજી)**

# ૨. શ્રી યશોવિજયજી મહારાજનું જીવનચરિત્ર

શ્રી યશોવિજયજી મહારાજનો જન્મ ઉત્તર ગુજરાતનાં મહેસાણા પાસેના કનોડા ગામમાં વિ.સં. ૧૬૮૦ માં થયો હતો. તેમના પિતાનું નામ નારાયણ શ્રેષ્ઠી અને માતાનું નામ સૌભાગ્યદેવી હતું અને તે બાળક જશવંતના નામથી ઓળખાતા હતા. સમગ્ર કુટુંબ વૈરાગ્ય, ભક્તિ અને સ્વાધ્યાયનાં રંગથી રંગાયેલું હતું.

એક વખત શ્રી નયવિજયજી મહારાજ સાહેબ કનોડા ગામે પધાર્યા અને તેમની ધર્મદેશનાથી આ સમસ્ત કુટુંબ ધર્મભાવનાથી વધારે રંગાઈ ગયું. જશવંતના માતા સૌભાગ્યદેવીને દરરોજ 'ભક્તામર સ્તોત્ર' સાંભળીને જ પચ્ચક્ખાણ પાળવાનો નિયમ હતો. એક વખત ત્રણ દિવસ સુધી સતત વરસાદ ચાલુ રહેવાથી ઉપાશ્રયે ન જઈ શકવાના કારણે માતાને ત્રણ ઉપવાસ થયા. જશવંતે માતાને કારણ પૂછ્યું ત્યારે માતાએ ભક્તામર સાંભળીને પચ્ચક્ખાણ પાળવાની પોતાની પ્રતિજ્ઞાની વાત કરી. તે વાત સાંભળીને બાળક જશવંતે પાંચ વર્ષની ઉંમરે નિર્દોષતાથી કહ્યું, 'હું તમને ભક્તામર સ્તોત્ર સંભળાવું!' માતા આનંદપૂર્વક આશ્ચર્ય પામ્યા અને ભક્તામર સાંભળીને પારણું કર્યું. વરસાદ બંધ થતાં માતા ઉપાશ્રયે ગયાં અને ગુરુજી શ્રી નયવિજયજીને આ વાત જણાવી. જશવંતની ધારણાશક્તિ અને સ્મરણશક્તિ જોઈને પાંચ વર્ષના જશવંતને દીક્ષા દેવાની રજા આપવાની તેના માતા-પિતાને વિનંતી કરી. ધીરે ધીરે આ બાલ જસવંત પ્રાકર્ણિક ગ્રન્થોમાં પારંગત બન્યા.

તેમનો અદ્ભૂત ક્ષયોપશમ અને અનુપમ યાદશક્તિથી વિજયદેવસૂરીશ્વર મહારાજ તેમનાથી અત્યંત પ્રસન્ન થયા અને યશોવિજયજીને રાજનગરના જૈનસંઘ સમક્ષ અવધાન પ્રયોગો કરવાનું



ફરમાવ્યું. યશોવિજયજીએ ગુરુ આજ્ઞા માથે ધરીને આઠ અવધાન સંઘ સમક્ષ કરી બતાવ્યા અને તેમની કીર્તિ અને પ્રશંસા ચોતરફ ખૂબ જ વધવા લાગી. તે જાણીને એક શ્રેષ્ઠીવર્ય ધનજી સૂરાએ ગુરુમહારાજને વિનંતી કરી કે 'યશોવિજયજી મહારાજ ઘણાં જ બુદ્ધિશાળી અને તીવ્રસ્મરણ શક્તિવાળા છે, તેથી તેમને કાશી ભણવા મોકલો અને ન્યાય, તર્કશાસ્ત્રોનો અને છએ દર્શનોનો સૂક્ષ્મ અભ્યાસ કરાવો. આ યશોવિજયજી મહારાજને જો બરાબર ભણાવવામાં આવે તો આ કાળમાં બીજા શ્રી હરિભદ્રસૂરિજી અથવા બીજા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય તુલ્ય થશે !' ગુરુજીની પણ એવી જ ઈચ્છા હતી પણ કાશીના વિદ્યાગુરુઓ ભણાવવા માટે ખર્ચ માગશે તેનું કેમ કરીશું ? તેના ઉત્તરમાં ધનજી સૂરાએ કહ્યું કે 'એ લાભ મને આપો.' કેવો ગુરુસેવાનો ઉત્કૃષ્ટ ભાવ !!!

ગુરુજીના આશીર્વાદ લઈને શ્રી યશોવિજયજીએ તેમના સહવર્તી શ્રી વિનયવિજયજીની સાથે કાશી ભણવા જવા માટે પ્રયાણ કર્યું અને રસ્તામાં ગંગાનદીના કીનારે ગુરુવર્ય શ્રી નયવિજયજીએ પોતાના શિષ્ય યશોવિજયજીને શાસ્ત્રવિધિપૂર્વક સરસ્વતી માતાની આરાધના ૨૧ દિવસ કરાવી. સરસ્વતીદેવી સાક્ષાત પ્રસન્ન થયા અને યશોવિજયજીને તર્કવાદમાં અને કવિત્વશક્તિમાં નિપુણતાનું ઉત્તમ વરદાન આપ્યું ! પછી કાશીના પ્રખ્યાત ભટ્ટારકજી પાસે યશોવિજયજીએ મુખ્યપણે ન્યાયનો વિષય ભણવા માટે લીધો અને શ્રી વિનયવિજયજીએ વ્યાકરણનો વિષય લીધો. કાશીમાં તેમણે ન્યાય, મિમાંસા, બુદ્ધ, જૈમીની, વૈશેષિક આદિ છ દર્શનોનાં સિદ્ધાંતો, 'ચિંતામણી ન્યાય' જેવા અઘરા ગ્રન્થોના અધ્યયનથી તેઓ ભારતમાં અજેય વિદ્વાન અને પંડિતોમાં ચૂડામણી સમાન થયા !

જેમ ભગવાન મહાવીરસ્વામીએ ગૌતમસ્વામીને ત્રિપદી મંત્ર (ઉત્પાદ - વ્યય - ધ્રુવત્વ) આપ્યો અને શ્રી ગૌતમસ્વામીએ તેના વિસ્તાર રૂપે દ્વાદશાંગી (આગમ શાસ્ત્રો અને ૧૪ પૂર્વ)ની રચના કરી, તેમ યશોવિજયજી મહારાજ ત્રણેક વર્ષ એકચિત્તે અભ્યાસ કરીને સર્વ શાસ્ત્રના પારંગત થયા અને ન્યાયના ઉત્કૃષ્ટ વિદ્વાન થયા. તેમના ભટ્ટારકજી ગુરુએ અત્યંત પ્રસન્નતાથી સર્વ પ્રકારના શાસ્ત્રોનું જ્ઞાન યશોવિજયજીને અને વિનયવિજયજીને આપ્યું. માત્ર એક અપૂર્વ ગ્રન્થ તેમની પાસે હતો તે ન શીખવ્યો. ભટ્ટારકજી તે ગ્રન્થ ગુપ્ત રાખતા. એક વાર ભટ્ટારકજીને કોઈ કામ પ્રસંગે બહારગામ જવાનું થયું. તે રાતના તે ચમત્કારિક ગ્રન્થની જોવાની તીવ્ર પીપાસાથી બન્નેએ ભેગા મળી ભટ્ટારકજીની ગેરહાજરીમાં તે ગ્રન્થ જોયો. Love at first sight ની જેમ યશોવિજયજી અને વિનયવિજયજી મહારાજ બન્ને એક રાતમાં તે ગ્રન્થ ભણ્યા અને યશોવિજયજીએ તે ગ્રન્થની ૭૦૦ ગાથા મુખપાઠ કરી લીધી અને બાકીની ૫૦૦ ગાથાઓ વિનયવિજયજીએ મોઢે કરી લીધી !!! વિચારો કે આ મહાપુરુષોની કેવી ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનની ઉપાસના, કેવો તેમનો ચમત્કારિક ક્ષયોપશમ અને ધારણાશક્તિ કે ૧૨૦૦ ગાથાઓનો ઘણો જ અઘરો ગ્રન્થ તેમણે ભેગા મળીને એક રાતમાં મોઢે કરી લીધો ! અને આપણી અત્યારની પરિસ્થિતિ જોઈએ તો શ્રાવક વર્ગને શાસ્ત્ર અભ્યાસની રુચિ ક્યાંય દેખાતી નથી અને ગુજરાતી ભાષામાં રચાયેલા સ્તવનો (જે આ પુસ્તકમાં હવે વિચારીશું) તે ભણવાની, સમજવાની, કે મોઢે કરીને ભગવાનની તાત્ત્વિક ભક્તિ કરવાનું પણ સુજતું નથી!!!

શ્રી ભટ્ટારકજી કામ પતાવીને પાછા પધાર્યા ત્યારે તેમની માફી માગીને આ વાત યશોવિજયજીએ જણાવી કે તત્ત્વજ્ઞાનથી સભર આપનો ગ્રન્થ તમારી આજ્ઞા વગર વાંચ્યો તે માટે ક્ષમા કરો. ગુરુજી



તેમની બાળક જેવી નિર્દોષતા અને અદ્ભૂત શાસ્ત્રપ્રેમથી વધારે પ્રસન્ન થયા અને માફી આપી અને આશીર્વાદ આપ્યા કે 'તમારા જ્ઞાનપ્રકાશથી લાખોનું કલ્યાણ થશે.' કાશી અને આગ્રામાં આઠેક વર્ષનો ઊંડો વિદ્યાભ્યાસ પૂરો કરીને શ્રી યશોવિજયજી મહારાજ ગુજરાત પધાર્યા અને પાટણ આદિ શહેરોમાં વ્યાખ્યાનો આપ્યાં. પોતે કાશીથી ભણીને આવ્યા છે અને પ્રખર વિદ્વાન છે તે બતાડવા તેઓ પોતાની પાટ પર ઘણી ધજાઓ રાખતા હતા. એક વખત એક વૃદ્ધ ડોશીમાએ યશોવિજયજીના વ્યાખ્યાનમાં પ્રશ્ન કર્યો કે ગણધરોને કેટલા જ્ઞાન હતા અને કેટલી ધજાઓ રાખતા હતા ? આ વાત સાંભળીને યશોવિજયજીનું અભિમાન ઓગળી ગયું અને બધી ધજાઓ કાઢી નાખી. 'વાળ્યો વળે જેમ હેમ.'

થોડા સમયમાં યશોવિજયજીના જીવનમાં અપૂર્વ બનાવ બન્યો. એક વખત તેમના વ્યાખ્યાનમાં ઠેઠ પાછળ એક સાધુ જે ધાબળો ઓઢીને બેઠા હતા તે જોવામાં આવ્યા. વ્યાખ્યાન કરતી વખતે યશોવિજયજીએ તે સાધુજીની આંખો જોતાં તેમને મળવાનું મન થયું. વ્યાખ્યાન પૂરું કર્યા પછી તે સાધુજી તો ચાલ્યા ગયા હતા અને યશોવિજયજી મળી ન શક્યા. પરંતુ તેમના હૃદયનો અવાજ તેમને સાધુજીની શોધમાં લઈ ગયો અને સાંજે જંગલમાં તે સાધુજીની મુલાકાત થઈ. યશોવિજયજીને ત્યારે જ ખબર પડી આ તો સાધુજી પોતે જ આનંદઘનજી છે !!!

થોડી વાતચીત કર્યા બાદ શ્રી આનંદઘનજીએ શ્રીયશોવિજયજીને દશવૈકાલીક સૂત્રની પહેલી ગાથાનો અર્થ કરવા વિનંતી કરી. તે ગાથા આ પ્રમાણે છે :-

**धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो ।**
**देवा वि तं नमंस्संति जस्स धम्मे सया मणो ॥**

**ગાથાર્થ :** ધર્મ તે જ ઉત્કૃષ્ટ મંગળ છે અને તે ધર્મ અહિંસા, સંયમ, અને તપ સ્વરૂપ છે. જેના હૃદયમાં (આત્મામાં) આ ધર્મ પરિણમે છે તેને દેવો પણ નમસ્કાર કરે છે. (**દશવૈકાલીક સૂત્ર**).

આ ગાથાનો અર્થ યશોવિજયજીએ આઠ દસ વખત કર્યો અને બે ત્રણ કલાક તેના પર વિવેચન કર્યું. પરંતુ આનંદઘનજીને સંતોષ ન થયો અને બોલ્યા 'બસ, આટલું જ આવડે છે ?' પછી શ્રી આનંદઘનજીએ ત્રણ દિવસ અને ત્રણ રાત સતત તે ગાથાનો પરમાર્થ યશોવિજયજીને સંભળાવ્યો. ત્યારે યશોવિયજીને ખ્યાલ આવ્યો કે હું તો કાશી ભણી આવ્યો છું અને છતાં આટલું ય જાણતો નથી અને આ મારા કરતાં ઘણું વધારે જાણે છે. ત્યારે તેમણે આનંદઘનજીને કીધું કે મારી પંડિતાઈમાં કાંઈ જ નથી અને તેનાથી આત્મહિત નહિ થાય. તેથી તેમણે પોતાનું આત્મહિત કેમ થાય તેનો બોધ આનંદઘનજીને પૂછ્યો અને ઉદાર હૃદયવાળા શ્રી આનંદઘનજીએ તેમને તેવો ગુરુગમવાળો બોધ આપ્યો. શ્રી યશોવિજયજી ખૂબ જ પ્રસન્ન થયા, આનંદઘનજીને પગે પડીને આશિર્વાદ માગ્યા ! આનંદઘનજીનો ઉપકાર નીચેના પદમાં યશોવિજયજી વ્યક્ત કરે છે :-

**'જશવિજય કહે સુણો આનંદઘન, હમ તુમ મીલે હજુર,**
**એહી આજ આનંદ ભયો મેરે, તેરો મુખ નીરખ નીરખ,**
**આનંદઘન કે સંગ સુજસ હી મીલે, જબ તબ આનંદ સમ ભયો સુજસ.'**

આ પ્રસંગથી યશોવિજયજી એક સાચા આધ્યાત્મિક અને સમર્થ આત્મજ્ઞાની બન્યા અને હવે તેમણે જૈન સમાજ ઉપર અનંત કરુણા કરીને વિશાળ જ્ઞાન સાહિત્ય સર્જ્યું. જાણે જૈનશાસનને બીજા હરીભદ્રસૂરિ મળ્યા ! (આ મારા હૃદયનો ભાવ છે)

ઉ. યશોવિજયજીએ ૩૦ વર્ષના સમય ગાળામાં અધ્યાત્મસાર,



જ્ઞાનસાર, અધ્યાત્મ ઉપનિષદ, અધ્યાત્મબિંદુ, સ્યાદ્વાદ રહસ્ય આદિ સંસ્કૃત પ્રાકૃત ભાષામાં એક એકથી ચડિયાતા ૪૪ ગ્રન્થો અને ૧૧ ટીકાગ્રન્થો રચ્યા ! અદ્‌ભુત શાસ્ત્ર રચના કરીને કેટલી શ્રુતભક્તિ કરી છે ! તે વિચારતાં તેઓશ્રી કેટલા મહાન પ્રખર પંડિત હશે અને કેટલો મોટો ઉપકાર જૈન સમાજ ઉપર કર્યો છે ! ઉપર જણાવેલા શાસ્ત્રોનો મને યથાશક્તિ અભ્યાસ કરવાનો સુયોગ મળ્યો તે હું મારા પુણ્યનો ઉદય સમજું છું અને તેમના **અધ્યાત્મસાર** અને **જ્ઞાનસાર** તો આપણને ખરેખર આચાર્ય શ્રી હરિભદ્ર અને આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યની છાયા જ જાણે હોય તેવું બતાવે છે. દરેક સાધકે આ બન્ને ગ્રંથો ભણવા જરૂરી છે.

આ ઉપરાંત ઉ. યશોવિજયજીએ ગુજરાતી ભાષામાં વિશાળ શાસ્ત્ર રચના પણ કરી છે. જેમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ, સમાધિશતક આદિ ૨૪ ગુજરાતી ગ્રંથો રચવા સાથે આપણને વિપુલ સ્તવનો અને સજ્ઝાયો રચીને બહુ મોટો ઉપકાર કર્યો છે. દા.ત. :-

- સર્વોત્કૃષ્ટ ગ્રન્થોમાં વર્તમાન ચોવીસીના ૨૪ ભગવંતના સ્તવનો (આવી ત્રણ ચોવીસીઓ)માં ભક્તિરસનો ઘુઘવતો સાગર ઉછળે છે.
- શ્રી સીમંધરસ્વામીનું ૧૨૫ ગાથાનું સ્તવન
- શ્રી મહાવીરસ્વામીનું ૧૫૦ ગાથાનું સ્તવન
- શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન
- અઢાર પાપસ્થાનકની સઝાય
- આઠ યોગદષ્ટિની સજ્ઝાય (સર્વોત્કૃષ્ટ રચના છે સુંદર રાગમાં મોઢે કરી દરરોજ પારાયણ કરવું.)

- અમૃતવેલની સજ્ઝાય
- સમકિતનાં ૬૭ બોલની સઝાય
- અગીયાર અંગની સજ્ઝાય
- જ્ઞાનક્રિયાની સજ્ઝાય
- શ્રીપાળ રાજાનો રાસ (અત્યંત સુંદર અને અનુપમ છે.)

પૂ. ઉપાધ્યાય યશોવિજયજીનો મારા ઉપર અત્યંત મોટો ઉપકાર છે. ઉપરના લગભગ બધા ગ્રંથો, સજ્ઝાયો અને સ્તવનોના અભ્યાસ દ્વારા મારા હૃદયમાં શ્રી જિનેશ્વર પરમાત્મા પ્રત્યે કોઇ અલૌકિક પ્રીતિ હું પામ્યો છું. આ મહાપુરુષનું ઋણ તો કદી ચૂકવી શકાય તેમ નથી. પુસ્તકના અભ્યાસના માધ્યમ દ્વારા હુ જે કંઇપણ યથોચિત પામ્યો છું તેના સ્મરણરૂપે તેઓશ્રીને હૃદયથી અગણિત વંદના કરું છું. પંડિતવર્ય શ્રી ધીરૂભાઈ મહેતાએ આ મહાપુરુષના અમુક ગ્રંથો ઉપર સરળ અને સુંદર બાલાવબોધ ભાષામાં વિવેચન લખેલ છે. પંડિજીએ મને ઘણા ગ્રંથો વિસ્તારથી સમજાવ્યા છે તેથી તેઓશ્રીનો પણ હું ખૂબ જ ઋણી છું. પંડિતજીના વિવેચનવાળાં પુસ્તકો વાચકવર્ગને ખાસ વાંચવા ભલામણ કરું છું.



**'વાચક જસની વાણી, કોઈ નયે ન અધુરી'**

# ગણીશ્રી દેવચંદ્રજી મ.સા.નું જીવન ચરિત્ર

વિક્રમ સંવત ૧૭૪૩ (1687 A.D.) માં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ડભોઈમાં સ્વર્ગવાસ પામ્યા ત્યારબાદ ત્રણ વર્ષે વિ.સં. ૧૭૪૬ માં શ્રી દેવચંદ્રજીનો જન્મ મારવાડના બિકાનેરમાં થયો. આચાર્ય શ્રી જિનભદ્રસૂરિ જ્યારે ત્યાં પધાર્યા ત્યારે દેવચંદ્રજીના માતાએ તેમને જે શુભ સ્વપ્નો આવ્યાં હતાં તે જણાવ્યું, ત્યારે ગુરુમહારાજે કહ્યું કે આ પુત્ર દીક્ષા અંગિકાર કરશે અને શાસ્ત્રાભ્યાસ કરી જ્ઞાની પુરુષ બનવા સાથે મહાન શાસનપ્રભાવક થશે.

જન્મ પછી દસ વર્ષ બાદ તે ગામમાં રાજસાગરજી મહારાજ પધાર્યા, માતા-પિતાએ દેવચંદ્રને દીક્ષા લેવાની અનુજ્ઞા આપી. વિ.સં. ૧૭૫૬ માં ૧૦ વર્ષની ઉંમરે લઘુદીક્ષા આપી. દીક્ષા બાદ લગભગ બીજા દસેક વર્ષ દેવચંદ્રજીએ પોતાના ગુરુ રાજસાગરની કૃપાથી મળેલ 'સરસ્વતી મંત્ર'ની આરાધના કરી. સરસ્વતીદેવી તેમને પ્રસન્ન થયા અને દેવચંદ્રજીની જીભ ઉપર વસવાટ કર્યો ! આ સરસ્વતી દેવીની પ્રસન્નતાથી વીસેક વર્ષની યુવાનવયે દેવચંદ્રજીએ ષડાવશ્યક સૂત્ર, તત્ત્વાર્થ સૂત્ર, શ્રી વિશેષાવશ્યક મહાભાષ્ય વગેરે મહાન ગ્રન્થોનો સુંદર અભ્યાસ કર્યો. તે ઉપરાંત પૂજ્યશ્રી હરિભદ્રસૂરિ, કલિકાલ-સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના રચેલા જ્ઞાનગર્ભિત શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો. આગમશાસ્ત્રોનું ઊંડું જ્ઞાન મેળવી એક સમર્થ વિદ્વાન, તત્ત્વદૃષ્ટા અને ઉચ્ચકક્ષાના આધ્યાત્મિક કવિ તરીકે ખ્યાતિ પામ્યા.

આવી રીતે ત્રીસેક વર્ષની યુવાનવયમાં મહાત્મા શ્રી દેવચંદ્રજીએ અધ્યાત્મના ગહન ગ્રન્થોનો અભ્યાસ કરી લીધો ને પોતે એક મહાન અધ્યાત્મ-જ્ઞાન-યોગી બન્યા. ઉપાધ્યાય યશોવિજયજી રચિત જ્ઞાનસાર ગ્રન્થની સંસ્કૃતમાં 'જ્ઞાનમંજરી' નામની ટીકા રચી. જેના ઉપર

પંડિતવર્ય શ્રી ધીરૂભાઈ મહેતાએ બે ભાગમાં વિશાળ અને ઉત્તમ વિવેચન લખ્યું છે જે સર્વ સાધકોને અવશ્ય અભ્યાસ કરવા યોગ્ય છે. વિ. સં. ૧૭૭૬માં માત્ર ૩૦ વર્ષની ઉંમરે શ્રી દેવચંદ્રજીએ 'આગમ સારોદ્ધાર' નામનો મહાન ગ્રન્થ રચ્યો. એમણે અનુપમ એવી સ્નાત્રપૂજા પણ રચી અને અનેક જિનમંદિરોમાં જિનપૂજાનો સાચો મર્મ સમજાવ્યો. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિની જેમ શ્રી દેવચંદ્રજી પણ ખૂબ જ વિશાળ બુદ્ધિવાળા હતા અને મતાગ્રહ કે ગચ્છ-મતના આગ્રહથી પર હતા. જૈનેતર યોગસૂત્રના રચનાર પતંજલિને તેમણે 'મહાત્મા પતંજલિ' કહીને ઉલ્લેખ્યા છે. સર્વ ધર્મના મહાત્માઓ પ્રત્યે વિનય અને પ્રમોદભાવવાળા હતા. વાચકવર શ્રી દેવચંદ્રજી એક વિદ્વાન લેખક, પ્રભાવક અને ઉત્તમ વક્તા હતા અને સાથે સાથે મહાન અધ્યાત્મયોગી અને ઉત્તમ આત્મજ્ઞાની પણ હતા. તેમની સર્વ રચના શૈલી ઉપરથી જ તેમનામાં ઉચ્ચકોટીની આત્મદશાની પરિણતિ હતી તેની સહજપણે સૌને પ્રતીતિ થઈ જાય છે કારણકે પોતાના સહજ શુદ્ધ સ્વરૂપની સિદ્ધિ વિના નિજાનંદની મસ્તીનો આવો ઊંચો ઉછાળો કેમ સંભવે ?

પૌદ્‌ગલિક પદાર્થોના કામરસને તુચ્છ સમજ્યા વગર, તીવ્ર અંતરવૈરાગ્યદશા આવ્યા વિના અને આત્માના શુદ્ધ સ્વરૂપના અનુભવ રસના આનંદને માણ્યા વિના, કોઈ પણ જીવની વૃત્તિ અંતરમુખી બનતી નથી, કારણ કે દેહાધ્યાસના સંસ્કાર અનાદિકાળના છે. તે દેહાધ્યાસના નાશપૂર્વક અને તીવ્ર અંતર વૈરાગ્યપૂર્વકની દશા પ્રાપ્ત કરીને જે આત્મસ્વભાવમાં સ્થિર થવાની ઉપાસના અને સિદ્ધિ કરે છે ત્યારે જ તેને સચ્ચિદાનંદમય આત્મિક સુખનું સાચું આસ્વાદન આત્માને થાય છે. વાચક દેવચંદ્રજી આવી ઉત્તમ આત્મદશાના સ્વામી હતા. આવી અવધૂત યોગી આત્મદશાના કારણે શ્રી દેવચંદ્રજી રચિત તીર્થંકર ચોવીસીઓ (વર્તમાન ચોવીસી, વિહરમાન ભગવાનના સ્તવનો, અને ગત ચોવીસીના સ્તવનો)માં આપણને અમૃતનો સાગર એમણે પીરસ્યો છે કે જે અલૌકિક સ્તવનોમાં દેવચંદ્રજી ઉપાધ્યાયે આગમ



શાસ્ત્રોના નિચોડરૂપે દ્રવ્યાનુયોગનું સ્વરૂપ, જ્ઞાનયોગનું સ્વરૂપ અને ભક્તિયોગની પ્રેમ-પ્રીતિ અનુષ્ઠાનથી ભક્તિઅનુષ્ઠાન અને આજ્ઞા-અનુષ્ઠાન અને અસંગઅનુષ્ઠાનની ખૂબ જ ગંભીર અને છતાંય રોચક, ગાઈ શકાય અને રસાસ્વાદ માણી શકાય તેવી રચનાઓ કરી છે. મારા પરમ સદ્‌ભાગ્યે ૧૯૮૧થી તેમના સ્તવનોનો ઊંડો અભ્યાસ અને સ્વાધ્યાય કરવાનો અને કરાવવાનો સુયોગ મળ્યો છે.

ઉપરના ગંભીર વિષયો ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજીએ તેમના સ્તવનોમાં ખૂબ જ માર્મિક રીતે ગુંથ્યા છે એટલું જ નહિ, પણ તેના ઉપર તેમણે પોતે 'બાલાવબોધ-ટીકા' લખીને જૈનસમાજ ઉપર અકલ્પનીય ઉપકાર કર્યો છે. તેમની નિજાનંદની મસ્તી, તેમની પ્રભુભક્તિની લયલીનતાની પરાકાષ્ટા આપણને તેમના ગ્રન્થોરૂપી સરોવરમાં અને સ્તવનોરૂપી સાગરમાં ભક્તિરસની સાથે તત્ત્વરસ, અધ્યાત્મરસ, વૈરાગ્યરસ અને સમતારસના મોજાઓ ઉછળે છે. આવા ઉત્તમ રસથી તેમની સર્વ કૃતિઓ અને સ્તવનો છલકાય છે અને આપણને ભક્તિરસમાં ડૂબાવી દે છે ! શ્રીમદ્ દેવચંદ્રજીના સ્તવનોનું વિવેચન અને ગુરુગમ આપણે હવે પછીના પ્રકરણોમાં જોઈશું.

પરંતુ જેમ શ્રી આનંદઘનજી અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ તેમના સમયમાં જૈન સમાજમાં પ્રવર્તતી ગચ્છમતની દુરાગ્રહતા અને ઉપદેશકોમાં પણ ઉત્સૂત્રપણાની પ્રરૂપણા (ભગવાનના ધર્મથી વિરૂદ્ધ બોલવું) અને મતાગ્રહના દુષણો દેખાતા હતા, તેવા જ દુષણો દેવચંદ્રજીના સમયમાં પણ પ્રવર્તતા હતા. પૂજ્યશ્રી આ જોઈને ખૂબ જ વ્યથિત થતા હતા અને પોતાના સ્તવનમાં પણ તેઓશ્રીએ ખૂબ જ માર્મિક રીતે આલેખન કરેલ છે-

**'દ્રવ્ય ક્રિયારુચિ જીવડા રે, ભાવધર્મરુચિ હીન,**
**ઉપદેશક પણ તેહવારે, શું કરે જીવ નવીન.**

**તત્ત્વાગમ જાણંગ તજી રે, બહુજન સંમતિ જેહ,**
**મૂઢ હઠી જન આદર્યા રે, સુગુરુ કહાવે તેહ.**

**તત્ત્વરસિક જન થોડલા રે, બહુલો જન સંવાદ,**
**જાણો છો, જિનરાજજી રે, સઘલો એહ વિષાદ રે.**
**ચંદ્રાનન જિન, સાંભળીએ અરદાસ'**
**(વિરહમાન જિન ચંદ્રાનન ભગવાન સ્તવન - દેવચંદ્રજી)**

**ગાથાર્થ :** આ કાળમાં જીવો દ્રવ્યક્રિયા એટલે ભાવ વગરના અને સમજણ વગરના ક્રિયાકાંડમાં પ્રવર્તે છે. ઉપદેશક મુનિઓ પણ સમાજને શૂન્ય ક્રિયામાં પ્રેરે છે. ઘણા ઉપદેશકો પોતે આગમશાસ્ત્રોના રહસ્યને, ગુરુગમને જાણ્યા વિના મોહાધીન દશાના કારણે જનસમાજને લોકસંજ્ઞા અને ઓઘસંજ્ઞાના ગાડરીયા પ્રવાહમાં ધર્મ સમજાવીને ભગવાનના મૂળ ધર્મથી વિમુખ થઈ પ્રવર્તતા દેખાય છે, એવું દેવચંદ્રજીએ તે કાળનું વર્ણન કર્યું છે :

'હે જિનેશ્વર દેવ ! વર્તમાનકાળમાં ઉપદેશકો તત્ત્વજ્ઞ (આગમનો મર્મ) ન હોવાથી અને જનસમુદાયમાં તત્ત્વના રસિક જીવોની ખામી હોવાથી મોટો ભાગ અત્યારે મત, દર્શન, આગ્રહ આદિ પોતાનું જ સાચું મનાવવાના વિવાદમાં જ વર્તી રહ્યા છે. તે એક ખેદની વાત છે હે પ્રભુ ! આપ સર્વ જાણો છો.'

૩૦૦ વર્ષ પહેલા થયેલા આ મહાપુરુષો જૈનસમાજની ક્રિયા જડતાની કથળેલી દશા પોતાના અનુભવોથી જણાવે છે, તો વર્તમાનકાળમાં તો હળાહળ પંચમકાળ અને તીવ્ર વિષમતા જ વધારે દેખાય છે. શ્રી દેવચંદ્રજીના હૃદયનો ખેદ જાણે આપણને શ્રીમદ્ રાજચંદ્રજીની નીચેની ગાથામાં પડઘો પડ્યો હોય તેવું ભાસે છે :

**'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ,**
**માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.'**
**(આત્મસિદ્ધિશાસ્ત્ર - શ્રીમદ્ રાજચંદ્ર)**



# શ્રી મોહનવિજયજી

શ્રી મોહનવિજયજી મહારાજ યશોવિજયજી ઉપાધ્યાયના સમકાલીન હતા પણ તેમના જીવન વિષે વિશેષ કાંઇ જાણવા મળતું નથી. આવા ઉત્તમ મહાત્માઓની ખાસ કરીને અલિપ્તભાવે અપ્રગટ જ રહેવાની સંભાવના વધારે હોય છે. તેઓશ્રીની ઉત્કૃષ્ટ સ્તવન રચના વાંચતા તરત જણાઈ આવે છે કે, જૈન સમાજના કલ્યાણ માટે તેઓશ્રીનો બહુ મોટો ઉપકાર છે. તેઓશ્રી દ્વારા રચિત ચોવીશીના બધા જ સ્તવનોમાં શ્રી તીર્થંકરદેવ પ્રત્યે અનન્ય આશ્રય ભક્તિ, અખંડ પ્રેમ અને પ્રભુભક્તિની ઉત્કૃષ્ટ મસ્તી અને પ્રભુ સેવાના દર્શન દરેક ગાથામાં થાય છે. જુઓ આ પદમાં તીર્થંકર પ્રત્યે તેઓશ્રીની અનન્ય ભક્તિ-

**'જો જિન તું છે પાંસરોરે લોલ, તો કરમ તણો શો આસરો રે લો,**
**જો તુમેં રાખશો ગોદમાં રે લો, તો કિમ જાશું નિગોદમાં રે લો'**
**(૮મું ચંદ્રનાથ ભગવાનનું સ્તવન - મોહનવિજયજી)**

પરમાત્માની ભક્તિમાં જેમનો આત્મા, મન અને બુદ્ધિ આશ્રયભાવે લીન થયા હોય તેવા ભક્તને કેવી નિર્ભયતા વર્તે તેનો જ્વલંત દાખલો આ સ્તવનમાં મોહનવિજયજી પ્રકાશે છે. જ્યારે જ્ઞાની સદ્ગુરુ અને તીર્થંકરદેવમાં સંપૂર્ણ સમર્પણ જે સાધકને થાય તેને પ્રભુ પર એવો દૃઢ વિશ્વાસ વર્તે છે કે ''કરમ તણો શો આશરો રે લો'' એવો ઉદ્ગાર નીકળે છે કે કર્મો હવે તો બકરીની જેમ ભાગી જશે જ્યારે તીર્થંકરદેવનું શરણ મળી ગયું હોય ત્યારે નાનું બાળક માના ખોળામાં જેમ નિર્ભય થઈને આનંદ અનુભવે તેમ સાચો ભક્ત (Totally Fearless) નિર્ભય થઈને પ્રવર્તે છે. આવી અનન્ય ભક્તિરસની ખૂમારી શ્રી મોહનવિજયજીના પદોમાં ઝળકે છે. આ

બધા મહાત્મા પુરુષોનાં સ્તવનોમાં તીર્થંકરદેવ પ્રત્યે આવી અલૌકિક ભક્તિ આપણને પદે પદે દેખાય છે.

આવી જ રીતે, શ્રી આનંદઘનજીના ૧૩મા ભગવાનના સ્તવનમાં નિર્ભયતા યુક્ત શરણાગતિનો સિંહનાદ ગાજે છે :-

**'દુ:ખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ,**
**ધિંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નર ખેટ,**
**વિમલ જિન દીઠા લોયણ આજ, મારા સિધ્યાં વાંછીત કાજ.'**

**(આનંદઘનજી કૃત વિમલનાથ ભગવાનનું સ્તવન)**



### ભગવાન શ્રી મહાવીરના અંતિમ શિષ્ય પરમજ્ઞાનાવતાર

## શ્રીમદ્ રાજચંદ્રજીની ઓળખાણ

*(પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનું જીવન દર્શન અને તેઓશ્રી દ્વારા નિર્મિત-લેખિત આધ્યાત્મિક પદો અને અલૌકિક પત્રોના સર્જન સાથે દિવ્ય અંતરદશા)*

જૈન ધર્મના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન થયા. જેમણે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. ત્યાર બાદ બીજા ત્રેવીસ તીર્થંકર ભગવંતો થઈ ગયા. જેમાંના અંતિમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામી થયા. જેમના શાસનને આજે લગભગ ૨૬૦૦ વર્ષ થયા. આજે આપણે તેઓશ્રીના શાસનમાં જીવી રહ્યા છીએ. પ્રત્યેક તીર્થંકર પરમાત્માએ કરુણા આણી જગતના જીવોને-આત્માને ભવભ્રમણમાંથી મુક્ત થવાનો એકમાત્ર મૂળ માર્ગ-મોક્ષમાર્ગ પ્રકાશ્યો છે. ભગવાન શ્રી મહાવીર પ્રભુના શાસનમાં શ્રી ગૌતમસ્વામી, શ્રી સુધર્માસ્વામી અને શ્રી જંબૂસ્વામી જેવા મહાન ગણધરો થઈ ગયા જેમણે દ્વાદશાંગી (આગમ શાસ્ત્રો)ની રચના કરી હતી અને કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. ત્યાર બાદ ભગવાન શ્રી મહાવીરના શાસનમાં ઘણા સમર્થ આત્મજ્ઞાની આચાર્ય ભગવંતો થઈ ગયાં. જેમણે પોતાના આત્મઅનુભવ વડે અને ગુરુ પરંપરાથી આપણા માટે પરમ ઉપકારી ગ્રંથો રચ્યાં. પ્રાકૃત અને સંસ્કૃતમાં રચાયેલા જૈન ગ્રંથોમાં સર્વમાન્ય ગ્રંથ તરીકે શ્રી ઉમાસ્વાતી ભગવાનનું તત્ત્વાર્થ સૂત્ર. શ્રી કુંદકુંદાચાર્યનું સમયસાર. પ્રવચનસાર, શ્રી હરિભદ્રાચાર્યના યોગબિંદુ અને યોગદૃષ્ટિ સમુચ્ચય અને શ્રી યશોવિજયજી રચિત અધ્યાત્મસાર અને જ્ઞાનસાર આદિ પરમ ઉપકારી ગ્રંથો છે. છેલ્લા ચારસો વર્ષમાં જૈન ધર્મનાં અનુયાયીઓમાં મતમતાંતર,

સાંપ્રદાયિકતા, જડતા, ક્રિયા જડતા અને શુષ્કજ્ઞાનની માત્રાઓ વધતી જવા લાગી છે. પરંતુ આપણા સૌના સદ્ભાગ્યે ૧૪૮ વર્ષ પહેલાં, ગુજરાતના વવાણિયા બંદરે એક જ્ઞાનાવતાર બાળમહાત્માનો જન્મ થયો. જે શ્રીમદ્ રાજચંદ્ર તરીકે પ્રસિદ્ધ થયા. સાત વર્ષની બાળ વયે શ્રીમદ્જીને જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ્યું અને અપૂર્વ જ્ઞાન અને વૈરાગ્યની ધારા પ્રગટી.

શ્રીમદ્જી પોતે ભગવાન શ્રી મહાવીરસ્વામી ભગવાનના અંતિમ શિષ્ય હતા એમ સ્વમુખે ઇડરના મહારાજાને જણાવેલ. તેર વર્ષની વયે શ્રીમદ્જીએ સર્વ આગમ શાસ્ત્રોનો અભ્યાસ કરી લીધો હતો અને સોળમા વર્ષે, માત્ર ત્રણ દિવસમાં જ મોક્ષમાળા જેવા અનુપમ ગ્રંથની ગુજરાતીમાં રચના કરી હતી. સત્તર-અઢાર વર્ષની વયે શ્રીમદ્જી શતાવધાની તરીકે પ્રસિદ્ધ થયા અને સાક્ષાત્ સરસ્વતીનું બિરુદ પામ્યા હતા. ત્રેવીસમા વર્ષે શ્રીમદ્જીને શુદ્ધ સમકિતની પ્રાપ્તિ થઈ અને તેમના અપૂર્વ સત્સમાગમના લાભથી ચાર ભવ્ય જીવો શ્રી જૂઠાભાઈ, શ્રી અંબાલાલભાઈ, શ્રી શોભાગભાઈ અને શ્રી લઘુરાજસ્વામી - આત્મજ્ઞાન પામ્યા હતાં. મહાત્મા ગાંધીજી પણ શ્રીમદ્જીના ગાઢ પરિચયમાં આવ્યા હતા અને અહિંસા ધર્મની ઊંડી શિક્ષા શ્રીમદ્જી પાસેથી પામ્યા હતાં. ગાંધીજી પોતાની આત્મકથામાં શ્રીમદ્જી માટે લખે છે, - 'ઘણી વાર કહીને હું લખી ગયો છું કે મેં ઘણાયનાં જીવનમાંથી ઘણું લીધું છે. જેમાં ટોલ્સ્ટોય અને રસ્કીન મુખ્ય છે પણ તેમનાથી વધારે હું રાયચંદભાઈ - શ્રીમદ્જી પાસેથી દયા ધર્મ શીખ્યો છું. ખૂન કરનાર ઉપર પણ પ્રેમ કરવો -એ ધર્મનું કુંડા ભરીને મેં પાન તેમની પાસેથી કર્યું છે. ખાતાં, બેસતાં, સૂતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ. વીતરાગતા એ આત્માની પ્રસાદી છે. એ રાગ રહિત દશા શ્રીમદ્જીમાં સ્વાભાવિક હતી. એમ મારી ઉપર છાપ પડી હતી.'



શ્રીમદ્જીની ચમત્કૃતિ ભરેલી રચનાઓમાં શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર અને અપૂર્વ અવસર પ્રત્યેક ભવ્ય જીવોને સંપૂર્ણ મોક્ષમાર્ગનું દર્શન કરાવવામાં સમર્થ ઉપકારી છે. શ્રીમદ્જીએ ૩૩ વર્ષનાં ટૂંકા જીવનમાં અપૂર્વ આત્મ-પુરુષાર્થ કરીને જે આત્મસિદ્ધિ પોતે પામ્યા તેનું ભાવવાહી વર્ણન તો શ્રીમદ્જીના ૯૦૦ ઉપરના પત્રોમાં મળે છે જે વચનામૃત ગ્રંથ તરીકે પ્રસ્તુત છે. વર્તમાનકાળમાં ભગવાન શ્રી મહાવીરના મૂળ માર્ગને શ્રીમદ્જીએ અલૌકિક શ્રેણીથી પ્રગટ કર્યો છે અને ભવ્ય જીવોને કુળ ધર્મ, ઓઘસંજ્ઞા, લોકસંજ્ઞા, મતમતાંતર, વાદવિવાદ, ક્રિયા-જડતા, શુષ્કજ્ઞાન અને ઉન્માર્ગમાંથી છોડાવી વીતરાગ પ્રણીત મૂળમાર્ગને પ્રકાશ્યો છે અને વર્તમાનકાળમાં તીર્થંકરોની વાણી સૌને સરળતાથી સમજાય તેવી સરળ લોકભાષામાં પ્રકાશી છે. શ્રીમદ્જીએ મોક્ષમાર્ગમાં મૂળભૂત એવાં શ્રી સદ્ગુરુ, સત્સંગ, સત્શાસ્ત્ર, સત્વિચાર, સદાચાર, ભક્તિ, વૈરાગ્ય અને ઉપશમ આદિ ગુણો વિષે શ્રી જિન વીતરાગના બોધને, આ કળિકાળમાં પોતે જ ભગવાન શ્રી મહાવીરના અંતિમ શિષ્ય બનીને, પ્રગટ થઈને સર્વ મુમુક્ષુ જીવો પર અનુપમ ઉપકાર કર્યો છે. શ્રી કાકાસાહેબ કાલેલકરના શબ્દોમાં કહીએ તો, 'શ્રી સમયસાર અને સમાધિશતકના આધ્યાત્મ ભાવોનું જીવંત દર્શન કરવું હોય તો જાણી લ્યો પ્રયોગવીર શ્રીમદ્ રાજચંદ્રજીને.' જિનશાસનનાં અણમોલ જ્યોતિર્ધર, વર્તમાન પંચમકાળમાં લગભગ કેવળ ભૂમિકાને પ્રાપ્ત કરી ભગવાન શ્રી મહાવીરના મૂળમાર્ગને પ્રકાશનાર-

**શ્રીમદ્ રાજચંદ્રજીને અગણિત નમસ્કાર હો,**
**નમસ્કાર હો, નમસ્કાર હો.**

**જુગ જુગ જીવો ઝાઝી ખમ્મા, હું ચરણ ચૂમતો જાઉં છું.**

## પરમજ્ઞાનાવતાર શ્રીમદ્ રાજચંદ્રજીની સમ્યક્ ઓળખાણ કરાવનાર અને સૌને સમ્યક્ શ્રદ્ધા કરાવનાર સલુણા સંત

# શ્રી લઘુરાજસ્વામી-પ્રભુશ્રીજી

શ્રીમદ્‌ના સત્ સમાગમમાં આવી આત્મજ્ઞાન પામેલા ચાર મુમુક્ષુઓમાંના એક તે શ્રી લઘુરાજસ્વામી. જેઓ ઉંમરમાં શ્રીમદ્જીથી ચૌદ વર્ષ મોટા હતાં અને સ્થાનકવાસી સંપ્રદાયના પ્રભાવશાળી સાધુ હતાં. એકવાર ભગવતી સૂત્રમાં 'ભવસ્થિતિ પાકે ત્યારે મોક્ષ થાય' એમ વાંચતા તેમને શંકા થઈ કે જો ભવસ્થિતિ પાકે ત્યારે જ મોક્ષે જવાય. એમ હોય તો આ સાધુપણું લઈ પરિશ્રમ ઉઠાવવાની શી જરૂર છે ? આ પ્રશ્નનો સંતોષકારક જવાબ તેમને તેમના ગુરુ હરખચંદ મુનિ પાસેથી ન મળ્યો. પ્રસંગોપાત ખંભાતના મુમુક્ષુ શ્રી અંબાલાલભાઈ પાસેથી શ્રીમદ્જી સર્વ આગમોના જ્ઞાતા છે એમ તેમને જાણવા મળ્યું અને તેમણે શ્રીમદ્જીને મળવાની ઈચ્છા દર્શાવી. તે વખતના સાધુઓમાં પ્રધાન પદ ધરાવનાર. શ્રી લઘુરાજસ્વામીએ ગુરુ આજ્ઞા મેળવી, માત્ર બાવીશ વર્ષની યુવાવસ્થામાં પ્રવેશ કરનાર, જૈનધર્મી, વિદ્વાન, કવિ તરીકે પ્રસિદ્ધ એવા ગૃહસ્થી વેષધારી શ્રીમદ્ રાજચંદ્રજીને ઉપાશ્રયમાં મળે છે અને શ્રીમદ્જીએ નમસ્કાર નિવારણ કરવાં છતાં, સાષ્ટાંગ દંડવત નમસ્કાર કરી હાથ જોડી સમકિતની માંગણી કરે છે.' મુમુક્ષુઓના નેત્રો મહાત્માને ઓળખી લે છે' શ્રીમદ્જીના એ લબ્ધિ સૂત્ર મુજબ પ્રથમ મુલાકાતમાં જ તેમને સમ્યક્ શ્રદ્ધા થઈ ગઈ કે શ્રીમદ્જી પરમાત્મ સ્વરૂપ પમેલા એવા જ્ઞાનાવતાર પુરુષ છે. શ્રીમદ્જીએ તેમને યોગ્ય સમયે આજ્ઞામંત્ર તથા આત્મદૃષ્ટિ કરાવતો અદ્ભૂત બોધ આપ્યો અને શ્રી લઘુરાજસ્વામીને સમકિતની પ્રાપ્તિ કરાવી.



પ્રભુશ્રીજીના નામથી ઓળખાતા શ્રી લઘુરાજસ્વામીએ અગાસ આશ્રમની સ્થાપના લગભગ ૧૦૦ વર્ષ પહેલા કરી અને શ્રીમદ્જીએ સ્વમુખે આપેલા આજ્ઞામંત્ર, આશ્રયભક્તિ અને મોક્ષમાર્ગનો ક્રમ પ્રત્યેક મુમુક્ષુને આત્મકલ્યાણ અર્થે આપવાનો અપૂર્વ અને અનુપમ સુયોગ બનાવ્યો. જે ગુરુ પરંપરા મુજબ હજીયે અકબંધ જળવાઈ રહ્યો છે. 'શ્રદ્ધા પરમ દુલ્હા', ભગવાન શ્રી મહાવીરના એ લબ્ધિ વચનને સાક્ષાત્કાર કરાવવા શ્રી લઘુરાજ-સ્વામીએ અથાગ પરિશ્રમ લીધો અને પ્રત્યેક મુમુક્ષુને પરમ કૃપાળુદેવ પરમાત્મ સ્વરૂપ પામેલા છે એની અનન્ય શ્રદ્ધા દૃઢ કરાવી અને યોગ્ય જીવોને સમકિતનો ચાંદલો કીધો છે. તેઓશ્રી કહેતાં કે 'પરમકૃપાળુ દેવની ભક્તિ કરતાં જો તમારું નુકશાન થાય તો તેનો વિમો અમારો છે.' હજારો મુમુક્ષુઓને પરમ કૃપાળુદેવની વીતરાગતા, પરમાર્થ સ્વરૂપની યથાર્થ ઓળખાણ, શ્રદ્ધા, પ્રતીતિ, નિશ્ચય અને આશ્રય કરાવીને નિર્વાણ પદના અધિકારી બનાવી ગયા. પરમ કૃપાળુદેવનો અક્ષરદેહ અને વીતરાગ મુદ્રા તથા તેમના વચનામૃતનો સત્સમાગમ પ્રત્યક્ષ જ છે એવી દૃઢ શ્રદ્ધા આપણને સૌને કરાવનાર એવા શ્રી લઘુરાજસ્વામીને અગણિત વંદન હો. 'શ્રી સંતના કહેવાથી મારે શ્રી પરમકૃપાળુ દેવની આજ્ઞા માન્ય છે.' શ્રી લઘુરાજસ્વામીનું આ લબ્ધિ સૂત્ર મોક્ષનો ભવ્ય દરવાજો છે. કૃપાળુદેવની યથાર્થ ઓળખાણ કરાવનાર શ્રી લઘુરાજસ્વામી અપૂર્વ બોધિ સમાધિને વર્યા.

**ધન્ય એ ગુરુ અને ધન્ય એ શિષ્ય.**

--○--

## પ્રકરણ-૬ નો સાર - ઉપદેશ

આ પ્રકરણમાં આપણે શ્રી આનંદઘનજી, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી, વાચક દેવચંદ્રજી, કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજી અને શ્રી મોહનવિજયજીના જીવન-કવન વિષે સંક્ષેપમાં જાણ્યું. ગુજરાતને આંગણે થયેલા આ જૈનદર્શનના જ્યોર્તિધરો નાની બાળવયે જ ત્યાગ-વૈરાગ્યના માર્ગે વળ્યા અને ગુરુઆજ્ઞામાં દૃઢ નિષ્ઠાથી ૨૦-૨૧ વર્ષે તો શાસ્ત્રોના અને આગમોના પારંગત થઈ પોતે સમર્થ આત્મજ્ઞાની અને જ્ઞાનયોગી બન્યા.

પોતાનું કલ્યાણ તો અવશ્ય આ પાંચે મહાત્માઓએ કર્યું પણ તે સાથે સમાજના આત્મકલ્યાણ માટે કેવો અકલ્પનીય પુરુષાર્થ કર્યો અને સર્વ આગમોના નિચોડરૂપે ઉત્તમ શાસ્ત્રો રચ્યા અને અમૂલ્ય, અલૌકિક સ્તવનોની રચના કરી, પ્રેમલક્ષણાથી કરીને તત્ત્વભક્તિ અને પરાભક્તિનો સરળ, સુગમ, રોચક, સૌ કોઇ ગાવા સાથે તેનું ચિંતન-મનન કરી આત્મિક આનંદ પ્રાપ્ત કરી શકે છે

**આ પાંચે મહાપુરુષો મારા માથાના મુગટમણિ સમાન છે.** તેઓશ્રીના સ્તવનો અધ્યાત્મપદો રોમેરોમે મને નિરંતર ભક્તિરસમાં નિમગ્ન કરે છે એવું તો એમાં દૈવત્વ છે એટલે મને તો ‘રાંકના હાથમાં રતન’ મળી ગયું એવો હર હંમેશ ભાસ થાય છે.

‘ભક્તિમાર્ગથી અહંકાર મટે છે અને સીધા મોક્ષમાર્ગે ચાલી શકાય છે’ આ શ્રીમદ્ રાજચંદ્રજીનું અમૃતવચન સાવ સાચું ઠરે છે. **આ પાંચે મહાત્માઓની ગુરુકૃપા જ મને આ ‘આત્મસાધનાના ભક્તિયોગના અમૃત અનુષ્ઠાનો’ લખવામાં મુખ્ય આલંબન અને પ્રેરણાદાયી બન્યું છે.**

આ ભક્તિરસને માણવા હવેના ચાર પ્રકરણોમાં આ મહાત્માઓના સ્તવનો અને વચનો તથા પદોની યથાશક્તિ વિચારણા



કરશું. જો તમે મને સાથ આપશો અને રુચિપૂર્વક અભ્યાસ કરવાને માટે તૈયારી કરશો તો જ્ઞાનીની ગેરન્ટી છે કે ભક્તિથી મોક્ષ ક્ષણવારમાં થશે, જુઓ. કેવી ગેરન્ટી છે :-

**‘ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે.’**

**(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક ૨૦૧)**

**‘ભલું થયું મેં પ્રભુ ગુણ ગાયા, રસનાનો ફલ લીધો રે,**
**દેવચંદ્ર કહે મહારા મનનો, સકલ મનોરથ સીધો રે.’**

**(શ્રી શાંતિનાથ ભગવાનનું સ્તવન - દેવચંદ્રજી)**

--o--

# પ્રકરણ : ૭ જિનેશ્વર ભગવાન પ્રત્યે પ્રીતિ અનુષ્ઠાનોની રૂપરેખા

શ્રી જિનેશ્વર ભગવાનની દેશના ગણધર ભગવંતોએ આગમશાસ્ત્રોમાં ગુંથીને પ્રકાશી છે. તે ભગવાનની દિવ્ય વાણીનો એકેક શબ્દ, એકેક સૂત્ર પણ ભવ્ય જીવને મોક્ષનું પ્રબળ કારણ બને છે.

**'એક વચન જિન આગમનો લહી, નિપાવ્યાં નિજ કામ,**
**એટલે આગમ કારણ સંપજે, ઢીલ થઈ કિમ આમ,**
**સે મુખ મુખ પ્રભુને ન મળી શક્યો. ॥ ૧ ॥**

**ભાવરોગના વૈદ્ય જિનેશ્વરુ, ભાવ ઔષધિ તુજ ભક્તિ,**
**દેવચંદ્રને શ્રી અરિહંતનો, છે આધાર એ વ્યક્તિ...**
**સે મુખ મુખ૦ ॥ ૨ ॥**

**(વિરહમાન શ્રીધરજિન સ્તવન - શ્રી દેવચંદ્રજી)**

શ્રી દેવચંદ્રજી મહારાજા ઉપરની ગાથામાં શ્રીધર ભગવાનને કહે છે કે તમારા આગમના એક વચનમાત્રથી કંઈક જીવો મોક્ષ પામ્યા છે, અને મારી કેમ આટલી ઢીલ, શિથીલતા છે તે પ્રભુ મને કૃપા કરીને સમજાવો.

બીજી ગાથામાં કહે છે કે હે જિનેશ્વર ભગવાન્ ! તમે ભવભ્રમણરૂપી રોગના સમર્થ મટાડનારા વૈદ્ય છો અને તમારી ભક્તિ એ સર્વ ભવરોગના, ભવભ્રમણના, અને સર્વદુઃખોના નાશનો અચૂક ઉપાય છે. **માટે હે પ્રભુ, તમારું અવલંબન એ જ અમારા માટે પ્રબળ મોક્ષનું કારણ છે**



**અને તમારી તાત્ત્વિક ભક્તિ, ગુણાનુરાગવાળી પ્રશસ્ત ભક્તિ એ અમારા માટે મોક્ષનું ઉત્કૃષ્ટ નિમિત્ત છે.**

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના ૨૯મા પ્રકરણનું નામ 'સમ્યક્ત્વ પરાક્રમ' છે. સુધર્માસ્વામી ગણધર, ભગવાન મહાવીરે પ્રકાશેલા સમ્યક્ત્વના ૭૩ સૂત્રો, (૭૩ બોલ) શ્રી જંબૂસ્વામીને સમજાવે છે. તેમાંથી નવમા બોલમાં ગણધર ભગવાન જિનેશ્વર ભગવાનને પૂછે કે હે ભગવાન ! **ચતુર્વિંશતિ સ્તવન એટલે અરિહંત ભગવાનની સ્તુતિ અથવા સ્તવનાથી જીવ શું પ્રાપ્ત કરે છે ? તેના ઉત્તરમાં ભગવાન મહાવીર પ્રકાશે છે કે ચતુર્વિંશતિ સ્તવનાથી જીવ દર્શનવિશુદ્ધિ એટલે કે સમકિતની વિશુદ્ધિને ઉત્પન્ન કરે છે જે મોક્ષનું સર્વોત્કૃષ્ટ કારણ છે, અચૂક ઉપાય છે.**

પછી ૨૨મા બોલમાં ગણધર ભગવાન શ્રી મહાવીર પ્રભુને પૂછે છે કે હે પ્રભુ ! અનુપ્રેક્ષા વડે એટલે તત્ત્વના અર્થચિંતન વડે જીવ શું ઉત્પન્ન કરે છે ? ત્યારે ભગવાન પ્રકાશે છે કે, **અનુપ્રેક્ષા એ અભ્યંતર તપ છે અને જિનેશ્વર પ્રણીત સૂત્રોનાં અર્થનું ચિંતવન કરવાથી આયુષ્ય કર્મ સિવાયની સાતે કર્મોની સ્થિતિ ગમે તેવી ગાઢ હોય તો પણ ઢીલી થાય છે અને શિથીલ થતાં, ક્રમે કરીને નાશ પામે છે અને ઉલ્લસિત ભાવે અનુપ્રેક્ષા કરવાથી ભવ્ય જીવ બહુ જ જલ્દી સર્વ કર્મોનો ક્ષય કરી મોક્ષને ત્વરાથી પામે છે.** જુઓ ! ભગવાનની કેવી કરુણા છે કે પંચમકાળમાં પણ ભવ્ય જીવને માટે જિનવાણી અને જ્ઞાની ભગવંતનો શાસ્ત્ર બોધ કેટલો ઉપકારી છે કે તેના અર્થસહિત તે સૂત્રો, વચનો, સ્તવનો, પદોની નિરંતર અનુપ્રેક્ષા કરવાથી ખૂબ જ સુગમતાથી મોક્ષની મંગળયાત્રામાં જીવ આગળ વધે છે અને સર્વ દુઃખોનો ક્ષય કરી સિદ્ધાલયમાં બિરાજે છે. તેવાં અલૌકિક વચનો અને આ અમૃત અનુષ્ઠાનોની પ્રબળ શક્તિ છે. અને આ અમૃત અનુષ્ઠાનની સમ્યક્ આરાધનાનું ફળ અવશ્ય મોક્ષ છે એમ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન મહાવીરે પ્રકાશ્યું છે.

તો હવે આપણે આપણી મોક્ષની મંગળ યાત્રામાં આગળ વધીએ અને તે યાત્રાનું પહેલું પગથીયું, તે 'પ્રીતિ અનુષ્ઠાન'ને મહાત્માઓના સ્તવનોના અર્થ વડે સમજી, મુખપાઠ કરી, વારંવાર પ્રભુની સ્તુતિ, ભક્તિ કરતાં પ્રભુનું ગુણગાન, ગુણાનુરાગમાં જોડાઈએ. મારી પોતાની આ અનુભૂતિ છે કે આ સ્તવનોને ગાવા દ્વારા જિનેશ્વર પ્રભુની ભક્તિ, સ્તવના કરતાં જે અલૌકિક આનંદ અને ચિત્તપ્રસન્નતાનો અનુભવ થાય છે તે શબ્દોમાં વર્ણવી શકાતો નથી પણ રસાસ્વાદનો આનંદ માણવાનો છે. આપણે જોઈશું કે પ્રીતિ અનુષ્ઠાનથી શરૂ થતી ભક્તિ ક્રમે કરીને તત્ત્વભક્તિ, પરાભક્તિ, આજ્ઞાભક્તિ અને અંતે અસંગ અનુષ્ઠાનમાં લાવી, પ્રાંતે સમ્યક્દર્શનથી શરૂ કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરાવે તેવી પ્રબળ આ તત્ત્વભક્તિ છે અને પંચમકાળમાં તો પ્રભુભક્તિ એ સુગમ, સરળ, રોચક અને સાધકને નિરંતર 'ચિત્તપ્રસન્નતા' કરાવે તેવી 'સંજીવની ઔષધી' છે, જે જીવને મોક્ષે પહોંચાડે છે.

**'તાહરી ભક્તિ ભલી બની રે, લો, જિમ ઔષધિ સંજીવની રે લો,**
**તન મન આનંદ ઉપનો રે લો, કહે મોહન કવિ રૂપનો રે લો.**
**(શ્રી મોહનવિજયજી કૃત ચંદ્રપ્રભુનું સ્તવન)**

## પ્રીતિ યોગ અનુષ્ઠાનના સ્તવનોનું વિવેચન

અમારા સ્વાધ્યાયોમાં ઘણી વખત આ પ્રશ્ન ઊભો થાય છે કે આપણે નિયમિત દેરાસર જઈએ છીએ, ભગવાનની સેવા પૂજા કરીએ છીએ, પ્રતિક્રમણ, સામાયિક વગેરે પણ યથાશક્તિ કરીએ છીએ પરંતુ કલ્યાણ કેમ થતું નથી ?

આ પ્રશ્નનો જવાબ શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી રચિત કલ્યાણમંદિર સ્તોત્રમાં મળે છે, જુઓ -



**'નિશ્ચય અરે મોહાંધકારે વ્યાપ્ત એવા નેત્રથી,**
**પૂર્વે કદી મેં એક વેળા પણ પ્રભુ જોયા નથી,**
**કેવી રીતે થઈ હૃદયવેધક અન્યથા પીડે મને,**
**બળવાન બંધનથી ગતિવાળા અનર્થો શરીરને.**

**કદી સાંભળ્યા, પૂજ્યા ખરેખર આપને નિરખ્યા હશે,**
**પણ પ્રીતિથી ભક્તિ વડે નહિ હૃદયમાં ધાર્યા હશે,**
**દીનબંધુ ! તેથી દુઃખ પાત્ર થયેલ છું ભવને વિશે,**
**કારણ કે ક્રિયા ભાવે રહિત નહિ આપતી ફળ કાંઈએ.**
**(કલ્યાણમંદીર સ્તોત્ર ગાથા ૩૭, ૩૮ - શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી)**

**ભાવાર્થ :** 'હે પ્રભુ ! અજ્ઞાનરૂપી - મોહરૂપી અંધકારથી ઢંકાયેલી મારી ચર્મચક્ષુઓથી આપના અંતરવૈભવને એકવાર પણ પૂર્વે જોવા પામ્યો નહિ હોય, નહિ તો અતિશય બળવાન દારૂણ દુઃખો, મારા અંતઃકરણને કેમ વિદારી નાખે ? વળી કહે છે કે - 'હે દીનાનાથ, કદાચિત આપને મેં પૂર્વે સાંભળ્યા હશે, પૂજ્યા હશે, દર્શન કર્યા હશે તે તો નામ માત્ર જ. પણ ભક્તિ, પ્રીતિ અને સાચી શ્રદ્ધા વડે મેં આપને મારા હૃદયમાં ધારણ તો નહિ જ કર્યા હોય કારણ કે મારી ભાવશૂન્યતાવાળી કોઈપણ ક્રિયા કંઈ પણ સારું ફળ આપતી નથી અને તેથી સંસારસાગરમાં હું માત્ર દુઃખ જ અનુભવું છું.'

મોક્ષનો માર્ગ સરળ છે, પણ મોક્ષના દાતા એવા તીર્થંકરદેવ અને સદ્ગુરુદેવની સાચી સમ્યક્ શ્રદ્ધા ઓળખાણ, પ્રતીતિ થવી ઘણી જ મુશ્કેલ છે. આ વાતને દૃઢ કરતો એક પત્ર શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતમાંથી જોઈએ -

'જેના વચનબળે જીવ નિર્વાણમાર્ગને પામે છે, એવી સજીવન મૂર્તિનો પૂર્વકાળમાં જીવને જોગ ઘણીવાર થઈ ગયો છે, તથાપિ

જીવની ગ્રહી રાખેલી સિદ્ધિયોગાદિ, રિદ્ધિ યોગાદિ અને બીજી તેવી કામનાઓથી પોતાની દૃષ્ટિ જો મલિન હોય તો તેવી સત્‌મૂર્તિ પ્રત્યે પણ બાહ્ય લક્ષ રહે છે જેથી ઓળખાણ પડતી નથી.'

**(શ્રીમદ્‌ રાજચંદ્ર વચનામૃત પત્રાંક ૨૧૨)**

જ્યાં સુધી સાચી મુમુક્ષુતા પ્રગટે નહિ ત્યાં સુધી જ્ઞાની પુરુષની ઓળખાણ સમ્યક્‌પણે થતી નથી. આ પાયાની વાત આપણે નીચેના પત્રથી સ્પષ્ટપણે સમજીએ.

'ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરુષના [1]ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્‌પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેના ચરણારવિંદ (ચરણ) તેણે સેવ્યા છે તેની દશાને પામે છે. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે. જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી (મતિકલ્પનાથી કલ્પેલ) અંધત્વ છે ત્યાં સુધી એ માર્ગનું (મોક્ષમાર્ગનું) દર્શન થતું નથી. અનાદિકાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે. જો કે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંતવાર કર્યું છે, તથાપિ જે અવશ્ય કરવા યોગ્ય હતું તે કર્યું નથી.

સુધર્મસ્વામી જંબૂસ્વામીને ઉપદેશે છે કે, જગત આખાનું જેણે દર્શન કર્યું છે એવા તે મહાવીર ભગવાન છે. તેમણે આમ અમને કહ્યું છે :-

'ગુરુને આધીન થઈને વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષ પ્રાપ્ત કરનારા થયા. **(આચારાંગ સૂત્ર).**

**(શ્રીમદ્‌ રાજચંદ્ર વચનામૃત - અમૃત પત્ર ૧૯૪)**

આટલી પ્રસ્તાવના પછી હવે આપણે આ પ્રીતિ-અમૃત-અનુષ્ઠાનને યથાર્થ રીતે સમજવા ચાર મહાત્માઓના એકેક સ્તવનથી



જિનેશ્વર ભગવાન પ્રત્યે આપણા હૃદયમાં સાચી પ્રીતિ, પ્રેમ અને વિશ્વાસ પરિણમે જેથી મોક્ષમાર્ગની મંગળયાત્રાની શરૂઆત થાય.

પ્રીતિ-અનુષ્ઠાનનું પ્રથમ સ્તવન શ્રી આનંદઘનજી મહારાજનું માત્ર છ ગાથાઓનું છે પણ તેમાં સંપૂર્ણ મોક્ષમાર્ગ સમાયો છે તેની આપણે યથાશક્તિ વિચારણા કરીશું.

### ૧. યોગીરાજ શ્રી આનંદઘનજી કૃત ઋષભદેવ પ્રભુનું સ્તવન

**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત,**
**રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત,**
**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે. (૧)**

જુઓ, મોક્ષની મંગળ યાત્રા, અધ્યાત્મ યોગનો પાયો પરમાત્મા પ્રત્યે પ્રીતિ અનુષ્ઠાનથી જ શરૂ થાય છે ! કેવી અદ્‌ભુત અને અલૌકિક આ પ્રીતિ હશે કે જીવને ઠેઠ મોક્ષે પહોંચાડે છે ! ઘણી ચમત્કૃતિઓથી ભરેલા સ્તવન છે તેને ચિત્તની એકાગ્રતાથી સમજીએ, વધાવીએ, ગાઈએ, ભક્તિરસમાં નિમગ્ન થઈ, ચિત્તપ્રસન્નતાનો અનુભવ કરીએ.

શ્રી આનંદઘનજીની ચૈતન્યવૃત્તિ જાણે શ્રદ્ધારૂપી પોતાની સખીને કહે છે કે, હે સખી ! મારા ખરા પ્રિયતમ અથવા સ્વામી તો શ્રી ઋષભ જિનેશ્વર ભગવાન છે કે જેમણે સંપૂર્ણ રાગ-દ્વેષનો ક્ષય કરીને પૂર્ણ વીતરાગતા પ્રાપ્ત કરી છે અને અનંત અવ્યાબાધ સુખમાં સ્થિતિ કરી છે. હવે હું કોઈ સાંસારિક કંત એટલે પતિની ઈચ્છા રાખતી જ નથી કારણ કે સંસારના બધા સંબંધો સ્વાર્થી હોય છે અને તેનો વિયોગ નિશ્ચયે થાય જ છે. એટલે મારો અનુભવ મને કહે છે કે, સાંસારિક પતિ અથવા સાંસારિક બધા સંબંધોમાં દુઃખ જ પ્રાપ્ત થવાનું છે.

જ્યારે મેં તો શ્રી ઋષભદેવ ભગવાન એટલે જે પરમ તત્ત્વ છે, જે સર્વજ્ઞ છે, જે વીતરાગ છે, જે અનંત ગુણોના સાગર છે અને

અનંત કરુણાના સિંધુ છે એવા 'પરમાત્મતત્ત્વ' સાથે મારો સંબંધ હું જોડવા માગું છું. જ્યારે આ સાહેબરૂપ ભગવાન એકવાર મારા પર રીઝ્યા, અર્થાત્ મારી ભક્તિથી પ્રસન્ન થયા પછી કોઈ પણ સંજોગોમાં મારો સંગ છોડવાના જ નથી, અમરવર છે.

ભગવાન સાથે મારો સંબંધ સાદિ અનંતના ભાંગે છે, અર્થાત્ એ સંબંધની શરૂઆત મારા તરફના પ્રેમ-ભક્તિથી થાય છે, પણ એનો કોઈ કાળે અંત થવાનો નથી. આ ગાથામાં શ્રીમદ્ આનંદઘનજીએ અધ્યાત્મયોગનો જાણે સાર ભરી દીધો છે કે જે જીવ પરમાત્માના અનંત ગુણોમાં ગુણાનુરાગથી પ્રેમ, પ્રીતિ અને ભક્તિમાં જોડાય છે તે જીવ પ્રભુકૃપાથી ક્ષાયિક સમકિતથી પ્રારંભીને સિદ્ધદશા સુધીની મોક્ષની મંગળયાત્રા સુગમતાથી પાર કરી શકે છે. કારણ કે ત્રણ લોકના નાથ, દેવાધિદેવનું એને અવલંબન, ભક્તિ (શરણ) પ્રાપ્ત થઈ છે તે મહાન્ પુણ્યોદય સમજવો. આવો ઉત્તમ સાધક, માનસરોવરના હંસ જેવો હોય છે જે 'પરમાત્મ' રૂપી ઉત્તમ મોતીનો ચારો ચરે છે અને વિષય - કષાયથી ભરેલા સંસારી સંબંધોમાં જોડાતો નથી જે માત્ર ક્લેશ અને દુઃખના જ કારણ છે. શ્રીમદ્ આનંદઘનજી મહાન અધ્યાત્મયોગી પુરુષ છે અને દરેક શબ્દપ્રયોગમાં સાગર જેટલું ઊંડાણ અને સાગરના રત્નોનો અમૃતતત્ત્વ ભંડાર છે.

**પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન હોય,**
**પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય.**
**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો (૨)**

જગતના જીવો જે સાંસારિક સંબંધ કરે છે, તે સોપાધિક એટલે ઉપાધિવાળા અથવા દુઃખ અને ક્લેશકારી હોવાથી તેવો સંબંધ વિચારવાળો મુમુક્ષુ કરતો નથી. વલી સાંસારિક સંબંધો (પતિ-પત્ની



વચ્ચે, દીકરાનો મા-બાપ સાથેનો સંબંધ) હમેશા અપેક્ષાવાળો હોય છે અને તેથી જ્યારે પોતાની અપેક્ષા (ઇચ્છા) ન સંતોષાય ત્યારે તે સંબંધો બગડી પણ જાય છે. વળી શરીરનો નાશ થતાં, તે સગાઈ પણ નષ્ટ થઈ જાય છે અને વિયોગનું દુઃખ ઘણીવાર અસહ્ય પીડાકારી પણ બને છે અને પરંપરાએ આ સંબંધ દુઃખનું જ કારણ બને છે.

અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી આ ગાથામાં આત્મ અનુભૂતિના બલથી કહે છે કે જે પ્રીતસગાઈમાં દુઃખ જ છે અને તે દુઃખની વેદનામાં મનુષ્ય જીવનની મૂડી, મનુષ્યભવરૂપી ધન ખોવાઈ જાય તો ફરી આવો દુર્લભ મનુષ્યભવ ક્યારે મળે તે નિશ્ચિત નથી, માટે જેને આત્મકલ્યાણ કરવું છે તેવા મુમુક્ષુને સાંસારિક સંબંધોમાં સાચુ સુખ નથી તેવો વિવેક પ્રગટે તેવા આશયથી સમજાવે છે કે મારી અને ઋષભદેવ પ્રભુની પ્રીત-સગાઈ સાદિ-અનંત ભાંગે છે, અર્થાત્ એકવાર તે સગાઈ, તે પ્રીતિ મારા આત્માએ ઋષભદેવ પ્રભુ સાથે કરી તેનો કદી અંત આવશે નહિ. આગળની ગાથામાં રહસ્ય વિશેષ સમજાશે.

**કોઈ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરે, મળશું કંત ને ધાય,**
**એ મેળો નવિ કહીયે સંભવે રે, મેળો ઠામ ન ઠાય.**
**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે (૩)**

કેટલીક સ્ત્રીઓ મરણ દ્વારા પતિનો વિયોગ થતાં પતિને મળવા માટે પોતે જીવતાં પોતાનો અગ્નિ પ્રવેશ કરે છે, સતી થઈ પ્રાણત્યાગ કરે છે એવી પ્રથા જુના જમાનામાં પ્રચલિત હતી અને તે પોતે બળીને મરી જઈ, પતિનો પાછો મેળાપ થશે એમ માને છે. પણ પતિને બીજા જન્મમાં મળવાનું ઠામ, ઠેકાણું ચોક્કસ ન હોવાથી આ મેળાપ સંભવી શકતો નથી, માત્ર અંધશ્રદ્ધા જ છે. ।।૩।।

---

**૧. ચરણારવિંદ - સદ્ગુરુના ચરણકમળ**

**કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ,**
**એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ**
**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે (૪)**

કોઈ સ્ત્રીઓ પોતાના પતિને રાજી કરવાના લક્ષથી ઘણું તપ કરે અને પતિના શરીરની સેવા કરે, પણ એ બધી ક્રિયા માત્ર તનતાપ અથવા કાયક્લેશ રૂપે થાય છે. તેનાથી પતિ રાજી ન પણ થાય. તેથી એ પ્રકારની સેવા મેં મારા મનમાં ધારી નથી. 'ધાતુમેલાપ' એટલે જે સ્ત્રી પોતાની પ્રકૃતિ છે, જે પોતાના મનનું વલણ છે, તે જો પતિના મન સાથે મિલાપ કરે, પતિની પ્રકૃતિની સાથે ઐક્યતા કરીને વર્તે તે જ પતિરંજનનો સાચો ઉપાય છે. તેમ ભગવાનરૂપી પતિને-સ્વામીને રાજી કરવા હોય, તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરવી હોય તો મનમાંથી સાધકે સંસારની રુચિ ઘટાડી, ભગવાનના શુદ્ધ સહજાત્મ-સ્વરૂપ-શુદ્ધાત્માનું ધ્યાન કરી, ભગવાનના શુદ્ધસ્વરૂપમય ધાતુ એટલે ચેતનાની સાથે ઐક્ય કરે, મેલાપ કરે તો ભગવાન જરૂર પ્રસન્ન થાય. શ્રીમદ્ આનંદઘનજી મહારાજ આ ગાથામાં આપણને ખૂબ જ સરળ ભાષામાં સમાપત્તિ ધ્યાનની મહાન પ્રક્રિયા સમજાવે છે કે મુમુક્ષુ જીવ જ્યારે અનંતગુણોનો ભંડાર એવા પ્રભુનો અંતરવૈભવ, શુદ્ધસ્વરૂપ છે, તેના જેવો જ મારો આત્મા નિશ્ચયનયથી છે અને તે ગુણાનુરાગવાળી પ્રીતિ, ભક્તિમાં લીન થાય છે, તે ભક્તિ જ્યારે પરાભક્તિમાં પરિણમે છે અને ભગવાનના શુદ્ધ સ્વરૂપની સ્પર્શના મુમુક્ષુ જીવને થાય છે. ત્યારે તે સાચું **'રંજન ધાતુ મિલાપ'** કહેવાય. આવો **ધાતુમેલાપ એટલે તત્ત્વની દૃષ્ટિએ ક્ષાયિક સમકિતની ઉત્કૃષ્ટ અનુભૂતિ છે. જે એકવાર જીવને થાય તે કદીય નાશ પામતી નથી.** શ્રીમદ્ આનંદઘનજીનું સિદ્ધાંત જ્ઞાન એટલું ઊંડું હતું કે આવા સ્તવનોમાં સહજપણે આ ગાથામાં તેની કેવી સુંદર અભિવ્યક્તિ કરી છે ! પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીને



આ સ્તવન અત્યંત પ્રિય હતું અને તેઓશ્રીએ વિસ્તારથી વિવેચન કરેલ છે તેનો થોડો ભાગ વિચારીએ :

'જે સ્વરૂપ જિજ્ઞાસુ જીવો છે, તે જીવો શુદ્ધ સ્વરૂપને પામેલા છે એવા ભગવાનના સ્વરૂપમાં પોતાની વૃત્તિ તન્મય કરે છે, જેથી પોતાની સ્વરૂપદશા જાગૃત થતી જાય છે અને સર્વોત્કૃષ્ટ યથાખ્યાત ચારિત્ર (કેવળજ્ઞાન)ને પ્રાપ્ત કરે છે. સ્વરૂપઆકાંક્ષી મહાત્માઓએ એમ જિનેશ્વર ભગવાનની અને સિદ્ધ ભગવાનની ઉપાસના સ્વરૂપ પ્રાપ્તિનો હેતુ જાણ્યો છે. ક્ષીણમોહ ગુણસ્થાન પર્યંત (કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તે ૧૩મું ગુણસ્થાનક) તે સ્વરૂપચિંતવણા (જિનેશ્વર ભગવાનના અનંતગુણોનું ગુણાનુરાગવાળી અધ્યાત્મભક્તિ) જીવને પ્રબળ અવલંબન છે !!! **(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક ૭૫૩)**

આ પ્રીતિ અનુષ્ઠાનનું અદ્ભૂત રહસ્ય શ્રીમદ્ રાજચંદ્રજીએ આ રીતે બતાવેલ છે.

મહાત્મા દેવચંદ્રજી આ જ તત્ત્વની ગૂઢ વાત સુંદર રીતે જણાવે છે : જુઓ આ ચમત્કારિક પદ :-

**'જિનવર પૂજા રે તે નિજ પૂજના રે, પ્રગટે અનવ્યય શક્તિ,**
**પરમાનંદ વિલાસી અનુભવે રે, દેવચંદ્ર પદ વ્યક્તિ'**
**(દેવચંદ્રજીકૃત વાસુપૂજ્ય ભગવાનનું સ્તવન)**

**ભાવાર્થ :-** જિનેશ્વર ભગવાનની ગુણાનુરાગથી પ્રશસ્ત ભક્તિ કરવી તે નિશ્ચયનયે પોતાના સ્વરૂપની જ પૂજના છે. જેના સ્વરૂપે ભક્તને અનંત શક્તિઓ પ્રગટે છે અને પોતે પૂર્ણ દશાને પામે છે !

**કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે લખ પૂરે મન આશ,**
**દોષરહિતને રે લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ...**
**ઋષભ જિનેશ્વર (૫)**

વળી કોઈ એમ કહે છે કે આ જગત તે તો અલખ એટલે જેનો આપણને લક્ષ ન થઈ શકે, કળી ન શકાય (ગૂઢ-સમજી ન શકાય) એવી અલખ તણી એટલે ઈશ્વરની લીલા છે. અને જેનું સ્વરૂપ આપણા લક્ષમાં ન આવી શકે એવા ભગવાન જ લખ એટલે લાખો લોકોની મનની ઈચ્છાને પૂરી કરે છે.

પરંતુ અઢાર દુઃષણથી રહિત, સર્વજ્ઞ વીતરાગ પરમાત્માને આવી લીલા કરવારૂપ સ્વભાવ ઘટતો નથી. કારણ કે તીર્થંકર અને સિદ્ધ ભગવાન તો પરભાવોના કર્તા-ભોક્તા રહિત છે, એ કોઈ પ્રત્યે રાજી કે નારાજ થતા નથી તો આવા શુદ્ધ સ્વરૂપના સ્વામી જિનેશ્વર ભગવાન જગતની લીલા કરવારૂપ (ઉત્પન્ન કરવું, ટકાવી રાખવું ને જગતનો નાશ કરવારૂપ લીલા કરવાનું) કામ કદી કરે નહિ. કારણ કે જિનેશ્વર ભગવાન સર્વ દોષોથી રહીત થયા છે, પૂર્ણ શુદ્ધસ્વરૂપમાં સાદિ અનંત કાળ મગ્ન છે. વીતરાગ ભગવાનની ભક્તિ કરનાર સાધકે ભગવાન પ્રત્યે કંઈ જ સાંસારિક કામના કરવી તે તીવ્ર અનંતાનુબંધી એટલે અનંતકાળ સંસાર પરિભ્રમણ કરાવે તેવી કર્મની ગાંઠ બાંધવા બરાબર છે. આ લોકોત્તર દેવની ભક્તિ લૌકિકભાવે નહિ પણ લોકોત્તરભાવથી કેમ કરવી તે આગળના સ્તવનોમાં સ્પષ્ટપણે સમજાવાશે.

**ચિત્તપ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે, પૂજા અખંડીત એહ,**
**કપટ રહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ.**
**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે (૬)**

પૂર્વેની ૪થી ગાથામાં 'રંજન ધાતુમિલાપ' શબ્દ પ્રયોગનો ભાવાર્થ વિચાર્યો હતો. હવે તેવા ધાતમિલાપનું ફલ પ્રકાશે છે.

પૂજાનું ફળ સાધકની 'ચિત્તપ્રસન્નતા' છે અને એ જ અખંડિત પૂજા છે. જેવી રીતે આગળ જોઈ ગયા કે પતિની સેવાના ઘણા પ્રકાર છે, પણ સર્વથી શ્રેષ્ઠ પ્રકાર તે ચિત્તપ્રસન્નતા છે. માયા-કપટ વગર પતિની સેવા કરવામાં આવે તો તેનું ફળ ચિત્તપ્રસન્નતા પણ અખંડ રહે.



તેવી રીતે ગ્રન્થકાર અધ્યાત્મભાવે ભગવાનરૂપ પતિ કે સ્વામીની સેવાના ઘણા પ્રકાર છે જેમ કે- દ્રવ્યપૂજા, ભાવપૂજા વગેરે. પરંતુ ભગવાનની સર્વ શ્રેષ્ઠ પૂજા તો કપટ રહિત થઈ, કષાયભાવ ઉપશાંત કરીને પોતાની ચૈતન્યવૃત્તિને ઘણા ઉલ્લાસભાવે શુદ્ધ સ્વરૂપમાં ગુણાનુરાગ અને અત્યંત પ્રમોદભાવે તન્મય કરવી તે છે. **આવી અલૌકિક સેવા-ભક્તિ કરવાથી આપણું ચિત્ત નિર્વિકાર થઈને 'ચિત્તપ્રસન્નતા' અનુભવે છે અને તે જ અખંડિત પૂજા છે.** કારણ કે મન **જો ભગવાનમાં જ લીન હોય તો વચન અને કાયાના યોગ મનને આધીન હોવાથી બીજે જાય જ નહિ.**

આવી રીતે મન-વચન-કાયાના ત્રણેય યોગ ભગવાનમાં લીન થવાથી જગતના ભાવોની વિસ્મૃતિ થઈ, બધા જ વિકલ્પો મટી જાય છે. આવી અલૌકિક ભક્તિ, ત્રણે યોગને ભગવાનના સ્વરૂપમાં, તન્મય કરવાથી જ્ઞાનીની આજ્ઞા ઉઠાવવા રૂપ અખંડ સેવાનું સ્વરૂપ 'ધારણા' બની જાય છે. માટે જે પોતાની નામના કે કીર્તિ માટે ધનાદિ સંપત્તિ ભગવાનને અર્પણ કરે તે તો માયાકપટ છે. પણ **જે સાધક ભગવાનમાં ચિત્તવૃતિની લીનતા કરે તે જ ખરી આત્મઅરપણતા છે. આવી અલૌકિક પૂજા - ભક્તિથી ચિત્તને શાંતિ - ખરી પ્રસન્નતા મળે છે અને એ જ આનંદઘનની પ્રાપ્તિની રેખા છે, અર્થાત્ મોક્ષના આનંદઘનસ્વરૂપ અનંત સુખને પામવાની નિશાની છે.**

માત્ર છ ગાથાના આ અલૌકિક પદમાં અધ્યાત્મયોગીરાજ શ્રી આનંદઘનજીએ સંપૂર્ણ અધ્યાત્મયોગનો માર્ગ - પ્રીતિથી શરૂઆત કરીને ભગવાનના અનંતગુણોનું અહોભાવ, પ્રમોદભાવે વર્ણવી ચિત્તવૃત્તિને ભગવાનના શુદ્ધ સ્વરૂપમાં તન્મય કરવારૂપ 'ધાતુમિલાપ'નો

અદ્ભૂત યોગ સમજાવ્યો છે. જેમ જેમ સાધકની મનની ચિત્તવૃત્તિઓ ભગવાનમાં લીન થાય, તન્મય થાય, તેમ તેમ સાધક પોતે જ અપૂર્વ ચિત્તપ્રસન્નતા અનુભવે છે. આવી અલૌકિક પ્રીતિ-ભક્તિનું ફળ હમણાં જ, આ જ ભવે સાધક અનુભવે છે. શ્રી આનંદઘનજી તેમના છઠ્ઠા સ્તવનમાં આ ભક્તિનો મર્મ વધારે પ્રકાશે છે -

**'તુજ મુજ અંતર ભાંજશે રે, વાજશે મંગળ તૂર,**
**જીવસરોવર અતિશય વાધશે રે, આનંદઘન રસપૂર.**
**(શ્રી આનંદજીકૃત - પદ્મપ્રભુનું છઠ્ઠું સ્તવન)**

શ્રી આનંદઘનજીના સ્તવનોમાં અધ્યાત્મભક્તિ યોગનો મહિમા શબ્દે શબ્દે આપણને દેખાય છે. તેવી રીતે શ્રી દેવચંદ્રજીના પદોમાં દ્રવ્યાનુયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગનો ઉત્કૃષ્ટ ત્રિવેણી સંગમ આપણને મળ્યો છે. આવા મહાત્માઓના સ્તવનોનું ગુણગ્રામ કરવું, ભક્તિભાવે ગાવું ને અર્થ સમજવા તે ખરેખર તો હું મારા માટે મહાન્ પુણ્યોદયનો યોગ સમજુ છું. આ સ્તવનોનો ભાવાર્થ લખતાં આનંદના ઉભરા આવે છે અને કોઈ દૈવિક ચિત્તપ્રસન્નતાનો અનુભવ અખંડપણે અનુભવાય છે અને તેનું કારણ ખરેખર ગુરુકૃપા જ છે.

• • •

હવે આપણે આ મારું પ્રાણપ્રિય સ્તવન **શ્રી દેવચંદ્રજીકૃત ઋષભદેવ પ્રભુના સ્તવનનો ભાવાર્થ યથાશક્તિ સમજીએ.**

**ઋષભ જિણંદશું પ્રીતડી, કીમ કીજે હો કહો ચતુર વિચાર,**
**પ્રભુજી જઈ અલગા વસ્યા, તિહાં કિણે નવિ હો કો વચન ઉચ્ચાર.**
**ઋષભ જિણંદશું પ્રીતડી...(૧)**

ભગવતીસૂત્રમાં શ્રી ગૌતમસ્વામી ૩૬,૦૦૦ પ્રશ્નો પૂછીને તેના જવાબ ભગવાન પાસેથી મેળવતા અને સમયે સમયે 'તહત્તિ, તહત્તિ ભંત્તે' અર્થાત્ હે પ્રભુ આપ કહો છો તેમ જ છે, તેમ જ છે એવી વિનયભક્તિથી પ્રભુની દેશના સાંભળતા હતા.



મહાપુરુષોની પ્રભુ પ્રત્યે આવી ઉત્કૃષ્ટ વિનયભક્તિ આ સ્તવનોમાં પદે પદે જોવા મળે છે ! જુઓ, દેવચંદ્રજી એક સમર્થ જ્ઞાની પુરુષ હતા અને સર્વ આગમોના પારગામી હતા છતાંય ભગવાન આગળ નાના બાળકની જેમ નિર્દોષતાપૂર્વકની વિનંતી, કાલાવેલા કરતાં કહે છે કે, હે ચતુર પુરુષ ! હે પ્રભુ ! આપ તો મોક્ષમાર્ગના જ્ઞાતા છો તો મને મારી મુંઝવણ દૂર કરવા કૃપા કરો ! મારી સમસ્યા એ છે કે પરમાત્મા ઋષભદેવ સાથે મારે પ્રીતિ કેમ કરવી ? આ સ્તવનનો અમેરિકામાં પહેલો સ્વાધ્યાય ૧૯૮૩માં કરાવેલો અને મને બરાબર યાદ છે કે મેં આ વાત પર ભાર મૂકેલો કે આપણને કેમ આવા પ્રશ્નો ચતુર (જ્ઞાની) પુરુષને પૂછવાનું મન જ નથી થતું ? કારણ કે આપણી જિજ્ઞાસાની ખામી છે અને તેથી આવી પ્રીતિ કરવાનું ક્યારે પણ સુઝતું નથી ! હવે ગ્રન્થકાર વધારે સ્પષ્ટતાથી પોતાની મુંઝવણ બતાવે છે કે પ્રભુ તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી - સર્વ પ્રકારે મારાથી ચૌદ રાજલોક એટલે ઘણાં ઘણાં દૂર જઈ સિદ્ધશીલા પર જઈ વસ્યા છે, અર્થાત્ લોકાન્તે મોક્ષમાં જઈ બિરાજ્યા છો. ત્યાં સિદ્ધ અવસ્થામાં ભગવાનને મન-વચન-કાયાના યોગ પણ નથી. તો આવા અયોગી, અભોગી, લોકોત્તર દેવથી મારે પ્રીતિ કરવાનો કયો પ્રકાર છે તે હે ચતુર પુરુષ, હે સદ્ગુરુ ભગવંત, આપ કૃપા કરી મને સમજાવો. આ સ્તવનમાં માત્ર છ ગાથાઓમાં પ્રીતિ અનુષ્ઠાનનો મર્મ ખૂબ જ ઊંડાણથી છે. તે હવે આપણે સમજીએ-

**કાગળ પણ પહોંચે નહિ, નવિ પહોંચે હો તિહાં કો પરધાન,**
**જે પહોંચે તે તુમ સમો, નવિ ભાંખે હો કોનું વ્યવધાન.**
**ઋષભ જિણંદશું પ્રીતડી.....(૨)**

સિદ્ધગતિમાં કાગળ તો પહોંચે નહિ પણ કોઈને કદાચ એમ ભાસે કે ભગવાનને મોકલીએ તો મળી જાય ! પણ તેવી કોઈ વ્યવસ્થા પણ નથી. વળી કોઈ પ્રધાન પુરુષને મોકલીએ તો તે પણ ત્યાં જઈ શકે નહિ અને જે ત્યાં પહોંચે છે. તે બધા આપ જેવા વીતરાગ, અયોગી, અને અસંગ હોવાથી ત્યાં જઈને કોઈનું વ્યવધાન એટલે સંદેશો પણ ત્યાં ભાખતા નથી અર્થાત્ જણાવતા નથી. તો હે ચતુર પુરુષ ! હે સદગુરુ દેવ ! તમે જ સમજાવો કે તે ભગવાન સાથેની પ્રીતિ કેમ વ્યક્ત કરવી અને કયા પ્રકારે કરવી તે કૃપા કરીને મને સમજાવો.

**પ્રીતિ કરે તે રાગીયા, જિનવરજી હો તુમે તો વીતરાગ,**
**પ્રીતડી જેહ અરાગીથી, ભેળવવી હો તે લોકોત્તર માર્ગ.**
**ઋષભ જિણંદશું પ્રીતડી..... (૩)**

હવે ત્રીજી સમસ્યા ગણિશ્રી દેવચંદ્રજી ચતુર પુરુષને પૂછે છે. અમારી સંસારી જીવોની પ્રીતિ રાગ સહિત હોય છે અને આવી લૌકિક પ્રીતિ કરવાનો જ અમારો અનાદિકાળનો અભ્યાસ છે. હે પ્રભુ ! જે આપની સાથે પ્રીતિ કરે તે જીવ રાગી છે, જ્યારે જિનવરજી એવા પ્રભુ તો વીતરાગ છે, સંપૂર્ણપણે રાગ-દ્વેષ રહિત છે.

એવા નીરાગી, વીતરાગ પરમાત્મા સાથે પ્રીતિ કરવી તે અસામાન્ય છે, અર્થાત્ અદ્ભુત એવો લોકોત્તરમાર્ગ છે. સંસારી જીવો સાથે પ્રીતિ કરવી તે સહેલી છે, પરંતુ જેનામાં રાગનો એક અંશ પણ નથી, એવા પૂર્ણ વીતરાગદેવ સાથે પ્રીતિ ભેળવવી એટલે કરવી અને ટકાવી રાખવી તે અતિ આશ્ચર્યકારક લોકોત્તરમાર્ગ જણાય છે તે અમને હે ચતુર પુરુષ, કૃપા કરીને સમજાવો.

**પ્રીતિ અનાદિની વિષ ભરી, તે રીતે હો કરવા મુજ ભાવ,**
**કરવી નિર્વિષ પ્રીતડી, કિણ ભાંતે હો કહો બને બનાવ.**
**ઋષભ જિણંદશું પ્રીતડી.....(૪)**



ગણિશ્રી દેવચંદ્રજી એક સમર્થ આત્મજ્ઞાની, મહાસંયમી અને સર્વ આગમશાસ્ત્રોના પારગામી પ્રબુદ્ધ જ્ઞાની છે. માત્ર દસ વર્ષે દીક્ષા લીધી ને વીસ વર્ષે તો દ્રવ્યાનુયોગના પારગામી થઈ ગયા. પચીસ-ત્રીસ વર્ષની ઉંમરે મહાન શાસ્ત્રોની રચના કરી, અને આવા અલૌકિક સ્તવનો રચીને જૈન સમાજ ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે !

આ સ્તવન સવાલ - જવાબ રૂપે રચાયું છે જેમાં ગ્રન્થકાર વિનીત શિષ્ય તરીકે ચતુર પુરુષ એટલે જ્ઞાની પુરુષને પોતાની સમસ્યાઓ પૂછે છે. હવે એક અઘરી સમસ્યા રજૂ કરે છે.

સંસારી જીવો અનાદિકાળના સંસ્કારને લીધે જગતમાં બીજી વ્યક્તિઓ સાથે પ્રીત સગાઈ કરે છે અને અજીવ એવા પુદ્ગલદ્રવ્ય સાથે પણ મનગમતા - વર્ણ - ગંધ - રસ - સ્પર્શના વિકારી ભાવપૂર્વકની પ્રીતિ, રાગ કરવાને સંસારી જીવો સર્વપ્રકારે ટેવાયલા છે. કારણ કે આવી મોહજન્ય, વિષભરેલી પ્રીતડીનો અભ્યાસ સંસારી જીવોને અનાદિકાળથી છે. શાસ્ત્રોમાં કહ્યું છે તેમ સંસારીજીવોમાં આહાર, ભય, મૈથુન, અને પરિગ્રહ સંજ્ઞા હંમેશાં તેના આત્મામાં હોય છે અને તે પૂર્વની સંજ્ઞાના સંસ્કારો ફરી તેવા સંયોગો મળતાં જાગૃત થઈ, જીવને ફરી ફરી સંસારમાં રાગ-દ્વેષના પાશમાં ફસાવી રાખે છે. સર્પ કરડે તો તેના ઝેરથી માણસ એકવાર મૃત્યુ પામે. પરંતુ આ મોહજન્ય પ્રીતિ જે વિષ ભરેલી છે ને જીવને ભવોભવ રખડાવે છે. ભવાભિનંદી જીવની આવી અંતરદશા આપણે જોઈ ગયા છીએ તેથી ફરીથી વિસ્તાર નથી કરતા. પણ જ્યારે કોઈ જીવને મહાન્ પુણ્યના ઉદયથી ઓઘદષ્ટિમાંથી યોગદષ્ટિમાં પ્રવેશ મળે છે ત્યારે તેને સાચી મુમુક્ષુતા પ્રગટે છે અને સદ્ગુરુને શોધીને તત્ત્વજિજ્ઞાસાપૂર્વક પૂછે છે કે, હે ચતુર પુરુષ, આપના બોધથી મને સમજાય છે કે મારો આત્મા અરૂપી છે, અવિનાશી છે, જ્ઞાનસ્વભાવી છે અને અનંતગુણોનો

ભંડાર છે. હે પ્રભુ ! આપના અનંતગુણો ક્ષાયિકભાવે પૂર્ણપણે નિરાવરણ છે. જ્યારે મારા આત્મામાં એવા જ ગુણો છે પણ કર્મથી અવરાયેલા છે. તો હે ચતુર પુરુષ, આત્માના ગુણાનુરાગની ર્નિવિષ પ્રીતડી, અલૌકિક પ્રીતડી કેવી રીતે કરવી તેનું રહસ્ય કૃપા કરીને મને સમજાવો.

**પ્રીતિ અનંતી પરથકી, જે તોડે હો તે જોડે એહ,**
**પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ.**
**ઋષભ જિણંદશું પ્રીતડી.....(૫)**

આપણા આત્મામાં સ્વરૂપના અજ્ઞાનને લીધે આ જીવમાં અનાદિકાળથી પરદ્રવ્ય સાથે પ્રીતિ, આસક્તિ અને મોહ-મૂર્છા વળગેલી છે. તેમાં મનગમતા પુદ્ગલ દ્રવ્યો - આહાર, ધન, દોલત, રમત-ગમતના સાધનોમાં તથા જીવદ્રવ્યો જેવાં કે પતિ, પત્ની, ઘર પરિવાર આદિ પ્રત્યે અહંભાવ અને મમત્વભાવમાં વર્તે છે તેનું મૂળ કારણ જીવને **સ્વરૂપ વિષેનું અજ્ઞાન, એટલે કે 'હું કોણ છું, ક્યાંથી થયો, મારું ખરું સ્વરૂપ શું છે ? કોના સંબંધે વળગણા છે આ સંબંધ રાખું કે પરિહરું ?' આવી જિજ્ઞાસા જીવને મોહાંધકારથી ક્યારેય થતી નથી.** આવી પ્રીતિ પરદ્રવ્ય કે પરવ્યક્તિ પ્રત્યેની અનાદિકાળથી આત્માને છે અને જ્ઞાનીપુરુષો આવી પ્રીતિને મોહથી ભરેલી અથવા વિષભરી પ્રીતડી કહે છે.

આ દિવ્ય ગાથામાં ચતુર પુરુષ એટલે જ્ઞાની સદ્ગુરુ ભગવંત શિષ્યને સમજાવે છે કે જ્યારે જીવને તત્ત્વશ્રવણથી અને ગુરુઆજ્ઞાની નિષ્ઠા વડે વિવેકબુદ્ધિ જાગે, વૈરાગ્યભાવના દૃઢ થાય ત્યારે તે મુમુક્ષુ જીવે અભ્યાસ વડે સંસારની વિષભરી પ્રીતિને ધીમે ધીમે ઘટાડી, તે પ્રીતિ નિષ્કામભાવે 'પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ' એવા જ્ઞાની ભગવાન



પ્રત્યે જોડવાથી, જ્ઞાની પ્રત્યે પ્રેમ-પ્રીતિ-ભક્તિ જેમ જેમ વધે છે. તેમ તેમ ગુરુઆજ્ઞામાં વર્તવું જેથી એક તરફ સંસારના પદાર્થોમાં પ્રીતિ, આસક્તિ ઘટે અને સદ્ગુરુ પ્રત્યે અને તેના દ્વારા પોતાના આત્મા પ્રત્યે સાચો પ્રેમ પ્રગટે છે.

જ્યાં સુધી મુમુક્ષુને પોતાના આત્માની સ્વસંવેદન અનુભૂતિ ન થાય ત્યાં સુધી સંસાર પ્રત્યેનો પ્રેમ ઘટાડતા જવું અને સદ્ગુરુ જ્ઞાની ભગવંત પ્રત્યે પ્રેમ, પ્રશસ્તરાગ, આશ્રયભક્તિ વધારતા જવું તેવો અભ્યાસ જારી રાખવો. ભગવતીસૂત્રમાં ભગવાને પ્રકાશ્યું છે કે પરમપુરુષ વીતરાગ પરમાત્મા પ્રત્યે જે ગુણાનુરાગની પ્રીતલડી છે તે પ્રીતિ કાળાન્તરે આ જીવને વીતરાગતા આપશે જ. આપણે આગળના પ્રકરણોમાં જોઈ ગયા કે શ્રી ગૌતમસ્વામીની ભગવાન મહાવીર પ્રત્યેની અલૌકિક જે પ્રીતિ-ભક્તિ હતી તે જ અન્તે કેવળજ્ઞાન આપી ગઈ અને મોક્ષે લઈ ગઈ. આવી જ રીતે શ્રેણિક મહારાજા, સુલસા શ્રાવિકા, રેવતિ શ્રાવિકા જેવા શ્રાવક રત્નો પ્રભુ ભક્તિથી પ્રાન્તે તીર્થંકર નામકર્મ બાંધી 'તિન્નાણં તારયાણં' બની લાખો ને તારી, પોતે મોક્ષે જશે.

આવી રીતે પરમ પુરુષ જે વીતરાગ પ્રભુ છે તેમના ઉપરનો ગુણાનુરાગ, પ્રેમ, ભક્તિ, તે રાગ, સાધક જીવને પણ 'ગુણગેહ' એટલે અનંતગુણોનો ભંડાર બનાવે છે, અર્થાત્ સાધક પોતે જ કાળાન્તરે પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરે છે. જુઓ ! પ્રીતિ અનુષ્ઠાન મોક્ષનું કારણ થાય છે. !

**પ્રભુજીને અવલંબતા, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ,**
**દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચલ સુખવાસ.**
**(ઋષભ જિણંદશું પ્રીતડી-૬)**

ગણિશ્રી દેવચંદ્રજી એક સમર્થ અધ્યાત્મયોગી છે અને આત્માની અનુભૂતિના ઊંડાણમાંથી આવી અલૌકિક રચના તેમણે કરી છે જે ૨૦૦ વર્ષ પછી પણ આપણને ઉપકારી અને કલ્યાણકારી થાય છે. પ્રીતિ અનુષ્ઠાનથી શરૂ થતી મોક્ષની મંગળયાત્રાનો કેવો સુંદર ક્રમ દર્શાવ્યો છે કે જે સાધક વીતરાગ પરમાત્માના અનંતગુણોને સમજી, ઓળખી, તેમના પર સંપૂર્ણ શ્રદ્ધા-વિશ્વાસથી ભક્તિમાં મગ્ન થાય, તેમના ગુણાનુરાગવાળી પ્રશસ્ત ભક્તિમાં જોડાય તે જીવ પોતાના આત્માનું કલ્યાણ સુગમતાથી અને આનંદ ઉલ્લાસથી મોક્ષમાર્ગમાં આગળ વધે છે અને પ્રાન્તે પોતે પણ પોતાના અનંતગુણોને નિરાવરણ કરીને ભગવાન જેવી જ વીતરાગતા, સર્વજ્ઞતા પામે છે.

પરંતુ આવા મહાનકાર્યની સફળતા માટે ગ્રન્થકાર એક મુખ્ય શરત બતાવે છે જે પાંચમી ગાથામાં આપણે વિચારી ગયા કે જે સાધક સંસારી પદાર્થો, સંસારી સંબંધો અને સમસ્ત પુદ્‌ગલ પદાર્થોમાંથી પ્રેમ, પ્રીતિ, આસક્તિ ઘટાડી, ક્રમે કરી તે પ્રેમ જે વિષભરી પ્રીતડી છે તે તોડી, માત્ર એક પરમાત્વતત્ત્વ પ્રત્યે જ પોતાનો સમસ્ત પ્રેમ, હૃદયની પ્રીતિ, વિશ્વાસ, અર્પણતા, નિષ્કામ ભક્તિ અને સદ્‌ગુરુની આજ્ઞા આરાધવા માટે એકનિષ્ઠાપૂર્વક તૈયાર થાય. પોતાનું જીવન દાવ પર લગાવે, એક પ્રભુના અવલંબનમાં પૂર્ણ વિશ્વાસ (૧૦૦ ટકા) લાવી ને ધર્મ આરાધના કરે તો તે સાધક પણ પોતાના આત્માના ગુણરાશી એટલે પોતાનો આત્મા અનંતગુણોનો સાગર છે જે ગુણો કર્મોથી અવરાયેલા છે. તે નિરાવરણ થઈ ક્ષાયિકભાવે પૂર્ણપણે પ્રગટે અને જ્યારે સર્વ ગુણો ક્ષાયિકભાવે નિરાવરણ થાય ત્યારે કેવળજ્ઞાન, કેવળદર્શન, યથાખ્યાતચારિત્ર આદિ અનંત અનંત ગુણોની રાશી (સમૂહ) પોતાના આત્મામાં પોતાથી જ પ્રગટે, અનુભવે. શાસ્ત્રમાં કહ્યું છે કે :-



**जारिस सिद्धसहावो तारिस सहावो सव्वजीवाणां** (સિદ્ધપ્રાભૃત)

**ભાવાર્થ :** જેવું સિદ્ધ ભગવાનનું સ્વરૂપ છે તેવું જ સર્વ જીવોનું આત્મસ્વરૂપ છે.

આ વાત બરાબર સમજવાની જરૂર છે કે વીતરાગ ભગવાનની આશ્રયભક્તિ કરવાથી વીતરાગભગવાન પોતાના અનંતગુણો આપણને આપતા નથી અને એમની સર્વજ્ઞતા અને વીતરાગતા ઘટતી નથી. તેવી જ રીતે આપણા આત્મામાં આવા અનંત ગુણો બહારથી પણ લાવવાના નથી. આત્મદ્રવ્ય અનંતગુણોનો મહાસાગર છે પરંતુ અજ્ઞાન અને રાગ-દ્વેષના કારણે તે ગુણો પ્રગટ થયા નથી.

અજ્ઞાની જીવોનો આત્મા નિશ્ચયનયથી અનંતગુણોનો ધણી જરૂર છે. પણ તે ગુણો કર્મોથી અવરાયેલા છે. જેમ સૂર્ય ઉપર વાદળા ઢંકાઈ જાય તો સૂર્યનો પ્રકાશ આપણે જોઈ શકતા નથી પણ તેથી સૂર્યનો પ્રકાશ ઘટતો કે વધતો નથી. જ્યારે વાદળા દૂર થઈ જાય ત્યારે સૂર્યનો પ્રકાશ આપોઆપ પ્રકાશી ઉઠે છે. તેવી જ રીતે વિષયકષાયના મલીન ભાવો દ્વારા કર્મોના વાદળા આત્માને આવરણરૂપ અનાદિકાળથી છે પણ જ્યારે જીવ જાગે અને પ્રકરણ ત્રીજામાં આપણે જોયું કે ચાર દુર્લભ અંગો જીવને પ્રાપ્ત થાય - મનુષ્યત્વ, જિનવાણીનું શ્રવણ, શ્રદ્ધા અને જ્ઞાનીની આજ્ઞાનું સંયમપૂર્વક પાલન - આ ચાર કારણોમાં જિનેશ્વર ભગવાનની શ્રદ્ધા, આલંબન અને આશ્રય ભક્તિ મુખ્ય કારણ છે. જ્યારે આવી અમૃત અનુષ્ઠાનવાળી પ્રીતિ, ભક્તિ, જિનાજ્ઞાનું એકનિષ્ઠાથી આરાધન અને આત્મસ્થિરતાનો અભ્યાસ જીવ કરે તો થોડા જ સમયમાં પોતાના આત્મામાં સમ્યક્‌દર્શનથી માંડીને ઠેઠ કૈવલ્યદશા અને સિદ્ધદશા સુધીનું તત્ત્વ જીવ પામી શકે છે. આવી અલૌકિક પ્રીતિ-ભક્તિ-આજ્ઞા આરાધનની ઊંડી સમજણ આ સ્તવનોમાં આ મહાત્માપુરુષોએ નિષ્કારણ કરુણા કરીને આપણને સમજાવી છે.

દેવોમાં ચંદ્રમા સમાન તીર્થંકરદેવની સેવા અમૃત અનુષ્ઠાનવાળી અલૌકિક પ્રીતિ-ભક્તિ-આજ્ઞા આરાધનાથી સાધક આત્મા અવિચળ ગુણગેહ પામે અર્થાત્ અવિચળ એટલે શાશ્વત અવ્યાબાધ અનંત સુખોનો ગેહ એટલે સિદ્ધદશારૂપ સિદ્ધાલયમાં સ્થિતિ કરે જ્યાંથી ક્યારે પણ ફરી જન્મ-મરણના ફેરા કરવાના નથી હોતા અને સાદિ અનંતો કાળ તે આત્મા પરમાત્મદશામાં અનંત સુખોને આસ્વાદે છે. જુઓ આ સિદ્ધદશાનું વર્ણન :

**એક પરમાણું માત્રની મળે ન સ્પર્શતા,**
**પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો,**
**શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,**
**અગુરુ લઘુ અમૂર્ત સહજપદરૂપ જો,**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?**

**પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,**
**ઉર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો,**
**સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,**
**અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?**

**(શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણિત - અપૂર્વ અવસર)**

**નોંધ : મહાત્મા ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત આ ''અપૂર્વ અવસર'' ની અલૌકિક રચનાને આશ્રમ ભજનાવલીમાં પ્રગટ કરી છે. જેનું કાકાસાહેબ કાલેલકરે ઘણું જ બહુમાન કરેલ છે.**



## ૩. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત શ્રી અનંતનાથજીનું સ્તવન

**શ્રી અનંત જિનશું કરો, સાહેલડિયાં,**
**ચોળ મજીઠનો રંગ રે, ગુણવેલડિયાં,**
**સાચો રંગ તે ધર્મનો સાહેલડિયાં,**
**બીજો રંગ પતંગ રે ગુણવેલડિયાં (૧)**

અનંત કર્મોનો નાશ થવાથી જેમણે અનંતજ્ઞાનાદિ ગુણો, સર્વજ્ઞતા અને વીતરાગતા પ્રાપ્ત કરી છે એવા ચૌદમા શ્રી અનંતનાથ ભગવાનનું ગુણગાન કરતા એવા ભવ્ય જીવોને સાહેલડિયા એટલે સન્મિત્રોને શ્રી યશોવિયજી મ. કહે છે કે હે ભવ્ય જીવો ! તમે સાંસારિક પદાર્થો જેવા કે ધન-કુટુંબ, અને ભોગોપભોગના સાધનો ઉપર અનાદિકાળના અજ્ઞાનને લીધે જે અપ્રશસ્તરાગ (અશુભ રાગ) કરી રહ્યા છો તેને દૂર કરી હવે અનંતનાથ પ્રભુ પ્રત્યે **પ્રશસ્ત રાગ કરો** અને તે ભક્તિરાગ **ચોળમજીઠના રંગ** જેવો પાકો, દૃઢ રાગ કરો કે જે ક્યારે પણ ઓછો ન થાય અને જાય જ નહિ. મજીઠ માટે એમ કહેવાય છે કે તેનાથી રંગેલા વસ્ત્રો સમય જતાં ફાટી જાય પણ રંગ તો તાણા-વાણાંમાંથી કદી જાય જ નહિ, ઉતરે જ નહિ. તેવી જ રીતે પ્રભુ પ્રત્યેનો પ્રશસ્તરાગ, પ્રીતિ, રોમેરોમ પરિણવો જોઈએ. પ્રથમ ગાથાના ઉત્તરાર્ધમાં સમજાવે છે કે **પ્રભુ પરનો પ્રશસ્તરાગ તે ખરેખર ''આત્મધર્મ'' પ્રત્યેનો રાગ છે** અને તે જો વધતો રહે અને ટકી રહે તો સત્પુરુષ કે સત્દેવ એવા અનંત નાથ ભગવાન પ્રત્યેનો રાગ સાધકના અનંતભવનું ભ્રમણ ટાળે છે અને તેનો સંસાર હવે અલ્પ થઈ જતાં, પ્રાન્તે તે પ્રશસ્તરાગ શુદ્ધભાવ રૂપે પરિણમે છે અને મોક્ષનું પ્રબળ કારણ બને છે. આત્મિક રાગનો આવો દિવ્ય પ્રભાવ છે કે જીવને શીવ બનાવે છે, જ્યારે સંસારના પુદ્ગલપદાર્થોનો રાગ તે ખોટો છે, પતંગના રંગ

જેવો છે અને ક્ષણમાં ઉડી જાય છે. પતંગ નામનું લાકડું છે, જેનાથી આવો કાચો રંગ બને છે, અને તડકો લાગવાથી તે ઉડી જાય છે. આપણો બધાનો અનુભવ છે કે સંસારમાં **ઋણાનુબંધે** મળેલા સ્વજનો, કુટુંબીજનો પ્રત્યેનો રાગ સ્વાર્થ સચવાય ત્યાં સુધી ટકે છે અને પળવારમાં તે રાગ પલટાઈને અણબનાવ કે માત્ર દુઃખનું કારણ બની જાય છે. જ્યારે પ્રભુ પ્રત્યેનો રાગ તે પ્રીતિ ભક્તિમાં પરિણમે તો સાદિ-અનંતો કાળ ટકે છે અને શ્રી ગૌતમસ્વામીનો રાગ જેમ કેવળજ્ઞાનનું કારણ બન્યું તેવી દિવ્યતા પ્રશસ્તરાગમાં છે.

**ધર્મ રંગ જીરણ નહિ, સા૦ દેહ તે જીરણ થાય. ગુ૦,**
**સોનું તે વિણસે નહિ, સા૦ ઘાટ ઘડામણ જાય. ગુ૦** (૨)

ધર્મની વ્યાખ્યા ભગવાને **વસ્તુ સહાવોધમ્મો** કરી છે અથવા વસ્તુના સ્વભાવને જાણવો, સમજવો તે ધર્મ. અહીં વસ્તુ એટલે આત્મા અથવા પરમાત્માના અંતર વૈભવને જાણીને તેના પર ગુણાનુરાગપૂર્વકનો જે રાગ છે તે પ્રશસ્તરાગ. તે ધર્મરંગ એક વાર મુમુક્ષુને અંતઃકરણમાં થાય, જ્ઞાનીની યથાર્થ ઓળખાણ થાય તો તે ધર્મરંગ કદીય ઉતરતો નથી પણ વધતો જ રહે છે. કદાચ દેહ જીરણ થાય એટલે ઘસાઈ જાય અને નાશ થાય તો પણ મહામુનિ ગજસુકુમાર અને મેતારજ મુનિવરોને મરણાંત ઉપસર્ગ થવા છતાં પણ ધર્મરંગ ઘટવાને બદલે વધ્યો અને તે ધર્મરંગ તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવી, મોક્ષે લઈ ગયો.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના સ્તવનોમાં કવિત્વની દૃષ્ટિએ જોતાં તેઓ ઉપમા અલંકારની રચનામાં ખૂબ જ સમર્થ હતા. આ ગાથાના ઉત્તરાર્ધમાં પ્રભુ પ્રત્યેનો ધર્મરંગ કેવો હોય તેની ઉપમા સોનાના દાગીનાની આપીને સમજાવે છે કે જેમ સોની સોનાના



દાગીનાને અગ્નિમાં નાખીને તેને ગાળીને ટીપી ટીપીને બીજું અલંકાર બનાવે તો પણ તે સોનાનો રંગ નાશ થતો નથી પણ ઉલ્ટાનું તેનો રંગ (Quality) વિશેષ શોભાયમાન થાય છે. પહેલાના દાગીનાની ઘડામણ ચાલી જાય પણ સોનાની ધાતુનો જેમ નાશ થતો નથી તેમ સાચા મુમુક્ષુનો પ્રભુ પ્રત્યેનો આત્મધર્મનો રંગ દેહ જીરણ થાય કે નાશ થાય તો પણ ધર્મ- રંગ જીરણ ન થાય, વધતો જ રહે અને થોડા જ ભવોમાં તે ધર્મરંગ મોક્ષગતિનું અવશ્ય કારણ બને છે આવો અલૌકિક પ્રેમ જે સાધક વીતરાગ પ્રભુ અનંતનાથ ભગવાન પ્રત્યે કરે છે તે અવશ્ય એક દિવસ વીતરાગતા પામે છે. આ ગેરન્ટી છે.

**ત્રાંબુ જે રસવેધિયું, સા૦, તે હોય જાયું હેમ રે, ગુ૦,**
**ફરી ત્રાંબુ તે નવિ હુએ, સા૦, એહવો જગગુરુ પ્રેમ રે. ગુ૦** (૩)

જો ત્રાંબા ઉપર **સુવર્ણસિદ્ધિના** રસનું (રસાયણ) બિંદુ નાખ્યું હોય તો ત્રાંબાનું શુદ્ધ સોનું થઈ જાય તેવી રસાયણ કળા તેમાં હોય છે. અને તે પ્રક્રિયા થયા બાદ તે સોનું બનેલ ધાતુ પછી ક્યારે પણ ફરી ત્રાંબુ થતું નથી, સુવર્ણ જ રહે છે.

તેવી જ રીતે આ ગાથામાં ઉપાધ્યાયજી મ. શ્રી સમજાવે છે કે જગદ્‌ગુરુ એટલે દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાન પ્રત્યે જે સાધકના હૃદયમાં ગુણાનુરાગથી પ્રેમ, બહુમાન, પ્રીતિ થાય છે. તે પ્રેમ સાધકને શ્રદ્ધાગુણ પ્રગટાવે છે. જે શ્રદ્ધા **"સમ્યક્ત્વગુણ"** તરીકે પરિણમે છે અને પહેલા **ઉપશમ** કે **ક્ષાયોપશમિક** સમ્યક્ત્વ પ્રગટે જે પ્રીતિ-ભક્તિ-આજ્ઞા-અસંગ અનુષ્ઠાનના બળથી આગળ જતાં **"ક્ષાયિકસમકિત"** બને છે. અર્થાત્ જે ક્ષાયિકસમ્યક્ત્વ કદીય નાશ પામતું નથી અને ત્રણ કે ચાર ભવમાં સાધકને મોક્ષે પહોંચાડે એવું સબળ હોય છે. જુઓ ! સત્‌દેવ અને સદ્‌ગુરુ પ્રત્યેનો હૃદયનો સાચો પ્રેમ જ્ઞાનીના અંતરંગ ગુણોના અનુરાગથી પ્રગટે તે પ્રેમ અથવા

પ્રશસ્તરાગ મુમુક્ષુને ઠેઠ મોક્ષે લઈ જાય છે તેવી અલૌકિકતા પ્રભુ પ્રત્યેના પ્રેમમાં છે એમ આ ગાથાનો મર્મ છે.

**ઉત્તમ ગુણ અનુરાગથી, સા૦, લહીએ ઉત્તમ ઠામ રે, ગુ૦,**
**ઉત્તમ નિજ મહિમા વધે, સા૦, દીપે ઉત્તમ ધામ રે ગુ૦ (૪)**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી પ્રસ્તુત ગાથામાં જૈન દર્શનના **અધ્યાત્મનો** મહાન સિદ્ધાંત સમજાવે છે. અનાદિકાળથી આ જીવે **લોકસંજ્ઞા** અને **ઓઘસંજ્ઞાથી** જગતના ભૌતિક પદાર્થો અને સાંસારિક સંબંધોનો પરિચય કર્યો છે અને પરિણામે તે સંયોગોનો વિયોગ અથવા તેમાં વધઘટ થવાથી અંતે દુઃખ જ પામ્યો છે. **'ભવાભિનંદી'** જીવનું આ લક્ષણ છે કે જ્યાં સુધી સંસારમાં રહેલા પદાર્થો અને વ્યક્તિઓ પ્રત્યે સુખ-બુદ્ધિ છે ત્યાં લગી તેવા જીવને સાચું સુખ, શાશ્વત સુખ ક્યાં છે તેની દિશાનું પણ ભાન નથી હોતું, પણ જ્યારે કોઈ જીવની કાળલબ્ધિ પાકે અને સાચી તત્ત્વજિજ્ઞાસા અંતરમાં જાગે કે જન્મ-જરા-મૃત્યુના આ ભવભ્રમણમાંથી કેમ છૂટકારો થાય અને તેવા સાચા સુખની પ્રાપ્તિ કેવી રીતે થાય ? આવી સંશોધનબુદ્ધિ ઉત્પન્ન થાય ત્યારે તે જીવ જિનેશ્વરદેવ અને આત્મજ્ઞાની સદ્‌ગુરુની શોધ કરે છે અને તેના સત્સંગમાં, તેમના ગુણાનુરાગથી પ્રેમ-પ્રીતિ-ભક્તિપૂર્વક તેમની સેવા-પૂજામાં જોડાય છે. શ્રીમદ્ આનંદઘનજી આવી દશાવાળા સાધકનું અંતઃકરણ કેવું હોય તે બતાવે છે :-

''ચરમાવર્તે હો ચરમકરણ તથા, ભવપરિણતિ પરિપાક,
દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી, પ્રાપ્તિ પ્રવચન વાક.
સંભવદેવ તે ધુર સેવો સવે રે.
(શ્રી આનંદઘનજીકૃત ત્રીજું સંભવનાથનું સ્તવન)

અનંત પુદ્‌ગલ પરાવર્તનના પરિભ્રમણમાં જ્યારે જીવ છેલ્લા



પરાવર્તનમાં આવે છે ત્યારે તેની મોક્ષે જવાની કાળલબ્ધિ પાકે છે અને સંસારના જન્મ-જરા-મૃત્યુના દુઃખોની પરંપરામાંથી છૂટવાની સાચી જિજ્ઞાસા જાગે છે. ત્યારે આવો જાગૃત સાધક સદ્‌ગુરુનો બોધ પ્રાપ્ત કરી સાચી મુમુક્ષુતાથી અપક્ષપાતપણે પોતાના અનંત દોષોથી મુક્ત થવા, દોષો તપાસે છે. આ દોષો દૂર કરવા તે ઉત્તમ પુરુષો, જ્ઞાની સદ્‌ગુરુનો સત્‌સંગ કરવા પ્રેરાય છે. તેવા જીવને ઉત્તમ પુરુષોના બોધશ્રવણથી, તેમના સત્સંગથી **મિથ્યાત્વ** મંદ પડે છે અને ભલી દૃષ્ટિનો એટલે **સમ્યક્‌દૃષ્ટિનો** ઉઘાડ થાય છે, ધર્મનો સુવર્ણકાળ પ્રગટે છે.

આ રહસ્યને ઉપાધ્યાયજી સમજાવે છે કે જે જીવને આત્મકલ્યાણ કરવું હોય તેણે સંસારીજનોનો સંગ છોડી, જ્ઞાની સદ્‌ગુરુનો સંગ સેવવો જેનાથી જીવનું મિથ્યાત્વ મટે અને શુદ્ધ સમકિતની પ્રાપ્તિ થાય. આગળ આપણે જોઈ ગયા કે આવા પ્રીતિ-ભક્તિના અમૃત અનુષ્ઠાન સેવવાથી સાધક જીવ ખૂબ જ સરળતાથી મોક્ષમાર્ગે આગળ વધી શકે છે અને સમકિત જેમ વધારે નિર્મળ થાય તેમ તે જીવને ક્ષાયિક સમ્યક્‌દર્શન પ્રાંતે થાય ત્યારે તે ગુણાનુરાગ અને આજ્ઞાભક્તિથી અસંગ અનુષ્ઠાનની સાધના કરતાં કરતાં ઉત્તમ કામ એટલે કે જેમ જેમ ઉપરના ગુણસ્થાનક ઉપર ચઢતો જાય છે. તેમ તેમ તે પ્રાંતે મુમુક્ષુ જીવ ઉત્તમ ધામરૂપ મોક્ષપદ (સિદ્ધપદ)ને પામે. આ ચોથી ગાથા ફરી ફરી મુખપાઠ કરીને તેનું મનન-ચિંતન કરવાથી સમ્યક્‌દર્શનના પાંચ લક્ષણો જીવમાં પ્રગટે છે - **શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા** અને **આસ્થા.** ટૂંકમાં, જીવ જે લોઢા જેવો છે તેને સદ્‌ગુરુરૂપી પારસમણીનો ઉત્તમ સંગ થતાં જેમ લોઢું સોનામાં પરિવર્તે છે તેમ સાધક પોતે સિદ્ધ દશાને પામે છે. કેવી કરૂણા છે જિનેશ્વરદેવની !!!

**ઉદકબિંદુ સાયર ભળ્યો, સા૦, જિમ હોય અક્ષય અભંગ રે ગુ૦**
**વાચક યશ કહે પ્રભુ ગુણે, સા૦, તિમ મુજ પ્રેમ પ્રસંગ રે. ગુણવેલડીયા (૫)**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી એક સમર્થ જ્ઞાની, તાર્કિક શિરોમણી અને અધ્યત્મજ્ઞાનના પારગામી તો છે જ. પરંતુ તે સાથે ઉત્કૃષ્ટ કાવ્યરચનાના સામર્થ્ય વડે ઉપમા અલંકારનો સુંદર ઉપયોગ તેમના બધા જ સ્તવનોમાં ખૂબ જ સારી રીતે આપણને જોવા મળે છે. આ સ્તવન મારું અત્યંત પ્રાણપ્રિય છે અને અમેરિકામાં તેના પચાસથી વધારે સ્વાધ્યાયો કરવા-કરાવવાનો સુયોગ સાંપડ્યો છે તે ખરેખર મહાન પુણ્યોદય અને ગુરુકૃપાથી જ શક્ય બને !

ઉદક એટલે જળનું એક બિંદુ જે સાગર એટલે સમુદ્રમાં પડે અને સમુદ્રજળમાં એકમેક થઈ જાય અને તે બિંદુ સાગરમાં **અક્ષય** અને **અભંગ** થઈ જાય, તે સાગરરૂપ થઈ જાય, તેથી ક્યારેય નાશ ન પામે તેમ સાધક જીવ પરમાત્માના ગુણાનુરાગથી, પ્રીતિ-ભક્તિ આદિ અમૃત અનુષ્ઠાનના સેવનથી એવી **અક્ષયસ્થિતિ** અથવા **સિદ્ધદશા** પામે છે કે જેનાથી તે જીવ **અભંગ** એટલે **અમર** થઈ જાય છે. ઉત્તમ પુરુષના સંગનું માહાત્મ્ય ઉપાધ્યાયજી સમજાવે છે કે પ્રભુનાં અનંતગુણ રૂપી સમુદ્રમાં, મારો બિંદુરૂપી હૃદયનો સાચો પ્રેમ ભળી જવાથી, હું પણ તેવી રીતે નિર્ભય થયો છું. જગતના જીવોની સાથે પ્રીત સગાઈ અનંતવાર કરી જેના પરિણામે માત્ર દુઃખી જ થયો. પણ મારો આત્મા જ્યારથી જિનેશ્વર ભગવાનના ગુણાનુરાગમાં, તેમના **બોધશ્રવણથી** ભગવાને સમજાવેલા **નવ તત્ત્વાદિ** બોધનું શ્રવણ, શ્રદ્ધા, પરિણમન કરતાં, તેની પ્રીતિથી હું સદાને માટે પરમ સુખી થઈશ, અથવા પ્રભુના આલંબનથી, ગુરુકૃપાથી, મારી ભક્તિ જેમ જેમ નિર્મળ થશે તેમ તેમ મારો આત્મા પણ **વિશુદ્ધતા** વધારતાં સર્વ કર્મોનો ક્ષય કરી પૂર્ણ **વીતરાગતા, સિદ્ધદશા** પ્રાપ્ત કરશે. આવો પ્રભાવ પ્રભુના ગુણાનુરાગમાં છે તેમ આ સ્તવનામાં ઉપાધ્યાયજી સમજાવે છે. આવી સુંદર સમજણ ઉપાધ્યાયજી ૧૮મા સ્તવનમાં પણ પ્રકાશે છે :-



**“શ્રી અરજિન ભવજલનો તારુ, મુજ મન લાગે વારુ રે,**
**મન મોહન સ્વામી.**

**બાહ્ય ગ્રહી એ ભવજલ તારે, આણે શિવપૂર આરે રે.**
**પ્રભુપદ વળગ્યા તે રહ્યા તાજા, અળલા અંગ ન સાજા રે,**
**વાચક યશ કહે અવર ન ધ્યાઉ, એ પ્રભુના ગુણ ગાંઉ રે.**
**મન મોહન સ્વામી.**

**(ઉપાધ્યાય યશોવિજયજી - ૧૮મું અરનાથ પ્રભુનું સ્તવન)**

ભગવાનનું સાચું શરણું જે લે છે તેને ભગવાન અવશ્ય તારે જ છે. જુઓ પ્રભુભક્તિનો મહિમા !!!

• • •

### ૪. શ્રી મોહનવિજયજી કૃત શ્રી ધર્મનાથ ભગવાનનું સ્તવન

પ્રીતિ ભક્તિ, અસંગ અને અમૃત અનુષ્ઠાનનાં ત્રણ મહાત્માઓના સ્તવનો આપણે ઉપર જોઈ ગયા. હવે ચોથું સ્તવન આ શ્રી મોહન-વિજયજીની ઉત્કૃષ્ટ રચના છે, તેમાં પરમાત્મા પ્રત્યે સાચા સાધકની કેવી પ્રીતિ-ભક્તિ હોય તેનું સુંદર, અલૌકિક વર્ણન આપણને ખરેખર ભક્તિરસમાં ડૂબાડે તેવી અણમોલ રચના છે અને મોહન-વિજયજીનું આ સ્તવન મારું ખૂબ જ પ્રિય સ્તવન છે, જાણે રોમેરોમ તેનો ભક્તિરસ ટપકે છે !

**હાંરે મારે ધર્મ જિણંદશું, લાગી પૂરણ પ્રીત જો,**
**જીવલડો લલચાણો જિનજીની ઓળગે રે લો,**
**હાં રે મુને થાશે કોઈક સમયે પ્રભુ સુપ્રસન્ન જો,**
**વાતલડી તવ થાશે મારી સવિ વગેરે લો. (૧)**

શ્રી મોહનવિજયજી એક સમર્થ આત્મજ્ઞાની અને પ્રભુના અનન્ય

ભક્તિભાવથી સભર, **નૈસર્ગિક કવિ** હતા અને એમના સ્તવનોની શૈલી એક વિશિષ્ટ, આગવી, ભાવભીની ભક્તિરસથી છલકે છે.

શ્રી ધર્મનાથ ભગવાનને સંબોધિને કહે છે કે, હે પ્રભુ ! મને તમારા પ્રત્યે, એટલે તમારા અનંતગુણોમાં હૃદયથી ઉત્કૃષ્ટ પ્રીતિ બંધાણી છે અને તેથી મારો **જીવલડો** એટલે મારું હૃદય તન, મન સર્વે તમારી ઓળગે એટલે તમારી સેવામાં, **આશ્રય ભક્તિમાં** અહોરાત લીન છે, તમારા **ગુણરૂપી પરાગમાં** મારું મન રૂપી ભ્રમર મગ્ન જ રહે છે. આવી પ્રીતિ, ભક્તિ અને શ્રદ્ધા પ્રભુ પર શ્રી મોહનવિજયજીને હૃદયમાં જાગી છે તેથી તેમને ખાત્રી છે કે એક દિવસ પ્રભુ મારા ઉપર ખૂબ જ પ્રસન્ન થશે. મને દર્શન દેશે, ત્યારે હું નાના બાળકની જેમ સરળતાથી મારા મનની બધી વાતો તેમને જણાવીશ. આ ગાથામાં એક ઊંડો મર્મ તેમણે જણાવ્યો છે કે જેના હૃદયમાં પ્રભુની સાચી ભક્તિ જાગે છે. તે સંસાર ભૂલી જાય છે અને જીવ નિર્ભય થઈ જાય છે. ‘હરિનો મારગ છે શૂરાનો.’

**હાં રે પ્રભુ દુર્જનનો ભંભેર્યો મારો નાથ જો,**
**ઓળવશે નહીં ક્યારે કીધી ચાકરી રે લો,**
**હાં રે મારા સ્વામી સરખો કુણ છે દુનિયામાંહિ જો,**
**જઈએ રે જિમ તેહને ઘર આશા કરી રે લો.** (૨)

આ ગાથામાં કવિ પોતાની અનુભૂતિ, આત્મવિશ્વાસ અને પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાના બળથી કહે છે કે દુર્જનનો ભંભેર્યો મારો નાથ, એટલે અહિંયા બે પ્રકારના દુર્જનની વાત જણાવે છે. એક પ્રકારના દુર્જન તે હોય છે કે જે ઈર્ષા કે અદેખાઈથી મારી નિંદા કરે અને બીજો મોહરૂપી દુર્જન એવો હોય છે કે જે મારા મનને કલુષિત ભાવમાં પાડી નાખે. આવા દુર્જન પણ કદાચ મારા વિષે ભગવાનને કાન ભંભેરીને આડું અવળું સમજાવે તો પણ મારા ભગવાન મારી સેવા-ચાકરી કદી



ભૂલશે નહિ, મારી ભક્તિની કદર કરશે અને મારા પર અમીદૃષ્ટિ કરશે જ એવી મારી શ્રદ્ધાપૂર્વકની ખાત્રી છે. વળી મારા જિનેશ્વર ભગવાન તો **અનંતગુણનિધાન** છે, વીતરાગ છે, અને કરુણાના સાગર છે, તથા તેમની સરખામણીમાં દુનિયામાં કોઈ દેવ નથી કે જેમને ત્યાં આત્મજ્ઞાનની આશા રાખીને જઈ શકાય ! આ ગાથામાં પ્રભુ પ્રત્યેની અલૌકિક ભક્તિ અને જ્ઞાનીનો આશ્રય ભક્તને કેવો નિર્ભય અને શૂરવીર બનાવે છે તેની પ્રતીતિ આપણને થાય છે ! આવા પ્રભુની શરણાગતિથી શું થાય તે હવે પછીની ગાથામાં અદ્‌ભુત પ્રભુભક્તિનો રસાસ્વાદ જોવા મળે છે.

**હાં રે, પ્રભુ અંતરજામી જીવન પ્રાણાધાર જો,**
**વાયો રે નવિ જાણ્યો કળિયુગ વાયરો રે લો,**
**હાં રે પ્રભુ લાયક નાયક ભક્તવચ્છલ ભગવંત જો,**
**વારુ રે ગુણ કેરા સાહિબ સાયરુ રે લો** (૩)

હે પરમકૃપાળુ દેવ ! આપ તો અંતરયામી છો કારણ કે આપ સર્વજ્ઞ છો. વળી આપ અમારા જીવનના આધાર છો, અર્થાત્ અવલંબન છો. તમારા જેવા ત્રણ લોકના નાથની કૃપા અમારા ઉપર હોવાથી આ હળાહળ પંચમકાળમાં જન્મ્યા હોવા છતાંય કળીયુગનો ઝેરીલો વાયરો, કલુષિત વાતાવરણ અમને જરાય જાણે અડતો જ નથી. વલી આપ પરમાત્મા અમારા મોક્ષમાર્ગના સાચા નાયક, સુકાની છો અને અનંતગુણોના **રત્નાકર** છો, સમુદ્ર છો અને આપના અનંત ઉપકારોને સંભારીને અમે તો ગુણાનુરાગ, પ્રમોદભાવ અને વીર્યોલ્લાસથી, તમારી શ્રદ્ધારૂપી નાવમાં ભવસાગર પાર કરી જ જઈશું. આવી અલૌકિક ભક્તિ જેના હૃદયમાં હોય તેને પ્રભુનો વિરહ કેવો લાગે તે આગળની ગાથામાં જોઈએ.

**હાં રે પ્રભુ ! લાગી મુજને તાહરી માયા જોર જો,**
**અળગા રે રહેવાથી હોય આસંગલો રે લો,**
**હાં રે કુણ જાણે અંતરગતિની વિણ મહારાજ જો,**
**હેજે રે હસી બોલો છાંડી આમળો રે લો.** (૪)

અનંતગુણો જેના નિરાવરણ થયા છે, જે સર્વજ્ઞ બન્યા છે, જે વીતરાગ થયા છે અને જે ભગવાન અનંત કરુણાના સાગર છે એવા ભગવાન પ્રત્યે અમારા હૃદયમાં એટલો પ્રબળ પ્રેમનો ધોધ વહે છે કે હે પ્રભુ ! તમારાથી અમે હવે અળગા, જુદા રહી શકીએ તે શક્ય જ નથી ! આવી અમારી અંતરની વ્યથા, વેદના, હૃદયની વાતો આપ જેવા સર્વજ્ઞ ભગવાન સિવાય બીજા કોણ જાણી શકે ? માટે હે કરુણાના સાગર પ્રભુ, આપ આપના **મનનો આગ્રહ** એટલે **આમળો** છોડી દઈ એક વાર હસીને કહી દો અર્થાત્ આપની અમીદૃષ્ટિ અમારા પર કરો તો અમારી બધી વ્યથા, વિરહ, દુઃખ દૂર થઈ જશે. આ ગાથામાં આપણને ભક્તકવિ મીરાબાઈનું પદ યાદ આવે છે કે ''યેરી મેં તો પ્રેમદીવાની, મેરા દરદ ન જાને કોઈ !' આવી વિરહવેદના હજી વધારે સુજ્ઞતાથી અને તીવ્રતાથી આગળની ગાથામાં જોવા મળે છે :-

**હાં રે તારે મુખને મટકે અટક્યું મારું મન જો,**
**આંખલડી અણિયાળી કામણગારડી રે લો,**
**હાં રે મારા નયણાં લંપટ જુએ ખિણખિણ તુજ જો,**
**રાતે રે પ્રભુરૂપે ન રહે વારિયા રે લો.** (૫)

આચાર્ય સમંતભદ્ર દેવાગમ સ્તોત્રમાં ભગવાનને કહે છે કે હે દેવ ! અમે તમારા સમવસરણના પ્રતિહારીઓની શોભાથી કે સોના-મોતીના છત્રોથી અંજાયા નથી, તેવું તો માયાવી દેવો પણ રચી શકે છે. અમે તો હે દેવ ! તમારી વીતરાગતા અને સર્વજ્ઞતા ઉપર મુગ્ધ



બન્યા છીએ કે એવી અલૌકિકતા બીજા કોઈ દેવોમાં જોઈ નથી. તેવી જ રીતે આ ગાથામાં મોહનવિજયજી મહારાજ કહે છે કે, હે વીતરાગ પરમાત્મા ! આપની વીતરાગ મુખમુદ્રા નીરખીને અમારું ચંચળ મન પણ તમારા ઉપર સ્થિર થઈ જાય છે અને **''પ્રશમરસનિમગ્ન''** એવી આપની આંખોમાં **''શાંતસુધારસ ઝીલતી''** મુદ્રા અમને દેખાય છે એવી કામણગારી તમારી અણીયાણી આંખો છે. જેનાથી અમારા મનને, હૃદયને જાણે સંસાર માત્ર માયાનું જ સ્વપ્ન લાગે છે, ને આપ પ્રભુ તો **કેવળજ્ઞાનની** ઝળહળતી મૂર્તિ છો એવું અમને પ્રકાશમાન લાગે છે તેથી રાતે કે દિવસે અમારી આંખો તમને જોતાં ધરાતી જ નથી.

જે સાધકના હૃદયમાં વીતરાગ પરમાત્માના અનંતગુણોની સાચી ઓળખાણ હોય, અને અલૌકિક ગુણાનુરાગ હોય, તે મુમુક્ષુના મન-વચન-કાયાના યોગો ભગવાનના ચરણોમાં automatically સ્થિર થઈ જાય. કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ આને **''રૂપસ્થધ્યાન''** કહે છે. આવી સાધનાથી સાધક **''સમાપત્તિધ્યાન''** પણ પામી શકે તેમ શ્રી હરિભદ્ર આચાર્ય યોગદૃષ્ટિ સમુચ્ચયની ૬૪મી ગાથામાં સમજાવે છે જે આપણે જોઈ ગયા છીએ. ''ગુરુભક્તિ સે લહો તીર્થપતિપદ.''

**હાં રે પ્રભુ, અલગા તો પણ જાણજો કરીને હજૂર જો,**
**તાહરી રે બલિહારી હું જાઉં વારણે રે લો,**
**હાં રે કવિ રૂપવિબુધનો મોહન કરે અરદાસ જો,**
**ગિરુઆથી મન આણી ઉલટ અતિ ઘણો રે લો.** (૬)

હે પ્રભુ ! આપ મોક્ષમાં બિરાજો છો અને **સાતરાજ (અસંખ્યાત કોડાકોડી યોજન)** ના આંતરે છો, પણ તમે અમારા મનમાં બિરાજો જ છો એવી અમારી શ્રદ્ધા છે તેથી હે પ્રભુ, તમે તો અમારા મનમંદિરમાં જ છો માટે અમે આપની સેવામાં હંમેશા હાજર જ

છીએ. તમારા અનંતગુણોના પ્રશસ્તરાગથી પ્રમોદભાવથી હું વારી જાઉં છું અને તમારા ગુણગાન કરતાં અમારા હૃદયમાં આનંદના જાણે ઉભરા આવે છે !!! આવી રીતે આ ભક્તિરસથી ઉછળતા સ્તવનમાં કવિવર કે જે પંડિત એવા શ્રી રૂપવિજયજી નામના મુનિના શિષ્ય શ્રી મોહનવિજયજી મેરૂગિરિ પર્વતથીય મોટા જેમના ગુણો છે એવા ધર્મનાથ ભગવાન પ્રત્યે મનમાં ઘણો જ હર્ષ અને વીર્યોલ્લાસપૂર્વક અરદાસ એટલે વિનંતી કરે છે કે હે પ્રભુ ! અમારા ઉપર કૃપા કરીને તમારી અમીદૃષ્ટિ કરજો જેથી અમે ધન્ય થઈ જઈએ.

આ સ્તવનો મુખપાઠ કરી ફરી-ફરી તેની સ્તવના કરવાથી ચિત્ત પ્રસન્નતા અવશ્ય પ્રાપ્ત થશે. આ મારો અનુભવ છે અને ધીમે-ધીમે મનની મલીનતા દૂર થશે અને સાચી મુમુક્ષુતા પ્રગટશે. ભવરોગને ટાળવા આ ભક્તિયોગ તે ''સંજીવની ઔષધિ'' સમાન છે.

• • •



# પ્રીતિ અનુષ્ઠાન પ્રકરણનો સાર

આ પ્રકરણમાં આપણે ચાર મહાત્માઓના અલૌકિક સ્તવનોની વિચારણાં કરી અને તેનો સાર આપણા આત્મકલ્યાણ માટે પરિણમન કરીએ તો અવશ્ય આપણું કલ્યાણ થાય. જે પ્રેમ-પ્રીતિ આ જીવે અનાદિકાળના સ્વરૂપવિષેના અજ્ઞાનથી, જગતના પદાર્થો પ્રત્યે અને વ્યક્તિઓમાં અહંભાવ, મમત્વભાવથી કાલ્પનિક સુખની શોધમાં વેડફી છે તે જ પ્રેમ, પ્રીતિ એકવાર જો આ જીવ જિનેશ્વર ભગવાનના અનંતગુણો સદ્‌ગુરુના બોધથી સમજી, શ્રવણ કરી, તે પ્રીતિ જ્યારે સત્ દેવ, સદ્‌ગુરુ અને કેવલી ભગવાને પ્રરૂપેલા ધર્મ પ્રત્યે કરે ત્યારથી તેની મોક્ષની મંગળયાત્રા શરૂ થઈ જાય છે. **ભૌતિક પદાર્થો** પ્રત્યેનો **અશુભ રાગ** જ્યારે ભગવાનના ગુણોમાં **પ્રમોદભાવથી** થાય ત્યારે તે **શુભ રાગ** અથવા **પ્રશસ્તરાગ** બને છે અને તે અંતે **શુદ્ધભાવમાં** પરિણમે છે અને જીવનું **સંસાર પરિભ્રમણ** મટે છે અને તેને પ્રભુ અવલંબનથી પ્રાંતે સિદ્ધદશા પ્રાપ્ત થાય છે. આ વાત આપણે નેમનાથ ભગવાન અને રાજુલના પ્રસંગથી સમજીએ.

જ્યારે નેમકુમાર રાજુલને પરણવા જઈ રહ્યા હતા ત્યારે પશુડાનો પોકાર સાંભળીને રથ પાછો વાળી, નેમનાથ પ્રભુ દીક્ષા લે છે અને રાજુલને આ સમાચાર મળતાં રાજુલ ઘણો જ વિલાપ કરે છે. પણ ત્યારે તેમની મુમુક્ષુતા જાગૃત થઈ ગઈ અને તરતજ ભગવાન નેમનાથના ચરણે અવલંબનપૂર્વક પોતે જ દીક્ષિત થઈને અદ્‌ભૂત કાર્ય કર્યું તેનું વર્ણન શ્રીમદ્ દેવચંદ્રજીના બનાવેલા ૨૨મા સ્તવનમાં જોઈએ:-

**''રાજુલ નારી રે સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતોજી,**
**ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતોજી.**

**રાગી સંગે રે રાગદશા વધે, થાયે તિણે સંસારોજી,**
**નિરાગીથી રે રાગનું જોડવું, લઈએ ભવનો પારો જી.''**
**(શ્રીમદ્ દેવચંદ્રજીનું બનાવેલું ૨૨મું નેમનાથ ભગવાનનું સ્તવન)**

જેવી રીતે રાજીમતિએ આત્મજાગૃતિથી સંસારને ક્ષણવારમાં U-Turn મારીને ભગવાન નેમનાથના ચરણોમાં સમર્પણભાવે આત્મસાધના કરીને પોતે ભગવાન નેમનાથ કરતાં પહેલાં મોક્ષ પામ્યા, તેવી જ રીતે આ પ્રીતિ અમૃત અનુષ્ઠાનની અલૌકિકતા સમજી આપણે આ દુર્લભ મનુષ્યભવને સફળ કરીએ, તેવી પ્રભુપ્રાર્થના. આ પ્રભુ પ્રત્યેના ગુણાનુરાગ, પ્રીતિ-ભક્તિ તે જ **વ્યવહાર સમકિત** છે અને આજ્ઞા અને અસંગ અનુષ્ઠાનમાં તેનું ફલ આત્મ અનુભવ અને પ્રાંતે મોક્ષ છે એમ આપણે હવે વિસ્તારથી આગળ વધીને સમજીએ.

# પ્રકરણ : ૮ ભક્તિ-અમૃત-અનુષ્ઠાન ભક્તિયોગ સ્તવનોનું વિવેચન

''ઘણાં ઘણાં પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે.'

**(શ્રીમદ્ રાજચંદ્ર-વચનામૃત પત્રાંક ૨૦૧)**

''શ્રી સદ્ગુરુ ભક્તિ રહસ્ય'' ના કાવ્યમાં શ્રીમદ્ રાજચંદ્રજી આપણને ખૂબજ સ્પષ્ટતાથી સમજાવે છે કે સાચા સદ્ગુરુની ઓળખાણ, શ્રદ્ધા થયા વગર પરમાત્મા પ્રત્યે અલૌકિક ભક્તિ જીવમાં ઉત્પન્ન થતી જ નથી. આ પદની ૨૦ ગાથાઓ છે જે સર્વ સાધકોએ સમજવા યોગ્ય છે. અત્રે માત્ર ચાર-પાંચ ગાથાઓ વિષે થોડી સમજણ બતાવીને પછી આપણે ભક્તિયોગના ચાર અણમોલ સ્તવનો વિચારીશું.

**હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ,**
**હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ.**

**અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન,**
**સેવ્યાં નહિ ગુરૂ સંતને, મૂક્યું નહિ અભિમાન.**

**સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક,**
**પાર ન તેથી પામીયો, ઉગ્યો ન અંશ વિવેક.**

**સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય,**
**સત્‌સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય ?**

**પ્રભુ પ્રભુ લય લાગી નહિ, પડ્યો ન સદ્‌ગુરુ પાય,**
**દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ?**

**(શ્રીમદ્ રાજચંદ્ર - વચનામૃત ૨૬૪)**

**ભાવાર્થ :-** આ જીવે અનાદિકાળથી લૌકિકભાવે ધર્મની આરાધના કરી હશે પણ પોતાના દોષો ભણી દૃષ્ટિ જ કરી નથી અને સાચી મુમુક્ષુતા ક્યારે પણ પ્રાપ્ત થઈ નથી. સત્પાત્રતા અથવા મુમુક્ષુતાના ગુણો પ્રાપ્ત કર્યા નથી તેથી હું અનંતકાળથી ભવ સંસારમાં આથડ્યો, ભવભ્રમણ કર્યું, પણ પોતાનું માન, અજ્ઞાન, કષાયોને ઓળખ્યા જ નહીં તો મારું કલ્યાણ કેવી રીતે થાય ? વળી સંત જ્ઞાની સદ્‌ગુરુને ઓળખ્યા વગર, તેમનો આશ્રય લીધા વગર જે જે સાધન કર્યા તેનાથી અંશમાત્ર પણ વિવેક પ્રગટ્યો નહીં એટલે શું કરવાથી કલ્યાણ થાય તે જાણ્યું નહીં. તેથી ધર્મના નામે હે પ્રભુ ! તપ, જપ, શાસ્ત્ર અભ્યાસ, સત્સંગ, ક્રિયાઓ કરી તે નિષ્ફળ થયાં. કારણ કે આ જીવે પોતાના દોષો પોતે તપાસ્યા નથી અને પોતાના દોષો જાણીને કાઢ્યા વગર કર્મનું બંધન કેવી રીતે જાય ?

આવી રીતે જ્યારે સાધક પોતાના દોષોનું Introspection અર્થાત્ **અંતરંગ દોષોનું અવલોકન** કરે અને તે દોષોને ટાળવા સમર્થ જ્ઞાનીપુરુષનું અવલંબન લે ત્યારે જ તેના દોષો પકડાય અને જ્ઞાનીની આશ્રયભક્તિથી તે દોષો ક્રમે કરીને ઢીલા થાય અને અનુક્રમે નાશ પામે. તો સાધક જીવે પહેલો એકડો જે ઘુંટવાનો છે તે ઉપરના પદોમાં શ્રીમદ્‌જીએ સ્પષ્ટતાથી બતાવ્યો છે તેની શરૂઆત KG માં કરવાની છે. એકવાર જીવ જાગૃત થાય અને જ્ઞાની સદ્‌ગુરુની ઓળખાણ,



શ્રદ્ધા, ભક્તિ તેના હૃદયમાં જાગે ત્યાર બાદ મોક્ષમાર્ગની યાત્રા સરળતાથી આગળ વધે. આપણે આગળના પ્રકરણમાં જોઈ ગયા કે મોક્ષમાર્ગની મંગળયાત્રા સત્‌દેવ અને સદ્‌ગુરુ પ્રત્યે સાચો પ્રેમ, પ્રીતિ અને અર્પણતાથી શરૂ થાય છે. આવી ભૂમિકા જે સાધકની હોય તેણે હવે જ્ઞાનીની અને પરમાત્માની ભક્તિ કરવાથી શું પ્રાપ્ત થાય, કેવું કલ્યાણ થાય અને ભક્તિરસનો આસ્વાદ કેવો અમૃતનો સમુદ્ર છે તે હવે આપણે આગળના સ્તવનોનાં માધ્યમથી વિચારીએ.

### ૧. અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી કૃત શ્રી વિમલનાથ ભગવાનનું સ્તવન :-

**દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ,**
**ધિંગધણી માથે કિયો રે, કુણ ગંજે નર બેટ,**
**વિમલ જિન, દીઠાં લોયણ આજ,**
**મારા સિધ્યાં વાંછિત કાજ... વિમલજિન૦ (૧)**

**ભાવાર્થ :-** સાચા સાધકની પ્રભુભક્તિ તો કેવી દિવ્ય અને અલૌકિક હોય અને ભગવાનની પ્રતિમાજીના દર્શન થતાં કેવો આનંદ અને **વીર્યોલ્લાસ** પ્રગટે તેનો તાદશ ચિતાર પ્રથમ ગાથામાં શ્રી આનંદઘનજી સમજાવે છે :-

શ્રી વિમલનાથ ભગવાનનાં દર્શન થતાં આજે મારા સર્વ **દુઃખ** અને **દોહગ** એટલે **દૌર્ભાગ્ય** દૂર ચાલ્યા ગયા. કારણકે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અને અનંતસુખના સાગર એવા દેવાધિદેવના દર્શન થવાથી મારો આત્મા પણ તેવા જ ગુણોનો ભંડાર છે તેવું ભાન થયું. તેથી હું અત્યંત આનંદ અનુભવું છું. અનાદિકાળથી દેહમાં જ આત્મબુદ્ધિ કરી અનેક કલ્પનાઓ કરીને હું દુઃખી થતો હતો. પણ સદ્‌ગુરુના તત્ત્વશ્રવણથી પરમાત્માના દર્શન થતાં પ્રભુની જેમ હું પણ

અનંત **અવ્યાબાધ** સુખ સંપત્તિ પામી શકુ એવી તત્ત્વ સમજણ મને થઈ અને હું ખરેખર ધન્ય બની ગયો, મારા સર્વ દુઃખો દૂર થયાં. હવે મેં ધીંગધણી પરમાત્મા શ્રી વિમલનાથ પ્રભુનો ધર્મ અને તેમની આજ્ઞાને મારા મસ્તકે ચડાવી છે કારણ કે જિનેશ્વરદેવ, નિર્ગ્રંથ ગુરુ અને કેવલી પ્રકાશિત ધર્મનું મેં શરણું સ્વીકાર્યું છે. તેથી **નરખેટ** એટલે અધમ પુરુષ અથવા મારા અંતરંગ **વિષય-કષાય**ના **ભાવશત્રુ**ઓ હવે મને ગંજે અથવા જીતી શકે તેમ જ નથી. કારણ કે આજે મેં લોયણ એટલે **અંતરચક્ષુ, દિવ્યનયણ**થી એટલે **ભાવચક્ષુવડે ભગવાનનો અંતરવૈભવ (અનંતગુણચતુષ્ક)** જોયો છે અને **નિશ્ચયનયથી** મારો આત્મા પણ અનંતગુણોનો સાગર છે જે ભગવાનની ભક્તિથી મને નિરાવરણ ગુણોની પ્રાપ્તિ થશે. તેથી મારા સર્વ વાંછિત કાર્યો સિદ્ધ થઈ ગયા, હું ધન્ય ધન્ય થઈ ગયો !!!

**મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ,**
**રંક ગણે મંદર ધરા રે, ઈંદ ચંદ્ર નાગિંદ**
**વિમલજિન દીઠા લોયણ આજ.** (૨)

હે ભગવાન ! મારા મનરૂપી ભમરો આપના અનંત ગુણોરૂપી પરાગવાળા ચરણકમળ પ્રત્યે લીન થયો છે તેથી હવે મારું મન સોનાનો મેરૂ પર્વતને, ઈંદ્રલોક કે ચંદ્રલોક ત્થા નાગેન્દ્રલોકને પણ તુચ્છ ગણે છે, કારણકે તે ઋદ્ધિ-સિદ્ધિ નાશવંત છે. સાચા ભક્તને જ્યારે સદ્‌ગુરુકૃપાથી ભગવાનના અનંત ગુણોરૂપી અંતરવૈભવ ભાવચક્ષુથી દેખાય છે ત્યારે તેનું ચિત્ત ભગવાનના ચરણોમાં એવું સ્થિર થાય છે કે જગતની સર્વ રિદ્ધિ સિદ્ધિ, સોનાનો મેરૂ પર્વત અને ઈંદ્ર કે ચંદ્રનો વૈભવ નાશવંત હોવાથી તેને રાંક જેવા લાગે છે. સાચો સાધક જાણે છે કે ચક્રવર્તિરાજાનું પદ, ઈન્દ્રનું પદ આદિ સર્વ વૈભવો પુણ્યના યોગે મળ્યા છે અને તે પુણ્ય નાશવંત છે તેથી તે પદનો ક્ષય થવાનો જ છે. જ્યારે પ્રભુના અનંત



ગુણોનું દર્શન થવાથી હવે મારે મારા મનને, મારા ચિત્તને પ્રભુભક્તિ, પ્રભુના ગુણગાન, અને તેમની આશ્રય ભક્તિમાં લીન કરી, તેમના ગુણાનુરાગથી જ મારા અંતરની નિર્મળતા પ્રાપ્ત કરવા હું તત્પર થયો છું. આવી ભક્તિ જેના હૃદયમાં પ્રગટે છે તેને જાણે રત્નચિંતામણી સમાન પ્રભુના દર્શન થયા છે તેથી મારા બધાં જ મનોરથ સફળ થશે. હવે પ્રભુ કેવા પરમ ઉદાર છે તે કહે છે :

**સાહેબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર,**
**મન વિસરામી વાલહો રે, આતમચો આધાર,**
**વિમલજિન દીઠાં લોયણ આજ** (૩)

હે પરમકૃપાળુ દેવ ! હે સાહેબ ! આપ તો અનંતગુણોના ધારક દેવાધિદેવ છો અને ત્રણ લોકના નાથ છો. વલી આપ પરમ ઉદાર છો. એટલે અમારા જેવા દીન સાધકને અમારી આત્મસંપત્તિ કેમ પ્રાપ્ત થાય તે માટેનો સંપૂર્ણ મોક્ષમાર્ગ આપે પ્રકાશ્યો છે. તે અમારા અહોભાગ્ય છે ! આપ **"તિન્નાણં તારયાણં"** છો.

મુમુક્ષુ જીવને સદ્‌ગુરુના તત્ત્વશ્રવણથી જ્યારે ભગવાને પ્રકાશેલા નવ તત્ત્વ અને આત્માના સ્વભાવ અને વિભાવની સાચી સમજણ મળે છે ત્યારે તેનું મન જગતનાં પોદ્‌ગલિક પદાર્થોમાં નથી ભટકતું પણ ભગવાનના અનંત ગુણોમાં સ્થિર થાય છે. આ ભક્તિ નયથી ભગવાન મારા ચંચળ ચિત્ત અને અસ્થિર મનને સ્થિર કરવાના જંગમ તીર્થ સમાન છે, માટે અમારા વહાલા છો, અર્થાત્ અમને પરમપ્રિય છો. વળી આપ સાહેબ મારા આત્માના કલ્યાણ કરનાર હોવાથી મારા આધાર છો, અવલંબન છો, સફરી જહાજ છો. આવી શ્રદ્ધા અને આશ્રયભક્તિ જે સાધકને થાય તે પ્રભુના દર્શનથી વ્યવહાર સમકિતને પામે છે એવું આગમવચન છે. આચાર્યદેવ શ્રી કુંદકુંદ ભગવાન પ્રવચનસારની ૮૦મી ગાથામાં આ ગંભીર તત્ત્વને પ્રકાશે છે :-

**"જે જાણતો અરિહંતને, ગુણ દ્રવ્યને પર્યાય પણે,**
**તે જાણતો નિજ આત્મને, તસુ મોહ પામે લય ખરે."**
**(આચાર્યદેવ કુંદકુદ રચિત પ્રવચનસાર ગાથા ૮૦)**

અર્થાત્ જે સાધક અરિહંત પરમાત્માને **દ્રવ્ય, ગુણ અને પર્યાયના નિરાવરણ** પામેલા અનંત ગુણોને સદ્‌ગુરુ બોધથી સમ્યક્‌પણે જાણે છે તે પોતાનો આત્મા પણ સ્વભાવથી (દ્રવ્ય અને ગુણથી) તેવો જ શુદ્ધ છે અને પર્યાયમાં જે વિભાવ અથવા રાગાદિ ભાવો છે. તેનો નાશ કરવાનો સરળ ઉપાય જિનભક્તિ છે તે સારી રીતે જાણે છે.

આ ગાથાનો મર્મ હવેની ગાથામાં સ્પષ્ટ દેખાશે.

**દરિશણ દીઠે જિનતણું રે, સંશય ન રહે વેધ,**
**દિનકર કરભર પસરતાં રે, અંધકાર પ્રતિષેધ.**
**વિમલજિન દીઠાં લોયણ આજ...(૪)**

વીતરાગ પરમાત્માનું દર્શન એટલે જિનાગમમાં પ્રકાશેલા ભગવાનના અનંત ગુણોનો અંતર વૈભવ શ્રી સદ્‌ગુરુના બોધ શ્રવણથી જે જાણ્યો હતો તેવો જ મારા ભાવચક્ષુથી, દિવ્યચક્ષુ જે સદ્‌ગુરુએ આપ્યા છે, તેનાથી પ્રભુનું સમ્યક્-દર્શન થવાથી હવે મને મારા હૃદયમાં પૂર્ણ પ્રતીતિ થઈ છે કે શ્રી અરિહંત પરમાત્મા વીતરાગ છે અને સર્વજ્ઞ છે એમાં તલભાર શંકા નથી. આ ગંભીર તત્ત્વદર્શનને સમજાવવા સમર્થ અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી સુંદર ઉપમા આપીને સમજાવે છે કે જેવી રીતે રાતનો ઘોર અંધકાર સૂર્યનો પ્રકાશ પથરાતાં દૂર થઈ જાય છે અને આખું જગત તે પ્રકાશમાં સ્પષ્ટ દેખાય છે, તેવી જ રીતે અનાદિકાળનો મિથ્યાદૃષ્ટિ જીવ જે પુદગલપદાર્થોમાં જ સુખબુદ્ધિથી વર્તતો હતો તેને પ્રભુના સમ્યક્ દર્શનથી, પ્રભુનું અંતરવૈભવ સદ્‌ગુરુ બોધથી પોતાનો આત્મા પણ **નિશ્ચયનયે** શુદ્ધ જ ભાસે છે અને



તેના સર્વ સંશયો, ભય તથા શોક દૂર થઈ જાય છે. આ ગાથાના મર્મને સમજવા શ્રીમદ્ રાજચંદ્રનો એક અમૃત પત્ર અત્રે વિચારીએ તો જ્ઞાનીનું માહાત્મ્ય ખરેખર સમજાશે :-

"અહો ! સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ ! સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર, **દર્શનમાત્રથી** પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ત સંયમ અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના કારણભૂત, - છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર ! ત્રિકાળ જયવંત વર્તો - ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ"

(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક ૮૭૫)

જ્ઞાની પુરુષોની વચનયોગની સમર્થતા આપણને ઉપરના પત્રાંકમાં જોવા મળે છે. સત્પુરુષ, જ્ઞાની ભગવંતનો વચનબોધ, તેમની વીતરાગ મુખમુદ્રા અને તેમનો સત્સમાગમ આવો ત્રિવેણી સંગમ સાધક જીવની મંગળમોક્ષયાત્રાનું પ્રબળ અને સર્વોત્કૃષ્ટ કારણ અર્થાત્ નિમિત્ત છે. સદ્‌ગુરુના બોધથી આગમ શાસ્ત્રોનું તત્ત્વજ્ઞાન જ્યારે સાધક જાગૃતિ અને જિજ્ઞાસાપૂર્વક સાંભળીને તેવા અમૃત અનુષ્ઠાનોની સાધના કરે છે ત્યારે તેનો સુષુપ્ત આત્મા જે અનાદિકાળથી **મોહનિદ્રામાં સૂતેલો હતો** (અંધકારમાં રખડતો - ભટકતો હતો) તે જાગૃત થાય છે અને "ધર્મ" જે પડતી વૃત્તિને ધારણ કરે છે તેની આરાધનાથી જ્ઞાનીના દર્શન અર્થાત્ યથાર્થ ઓળખાણ, સમ્યક્‌શ્રદ્ધા અને સમ્યક્‌જ્ઞાન વડે પોતાના સ્વરૂપની તેને સમ્યક્ પ્રતીતિ થાય છે અને આગળના ગુણસ્થાનકોમાં તે અપ્રમત્ત નામનું ૭મું ગુણસ્થાનક પ્રાપ્ત કરી, ક્ષપક શ્રેણી માંડી, ૧૩મે ગુણસ્થાનકે કેવળજ્ઞાન પામે છે અને પ્રાંતે અયોગી ગુણસ્થાનક (૧૪મું ગુણસ્થાનક) પ્રાપ્ત કરી સાદિ

અનંતકાળ સિદ્ધાલયમાં બિરાજે છે ! જે સાધકને સાચા સદ્‌ગુરુનો સુયોગ પ્રાપ્ત થાય અને નિરંતર તેમના સત્સમાગમ કરતાં **ઓઘદૃષ્ટિ**માંથી **યોગદૃષ્ટિ**માં આવી, સમ્યક્‌દર્શન પ્રાપ્ત કરે તેવા સાધકના હૃદયમાં જ્ઞાનીનું માહાત્મ્ય કેવું હોય તે હવેની ગાથામાં જોઈએ : ''અહો ! જિનવાણી જાણી તેણે માણી''

**અમિયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય,**
**શાંત સુધારસ ઝીલતી રે, નીરખત તૃપ્તિ ન હોય.**
**વિમલજિન દીઠા લોયણ આજ. (૫)**

હે પ્રભુ ! આપની મૂર્તિ - પ્રતિમાજી તો અમિયભરી એટલે અમૃતનો ઘનપિંડ અથવા અમૃતનો સાગર જાણે હોય તેવું ભાસે છે. એના જેવી આ રચનાની ઉપમા આપી શકાય તેવી જગતમાં કોઈ વસ્તુ જ નથી. વળી હે નાથ ! આપે તો રાગ-દ્વેષ અને અજ્ઞાન તથા સર્વઘાતિ કર્મોનો ક્ષય કરીને પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતા આદિ અનંતગુણોને પ્રાપ્ત કરીને ભોગવો છો અને આપની વીતરાગ મુખમુદ્રા જાણે શાંત સુધારસ એટલે અમૃતનો ધોધ નિરંતર વહેતો હોય તેવી અનુપમ અને અલૌકિક છે. તેથી આપની વીતરાગમુદ્રાને વારંવાર જોવા છતાંય તૃપ્તિ જ થતી નથી. એવી મોહનગારી આપની મૂર્તિ છે. મહાત્મા કબીરજીએ એક પદમાં વીતરાગ પ્રતિમા વિષે અદ્‌ભૂત પોતાનો અનુભવ વ્યક્ત કર્યો છે :-

**''મોક્ષકી નીશાની, દેખ લે જિન પ્રતિમા !''**
**(સંત કબીર વાણી)**

મંગળાચરણમાં આપણે જણાવેલું કે ગૌતમસ્વામી પાસેથી ૧૫૦૦ તાપસોએ દીક્ષા લીધી ત્યાર પછી ભગવાનના અનંતગુણોનું વર્ણન સાંભળતા સાંભળતા, રસ્તામાં જ ૫૦૦ તાપસો કેવળજ્ઞાન પામ્યા, આગળ વધતાં તેમને ભગવાન મહાવીરના સમવસરણનાં



દર્શન થતાં બીજા ૫૦૦ તાપસો કેવળજ્ઞાન પામ્યા અને સમવરસણ નજીક આવતાં દેવાધિદેવ ભગવાન મહાવીરના દર્શન થતાં બાકીના ૫૦૦ કેવળ જ્ઞાન પામ્યા !!! આપણા હૃદયમાં ભગવાનના દર્શન કરતાં, દેરાસરમાં ચૈત્યવંદન કરતાં આવું માહાત્મ્ય જાગે તો અવશ્ય કલ્યાણ થાય જ.

હવે ઉપસંહારમાં પોતાની એકમાત્ર યાચના પ્રભુને કરે છે :-

**એક અરજ સેવક તણી રે, અવધારો જિનદેવ,**
**કૃપા કરી મુજ દીજીએ રે, આનંદઘન પદ સેવ.**
**વિમલજિન દીઠા લોયણ આજ ... (૬)**

હે પ્રભુ ! કૃપા કરીને મને આપના આનંદઘનરૂપ ચરણકમળની સેવા આપો. અહીં સેવા એટલે ભગવાને પ્રકાશેલા બધા જ અનુષ્ઠાનોની આજ્ઞાપૂર્વક આરાધના કરવાની કૃપા માગે છે જેથી મારો મનુષ્યજીવન સફળ થઈ જાય. પરંતુ તે સાથે પ્રભુની સેવા કરવી તે કેવી યોગ્યતા માગે છે તે આનંદઘનજીના ૧૪ મા સ્તવનની એક ગાથા અત્રે વિચારવા મૂકી છે :-

**''ધાર તરવારની સોહલી, દોહલી, ચૌદમા જિનતણી ચરણ સેવા,**
**ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના-ધાર પર ન રહે દેવા. (૧)**

**(શ્રી આનંદઘનજી કૃત અનંતનાથ ભગવાનનું સ્તવન)**

આગળના ૧૩મા સ્તવનની છેલ્લી ગાથામાં શ્રીમદ્‌ આનંદઘનજી મહારાજ પ્રભુના ચરણકમળની સેવાની યાચના કરે છે. તેથી આપણને પ્રશ્ન થાય કે માગી માગીને પ્રભુની સેવા માત્ર કેમ માગી ? આપણે સામાન્યપણે બધા જૈનો દેરાસર જઈએ છીએ, ઘણા નવકારશી તથા ચોવિહાર પણ કરે છે, નિયમિતપણે ચૈત્યવંદન, સામાયિક વગેરે કરીએ જ છીએ તો તે સેવા જ થઈને ? તે સંશય દૂર કરવા

આનંદઘનજી આપણને સમજાવે છે કે તરવારની ધાર પર જેમ બાજીગરો ચાલે છે તેમ આપણે Practice થી તરવારની ધાર પર કદાચ ચાલી શકીએ પરંતુ જિનેશ્વર ભગવાનની સેવા સમ્યક્પણે કરવી કેટલી દોહિલી એટલે દુર્લભ છે, કઠીન છે, કારણ કે જેમ જેમ સાધકની મુમુક્ષુતા પ્રભુભક્તિથી વધારે પ્રગટે છે તેમ તેમ ભગવાનનું અંતરવૈભવ, અનંતગુણોની સાચી ઓળખાણ અને બહુમાન થાય છે.

આપણા સૌના હૃદયમાં શ્રી જિનેશ્વરદેવ, નિર્ગ્રંથ ગુરુ અને કેવલી ભગવંતે પ્રરૂપેલ ધર્મની સાચી શ્રદ્ધા, ભક્તિ અને આજ્ઞાનું આરાધન ગુરુકૃપાથી સમ્યક્પણે થાય તેવી પ્રભુજીને પ્રાર્થના.

• • •

## ૨. ગણીશ્રી દેવચંદ્રજી કૃત
## શ્રી મહાવીરસ્વામી ભગવાનનું સ્તવન

શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજના સ્તવનોમાં અદ્ભૂત **દ્રવ્યાનુયોગ** (તત્ત્વજ્ઞાનથી સભર) અને ભક્તિયોગની ગંગા-જમનાનો ઉત્કૃષ્ટ સંગમ જોવા મળે છે. આ સ્તવન તો દરેક જૈન શ્રાવકે મુખપાઠ કરી, નિયમિતપણે તેની ભક્તિ-પરાવર્તના અર્થ જાણીને કરવી તેથી સંપૂર્ણ મોક્ષમાર્ગની સાધનાનો ક્રમ આ પદોમાં દર્શાવ્યો છે તે સમજવો જરૂરી છે. મારું અત્યંત પ્રાણપ્રિય આ સ્તવન (બધા જ સ્તવનો આ પુસ્તકમાં select કર્યા તે બધા જ મારા રોમરોમમાં ભક્તિભાવના મોજા ઉછાળે છે) અને ઘણાં સ્વાધ્યાયો કરાવવાનો સુયોગ મને પ્રાપ્ત થયો છે. શ્રીમદ્ આનંદઘનજી અને શ્રીમદ્ દેવચંદ્રજીના સ્તવનોનો ભાવાર્થ સાથે ભક્તિ થાય તો અવશ્ય અંતરશુદ્ધિ થાય જ અને મોક્ષનો દરવાજો ખૂલી જ ગયો એમ મારી અનુભૂતિ કહે છે. આ મહાત્મા પુરુષોનું બહુમાન કરતાં સંતોષ જ નથી થતો અને આ પુસ્તક લખતાં



જે દિવ્ય આનંદની મને અનુભૂતિ થઈ છે તે તો હું ખરેખર ગુરુકૃપા અને દેવકૃપાનું ફળ સાક્ષાત મળ્યું હોય તેમ ભક્તિભાવે નિવેદન કરું છું. તો ચાલો આપણે સુંદર રાગમાં ગવાય તેવી આ સ્તવના શરૂ કરીએ :-

**તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી, જગતમાં એટલું સુજશ લીજે,**
**દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણો, દયાનિધિ દીન પર દયા કીજે...**
**તાર હો તાર પ્રભુ......(૧)**

આ સ્તવનમાં આ પુસ્તકનું હાર્દ સમાયેલું છે અને આત્મસાધનાના ચારે અમૃત અનુષ્ઠાનોની સંક્ષેપમાં સમજણ આપણને સમજવા મળે છે. જ્યારે જીવની કાળલબ્ધિ પાકે અને તેને પોતાના આત્માનું કલ્યાણ કરવાની અંતરજિજ્ઞાસા જાગે ત્યારે તે તીર્થંકરદેવ મહાવીર સ્વામી ભગવાન અને તેમના સાચા આરાધક સદ્ગુરુ આ બંન્નેના શરણે જઈ દાસત્વભાવે, ભક્તિભાવે જે પ્રાર્થના કરે છે તે કેવી સુંદર હોય છે. તે પ્રથમ ગાથામાં જોવા મળે છે :-

હે પરમકૃપાળુ દેવ ! હે દીનાનાથ ! મુજ સરીખા સેવક, દાસ ભણી દયા દૃષ્ટિ કરી મને આ સંસાર સમુદ્રથી તારો, પાર કરો, અવશ્ય પાર ઉતારો. મને તારવાથી તમારું **"તિન્નાણં તારયાણં"** બિરૂદ જગતમાં સુજશ મેળવશે અને તમારી કીર્તિ જગતભરમાં પ્રસરી જશે આવી દાસત્વભાવની વિનંતી કરે છે. વળી મુમુક્ષુતાના મુખ્ય લક્ષણો પોતાના દોષ અપક્ષપાતતાપણે જોઈને પ્રભુ આગળ તેની આલોચના કરતાં કહે છે કે, હે પ્રભુ ! હું તો રાગ-દ્વેષ અને અજ્ઞાનથી ભરેલો છું, વિષય-કષાયોથી મારું અંતરકરણ સર્વથા મલીન છે એવા આ સેવકને પોતાનો દાસ જાણી હે દયાના સાગર ! મારા જેવા દીન, રાંક, અનાથ અને તત્ત્વશૂન્ય ઉપર દયા કરો અને શરણાગતિ આપીને સંસારથી તારો. કારણકે આપના સિવાય મારો કોઈ આધાર નથી.

આ વિનંતી કરતાં કરતાં, શ્રીમદ્ દેવચંદ્રજી માર્મિક રીતે ચત્તારિ મંગલમ્‌ના ચારે શરણાની શરણાગતિ ગર્ભિત કરીને દાસની ભક્તિ કેવી અલૌકિક બનાવી દે છે તે ખરેખર ખૂબ જ અદ્‌ભુત અને અપૂર્વ ભક્તિભાવથી ભરપૂર છે.'

**રાગદ્વેષે ભર્યો, મોહ વૈરી નડ્યો, લોકની રીતિમાં ઘણુંય માતો,**
**ક્રોધ વશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો, ભમ્યો ભવમાંય હું વિષય માતો.**
**હે તાર હે તાર (૨)**

હે પ્રભુ ! હું રાગદ્વેષથી ભરેલો છું અને અનાદિકાળથી સ્વરૂપના અજ્ઞાનને કારણે તીવ્ર અંધકારમાં જીવું છું. મેં ક્યારેય આપ પરમાત્માના દર્શન સમ્યક્‌પણે કર્યા જ નથી અને આઠેય કર્મોનો ચક્રવર્તિરાજા મોહ તેના દર્શનમોહ અને ચારિત્રમોહરૂપી આત્માના શત્રુઓએ મને ઘેરી લીધો છે. તેથી આ લોકની એટલે સંસારની રીત રીવાજોમાં જ સાચું સુખ માની લોકરંજનમાં ઘણો જ રાચી-માચીને હું રહું છું. વળી મારા અહંભાવ અને મમત્વભાવને લીધે (હુંપણું અને મારાપણાંના ભાવો) મારું ધાર્યું ન થાય, મારી ઈષ્ટ વસ્તુ ન મળે તો ક્રોધવશ વાતવાતમાં ધમધમી જાઉં છું, તપી જાઉં છું અને મારા મનમાં વેરવિરોધ વધારતો જાઉં છું. આવા **વિષય-કષાયના** તીવ્રભાવો જે **આર્ત** અને **રૌદ્રધ્યાન**માં મને નિરંતર ડૂબાડી રાખે છે તેને લીધે **આત્માના શુદ્ધગુણોને** કદી જાણ્યા નથી, સાંભળ્યા નથી, તો તેમાં રમણતા તો ક્યાંથી કરી શકું? હે પ્રભુ ! હું **બહિરાત્મભાવે** દેહમાં જ આત્મબુદ્ધિને લીધે પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં તીવ્ર લુબ્ધતા કરી, ઘોર કર્મો બાંધી, ચારે ગતિવાળા સંસારમાં અનાદિકાળથી રખડું છું. હવે હે નાથ ! મને કૃપા કરીને તારો ! જુઓ! દેવચંદ્રજી જેવા સમર્થ આત્મજ્ઞાની, અધ્યાત્મયોગના પ્રબુદ્ધ જ્ઞાની, ભગવાન આગળ ગૌતમસ્વામીની જેમ નાના બાળક તરીકે જાણે કાલાવાલા કરે છે ! આવા દાસત્વભાવથી



ભક્તિ કરવી તે જ અમૃત અનુષ્ઠાન છે અને આ સ્તવનમાં આવી અલૌકિક ભક્તિ શબ્દે શબ્દે ગુંથાઈ છે તે સમજીને આપણા હૃદયમાં આવી ભક્તિ પ્રગટે તેવી પ્રાર્થનાથી હવેની ગાથામાં અનાદિકાળની આપણી લૌકિક ક્રિયા કેવી નિર્માલ્ય છે તેનો અણસાર બતાવે છે, જેથી આપણે **ક્રિયા જડતા, શુષ્કજ્ઞાનીપણું, લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞાનો** ત્યાગ કરી અમૃત અનુષ્ઠાનોને ભક્તિભાવે સાધીએ.

**આદર્યું આચરણ, લોકઉપચારથી, શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો,**
**શુદ્ધ શ્રદ્ધાન વળી, આત્મ અવલંબવિનું, તેહવો કાર્ય તેણે કોઈ ન સીધો.**
**હે તાર હો તાર પ્રભુ....(૩)**

હે પ્રભુ ! મારા જીવે લોકોના કહેવાથી, દેખાદેખીથી, લોકસંજ્ઞાથી, મતિકલ્પનાથી ધાર્મિક ક્રિયાઓ જેવી કે છ આવશ્યકાદિ, જપ, તપ, ચૈત્યવંદન, પ્રતિક્રમણ અને માસખમણ, પૂજા સુધીના કાર્યો કર્યા. વળી થોડો જ્ઞાનાવરણીયકર્મોનો ક્ષયોપશમ થવાથી ધાર્મિક ગ્રન્થો, શાસ્ત્રોનો અભ્યાસ પણ કંઈક કર્યો. પરંતુ હે નાથ ! આત્માના લક્ષ્ય વગર અને જ્ઞાની સદ્‌ગુરુને ઓળખ્યા વગર, જ્ઞાનીની આજ્ઞાનું અવલંબન લીધા વગર ધર્મના બધા જ સાધનો કર્યા, પણ તેથી મારું આત્મકલ્યાણ થયું જ નહિ. અર્થાત્ મને મારા સ્વરૂપની, આત્માના શુદ્ધ સ્વરૂપની ઓળખાણ, શ્રદ્ધા અને અનુભૂતિરૂપે સમ્યક્‌દર્શન પ્રાપ્ત થયું નહિ તેથી ''સૌ સાધન બંધન થયા'' આવી મારી અધમાધમ દશા છે. માટે હે દીનાનાથ ! મને તમારો દાસ ગણીને કૃપા કરીને તારો. હે પ્રભુ ! આપ તો ખરેખર **''સરણ દયાણં, ચખ્ખુદયાણં, અને મગ્ગદયાણં છો, તિન્નાણં તારયાણં''** છો. માટે તમારા સિવાય મને બીજો કોણ તારે ? પ્રથમની ત્રણ ગાથાઓમાં બહિરાત્માની કેવી અજ્ઞાન દશા હોય તેનું વર્ણન કર્યું અને તેવા ઓઘદૃષ્ટિવાળાની ધાર્મિક ક્રિયાઓ કેવી લૌકિકભાવથી થાય તે સમજાવ્યું. તે બધી ધર્મક્રિયાઓ

કરવા છતાંય આત્મલક્ષ ન થવાથી સંસારપરિભ્રમણ ઘટવાને બદલે વધતું જ રહ્યું છે. પરંતુ જ્યારે જીવની કાળલબ્ધિ પાકે અને સાધક જીવને સાચા સદ્‌ગુરુ ભગવાનનો યોગ, ઓળખાણ, શ્રદ્ધા થાય ત્યારે જ તે જીવ બહિરાત્મબુદ્ધિ છોડીને ધીમે ધીમે અંતરાત્મદૃષ્ટિવાળો થાય છે. અર્થાત્ દેહમાં આત્મબુદ્ધિનું અજ્ઞાન ટાળવા, હવે તે આત્માનું સાચું સ્વરૂપ જાણવા જિજ્ઞાસાપૂર્વક પ્રભુ પાસે પ્રાર્થના કરે છે તે હવેની ગાથામાં સમજાવે છે.

**સ્વામી દરિસણસમો, નિમિત્ત લઈ નિર્મલો,**
**જો ઉપાદાન એ શૂચિ ન થાશે,**
**દોષ કો વસ્તુનો, અહવા ઉદ્યમ તણો,**
**સ્વામી સેવા સહી નિકટ લાશે.**
**તાર હો તાર પ્રભુ....(૪)**

અગાઉ ત્રીજા પ્રકરણમાં આપણે મોક્ષમાર્ગના ચાર દુર્લભ અંગો- મનુષ્યજીવન, જિનવાણીનું શ્રવણ, જિનવચન પર શ્રદ્ધા અને આજ્ઞાપાલનપૂર્વક સંયમી જીવન -આના વિષે વિસ્તારથી જોઈ ગયા.

એ ચાર દુર્લભ અંગોના અનુસંધાનમાં આ ચોથી ગાથામાં શ્રીમદ્ દેવચંદ્રજી જૈનદર્શનનું એક ઉત્તમ તત્ત્વ પ્રકાશે છે. કોઈ પણ કાર્ય કરવામાં **'નિમિત્ત'** અને **'ઉપાદાન'**ની જરૂરીયાત અવશ્ય હોય છે. તો મોક્ષરૂપી કાર્ય માટે અઢાર દોષથી રહિત એવા શ્રી મહાવીર સ્વામી પ્રભુથી ઉપદિષ્ટ જૈનદર્શન જેવું ઉત્તમ નિમિત્ત પ્રાપ્ત થવા છતાં, જો ઉપાદાન એવો મારો આત્મા શૂચિ અથવા પવિત્ર, શુદ્ધ થશે નહિ તો વસ્તુનો જ દોષ છે અર્થાત્ મારા આત્માનો જ દોષ છે. અથવા મારા ઉદ્યમ એટલે મારા પુરુષાર્થની જ ખામી છે. **નિશ્ચયનયથી** બધા આત્મા સિદ્ધસમાન છે પણ તે સિદ્ધપણાના અનંતગુણો, જગતના સંસારી જીવોમાં કર્મોથી અવરાયેલા છે, પ્રગટ થયા નથી. આવા



ગુણો જે દ્રવ્યમાં હોય તે દ્રવ્ય આત્મા છે અને તે મોક્ષ પ્રાપ્ત કરવાનું મુખ્ય ઉપાદાન કારણ છે. પરંતુ જેમ દીવાસળીમાં અગ્નિ રહેલ છે પણ પ્રગટ નથી, તેમ આપણા આત્મામાં સિદ્ધત્વ દ્રવ્યદૃષ્ટિથી ભરેલું છે, પણ પ્રગટ નથી. તે પ્રગટ કરવા તીર્થંકરદેવ, સાચા સદ્‌ગુરુ અને કેવળી પ્રરૂપેલ ધર્મ તે ત્રણ નિમિત્ત કારણ છે, તેમની સેવાભક્તિ તે ઉત્તમ નિમિત્ત છે. આ ગાથામાં સમજાવે છે કે મને મનુષ્ય દેહ મળ્યો, જૈન ધર્મ પ્રાપ્ત થયો અને જિનવાણી સમજવાનો ઉત્તમ યોગ પ્રાપ્ત થયો છતાંય જો મારો આત્મા મોક્ષમાર્ગનાં અમૃત અનુષ્ઠાનો સાધવાનો પુરુષાર્થ કરવામાં ન જોડાય તો મારો જ વાંક છે. માટે જાગૃત જીવ પ્રભુની આગળ પ્રતિજ્ઞાપૂર્વક કહે છે કે, હે નાથ ! દુર્લભ મનુષ્યદેહ, જિનવાણી અને સત્શાસ્ત્રનો યોગ અને સદ્‌ગુરુના બોધથી હવે તમારી સેવા, આજ્ઞા આરાધું જેથી મારો મનુષ્યભવ સફળ થાય અને મારી મોક્ષની મંગળયાત્રા શરૂ રાખવા સાથે દિન પ્રતિદિન આગળ વધુ. માટે હે પ્રભુ ! મને તારો, મારા ઉપર કૃપા કરો, કૃપા કરો ! આવી રીતે હૃદયની પ્રાર્થના કરીને હવે એક અત્યંત લબ્ધિગાથામાં માત્ર ચાર લીટીમાં સંપૂર્ણ મોક્ષમાર્ગની સાધના અલૌકિક રીતે શ્રીમદ્ દેવચંદ્રજી પ્રકાશે છે. આ ગાથાનો મર્મ બહુ જ સમજવાની જરૂર છે :

**સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે,**
**દરિસણ શુદ્ધતા તેહ પામે,**
**જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,**
**કર્મ ઝીપી વસે મુક્તિ ધામે.**
**તાર હો તાર પ્રભુ - (૫)**

સ્વામી એટલે રાગ-દ્વેષ અને મોહ આદિ સર્વ દોષો જેમણે સંપૂર્ણપણે ક્ષય કર્યા છે એવા શ્રી અરિહંત પરમાત્મા તે ભવ્યજીવોના

ધર્મોપદેશ દ્વારા તારક હોવાથી શરણને યોગ્ય છે અને જિનેશ્વર ભગવાનના અનંત ગુણોને સદ્‌ગુરુના તત્ત્વશ્રવણ વડે બરાબર સમજીને અત્યંત ગુણાનુરાગથી જે ભજશે, અલૌકિક ભક્તિભાવે સેવા, અને આજ્ઞા આરાધનમાં જોડાશે તે સાધકને ''દરીશણ શુદ્ધતા'' એટલે સૌ પ્રથમ સમ્યક્‌દર્શન નામનો અમૂલ્ય ગુણ પ્રગટશે. ભગવતીસૂત્ર નામના પાંચમા આગમ સૂત્રમાં આ જ વાતનું સમર્થન છે તે શ્રીમદ્‌ રાજચન્દ્રજીની દૃષ્ટિએ જોઈએ :

**''આ જીવ ને આ દેહ એવો ભેદ જો ભાસ્યો નહિ,**
**પચ્ચખાણ કીધા ત્યાં સુધી, મોક્ષાર્થ તે ભાખ્યા નહિ,**
**એ પાંચમે અંગે કહ્યો, ઉપદેશ કેવળ નિર્મળો,**
**જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો''**
**(શ્રીમદ્‌ રાજચંદ્રજી કૃત - જ્ઞાન મિમાંસા પદ ગાથા ૩)**

અર્થાત્‌, આ જીવ અને આ દેહ એમ બન્ને સાવ જુદા દ્રવ્યો છે તેમ જો ભાસ્યા નથી, પોતાના ચૈતન્ય સ્વરૂપનો અનુભવ થયો નથી ત્યાં સુધી જે કોઈ પચ્ચક્ખાણ કે ત્યાગ, તપ, આદિ કરવામાં આવે તે મોક્ષાર્થે થતા નથી. સમ્યક્‌દર્શન (આત્માની અનુભૂતિ) પછી જ સર્વ ક્રિયાઓ મોક્ષાર્થે સફલ છે એમ પાંચમા અંગમાં, ભગવતીજીસૂત્રમાં ભગવાને ઉપદેશ્યું છે.

પ્રસ્તુત સ્તવનની હવે આ પાંચમી ગાથાની ચમત્કૃતિ બરાબર સમજીએ. સ્વામીગુણ ઓળખી એટલે તીર્થંકરદેવના અનંત ગુણો જેવા કે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત સુખ, અનંત વીર્ય સૌ પ્રગટ થયા છે, ચાર ઘાતિકર્મોનો ક્ષય થવાથી સર્વ ગુણો નિરાવરણ (પ્રગટ) થયા છે તે પરમાત્માના સમ્યક્‌પણે દર્શન ભાવચક્ષુથી જેને થાય તે સાધક સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ કરે છે. અને આગમમાં કહ્યું છે તેમ સાધકની મોક્ષયાત્રા સમકિતગુણની પ્રાપ્તિ થયા બાદ જ શરૂ થાય છે. સમકિત



ગુણ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી બીજી ક્રિયા શુભભાવનું કારણ બને પણ મોક્ષ પ્રાપ્તિનું કારણ ન બને. માટે તે સમ્યક્ત્વ ગુણ સૌથી પ્રથમ આવશ્યક છે.

અને સમ્યક્ત્વ ગુણ પ્રગટે ત્યારે યુગપત્‌ (એક જ સાથે) જ્ઞાન પણ સમ્યક્‌જ્ઞાન કહેવાય છે. સમ્યક્ત્વગુણ પ્રગટવાથી સાધકને વીતરાગ પરમાત્મા, તેમનો પ્રરૂપેલો દયામૂલ ધર્મ, નવ તત્ત્વ, છ દ્રવ્યો, આત્માના છ પદ વગેરેની સમ્યક્‌શ્રદ્ધા અને સમ્યક્‌જ્ઞાન થાય છે. તેથી તેની મોહદશા જલ્દી નાશ પામવા લાગે છે. જેમ **શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા** અને **આસ્થા** જે સમકિતના પાંચ લક્ષણો છે. તે જેમ જેમ વિશુદ્ધતા પામે છે તેમ તેમ તે સમ્યક્‌ચારિત્રની પણ વિશુદ્ધતા કરતો આગળ વધે છે. આગળ જતાં તે સમકિત **ક્ષયોપક્ષમ** માંથી **ક્ષાયિકસમકિત** પરિણમે છે અને ૪ થી ૧૨ ગુણસ્થાનકો ઉત્કૃષ્ટ તપ અને વીર્યના ઉત્કૃષ્ટથી ક્ષપકશ્રેણી આરોહણ કરીને સર્વ **ઘાતિકર્મોનો** ક્ષય કરી, ૧૩મે ગુણ-સ્થાનકે સર્વજ્ઞતા અને સંપૂર્ણ વીતરાગતા પ્રાપ્ત કરે છે. આવી પરમાત્મદશા પ્રગટ કરી અંતે ચારે અઘાતિ કર્મોનો ક્ષય કરી તે **અયોગી કેવળી** ભગવાન સિદ્ધદશા પ્રાપ્ત કરી સાદિ-અનંત કાળ સિદ્ધાલયમાં બિરાજે છે અને સંપૂર્ણ મુક્તદશા પ્રગટવાથી સર્વ કર્મનો ક્ષય થયો છે. તેથી તે **''નમો સિદ્ધાણં''** પદ પ્રાપ્ત કરે છે. સિદ્ધ બને છે.

શ્રીમદ્‌ દેવચંદ્રજીની આ Mastery છે, સમર્થતા છે કે દ્રવ્યાનુયોગ અને ભક્તિયોગની એવી સુંદર સંકલના કરી છે કે આપણને લાગે કે આ તો કાવ્ય છે અથવા સ્તવન ગાઈએ છીએ. પરંતુ આવી અલૌકિક પદોની રચનામાં આવા આગમના ગૂઢ રહસ્યો ભક્તિયોગથી પ્રગટ કરવા તે અપૂર્વ અને ઉત્કૃષ્ટ જ્ઞાનસામર્થ્ય હોય તેવા મહાત્માઓ જ કરી શકે. અગણિત વંદન હો આ મહાત્માને કે આવા દિવ્ય પદોની રચના કરીને જૈન સમાજ ઉપર અનંત ઉપકાર કર્યો છે. આ પાંચમી

ગાથા મુખપાઠ કરીને તેની અર્થ સહિત અનુપ્રેક્ષા કરવાથી જ્ઞાનાવરણીય કર્મોનો જલ્દી ક્ષય થઈ શકે છે. **મોક્ષપ્રાપ્તિનો આ મહામંત્ર છે.**

**જગત્ વત્સલ મહાવીર જિનવર સુણી,**
**ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો,**
**તારજો બાપજી, બિરૂદ નિજ રાખવા,**
**દાસની સેવના રખે જોશો.**
**તાર હો તાર પ્રભુ......(૬)**

જગત દિવાકર, જગત કૃપાનિધિ, ત્રણેય લોકના સમસ્ત જીવોના હિત કરનાર હોવાથી જગત વત્સલ અર્થાત્ શરણદયાણં, તિન્નાણં તારયાણં, એવા શ્રી મહાવીર જિનેશ્વરની વીતરાગવાણીને સાંભળીને મારું ચિત્ત આપ પ્રભુના ચરણકમળમાં વાસ કરી રહ્યું છે. ભગવાનની વાણી માત્ર વાણી નહીં પણ જાણે અમૃતની વૃષ્ટિ થઈ રહી હોય તેવી ઉપમા સાથે શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી મ.ની નીચેની ગાથામાં જણાવી રહ્યા છે :-

**''ગિરુઆ રે ગુણ તુમતણા, શ્રી વર્ધમાન જિનરાયા રે,**
**સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મલ થાયે કાયા રે.''**
**(ઉપાધ્યાય યશોવિજયજી કૃત મહાવીરસ્વામી સ્તવન)**

ઉપાધ્યાયજી આ ગાથામાં કહે છે કે ભગવાન મહાવીરની વાણી કેવી છે કે સાંભળતા સાધકના કાનમાં અને હૃદયમાં જાણે અમૃતની વૃષ્ટિ થતી હોય તેવી મીઠી અને મધુરી છે અને પ્રભુના અનંતાગુણોનું બહુમાન મનમાં ઉભરાતાં જાણે મારું અંતઃકરણ અથવા મારો આત્મા જ નિર્મળ થાય છે, કષાયને મંદ કરે તેવી પવિત્ર વાણી શ્રી મહાવીર પ્રભુની છે !!!

શ્રી દેવચંદ્રજી આ છઠ્ઠી ગાથામાં પ્રભુની વાણી સાંભળતાં



પોતાનું ચિત્ત તે વાણીમાં જ સ્થિર થઈ ગયું છે તેમ સમજાવે છે અને પછી દાસત્વભાવે પ્રભુને ''હે બાપજી !'' કહીને સંબોધે છે કે જગતના તાત, જગત પિતા, મારી સેવા અને આજ્ઞાપાલનનાં થતા દોષો પ્રત્યે નહિ જોતાં, પણ આપનું તારક બિરૂદને રાખવા માટે પણ આ સેવકને તારજો. આ દાસત્વભક્તિયોગનું અદ્ભુત વચન છે કે, જાણે પોતાના સમસ્ત દોષોની આલોચના કરી, શ્રી દેવચંદ્રજી પ્રભુને યાચના કરે છે કે હું તો અનંત દોષનું ભાજન છું પણ તમારું દીનાનાથનું બિરુદ, તમારું તિન્નાણં-તારયાણંનું બિરૂદ, તેને સાચવવા પણ મને તારો. મારી સેવા-ભક્તિમાં ખામી હોય તે આપ ગણકારતા નહીં, માત્ર ''શરણદયાણં''નું બિરુદ રાખવા મને હે નાથ, આપના શરણમાં લઈ ભવસાગરથી તારો.

**વિનતિ માનજો, શક્તિ એ આપજો,**
**ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે,**
**સાધી સાધક દશા, સિદ્ધતા અનુભવી,**
**દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે.**
**તાર હો તાર પ્રભુ.......(૭)**

આ સ્તવનની છેલ્લી ગાથામાં શ્રીમદ્ દેવચંદ્રજી મ. ભગવાનને યાચના કરે છે કે હે, પ્રભુ ! મારી એક વિનંતિ આપ સ્વીકારજો અને મને તમારી સ્યાદ્વાદશૈલીથી યુક્ત જિનવાણી જે વસ્તુધર્મને, આત્માના ગુણધર્મોને **નિત્ય-અનિત્ય, એક-અનેક, અસ્તિ-નાસ્તિ, ભિન્ન-અભિન્ન** પણે પ્રકાશે છે તે મને યર્થાથપણે, સમ્યક્પણે સમજાય તેવી મને **ક્ષયોપશમ બુદ્ધિ** આપજો.

શ્રીમદ્ દેવચંદ્રજી એક સમર્થ જ્ઞાની, દ્રવ્યાનુયોગના પ્રબુદ્ધ

અધ્યાત્મયોગી હતા તે તો તેમના સ્તવનોની રચના જ સાખ પૂરે છે. છતાંય, પોતે ભગવાન આગળ શ્રી ગૌતમસ્વામીની જેમ બાળક બનીને કાલાવાલા કરે છે કે હે પ્રભુ ! તમારી **પાંત્રીશ અતિશય યુક્ત** સ્યાદ્વાદ રસથી ઉછળતી, **અવિસંવાદી** અને **ભવદુઃખવારિણી, શીવસુખકારિણી** એવી જિનવાણીને હું સંપૂર્ણ ભાવોથી સમજું, અનુભવું એવી શક્તિ આપજો. અર્થાત્ ગર્ભિત રીતે શ્રી દેવચંદ્રજીએ ભગવાન આગળ જાણે કેવળજ્ઞાન માગી લીધું કે જેથી ભગવાનની વાણી સર્વ નયોથી સમજાય તેવી સર્વ સ્યાદ્વાદથી પૂર્ણપણે સમજાય, અનુભવાય જે કેવળી ભગવાન જ સંપૂર્ણપણે જાણે છે.

અંતમાં ભગવાનને પોતાની ભાવના જણાવે છે કે આપ કૃપા કરો જેથી ચોથાથી બારમા ગુણસ્થાનક સુધીની સાધક દશા હું પૂર્ણપણે સાધી શકું, અને પ્રાંતે આપની કૃપાથી સિદ્ધદશાની પ્રાપ્તિ કરી દેવોમાં ચંદ્રમા સમાન વિમળ કહેતાં નિર્મળ એવી પ્રભુની પ્રભુતા અર્થાત્ આત્મ ઐશ્વર્યનો પ્રકાશ હું પણ પ્રાપ્ત કરું અર્થાત્ મારા અનંત ગુણો - અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંત સુખ નિરાવરણ થાય અને હું સંપૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતા રૂપી પ્રભુતા પ્રાપ્ત કરી આપની કૃપાથી ધન્યધન્ય થાઉં !!! આવી અલૌકિક સિદ્ધદશાનું વર્ણન આપણને શ્રીમદ્ રાજચંદ્રજી પોતાના રચેલા અપૂર્વ અવસર પદમાં તાદશ ચિતાર આપે છે :-

**"પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,**
**ઉર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો,**
**સાદિ અનંત અનંત સમાધિસુખમાં,**
**અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?**

આપણે પણ ભક્તિભાવે આ અપૂર્વ અવસરની પરમ પદની



ભાવના કરીએ અને આ સ્તવન અત્રે પુરું કરીએ છીએ, હે પ્રભુ કૃપા કરીને અમને તારો.

• • •

## ૩. ઉપાધ્યાય યશોવિજયજી કૃત ઋષભદેવ ભગવાનનું સ્તવન

ઉપાધ્યાય યશોવિજયજીએ તીર્થંકર ચોવીસીના ૨૪ સ્તવનો રચ્યા છે. તે ઉપરાંત છૂટક ૧૩ સ્તવનો રચ્યા છે, તેમાંનું આ સ્તવન ભક્તિયોગનું એક વિશિષ્ટ, ઊંડાણભર્યું અને ઉપમા અલંકારોથી સુશોભિત સ્તવન છે. પ્રભુની ભક્તિ મુક્તિથી પણ વિશેષ જેમને પ્રિય છે એવા તાર્કિકશિરોમણી, ન્યાયાચાર્યની આ ઉત્કૃષ્ટ ભક્તિપદની રચનાનો રસાસ્વાદ હવે સમજીએ, ગાઈએ, માણીએ, નિમગ્ન થઈએ-

**ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો,**
**ગુણનીલો જેણે તું નયણ દીઠો,**
**દુઃખ ટળ્યા, સુખ મિલ્યાં, સ્વામી ! તું નીરખતાં,**
**સુકૃત સંચય હુવો, પાપ નીઠો. ઋષભ જિનરાજ...(૧)**

ઋષભદેવ ભગવાનના દર્શન થતાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. પ્રસન્નતાથી કહે છે કે, હે ઋષભ જિનરાજ ! આજનો મારો દિવસ ઘણો જ ભલો એટલે શ્રેષ્ઠ છે કે ગુણોમાં નીલમણી સમાન આપ પરમાત્માના મને ભાવચક્ષુથી યથાર્થ દર્શન થયા ! હે પ્રભુ ! તમારી નિર્વિકાર વીતરાગ મુખમુદ્રાને નિરખતાં, એટલે ધ્યાનથી એકીટશે જોતાં મારું મન આપના અનંત ગુણોમાં જાણે લીન થઈ ગયું, મારા મનના સર્વ દુઃખો ટળી ગયા અને આત્મશાંતિરૂપ સાચા સુખની પ્રાપ્તિ થઈ ! આ ગાથામાં ઉપાધ્યાયજી આત્માની અનુભૂતિના **અલૌકિક સુખની** પ્રાપ્તિ વીતરાગ પ્રભુના દર્શનથી થઈ તેનો આનંદ વ્યક્ત કરે

છે. અને તે પ્રભુદર્શનનું ફળ આત્મશાંતિ રૂપે અનુભવી અને **સુકૃત કહેતાં પુણ્યાનુબંધી** પુણ્યનો સંચય થયો, વધારો થયો સાથે સર્વ પાપોનું મૂળ કારણ મિથ્યાત્વ છે જેનો નાશ થવાથી મારો આત્મા ખરેખર ધન્ય થયો. એક વાત વિચારવા જેવી છે કે આપણે પણ દરરોજ દેરાસર જઈએ છીએ, પ્રભુના દર્શન અને ચૈત્યવંદન પણ કરીએ છીએ પણ ક્યારે પણ આવા અલૌકિક ભાવવંદનનો ઉલ્લાસ એકેય વાર અનુભવ્યો છે ?? ભગવાનના અનંતગુણોનું ગુણાનુરાગપૂર્વકની ભક્તિ, વંદન, સ્તવન કેમ કરવા તે આવા અલૌકિક પદો આપણને વીતરાગ પ્રભુના દર્શન, ભક્તિ કેવી રીતે કરવા તેની ઊંડી સમજણ આપે છે. પ્રભુના ગુણોનું બહુમાનપૂર્વકની ઉલ્લસિતભાવવાળી ભક્તિ, દર્શન જો થાય તો અવશ્ય સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય તેમ હવેની બે ગાથામાં સમજાવે છે-

**કલ્પશાખી ફલ્યો, કામઘટ મુજ મલ્યો, આંગણે અમિયનો મેહ વૂઠો,**
**મુજ મહીરાણ, મહીભાણ તુજ દર્શને, ક્ષય ગયો કુમતિ અંધાર જૂઠો.**
**ઋષભ** (૨)

ઉપાધ્યાયજીના સર્વ સ્તવનોમાં આ સ્તવન મને સૌથી વધારે પ્રાણપ્રિય છે. ખરેખર સાચું કહું તો મને આ મહાત્માઓના બધા જ પદો એકબીજાથી વધારે પ્રિય અને Priceless અર્થાત્ અણમોલ લાગે છે. આના પરિપાકરૂપે આ પુસ્તકમાં અનેક સ્થળે કડીની શરૂઆતમાં જ મારાથી અનાયાસે લખાઈ જાય છે કે આ સ્તવન, આ કડી મને વિશેષ પ્રિય છે. કોને પ્રથમ નંબર આપુ અને કોને બીજો નંબર આપું તે નક્કી કરવામાં જ બીજા નવા નવા ભાવોની હૃદયમાં સ્ફૂરણા થાય છે અને નંબર આપવાનું બાજુમાં રહી જાય છે. આવી અલૌકિક પ્રભુભક્તિ આ પંચમકાળમાં આપણને જે આ પદો દ્વારા પ્રાપ્ત કરવાનો સુયોગ મળ્યો છે તે તો ખરેખર મહાન્ પુણ્યોદય અને ગુરુકૃપા જ છે.



ઉપરની ગાથામાં ઉપાધ્યાયજી કહે છે કે, હે પ્રભુ ! આપના ભાવદર્શન થતાં જાણે મારા આંગણામાં **કલ્પશાખી** અથવા **કલ્પવૃક્ષ** ઉગી નીકળ્યું અથવા ઈચ્છિત ફળ આપનાર કુંભઘટ એટલે દિવ્ય ઘડાની પ્રાપ્તિ થઈ. આ પદનો ઊંડો અર્થ કરીએ તો ઉપાધ્યાયજી આપણને સમજાવે છે કે પ્રભુના દિવ્યદર્શનથી જેવા પ્રભુના અનંતગુણો પ્રગટ થયેલા દેખાય છે તેવા જ ગુણો પોતાના આત્મામાં નિશ્ચયનયથી અખંડપણે રહેલા છે તેની શ્રદ્ધા અને આત્મઅનુભૂતિરૂપ આત્મા જ **કલ્પવૃક્ષ** અને **કામઘટ** છે તેવી શાશ્વત સંપત્તિ પ્રાપ્ત થઈ છે. આગળ કહે છે કે, હે પ્રભુ ! **મહીરાણ** એટલે ચક્રવર્તી રાજા જેવા આપ મને રક્ષક મળ્યો છે તેની સાથે **મહીભાણ** એટલે સૂર્ય સમાન આપના **કેવળજ્ઞાનના** દર્શન મને આપની પ્રતિમામાં જોવા મળે છે તેથી મારા દેહમાં મારાપણાની બુદ્ધિરૂપી કુમતિ, મિથ્યાત્વરૂપી અંધકાર દૂર થયો અને સમ્યક્દર્શનરૂપી પ્રકાશનો અનુભવ થયો. એકેક ગાથામાં અલૌકિક ભક્તિ અને ગુણાનુરાગની પ્રશસ્તભાવે જે સ્તવના કરી છે તે જાણે ગાતાં, ગવડાવતાં આપણને મહાવિદેહક્ષેત્રે સીમંધરસ્વામીના સમવસરણના દર્શન કરાવતું હોય તેવું આ સ્તવન છે ! હવેની ગાથામાં જિનેશ્વરદેવની પ્રભુતા અને તેમની અંતરવૈભવની સમૃદ્ધિ કેવી unique અર્થાત્ અનુપમ છે તે સમજાવે છે :-

**કવણ નર કનકમણિ છોડી તૃણ સંગ્રહે, કવણ કુંજર તજી કરહ લેવે ?**
**કવણ બેસે તજી કલ્પતરુ બાવળે ? તુજ તજી અવર સૂર કોણ સેવે ?**
**ઋષભ જિનરાજ..........**(૩)

અગાઉ જણાવ્યા પ્રમાણે ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની વિદ્વતા અને જ્ઞાન-સમર્થતા તેમના શાસ્ત્રોમાં અચૂક ઝળકે છે, પણ તે સાથે તેમના સ્તવનો અને સજ્ઝાયોમાં પણ ઉત્તમ શબ્દ પ્રયોગની કુશળતા અને ઉપમા અલંકારથી શુશોભિત ગાથાસૂત્રોની રચના કેટલી અદ્‌ભૂત

છે ! જૈન સમાજ ઉપર ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનો અત્યંત મોટો ઉપકાર છે. એમણે અધ્યાત્મસાર, જ્ઞાનસાર, અધ્યાત્મઉપનિષદ આદિ ગ્રન્થરત્નો અને અમૂલ્ય સજઝાયો રચીને આપણને વીતરાગ ભગવાનની આરાધના, ભક્તિ, સેવા કેવી રીતે કરવી તેનું સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે.

ઉપરની ગાથામાં કહે છે કે આવા વીતરાગ પરમાત્માની ભેટ (ઓળખાણ) થવાથી હવે ''કવણ'' એટલો કોણ એવો મનુષ્ય હોય કે જે કનકમણી એટલે પારસમણીને છોડી તૃણ એટલે ઘાસ સંગ્રહે ? અથવા કુંજર એટલે હાથીને છોડી ઊંટ ઉપર બેસે ? અથવા સુંદર કલ્પવૃક્ષની છાયામાં બેસવાનું છોડી કાંટાળા એવા બાવળના ઝાડની છાયામાં બેસે ? સમજુ મનુષ્ય તે ન જ કરે.

તેવી રીતે ઉપાધ્યાયજી કહે છે કે વીતરાગ પરમાત્માને છોડીને અન્ય રાગી અને દ્વેષી દેવોની કોણ સેવા કરે ? અર્થાત્ સમજુ સાધક કદાપિ તેમ ન જ કરે.

**એક મુજ ટેક સુવિવેક સાહેબ સદા, તુજ વિના દેવ દુજો ન ઈહું,**
**તુજ વચન-રાગ સુખ સાગરે ઝીલતો, કર્મભર ભ્રમ થકી હું ન બીહું.**
**ઋષભ....(૪)**

આ ગાથામાં तत्वार्थं श्रध्धानं सम्यक्दर्शनम् એ તત્ત્વાર્થસૂત્રની પ્રસિદ્ધ ગાથાનું આલંબન પુષ્ટ કરતું ઉત્તમ ઉદાહરણ ઉપાધ્યાયજીની પ્રભુભક્તિમાં જણાય છે. જૈનદર્શનમાં સત્દેવ, સદ્ગુરુ અને કેવળી પ્રરૂપેલ ધર્મ - આ મૂળભૂત તત્ત્વની જ સાચી શ્રદ્ધા, ભગવાને કહેલું પ્રકાશેલું બધું જ તત્ત્વજ્ઞાન યથાર્થપણે તેમજ છે, **''તહત્તિ તહત્તિ''** એવા વચનો ગણધર ભગવંતો ભગવાનના સમવસરણમાં જેમ બોલે



છે. તેમ આ ગાથામાં ઉપાધ્યાયજી કહે છે કે મારી આ ટેક છે. અર્થાત્ મારો દૃઢ નિશ્ચય છે કે સુવિવેક એટલે સમ્યક્જ્ઞાનથી મારો આ વિશ્વાસ છે કે મારા સાહેબ શ્રી ઋષભદેવ ભગવાન સિવાય બીજા કોઈ દેવને કદીય ઈચ્છવાનો નથી. એટલું જ નહિ, પણ હે દેવ ! તમારી જિનવાણીના વચનો પ્રત્યેનો મારો અત્યંત રાગ, અવલંબન એવો તો પ્રબળ છે કે **'કર્મભર'** એટલે કર્મના ભારથી ભ્રમિત થઈને ગભરાવાનો નથી, નિર્ભય છું. મારા માથે તમારા જેવા ત્રણ લોકના નાથ છે ! પછી મને ભય શાનો હોય ?

**કોડી છે દાસ વિભુ તાહરે ભલભલા, માહરે દેવ તું એક પ્યારો,**
**પતિતપાવન સમો જગત ઉદ્ધારક, મહિર કરી મોહી ભવજલધિં તારો...**
**ઋષભ જિનરાજ......(૫)**

હે વિભુ ! હે પ્રભુ ! આપના તો કરોડો માણસો, મુનિઓ, ગણધર ભગવંતો સેવક છે, ઈન્દ્રો જેવા સમ્યક્દૃષ્ટિ દેવો પણ આપના દાસ સમાન છે. પરંતુ મારા મનમાં તો એક આપ જ પ્રાણપ્રિય નાથ અથવા ભગવાન છો. વળી આપ પ્રભુ **પતિતપાવન** એટલે સંસારમાં રખડતા-રઝળતા, અનાથના નાથ, અપવિત્ર એવા મને પવિત્ર કરનારા, પાવન કરનારા દેવ છો. માટે હે નાથ ! મહેર કરી એટલે કૃપા કરી મને ભવજલધિ એટલે સંસાર સમુદ્રથી પાર કરો અને મારું કલ્યાણ કરો. પ્રભુને વારંવાર દાસત્વભાવે વિનંતિ કરીને હવે આગળની ગાથામાં પોતાની ભક્તિ કેવી પ્રબળ છે તે પ્રભુને નાના બાળકની નિર્દોષતાપૂર્વક કહી બતાવે છે ! આ ગાથામાં જે પ્રભુભક્તિનું અલૌકિક વર્ણન કર્યું છે તેવી ભક્તિ આપણને મંગળાચરણમાં જોઈ ગયા તેમ ગૌતમસ્વામી અને સુલસા શ્રાવિકાની ભક્તિ કેવી પ્રભુ પ્રત્યે હતી, તેવી જ ભક્તિ આ ગાથામાં પ્રકાશિત કરે છે :-

**મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજમન વસી,**
**જેહસું સબળ પ્રતિબંધ લાગ્યો,**
**ચમકપાષાણ જેમ લોહને ખેંચશે,**
**મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો.**

આ ભક્તિયોગ અમૃત અનુષ્ઠાન જે ચારે મહાત્માઓનાં આ પુસ્તકમાં સમજાવ્યા છે તે ચારે સ્તવનોનો નિત્યક્રમ દિન-રાત મારી ભક્તિમાં ૨૫ વર્ષોથી ચાલુ છે અને હજીય હૃદય ભરાતું નથી. ઘણીવાર તો આ ભક્તિ રાતના કલાકો સુધી એકધારાએ બની રહે છે. તેનો રસાસ્વાદ તો માણવા જેવો છે ! વચનોમાં તો બધું સમજાવી શકાતું નથી. કારણકે સમર્થ જ્ઞાની પુરુષોના વચનોમાં સાગર જેવું ઊંડાણ અને ગહન તત્ત્વજ્ઞાન શબ્દે શબ્દે ભરેલું છે. જેમ જેમ ફરી ફરી વાંચીએ, વિચારીએ, અનુપ્રેક્ષા કરીએ તેમ ભગવાનના તત્ત્વના ચમત્કારો આપણા હૃદયમાં દિવ્ય પ્રકાશ પાથરે છે. **આવું બહુમાન જ્ઞાની પુરુષના સ્તવનોમાં, વચનોમાં હૃદયમાં થવું જ જોઈએ.**

ઉપરની ગાથામાં શ્રી ઉપાધ્યાયજી મ. ભગવાનને કહે છે કે, હે પ્રભુ! મુક્તિ એટલે મોક્ષથી પણ અધિક મૂલ્યવાન તમારી **આજ્ઞા-ભક્તિ** મારા મનમાં વસી છે, મારા રોમેરોમ તમારી ભક્તિથી મારા DNAમાં એકમેક થઈ ગયાં છે. તે ભક્તિથી મને ખૂબ જ બળવાન **પ્રતિબંધ** કહેતા મારું મન તમારી ભક્તિથી તમારા ચરણોમાં સ્થિર થઈ ગયું છે. તે ભક્તિ વિના હું હવે જીવી શકું તેમ નથી. જુઓ ઉત્કૃષ્ટ સાધકની પ્રભુભક્તિ કેવી પ્રબળ છે ! તેનું ઉદાહરણ સમજાવે છે કે, જેમ ચમક પાષાણ એટલે લોહચુંબક (Magnet) જેમ લોઢાને ખેંચે છે તેમ તમારા પ્રત્યેનો **પ્રશસ્તભક્તિરાગ** સહેજે (Effortless) મારી મુક્તિને ખેંચી લાવશે એવી મને પૂરેપૂરી ખાત્રી છે. આ ગાથાનો મર્મ સમજીએ તો જેમ આદ્યગુરુ શ્રી ગૌતમસ્વામીને ભગવાન



મહાવીરે કહ્યું કે, હે ગૌતમ ! તને કેવળજ્ઞાન નથી થતું તેનું કારણ મારા પ્રત્યે તારો બહુ ભક્તિરાગ છે તે છોડી દે, તો હમણાં જ કેવળજ્ઞાન આપી દઉં ! તેના જવાબમાં ગૌતમસ્વામી કહે છે કે, પ્રભુ! મને તમારા ચરણોની ભક્તિમાં જ રહેવા દો અને તેના બદલામાં મને મુક્તિ પણ નથી જોઈતી. પછી આપણે જાણીએ છીએ કે કરુણાસાગર ભગવાને દીવાળીની સાંજે શ્રી ગૌતમસ્વામીને દેવશર્માને બોધ આપવા આજ્ઞા કરી અને રાતના પ્રભુ મહાવીરના નિર્વાણના સમાચાર સાંભળી, ગૌતમ સ્વામી વિલાપ કરવા માંડ્યા અને જ્યારે રાગનો પડદો હટ્યો ત્યારે ક્ષપકક્ષેણી માંડી, તે જ રાતના કેવળજ્ઞાન પામ્યા ! આ છે નિમિત્તનું બહુમાન અને પ્રભુભક્તિનું ફળ, આજકાલ ઘણા લોકો નિશ્ચયનયને એકાંતે પકડીને માત્ર ઉપાદાન એટલે આત્માનો જ લક્ષ કરે છે અને નિમિત્તની જરૂર નથી, ભક્તિ તે રાગ છે માટે બંધનનું કારણ સમજી શુષ્ક અધ્યાત્મી બની જાય છે. જિનમાર્ગમાં પણ નિશ્ચય અને વ્યવહાર, ઉપાદાન અને નિમિત્તની સમતુલા રથના બે પૈડા સમાન હોવાથી સ્યાદ્‌વાદ વાણીનું આરાધન સમ્યક્ બને છે. આ જ વાત ઉપાધ્યાયજી નીચેના તેમના દિવ્ય સૂત્રમાં પ્રકાશે છે :-

**"નિશ્ચયનય અવલંબતા, નવિ જાણે તસુ મર્મ,**
**છોડે જે વ્યવહારનેજી લોપે તે જિન ધર્મ...**
**નિશ્ચય દૃષ્ટિ હૃદયે ધરીજી, પાલે જે વ્યવહાર**
**પુણ્યવંત તે પામશે જી, ભવ સમુદ્રનો પાર"**
**સોભાગી જિન ! સીમંધર સુણો વાત...**

**(ઉપા. યશોવિજયજી કૃત સવાસો ગાથાનું સ્તવન, ઢાળ-૫, ગાથા ૫૩, ૫૪)**

ઉપરની ગાથાઓ દરેક સાધકે હૃદયમાં સ્થિર કરવી જોઈએ તો જ આપણી સાધના સમ્યક્ થશે. અર્થાત્ ભગવાને કહેલા બધા જ

અનુષ્ઠાનો - ભક્તિ, છ આવશ્યક, પ્રતિક્રમણ આદિ વ્યવહાર ધર્મની ક્રિયા આત્માના લક્ષપૂર્વક અને ભાવપૂર્વક કરવાથી જ ભવ સમુદ્રનો પાર થાય છે.

**ધન્ય તે કાય, જેણિ પાય તુજ પ્રણમીયે,**
**તુજ થુણ્યે જેહ ધન્ય ! ધન્ય ! જીહા,**
**ધન્ય તે હૃદય જિણે તુજ સદા સમરીએ,**
**ધન્ય તે રાત ને ધન્ય ! દિહા,**
**ઋષભ જિનરાજ...........(૭)**

જુઓ... આ ગાથામાં ન્યાયવિશારદ, સમર્થ જ્ઞાનયોગી, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી પ્રભુવંદન અને પ્રભુભક્તિનું કેવું ઉત્કૃષ્ટ બહુમાન સમજાવે છે કે, હે પ્રભુ ! તે સાધકની કાયાને પણ ધન્ય છે કે જે કાયા હંમેશાં આપના ચરણકમળમાં ઉલ્લસિત ગુણાનુરાગથી પ્રણામ કરે છે. વળી હે પ્રભુ ! તમારી ભાવપૂર્વક સ્તવના કે બહુમાન કરે છે તે **જિહ્વા** એટલે જીભને પણ ધન્ય છે. વળી તે સાધકના હૃદયને પણ ધન્ય છે કે જે સદા તમારું જ સ્મરણ કરે છે. તથા તે રાત અને દિવસની પળોને પણ ધન્ય છે કે, જે કાળમાં માત્ર તમારું જ સ્મરણ મનમાં રહ્યા કરે છે ! આવી રોમેરોમ ભક્તિ પ્રભુ પ્રત્યેની જેના હૃદયમાં અહોરાત ચાલતી હોય છે. તે સાધકને ધન્ય છે, ધન્ય છે! આ ગાથાના દિવ્યવચનો જે ભક્તિયોગના અમૃતઅનુષ્ઠાન ઉપર સોનાની છાપ જાણે પાડે છે, અર્થાત્ આવી અલૌકિક ભક્તિ આરાધનાથી સાધક અવશ્ય સમ્યક્દર્શન પામી પ્રાંતે કેવળજ્ઞાન પામી મોક્ષે અવશ્ય જશે એવી આ સ્તવનમાં અલૌકિક ભક્તિ કેવી રીતે કરવી તે ઉપાધ્યાયજી સમજાવે છે. એક પદમાં શ્રીમદ્ દેવચંદ્રજી જિનેશ્વર ભગવાનનાં વંદનનું અલૌકિક માહાત્મ્ય આવી રીતે જણાવે છે :-



**''એકવાર પ્રભુ વંદના રે, આગમ રીતે થાય,**
**કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય.''**
**(સંભવનાથ ભગવાનનું સ્તવન શ્રી દેવચંદ્રજી)**

અર્થાત્ વીતરાગ પરમાત્મા અનંતજ્ઞાની, અનંતદર્શની, સ્વસ્વરૂપમાં રમણતા કરવાવાળા, પરમ પરમેશ્વર છે, ત્રણે લોકને માટે પૂજ્ય છે, તારણહાર છે. આવી અનુપમભાવથી, આગમશાસ્ત્રોનું રહસ્ય સમજીને પ્રભુને સમ્યક્પણે ઓળખીને બહુમાનપૂર્વક જે સાધક વંદન કરે છે તેનું એકવારનું વંદન પણ પોતાના આત્માની મુક્તિ નીપજવા રૂપ કાર્ય સિદ્ધિ અવશ્ય થાય જ.

હવે નીચેની બે ગાથામાં ઉપાધ્યાયજી દાસત્વ ભાવે પ્રભુની પાસે યાચના અને સ્તવના કરે છે :-

**ગુણ અનંતા સદા તુજ ખજાને ભર્યા,**
**એક ગુણ દેત મુજ શું વિમાસો ?**
**રયણ એક દેત શી હાણ રયણાયરે ?**
**લોકની આપદા જેણે નાસો.....(૮)**

હે પ્રભુ ! આપના શુદ્ધ આત્મારૂપી ખજાનામાં તો હંમેશાં અનંતગુણોરૂપી અનંત રત્નો ભર્યા છે. તેમાંથી એક ''ક્ષાયિક સમકિત ગુણ' મને આપતાં આપ શું **વિમાસણ** કહેતાં વિચારમાં પડી ગયા ? જેવી રીતે **રયણાયર** એટલે રત્નાકર અથવા સમુદ્રમાં જ્યાં અનંત રત્નો પડ્યા છે તેમાંથી એક રત્ન આપી દે તો તેને શી હાણ અથવા ખોટ પડવાની ? કંઈ જ નહિ. પણ તે રત્નવડે લોકોની આપદાઓનો નાશ થાય. તેમ આપ હે પ્રભુ ! મારા પર કૃપા કરીને એક ક્ષાયિક સમકિતરૂપી રત્ન મને આપો તો મારા બધા ગુણો પ્રાંતે ક્ષાયિકભાવે પ્રગટે, નિરાવરણ થાય અને હું પણ સિદ્ધદશાને પામું.

હવે છેલ્લી ગાથામાં ઉ. યશોવિજયજી ભગવાન પાસે સીધું મોક્ષપદ જ માગી લે છે !

**ગંગસમ રંગ તુજ કીર્તિ કલ્લોલ ને,**
**રવિ થકી અધિક તપ-તેજ તાજો,**
**નયવિજય વિબુધ સેવક હું આપનો,**
**જશ કહે અબ મોંહી ભવ નિવાજો.**
**ઋષભ જિનરાજ૦ (૯)**

હે નાથ ! ગંગાનદીની જેવો શીતળ અને પવિત્ર આપના સંગનો, આપના શરણનો રંગ છે. આપના ''तिन्नाणं तारयाणं'' ના કીર્તિના કલ્લોલોરૂપી તરંગો સકળ વિશ્વમાં પ્રસરી રહ્યા છે. વળી આપનું કેવળજ્ઞાનનું તેજ અને તપ સૂર્ય કરતાં વિશેષ દેદીપ્યમાન છે. અંતમાં પંડિત શ્રી નયવિજયજીના શિષ્ય શ્રી યશોવિજયજી મહારાજ પ્રભુને કહે છે કે, હે નાથ ! હું આપનો જ સેવક છું. માટે મને હવે સંસારના સર્વ દુઃખોથી સર્વકાળને માટે નિવૃત્તિ આપી અનંતસુખના ધામ એવું મોક્ષપદ આપીને હે નાથ ! મારી અરદાસ, યાચના સ્વીકારો. મારા પર કૃપા કરો.

• • •

## ૪. શ્રી મોહનવિજયજી કૃત શ્રી ચન્દ્રપ્રભુ જિન સ્તવન

**શ્રી શંકર ચંદ્રપ્રભુ રે લો, તું ધ્યાતા જગનો વિભુ રે લો,**
**તિણે હું ઓલગે આવીયો રે લો, તુમે પણ મુજ મન ભાવિયો રે લો.**
**શ્રી શંકર ચંદ્રપ્રભુ રે લો (૧)**

ભક્તિયોગ અમૃત અનુષ્ઠાનનું ચોથું સ્તવન હવે સમજીએ. આ ચારે મહાત્માઓના સ્તવનમાં વીતરાગ પરમાત્માના અનંત ગુણોનું બહુમાન અને અનન્ય ભક્તિભાવ આપણને વિશિષ્ટ શૈલીમાં જોવા



મળે છે અને જો આ ગાથાઓના ભાવાર્થ સમજીને તેવી ભક્તિ આપણા હૃદયમાં જાગે તો આ અમૃત અનુષ્ઠાનોથી સાધકને સમ્યક્-દર્શનથી માંડીને ઠેઠ સિદ્ધદશા કેમ પ્રાપ્ત થાય તેનો સુગમ, સરળ, અને ગાઈને આનંદ માણી શકાય, રસાસ્વાદના અંતરમાં ઉભરા આવે એવી મોક્ષની મંગળયાત્રાનું કારણ બને એવી આ ભક્તિરૂપી **''સંજીવની ઔષધિ''** છે, અને સફરી જહાજ છે જે સાધકને અવશ્ય ભવસમુદ્રથી પાર ઉતારી, મોક્ષપુરીમાં હેમખેમ પહોંચાડે છે.

પ્રથમ ગાથામાં ભગવાનને **'શ્રી શંકર'** તરીકે સંબોધે છે તેનો પરમાર્થ એવો છે કે ''શ્રી'' એટલે ભગવાન અનંતજ્ઞાનાદિ સંપત્તિના નાથ છે અને તેનાથી અનુભવાતો શાશ્વત આનંદ - સુખ તેના કરનારા છે, એવા ચન્દ્રપ્રભુ સ્વામી છે. વળી **ચારે ઘાતિકર્મોનો** જેમણે ક્ષય કર્યો છે એવા સર્વજ્ઞ ભગવાન સાદિ અનંત સમાધિ સુખમાં મગ્ન-લીન હોવાથી અને શુક્લધ્યાનમાં એકાગ્રપણે માત્ર સ્વરૂપ ભોગી હોય છે તેથી 'ધ્યાતા' પણ કહેવાય છે. વળી 'વિભુ' એટલે મહાન અથવા સમર્થ સ્વામી છે. જેમણે **દર્શનમોહ** અને **ચારિત્રમોહનો** સર્વથા નાશ કરીને વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રાપ્ત કરી છે. તેથી આવા અલૌકિક દેવાધિદેવની ઓલગે એટલે સેવા ભક્તિ, આજ્ઞા પાળવી તે રૂપી ધન પ્રાપ્ત કરવા હું આવ્યો છું એમ પ્રથમ ગાથામાં વ્યક્ત કરે છે. વળી વિશેષમાં વીતરાગ પરમાત્માનું મારા હૃદયમાં વિશેષ આકર્ષણ-બહુમાન છે. શાન્ત સુધારસમાં ઝુલતી પ્રતિમાજીની મુખમુદ્રા નિહાળતાં મારા બધા કષાય-વિષયના ભાવો આપોઆપ જ દૂર થઈ જાય છે! આ ગાથામાં શ્રી મોહનવિજયજી આપણને ઉપાદાન અને નિમિત્તનો સંબંધ છે તે સમજાવે છે. આપણને બધાને આ અનુભવ છે કે, જ્યારે આપણે દેરાસરમાં દર્શન કરવા જઈએ છીએ અને મનમાં ધારો કે ધંધાના વિચારો, રોજ-બરોજનાં સાંસારિક

કાર્યોના વિચારોમાં મન ગમે તેટલું આકુળ વ્યાકુળ હોય તો પણ જેવા ''નીસિહિ'' બોલીને પ્રભુના દર્શન થાય કે તરત જ જાણે આપણા બધા સંકલ્પ-વિકલ્પો બંધ થઈ જાય છે અને હૃદયમાં એક અદ્‌ભુત આનંદની અનુભૂતિ થાય છે. તેનું કારણ આપણો આત્મા જે મોક્ષ માટે ઉપાદાન કારણ છે, તે મોહ અંધકારમાં સુતેલો હોય છે, ત્યારે કષાયના ભાવો (આર્ત અને રૌદ્રધ્યાનના માઠા પરિણામો) તીવ્રપણે વર્તતા હોય છે, પરંતુ વીતરાગ પરમાત્માનું દર્શન માત્ર થવાથી, તે ઉત્તમ નિમિત્તનાં સાનિધ્યમાં ક્ષણવાર માટે આપણું ઉપાદાન પ્રભુ પ્રત્યે સન્મુખ થાય છે. જો ગુણાનુરાગવાળું દર્શન થાય તો કોઈ ધન્ય પળે **''ચિત્ત પ્રસન્નતા''**ની પ્રાપ્તિ થાય. આ પુસ્તકમાં સમજાવેલા પ્રીતિ-ભક્તિના સ્તવનોનો ભાવાર્થ જેમ જેમ સમજીને પ્રભુના દર્શન થશે તેમ તેમ સુતેલો ઉપાદાન આત્મા જાગૃત થશે.

**દીધી ચરણની ચાકરી રે લો, હું સેવું હરખે કરી રે લો,**
**સાહિબ સામું નિહાળજો રે લો, ભવસમુદ્રથી તારજો રે લો,**
**શ્રી શંકર ચન્દ્રપ્રભુ રે લો (૨)**

ઘણીવાર આપણને જૈનધર્મ જન્મથી મળ્યો છે તેથી સામાન્યપણું થઈ જાય છે, પરંતુ આ મનુષ્યભવમાં પ્રભુના દર્શનનો યોગ કેટલા મહાન પુણ્યોદયનો યોગ છે તેનો ખ્યાલ સુધાં જ નથી રહેતો. આવા સમર્થ જ્ઞાની મહાત્માઓના સ્તવનો, વચનો આપણને જાગૃત કરે છે અને સમજાવે છે કે, આવો અવસર ફરી મળવો બહુ દુર્લભ છે માટે ઝબકે મોતી પરોવી લો અર્થાત્ મનને પ્રભુના ધ્યાનમાં જોડી લો. ''અવસર બેર બેર નહિ આવે.'' (શ્રી આનંદઘનજી)

ઋષભદેવ ભગવાનના સમવસરણમાં ઈન્દ્ર મહારાજા ભગવાનને અગણિત વંદન કરી, ભરત ચક્રવર્તી જે ક્ષાયિક સમકિતી હતા તેના



વિષે ઈન્દ્ર કહે છે કે, હે પ્રભુ ! મારી ઈન્દ્રની બધી પુણ્યાઈ તો કંઈ કામની નથી, કારણ કે ભરત રાજા તમારી જે સેવા, સંયમ, તપની સાધના કરી શકે છે. તેવી સેવા અમારા દેવોથી થતી નથી. આનો ભાવાર્થ એ છે કે, **ભગવાનની સેવા માત્ર મનુષ્યભવમાં જ થઈ શકે છે.** દેવો, તિર્યંચો અને નારકીના જીવો તો પ્રભુસેવા કરી શકવા સમર્થ જ નથી. ઈન્દ્ર જેવા સમ્યક્‌દૃષ્ટિદેવો પણ મનમાં ઇચ્છે છે કે ક્યારે અમને ફરીથી મનુષ્યભવ મળે અને વીતરાગ ભગવાનનું શાસન તથા દર્શનનો યોગ મળે જેથી અમે સંયમની સમ્યક્ આરાધના કરી ભવભ્રમણથી મુક્ત થઈ શકીએ.

બીજી ગાથામાં ભગવાનને કહે છે કે, હે પ્રભુ ! આપના ચરણકમળની ચાકરી, સેવા, પૂજા. ભક્તિ અમને મહાપુણ્યના યોગે મળી છે. તેથી હું આપની સેવા હર્ષપૂર્વક એટલે ઉલ્લસીત ભાવે, કપટરહિત આતમ અર્પણા કરીને, માત્ર આપની કૃપાદૃષ્ટિ મને પ્રાપ્ત થાય તે માટે યાચના કરું છું. આગળ કહે છે કે આપ એક વાર મારા પર અમીદૃષ્ટિ કરીને જોશો, કૃપાદૃષ્ટિ કરશો તો હું ભવસમુદ્રથી પાર પામી જઈશ એવું આપનું તરણતારણ બિરૂદ રાખવા મને હે પ્રભુ ! દર્શન આપો.

આ મહાપુરુષો આપણને કેવી સુંદર પ્રભુભક્તિનો માર્ગ બતાવે છે તે આનંદઘનજીના ચોથા સ્તવનમાં પહેલી ગાથા જુઓ :-

**''અભિનંદન જિન દરિશણ તરસીયે, દરિશણ દુર્લભ દેવ,**
**મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ...**
**(આનંદજીકૃત ચોથું અભિનંદનસ્વામી સ્તવન)**

સમર્થ અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજ પ્રભુને કાલાવાલા કરે છે કે, હે નાથ ! તમારા દર્શનની તીવ્ર તરસ લાગી

છે કારણકે વીતરાગ પરમાત્માનું સમ્યક્દર્શન - યથાર્થ દર્શન થાય તો જીવને સમકિતની પ્રાપ્તિ થાય એવું આગમ વચન છે. આવી તરસ, તૃષ્ણા, પીપાસા, તીવ્ર જિજ્ઞાસા, આપણા હૃદયમાં પ્રભુના દર્શન કરવા જતાં થવી જોઈએ.

હવે શ્રી મોહનવિજયજી ત્રીજી ગાથામાં વીતરાગ પરમાત્માના અનંતગુણો પ્રત્યે તેમના હૃદયમાં કેવો ગુણાનુરાગ છે તે સમજાવે છે.

**અગણિત ગુણ ગણવા તણીરે લો, મુજમન હોંસ ધરે ઘણી રે લો,**
**જિમ નભને પામ્યા પંખી રેલો, દાબે બાળક કરથી લખી રે લો.** (૩)

આત્માના અસંખ્યાત પ્રદેશ છે અને જૈન આગમો આવું સમજાવે છે કે જગતના સર્વ જીવો સિદ્ધ સમાન છે, અર્થાત્ સિદ્ધ પરમાત્માના જેટલા ગુણોવાળુ તેમનું ઉપાદાન છે અર્થાત્ બધા જીવોનો આત્મા અનંતગુણોનો સમુદ્ર છે. પણ સંસારી જીવોના તે અનંતગુણો કર્મોથી અવરાયેલા છે, પ્રગટ નથી. પરંતુ તીર્થંકર ભગવાન રત્નત્રયીની સાધના વડે શુક્લધ્યાનની શ્રેણીમાં ચારેય ઘાતિકર્મોનો (જ્ઞાનાવરણીય, દર્શના-વરણીય, અંતરાય અને મોહનીય - આ ઘાતિ કર્મો છે તેનો) ક્ષય કરે છે. તેમના અનંતગુણો ક્ષાયિકભાવે નિરાવરણ થાય છે, પ્રગટે છે. શ્રી મોહવિજયજી ત્રીજી ગાથામાં નાના બાળકોની જેમ નિર્દોષતાથી પ્રભુની ભક્તિ કરતાં કહે છે કે, હે નાથ ! તમારા ગુણો તો અગણિત છે, ખરેખર અનંત ગુણો આપના આત્મામાં પ્રગટ્યા છે તે મારી અલ્પ બુદ્ધિથી ગણી શકાતા નથી, ભક્તિભાવે તે ગુણો ગણવાની હોશ અને ઉમંગ મારા મનમાં માતો નથી. હવે ઉપમા આપીને સમજાવે છે કે, જેમ પક્ષી આકાશનું માપ લેવા ગગનમાં ઉડે છે. તો પણ આકાશને તે માપી શકતું નથી. નાનું બાળક બે હાથ પહોળા કરીને આકાશ ''આવડો મોટો છે'' તે બતાવે છે પણ માપી ન શકે તેમ હે નાથ ! હું તો અલ્પમતિ તમારા અગણિતગુણો આકાશરૂપ



હોવાથી ગણી શકું તેમ જ નથી. આ બધા મહાત્મા પુરુષો સમર્થ આત્મ અનુભવી છે, આગમ શાસ્ત્રોના પારગામી છે પણ ભગવાન આગળ કેવી નિર્દોષ ભક્તિ નાના બાળકની જેમ કરે છે !

હવેની જે ત્રણ ગાથાઓ છે તે તો અત્યંત અલૌકિક સામર્થ્યવાળી છે. ભક્તિયોગની જાણે પવિત્ર ગંગા છે. આ ગાથાઓ સર્વ સાધકોએ મુખપાઠ કરીને નિરંતર તેનું પારાયણ ભક્તિભાવથી કરવું તો અદ્ભૂત શક્તિ અને અનન્ય ભક્તિભાવ પ્રગટ થશે એવી મારી અનુભૂતિ છે.

**જો જિન તું છે પાશરો રે લો, કરમતણો શો આશરો રે લો,**
**જો તુમે રાખશો ગોદમાં રે લો, તો કિમ જાશું નિગોદમાં રે લો.** ॥ ૪ ॥

આવા જ્ઞાની પુરુષોનાં સાગર જેવા ઊંડાણમાંથી આત્મ-અનુભૂતિના અમૃતરત્નો જેવા દરેક વચનો ખરેખર અનંત અનંત ભાવ અને નય નિક્ષેપવાળા પ્રબળ વચનો છે. કહ્યું છે કે,

**''સત્પુરુષના એકેક વચનમાં અનંત આગમ સમાયા છે.''**
**(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક ૧૬૬.)**

ઉપરની ગાથામાં ગ્રન્થકાર કહે છે કે, હે જિનદેવ ! હે વીતરાગ પરમાત્મા ! જો ''તું છે પાશરો'' એટલે જો મારી ભક્તિથી આપ પ્રસન્ન થયા છો, આપની અમીદૃષ્ટિ મારા પર જો થઈ હોય તો હવે કર્મનો જોર મારા આત્મા પર ચાલશે જ નહિ. અત્રે 'પાશરો' શબ્દ અનુકૂળ, પ્રસન્ન, પ્રબળ અવલંબનરૂપે પ્રભુ માટે વપરાયો છે. મંગળાચરણમાં આપણે જોઈ ગયા કે ભગવાન મહાવીરનું અવલંબન, આશરો, પ્રભુની કૃપાદૃષ્ટિ કેવી ગૌતમસ્વામીને ઠેઠ કેવળજ્ઞાનનું પ્રબળ કારણ બની ગઈ, સુલસા શ્રાવિકાને પ્રભુની અલૌકિક ભક્તિનું અવલંબન તીર્થંકરનામકર્મરૂપે પરિણમ્યું અને શ્રી માનતુંગાચાર્યજીને ઋષભદેવ ભગવાનનું અવલંબન કેવું પાશરું થયું કે ભક્તામરની

રચના અને સ્તવના કરતા કર્મનો આશરો, જોર તૂટવા લાગ્યું અને ૪૮ બેડીઓ તૂટી ગઈ. તેવી જ રીતે શ્રી ચંદનબાળા ભગવાન મહાવીરનું અવલંબન, અંધારી કોટડીમાં ત્રણ દિવસના ઉપવાસ અને પગમાં બેડી, કેવા દારૂણ કર્મો સામે લડવામાં શૂરવીરતા આપી અને બધા જ દુઃખો દૂર થયા એટલું જ નહિ પણ તે જ ભવે ચંદના સાધ્વીજી મોક્ષે સીધાવ્યા !! તેવી જ રીતે વર્તમાનકાળમાં પણ ભગવાન મહાવીરનું શાસન, તેમના આગમસૂત્રો, તેમના શાસનમાં થયેલા પ્રબુદ્ધ આચાર્યો અને ઉપાધ્યાયજી, સર્વ સાધુ ભગવંતોનાં વચનામૃત, સ્તવનો આદિ આપણને અત્યારે પણ પ્રબળ અવલંબન છે. આ પુસ્તક લખવાનો મારો મુખ્ય ધ્યેય આ જ છે કે ભગવાનના વિરહમાં, ૨૬૦૦ વર્ષોના લાંબા ગાળા બાદ પણ, ભગવાનની કરુણા, પ્રભુની કૃપા સર્વ જીવો પર નિરંતર વર્ષે છે. માત્ર આપણું પાત્ર અવળું છે તે સવળું કરવાની જરૂર છે. જેમ ઊંધા ઘડામાં કે પીપડામાં વરસાદનું પાણી સંગ્રહી ન શકાય પણ સીધા ઘડામાં સંગ્રહી શકાય તેમ, આપણી પ્રીતિ, આપણી ભક્તિ જગતના સંબંધોમાં અને પદાર્થોમાં છે. તે ધીમે ધીમે ઘટાડીને દેવ-ગુરુ-શાસ્ત્રોની ભક્તિમાં જોડાય તો આ મનુષ્યભવ મોક્ષની મંગળયાત્રામાં સંપૂર્ણ સફળતા આપે છે.

**''પંચમકાળે જિનબિંબ, જિનાગમ ભવિયણ કો આધારા,**
**જિણંદા તોરી અખિયનમેં અવિકારા''**
**(શ્રી વિનયવિજયજીકૃત અંતરાય કર્મ નિવારણ પૂજા)**

ઉપરની ગાથાના ઉત્તરાર્ધમાં શ્રી મોહનવિજયજી પ્રભુને કહે છે કે, જેમ નાનું બાળક માતાની ગોદમાં વર્તતું હોય ત્યારે નિર્ભય જ હોય છે તેમ હે પ્રભુ ! તમારી ગોદમાં એટલે તમારા અવલંબનથી, તમારા ગુણાનુરાગવાળી પ્રશસ્ત ભક્તિમાં જો અમારી ચિત્તવૃત્તિ લીન થાય, જો તમારા શરણે અમે તન-મન-વચન-ધનની એકનિષ્ઠાવાળી



અર્પણા કરીને ભક્તિમાં લીન થઈએ તો હે પ્રભુ ! તમે જો ગોદમાં એટલે તમારા ચરણોમાં શરણાગત અમને આપો તો હવે નરક-નિગોદ જેવી નીચેની ગતિમાં જવાનો Question જ નથી, અર્થાત્ જો તમારી કૃપાદષ્ટિથી અમને સમકિતની અનુભૂતિ થાય તો માત્ર ૩-૪ ભવે સિદ્ધદશાના અમે અધિકારી થઈએ એમ તમારું આગમ અમને ગેરન્ટી આપે છે. તમારા વચનો તો રામબાણ જેવા છે જે સાધકને ચારે ગતિના દુઃખોમાંથી મુક્ત કરીને પંચમગતિ - મોક્ષગતિ અપાવે તેવું તમારું ''તિન્નાણં તારયાણં'' બિરૂદ છે તો હવે અમને હે પ્રભુ ! તારો અને કૃપા કરો. આ ગાથામાં ભક્તિના ત્રણ મુખ્ય લક્ષણો - પ્રેમ-શ્રદ્ધા અને અર્પણતાની દીવ્યતા પ્રકાશે છે અને તેનું ફળ ભક્તની નિર્ભયતા અને નિશંક્તાની પ્રાપ્તિ છે, અને તે ઠેઠ મોક્ષપુરીની યાત્રા સફળ કરાવે તેવું પ્રબળ અવલંબન છે !!!

**જબ તાહરી કરુણા થઈ રે લો, કુમતિ દુર્ગતિ દૂરે ગઈ રે લો,**
**અધ્યાતમ રવિ ઉગિયોરે લો, પાપ કરમ કીહાં પુગિયોરે લો (૫)**

હે પ્રભુ ! મારા વડે કરાયેલી ભક્તિના ફળરૂપે આપની અમીદૃષ્ટિ, કરુણાની કૃપાદૃષ્ટિ મારા પ્રત્યે થઈ ત્યારથી મારા હૃદયમાંથી કુમતિ એટલે માઠા પરિણામ, આર્તધ્યાન રૌદ્રધ્યાનના મલીન પરિણામો દૂર થઈ ગયા, જેના ફળ તરીકે મારો આત્મા હવે માઠી ગતિ જેવી કે નરક કે નિગોદનાં તીવ્ર કર્મ બાંધી શકે તેમ જ નથી, પરંતુ અનુક્રમે આત્માનું કલ્યાણ જ થશે.

વળી આપનો અધ્યાત્મરૂપી સૂર્ય ઉગ્યો. આપના કેવળજ્ઞાનના પ્રકાશથી આપની દેશનાનું શ્રવણ થતાં, જેમ સૂર્ય ઉગતાં પૃથ્વી ઉપર અંધકાર દૂર થઈ ઉજ્જવળ પ્રકાશ થાય છે, તેમ આપના તત્ત્વપ્રવચનથી મારું અનાદિકાળનું મિથ્યાત્વ એટલે અજ્ઞાન દૂર થયું છે. સમ્યક્ત્વની અનુભૂતિ થવાથી પાપકર્મના પરિણામ હવે થતા જ નથી માટે શુભ

અને શુદ્ધ ભાવોની વૃદ્ધિ થઈ રહી છે. આ બધી દિવ્ય પ્રક્રિયા હે નાથ! તમારા બોધના પ્રભાવે મારો આત્મા અનાદિકાળના મલિન ભાવો - વિષયકષાયના પરિણામો છોડીને સંવર-નિર્જરાના ભાવોમાં આગળ વધતાં પાપરૂપી અંધકારનો નાશ થઈ રહ્યો છે, જાણે દૂર ભાગી ગયો છે. જુઓ ભક્તિ-અમૃત અનુષ્ઠાનનું અદ્ભુત ફળ !!!

**તુજ મૂરતિ માયા જીસી રે લો, ઉર્વશી થઈ ઉરે વસી રે લો,**
**રખે પ્રભુ ટાળો એક ઘડી રે લો, નજર વાદળની છાંયડી રે લો. (૬)**

હે નાથ ! તમારી વીતરાગ મુખમુદ્રાવાળી અલૌકિક મૂર્તિએ તો મારા ઉપર જાણે જાદુ કરીને, માયા રચીને મને મોહિત કરી દીધો છે. (Mesmorise કરી છે). તે જાણે દેવલોકમાં રહેનારી ઉર્વશી નામની અપ્સરાની જેમ આપની કામણગારી વીતરાગ મુદ્રા મારા હૃદયમાં આવીને વસી ગઈ છે. આ ઉપમાથી શ્રી મોહનવિજયજીના હૃદયમાં ચંદ્રપ્રભુસ્વામીની અનન્ય ભક્તિ કેવી પ્રબળ છે તેનો ચિત્તાર આ ગાથા આપે છે- તેમના મનમાં, હૃદયમાં, તનમાં, સર્વ રોમેરોમમાં શ્રી વીતરાગપ્રભુ જાણે આવીને વસી ગયા હોય અને પોતે જાણે એવી ધન્યતા અનુભવે છે કે જગત તો ભૂલાઈ જ ગયું છે અને પ્રભુના પ્રેમમાં પોતે મગ્ન બની ગયા છે ! તેમાં ડૂબી ગયા છે.

ઉપરની ગાથાના ઉત્તરાર્ધમાં પ્રભુને હવે દાસત્વભાવે વિનંતિ કરે છે કે, હે નાથ ! આપ માત્ર એક ઘડી માટે મારા નજર આગળની વાદળી, વાદળની છાયા, અર્થાત્ મારો આત્મા જે ચાર ઘાતિકર્મોથી (જ્ઞાનાવરણ દર્શનાવરણ, અંતરાય અને મોહનીયકર્મોથી) અવરાયેલો છે તેને માત્ર એક ઘડીના સમય માટે દૂર કરી આપો જેથી હું કેવળજ્ઞાનને પામી શાશ્વત સુખનું ધામ - મોક્ષપદને પામું. આટલી મારી વિનંતી સ્વીકારો.



**તાહરી ભક્તિ ભલી બની રે લો, જિમ ઔષધિ સંજીવની રે લો,**
**તન મન આનંદ ઉપન્યો રે લો, કહે મોહન કવિરૂપનો રે લો.** (૭)

અંતે પ્રભુના ગુણગાન કરતાં શ્રી મોહનવિજયજી મહારાજશ્રી કૃતકૃત્ય ભાવે કહે છે કે, હે નાથ ! તમારા અનંતગુણોનાં દર્શન થતાં મારી ગુણાનુરાગવાળી પ્રશસ્તભાવભક્તિ એવી પ્રબળ મારા હૃદયમાં ઉલ્લસી છે કે મારા આનંદનો પાર નથી. જેવી રીતે સંજીવની નામની ઔષધિ એવી જડીબુટ્ટી છે કે તેના સેવનથી સર્વ રોગો મટી જાય, તેવી રીતે તમારા આ પ્રીતિ-ભક્તિ અમૃત અનુષ્ઠાનની સાધના વડે મારા આત્માના સર્વ વિભાવભાવો (વિષયકષાયના પરિણામો) દૂર થવા લાગ્યા છે અને તમારી ચરણોની ભક્તિ કરતાં મારા તન-મન અને રોમેરોમે જાણે વીર્યોલ્લાસ થવાથી આનંદનાં મોજાં નિર્મળ થઈ રહ્યા છે અને મારા આશ્રવ અને બંધ ભાવોનો નાશ થઈ રહ્યો છે, અને સંવર-નિર્જરા પ્રગટ થઈ રહ્યા છે. જે પ્રાંતે મને મારા શુદ્ધ સ્વભાવને પ્રગટ કરશે. અર્થાત્ આપની ભક્તિ મને શુદ્ધ સમ્યગ્દર્શનથી માંડીને ઠેઠ બારમા ગુણસ્થાનકે લઈ જશે અને જ્ઞાન તથા આનંદનું કામ એવું થશે કે જેનાથી શાશ્વત સિદ્ધપદની પ્રાપ્તિ થશે તેવો જાણે આનંદનું પૂર મારા હૃદયમાં આપની ભક્તિ કરતાં ઉભરાયો છે. કેવી અલૌકિક અને દિવ્ય ભક્તિ!!!

આવી રીતે પંડિત શ્રી રૂપવિજયજીના શિષ્ય મોહનવિજયજી પ્રભુના ગુણગાન કરે છે.

## ભક્તિયોગ અમૃત અનુષ્ઠાનનો સારાંશ

ધ્યાનયોગ, જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગના અનુષ્ઠાનો જ્ઞાની મહાત્માઓએ મોક્ષની સાધના માટે બતાવ્યા છે. તેમાંથી પંચમકાળમાં પ્રીતિ-ભક્તિયોગ મોક્ષ સાધનાનો સરળ, સુગમ, સચોટ અને આબાલવૃદ્ધ સૌને સહેલાઈથી રુચિકર બને અને તેની સાધના કરતાં આનંદની વૃદ્ધિ જ થયા કરે તેવો ''સંજીવની ઔષધિ'' સમાન કલ્યાણકારી છે. આ મહાત્માઓના વર્તમાન તીર્થંકર ચોવીસીના ૨૪ સ્તવનો એટલે ટોટલ મળીને ૯૬ સ્તવનોમાં દ્રવ્યાનુયોગ, જ્ઞાનયોગ, પ્રીતિ-ભક્તિયોગ અને આત્મસાધનાયોગનો સુંદર અને સરળ નિચોડ આપ્યો છે. આ પુસ્તકમાં બતાવેલા સ્તવનોનાં વિવેચન સૌને રુચિકર થાય તેવી ભાવનાથી માત્ર selected એટલે સેમ્પલ તરીકે થોડાક જ સ્તવનો રજુ કર્યા છે. પરંતુ જિજ્ઞાસુ સાધકોની ખાસ વિનંતી છે કે આપણા બધાના સદ્ભાગ્યે બધા જ સ્તવનોનો ભાવાર્થ ઉપલબ્ધ છે જે પાછળના ભાગમાં તેના References Section માં તેનો નિર્દેશ કરેલ છે તેની નોંધ લઈને તે ભાવાર્થ ખાસ વાંચવા વિનંતી. પદોના ભાવાર્થ સમજીને જો ભક્તિ થાય તો જ તે ભક્તિ પ્રેમલક્ષણામાંથી સ્વરૂપાનુ-સંધાન કરાવે અને ક્રમે કરીને તે સાત્ત્વિક ભક્તિ બની, અંતે તાત્ત્વિક ભક્તિ બને ત્યારે તેમાંથી પરાભક્તિનો માર્ગ ખૂલો થાય જે અવશ્ય સમ્યક્દર્શનનું પ્રબળ કારણ બને. આમ આ ભક્તિયોગને અમૃત અનુષ્ઠાન સાધવાના નીચેના Simple Steps દર્શાવ્યા છે.

૧. દરરોજ એક એક સ્તવનના ભાવાર્થ વાંચીને તેના અર્થ સમજવાનો અભ્યાસ કરવો.

૨. એકેક સ્તવનની બધી ગાથાઓ મુખપાઠ કરવા Index Card પર ગાથાઓ લખી, રોજબરોજના કાર્યમાં ફરી ફરી તે Card ને વાંચીને થોડા થોડા પદો મુખપાઠ કરવાનો ક્રમ બનાવવો. You can also scan them on Your iphone.



૩. જે સ્તવનો મોઢે થાય તેને દિવસના બે-ચાર વખત ભક્તિભાવે Recite કરવું. આવી Practice કરવાથી, ભાવોલ્લાસ ઉત્પન્ન થશે અને ભક્તિ ભાવગર્ભિત થશે અને પ્રભુ પ્રત્યે ગુણાનુરાગ વધશે.

૪. હજારો શાસ્ત્રોનો નિચોડ આ આધ્યાત્મિક સ્તવનોમાં સમાયેલો છે એમ જાણી, આ મહાત્માઓનો પરમ ઉપકાર હૃદયમાં વધારતા જવું અને તેમના પ્રત્યે ઉપકારદષ્ટિ, માહાત્મ્ય વધે તેવું ભાવદર્શન કરવું. શુદ્ધ ગુજરાતી ભાષામાં રચાયેલા આ સ્તવનો આપણો અમૂલ્ય ખજાનો છે તેનો નિયમિતપણે ભક્તિભાવે સ્તવના કરવાથી થોડા સમયમાં બધા જ મનની અને હૃદયની મલીનતા, આત્મભ્રાન્તિના રોગો ઘટતા જશે અને આત્મામાં જાણે દિવ્યપ્રકાશ, વીર્યોલ્લાસ, આનંદ અને અખંડ ચિત્તપ્રસન્નતાનો અનુભવ થશે.

૫. જેમ શરીરની શુદ્ધિ માટે દરરોજ સ્નાન કરીએ છીએ તેમ મન અને અંતઃકરણમાંથી વિષય-કષાયની મલિનતા દૂર કરવા આ સ્તવનોનો ભક્તિક્રમ દરરોજ નિયમિતપણે સાધનારૂપે કરવાથી થોડા જ સમયમાં તેનો ફાયદો જણાશે. શરૂઆતમાં આ સ્તવનોના શબ્દો અઘરા લાગે પણ અભ્યાસથી કોઈ કાર્ય સફળ ન થાય તેવું ન બને. જરૂર સફળતા મળશે તેવો વિશ્વાસ અને રુચિ તથા તત્ત્વજિજ્ઞાસા તે માટે અગત્યનાં છે. અમૃત અનુષ્ઠાનવાળી ભક્તિ ઠેઠ આપણને મોક્ષે પહોંચાડશે.

**''ભલું થયું મેં પ્રભુ ગુણગાયા, રસનાનો ફળ લીધો રે,**
**દેવચંદ્ર કહે માહારા મનનો, સકલ મનોરથ સિધો રે...''**
**(શ્રી દેવચંદ્રજી રચિત શ્રી શાંતિનાથ ભગવાનનું સ્તવન)**

પ્રભુની ગુણાનુરાગની ભક્તિ કરતાં શ્રી દેવચંદ્રજી જે ધન્યતા અનુભવી છે તેવી ધન્યતા હૃદયમાં ભાસે અને સૌના આત્મકલ્યાણ માટે આ ભક્તિયોગ મોક્ષની મંગળ યાત્રામાં મંગળ બને તેવી પ્રભુપ્રાર્થના.

• • •

## પ્રકરણ : ૯

# જિનવચન-આજ્ઞા-અમૃત-અનુષ્ઠાન

પ્રકરણ ૭ અને ૮ માં પ્રીતિ અને ભક્તિ અમૃત અનુષ્ઠાનો વિષે આઠ સ્તવનોનાં વિવેચનથી ઊંડી વિચારણા અને સમજણ પ્રાપ્ત કરી. આ બન્ને અનુષ્ઠાનો મોક્ષની મંગળયાત્રા માટે અત્યંત અગત્યના છે અને પ્રભુની ગુણાનુરાગપૂર્વકની પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાનની સાધનાથી સાધક જીવને સાચી મુમુક્ષુતા પ્રાપ્ત થાય છે. મંગળાચરણમાં આપણે જોયું તેમ પ્રભુ શ્રી મહાવીરસ્વામીના બધા જ શ્રાવકરત્નો - શ્રી ગૌતમસ્વામીથી માંડીને શ્રી આનંદશ્રાવક, શ્રેણિક મહારાજા, સુલસા શ્રાવિકા, ચંદનબાળા અને પૂણીયા શ્રાવક આદિ સર્વ મહાન સાધકો મહાવીરપ્રભુની અલૌકિકભક્તિથી પોતાના આત્મામાં સાચી મુમુક્ષુતા પ્રગટાવી, સમ્યક્દર્શનથી માંડીને ઠેઠ મોક્ષની પ્રાપ્તિ સુધીનાં ઉત્તમ પાત્રો બની ગયા અને આપણને તેમના જીવનચરિત્રો એક Live Testimony બની ગયા.

આ પ્રકરણમાં આપણે મોક્ષની મંગળયાત્રાના આગળના steps જે બહુ જ અગત્યના છે તેની યથાશક્તિ સમજણ અને વિચારણા કરશું. આ પ્રકરણમાં જિનવચન અને જિનઆજ્ઞા એ બન્ને કેટલા મહત્ત્વના છે તે વિસ્તારથી સમજીએ. આપણે શરૂઆતમાં મોક્ષના ચાર દુર્લભ અંગો વિષે વિસ્તારથી જોયું કે :- ૧. મનુષ્યત્વ, ૨. શ્રુતિ અથવા જિનવાણીનું શ્રવણ, ૩. શ્રદ્ધા અને ૪. સંયમપૂર્વક જિનઆજ્ઞા માટે મોક્ષનો પુરુષાર્થ કરવો.



જિનવાણીનું ખરું માહાત્મ્ય તો ભગવાનની દેશના જે ગણધર ભગવંતોએ ઉપદેશ આગમશાસ્ત્રોમાં પ્રકાશિત કર્યો છે તેનો અભ્યાસ બહુ જ મહત્ત્વનો છે. તે ઉપરાંત ભગવનાનના શાસનમાં પ્રબુદ્ધ આચાર્યોના શાસ્ત્રો વિષે આગળ જણાવ્યું તેમ વર્તમાનકાળમાં ઉપલબ્ધ એવા ઉત્તમ ગ્રન્થો જેવા કે જ્ઞાનસાર, અધ્યાત્મસાર, આઠયોગદષ્ટિની સજ્ઝાય, ઉત્તરાધ્યયન સૂત્ર આદિ ગ્રન્થો સાચી મુમુક્ષુતા પ્રાપ્ત કરવા અત્યંત ઉપકારી છે તેથી તેનો અભ્યાસ શ્રીસદ્‌ગુરુના તત્ત્વશ્રવણથી થવો જ જોઈએ.

જિનેશ્વર ભગવાને પ્રકાશેલો બોધ એ એટલો બધો ઉપકારી છે કે જેનાથી સાધક જીવને સાચી મુમુક્ષુતા પ્રાપ્ત થાય, આત્માનો લક્ષ થાય, અનાદિકાળનું મિથ્યાત્વ અથવા અજ્ઞાન દૂર થાય અને સમ્યક્ દર્શનની પ્રાપ્તિ થાય. તો જિનવાણી અને જિનઆજ્ઞા જાણે એક રથના બે પૈડા છે અથવા જિનવાણી તે ''જ્ઞાન'' છે અને જિનઆજ્ઞા તે ''ક્રિયા-અનુષ્ઠાન'' છે તેમ જો સમજવામાં આવે તો ज्ञानक्रियाभ्यां मोक्ष ની ચાવી રૂપી Masterkey વડે મોક્ષ માર્ગનો ભવ્ય દરવાજો ખૂલી જાય, Entry મળે અને સમ્યક્દર્શનરૂપી Visa થી મુમુક્ષુતાનું આરોહણ થાય અને ચોથાથી ચૌદમા ગુણસ્થાનકરૂપી મોક્ષમાર્ગમાં ખૂબ જ સુગમતાથી તે યાત્રા સિદ્ધપદ સુધી પહોંચાડે.

જિનેશ્વર ભગવાન પ્રત્યે અલૌકિક પ્રેમ અને અનન્ય આશ્રય-ભક્તિ જ્યારે સાધકના હૃદયમાં ખરેખરી પ્રગટે ત્યારે આગળના Steps માં હવે આ જિનવચન અને જિનઆજ્ઞાના Steps માં સાચી રુચિ અને અભ્યાસથી સાધના કરવી અત્યંત જરૂરી છે. સંસારના પૌદ્‌ગલિક પદાર્થો અને ભૌતિક સંબંધોની નશ્વરતા, અસારતા, ક્ષણભંગૂરતા સમજાય તો જ જિનેશ્વર ભગવાને કહેલા તત્ત્વો, જિનવાણી અને જિનઆજ્ઞામય જીવન જીવવાનો પાકો લક્ષ બંધાય. અનાદિકાળની

આપણી મૂળભૂત ભૂલને ભાંગવા માટે જ્ઞાનીપુરુષનો બોધ અને વચનો સમજવા અત્યંત જરૂરી છે :-

**''વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ,**
**ઔષધ તે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ'' ॥૧॥**

**''આત્મભ્રાન્તિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ,**
**ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.'' ॥૨॥**

**''સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય,**
**સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય'' ॥૩॥**

ઉપરની ગાથાઓ શ્રીમદ્ રાજચંદ્રજી રચિત શ્રી વચનામૃતમાંથી લીધેલી છે. ૧લી ગાથા છૂટક પદોમાંથી છે અને ૨જી અને ૩જી ગાથા શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાંથી લીધી છે.

**ભાવાર્થ :** પ્રથમ ગાથામાં વીતરાગ ભગવાનના વચનરૂપી અમૃત તે ખરેખર સાધક જીવને અંતરંગ મલીનતાને ટાળવા, વિષયકષાયના ઝેરને બાળવા, શાંત સ્વભાવમાં સ્થિર થવા સંજીવની - ઔષધિ સમાન છે. પણ તે સાચી મુમુક્ષુતા હોય તેવા સાધકને જ તે રૂચે અને પચે. પણ જેને સંસારમાં સુખ હજી લાગે છે તેવા ભવાભિનંદી કાયર જીવને તે પચે નહિ અને રૂચે પણ ન નહીં.

**ભાવાર્થ :** Cancer, Diabetes, Heart attack આ બધા જીવલેણ રોગો ગણાય છે. **પરંતુ તીર્થંકર ભગવાનનો બોધ એમ કહે છે કે સૌથી મોટો રોગ તો જીવના સ્વરૂપનું અજ્ઞાન છે. અનાદિકાળના પરિભ્રમણનું મૂળ આત્મસ્વભાવ અથવા સ્વસ્વરૂપ વિષેનું અજ્ઞાન છે, જેને જૈન પરિભાષામાં મિથ્યાત્વ અથવા દર્શનમોહ કહેવાય છે.** આ અજ્ઞાનના કારણે જીવને નિરંતર રાગ-દ્વેષના પરિણામો થયા જ કરે છે જેને ચારિત્રમોહ કહેવાય છે. ઉપર જણાવેલી બીજી ગાથામાં



શ્રીમદ્ રાજચંદ્રજી આત્મસિદ્ધિશાસ્ત્રના ઉપસંહારમાં જણાવે છે કે આત્માની ભ્રાન્તિ, અર્થાત્ સ્વરૂપનું અજ્ઞાન જ દેહમાં આત્મબુદ્ધિ કરાવે છે તે જ સર્વ દુઃખોનું મૂળ કારણ છે અને તે મૂળભૂત ભૂલને ભાંગવાનો ઉપાય છે. સદ્‌ગુરુની આજ્ઞાનું આરાધન અને તેની રામબાણ જેવી દવા અથવા ઔષધિ તે આત્મસ્વરૂપનું સમ્યક્ વિચાર, અને તેનું ધ્યાન કરવાથી અજ્ઞાન ધીમે ધીમે દૂર થાય છે.

**ભાવાર્થ :** ત્રીજી ગાથામાં શ્રીમદ્‌જી સમજાવે છે કે જગતના બધા જીવો નિશ્ચયનયથી સિદ્ધ સમાન જ છે. પણ તે જો જીવ સમજે તો સિદ્ધદશા પ્રાપ્ત કરી શકે. વર્તમાનપર્યાયમાં તો આપણા જેવા બધા જીવો અજ્ઞાની જ છે. તો તે અજ્ઞાન ટાળવાનો ઉપાય ફરી એ જ બતાવ્યો કે સદ્‌ગુરુની આજ્ઞાનું સમ્યક્ આરાધન અને જિનેશ્વર ભગવાનનું અંતરવૈભવ, અનંતગુણોનું ગુણાનુરાગવાળી ભક્તિ તે ઉત્તમ નિમિત્ત છે.

હવે આપણે જિનવાણી અને જિનઆજ્ઞારૂપી અમૃત અનુષ્ઠાનની સાધના નીચેના ચાર મહાત્માઓનાં સ્તવનોના વિવેચનથી વિસ્તારપૂર્વક સમજીએ.

## ૧. શ્રી ધર્મનાથ ભગવાનનું શ્રી આનંદઘનજીકૃત સ્તવન

**ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત, જિનેશ્વર,**
**બીજો મનમંદિર આણુ નહિ, એ અમ કુલવટ રીત. જિનેશ્વર**
**ધર્મ જિનેશ્વર ગાઉં રંગ શું. ॥૧॥**

આપણે પાંચમા પ્રકરણમાં અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજીનું જીવનચરિત્ર જોઈ ગયા અને તેમની ઊંચી આત્મદશા અને તેમના સ્તવનોમાં જ્ઞાન-અધ્યાત્મનો ઉત્તમ પ્રભાવ દરેક સ્તવનોમાં જોવા મળે છે. દરેક ગાથા જાણે મોક્ષમાર્ગની પ્રરૂપણા જ કરતી હોય તેટલી

અસરકારક છે અને સુંદર રીતે ગાઈ શકાય તેવી રચનાઓ હોવાથી ભક્તિભાવે, ઉલ્લસિત હૃદયથી ગાઈને તેના અર્થ સમજીએ, તો આપણું કલ્યાણ અવશ્ય થશે.

પ્રથમ ગાથામાં ધર્મનાથ ભગવાનની હર્ષ અને ઉલ્લાસપૂર્વક સ્તવના કરતાં કહે છે કે, હે પ્રભુ ! આપના ગુણાનુરાગથી ભરેલી મારી પ્રીતિ, પ્રેમ જે આપની વીતરાગતા અને અનંત ગુણોના વૈભવની જિનમુદ્રા જોઈને સ્તવના કરવા માગું છું તેમાં કદીય ભંગ ન પડે તેવી પ્રાર્થના તમને કરું છું. કારણકે તમારી ભક્તિ અને પ્રેમ મારા રોમેરોમમાં એવો ઉલ્લસિત છે કે તે પ્રેમ-ભક્તિ વિના હું જીવી શકું તેમ નથી.

પ્રથમ ગાથાના ઉત્તરાર્ધમાં પોતાની ટેક, એકનિષ્ઠા બતાવતાં શ્રી આનંદઘનજી કહે છે કે, આ અમારી 'કુલવટ' એટલે અંતર-આત્મદશા પામેલા અમારા જેવા આત્માઓની આ એકનિષ્ઠા છે કે અમારા હૃદયમાં શુદ્ધદેવ અર્થાત્ વીતરાગ સર્વજ્ઞદેવ સિવાય બીજા જગતના કોઈ પણ દેવો-હરિહર બ્રહ્માદિને - હું મનમાંય લાવતો નથી કારણ કે આપ દેવાધિદેવ જ સંપૂર્ણ વીતરાગ સર્વજ્ઞદશા પામ્યા છો અને હું પણ એ દશા પામવાનો તીવ્ર અભિલાષી છું તેથી હે નાથ! મારા મન મંદિરમાં તમારા સિવાય કોઈ અન્ય દેવ પેસી શકે તેમ નથી. જુઓ ! પ્રથમ ગાથામાં જ આપણા જેવા સાધકને માટે ભગવાનનું અનન્યશરણ પ્રાપ્ત કરાવી વ્યવહાર સમકિતનું દાન જાણે કરી દીધું તેવી આ ચમત્કારિક લબ્ધિગાથા છે !

**ધરમ ધરમ કરત જગ સહુ ફિરે, ધર્મ ન જાણે હો મર્મ જિનેશ્વર,**
**ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ...જિનેશ્વર.** (૨)

જગતના સૌ મનુષ્યાદિ જીવો ''ધરમ ધરમ'' એવો શબ્દોચ્ચાર કરે છે પણ તે ધર્મનો મર્મ તો જાણતા જ નથી. જેવી રીતે એક પોપટ ''સીતારામ'' બોલે અને એક હનુમાન અથવા સંત તુલસીદાસ ''સીતારામ'' બોલે તેમાં જમીન-આસમાનનો તફાવત છે. તેવી રીતે જગતના લોકો પોતાના કુળધર્મ અને ગચ્છ-મતના કદાગ્રહથી ધરમ ધ્યાન કરીએ છીએ તેમ માને તેથી ધર્મધ્યાન થતું નથી. ધર્મનો મર્મ તો જ્ઞાની સત્પુરુષના હૃદયમાં રહેલો છે અને તીર્થંકરદેવના બોધમાં રહેલો છે. તે સમજવા સાચી મુમુક્ષુતા, સત્પાત્રતા જોઈએ તો જ ધર્મનો મર્મ સમજાય.



જૈનદર્શનમાં ધર્મ શબ્દના ઘણાં જુદા અર્થો અથવા Defintions આગમ શાસ્ત્રોમાં મળે છે :-

૧. ધર્મ એટલે सम्यक्‌दर्शनज्ञान चारित्राणि मोक्षमार्गः

૨. ધર્મ એટલે આત્મ સ્વભાવમાં વર્તે તે ધર્મ.

૩. ગાથા એકમાં કહેલ સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન અને સમ્યક્‌ચારિત્ર એ રત્નત્રયીને શ્રી તીર્થંકર પરમાત્મા ધર્મ કહે છે.

૪. જે સંસાર પરિભ્રમણમાંથી મુક્ત કરી આત્માને ઉત્તમ સુખમાં, શાશ્વત સુખમાં, સિદ્ધદશામાં લઈ જાય તે ધર્મ.

૫. આત્માનો સ્વભાવ તે ધર્મ. રાગદ્વેષરૂપી વિભાવ તે અધર્મ.

(શ્રી સમંતભદ્ર આચાર્ય રચિત રત્નકરંડશ્રાવકાચાર ગ્રન્થમાંથી આ ધર્મની વ્યાખ્યાઓ અત્રે રજુ કરેલ છે.)

શ્રી સમન્તભદ્ર આચાર્ય લગભગ ૨૦૦૦ વર્ષ પહેલા થઈ ગયા અને તેઓશ્રી ખૂબ જ સમર્થ અને પ્રબુદ્ધ પ્રજ્ઞાવંત હતા જેમણે રત્ન-કરંડશ્રાવકાચાર અને બીજા ઘણાં ગ્રન્થરત્નો રચ્યા છે. ઉપર કહ્યા તે ધર્મની વ્યાખ્યાઓનું ગુરુગમ સમજવા તીર્થંકરદેવના આગમશાસ્ત્રો

શ્રી સદ્‌ગુરુના તત્ત્વબોધથી સમજવાની જરૂર છે. જૈનદર્શનમાં નવ તત્ત્વ, છ દ્રવ્ય, આત્માના છ પદ અને સકળ દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ એ ભગવાનના ધર્મોપદેશનું ઊંડું જ્ઞાન જે ગુરુગમથી સમજે, સાચી શ્રદ્ધા કરી તે જ્ઞાનને પચાવે અર્થાત્ આચરે તે જ જીવ ધર્મી કહેવાય જગતમાં અન્ય ધર્મમાં તો 'અમારો ધર્મ જ સાચો' એમ પોકારે છે. પણ તેનો મર્મ તો વીરલા જ જાણે છે એમ શ્રી આનંદઘનજી ઉપરની ગાથાના પૂર્વાર્ધમાં કહે છે.

હવે ઉત્તરાર્ધમાં બીજો મહત્ત્વનો મર્મભેદ સમજાવે છે. અનાદિ-કાળથી આપણે બધાએ ધર્મની આરાધના તો કરી હતી પણ હજી સુધી કલ્યાણ થયું નથી. તેથી આપણી સાધના આત્માનું કલ્યાણ કરનારી નથી બની. તો શું ખામી હશે કે જેથી : **''સહુ સાધન બંધન થયા, રહ્યો ન કોઈ ઉપાય, સત્સાધન સમજ્યો નહીં ત્યાં બંધન શું જાય ?''** - શ્રીમદ્ રાજચંદ્રજી આ પદમાં આપણને જાગૃત કરે છે કે, આપણી મતિકલ્પનાથી ધર્મના બધા સાધનો - યમ, નિયમ, તપ, જપ, શાસ્ત્રાભ્યાસ વગેરે અનંતવાર કર્યા છતાં કર્મબંધનમાંથી મુક્તિ તો મળી નહિ પણ પરિભ્રમણ ચાલુ જ રહ્યું છે. તેનું કારણ જણાવે છે કે, 'સત્સાધન સમજ્યો નહિ' અર્થાત્ જ્ઞાનીપુરુષને ઓળખ્યા વગર તેમના ગુરુગમ ને જાણ્યા વગર, જ્ઞાનીની આજ્ઞા લીધા વગર, જે જે સાધન કર્યા તે બંધનરૂપ થયા. કારણ કે પોતાના સ્વછંદને છોડ્યા વિના સાચી મુમુક્ષુતા પ્રગટતી નથી અને આત્માનો લક્ષ પણ થતો નથી.

તો પ્રસ્તુત ગાથામાં શ્રી આનંદઘનજી ઉત્તરાર્ધમાં કહે છે કે, **''ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી કોઈ ન બાંધે કરમ''** અર્થાત્ જિનેશ્વર ભગવાન અને તેમના માર્ગે વર્તનારા સદ્‌ગુરુના ચરણોની સમ્યક્ શ્રદ્ધા અને અવલંબનપૂર્વક જો સાધના કરવામાં આવે તો તે મુમુક્ષુને નિકાચિત કર્મ બંધાતાં નથી અર્થાત્ અનંતાનુબંધી કર્મ જે અનંત



સંસારનો ભવ બંધ કરાવે તે બંધાતા નથી, જીવ જો અમૃત અનુષ્ઠાનપૂર્વક દેવ-ગુરુ-ધર્મની સમ્યક્ શ્રદ્ધાપૂર્વક આશ્રય ભક્તિ કરે તો તે જીવ થોડા જ સમયમાં સર્વ કર્મબંધનથી મુક્ત થાય છે.

આ ગાથામાં ''જિનેશ્વર ચરણ''નો અર્થ ભગવાનના ચરણકમળની સેવા અથવા ચરણ એટલે જિનવાણી પણ અર્થ થઈ શકે અથવા ચરણ એટલે આજ્ઞા પણ થઈ શકે. ટૂંકમાં જ્યારે સાધક પોતાના આત્મકલ્યાણ માટે સદ્‌ગુરુને શોધીને તેમના ચરણોમાં એકનિષ્ઠા અને સમ્યક્ શ્રદ્ધાપૂર્વક પ્રીતિ-ભક્તિ અમૃત અનુષ્ઠાનોની સાધના કરવા પોતાનું જીવન દાવ પર મૂકી સંપૂર્ણ સમર્પણભાવથી સાધના કરવા તૈયાર થાય ત્યારે તેને ગુરુકૃપાથી મોક્ષમાર્ગની મંગળયાત્રામાં બધા જ સાધનો આવી મળે છે અને તેની મોક્ષયાત્રા સુગમતાથી નિર્વિઘ્ને મંજીલ સુધી પહોંચે છે. જ્યારે કોઈ સાચો જિજ્ઞાસુ સાધક શ્રી સદ્‌ગુરુના ચરણોમાં પોતાની અર્પણતા કરે છે ત્યારે શ્રી ગુરુ શું ચમત્કાર કરે છે તે હવે ત્રીજી ગાથામાં બતાવે છે-

**પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન, જિનેશ્વર૦**
**હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરૂ સમાન. જિનેશ્વર૦ ॥૩॥**

અત્રે ''પ્રવચન'' એટલે પ્રકૃષ્ટ વચન. શ્રી જિનેશ્વર ભગવાને પ્રકાશેલા સિદ્ધાંતજ્ઞાનને જ્યારે શ્રી સદ્‌ગુરુ ભગવંત પોતાની આત્મ અનુભૂતિપૂર્વક ગુરુગમથી સુશિષ્યને સમજાવે છે ત્યારે તે મુમુક્ષુના હૃદયમાં સમ્યક્જ્ઞાનરૂપી અંજન શ્રી સદ્‌ગુરુ કરે છે જેના પરિણામે તે મુમુક્ષુ પોતાના હૃદયમાં જાણે ''પરમનિધાન'' અર્થાત્ પોતાના આત્મ-સ્વભાવને દેખે છે, અનુભવે છે અર્થાત્ સદ્‌ગુરુના બોધરૂપી અંજનથી તેને દિવ્યચક્ષુ પ્રાપ્ત થાય છે અને અરૂપી એવું આત્મદ્રવ્યથી તેને સ્વસંવેદનજ્ઞાનની અનુભૂતિ થાય છે. જ્યારે મુમુક્ષુજીવને આવી દિવ્ય

અલૌકિક આત્માની અનુભૂતિ થાય છે ત્યારે ''હૃદય નયણ'' એટલે અંતરમુખતારૂપી દિવ્ય ચક્ષુથી પરમાત્માના દર્શન થતાં જેવા અનંતગુણો પરમાત્માના નિરાવરણ થયા જાણે છે તેવા જ અનંતગુણો નિશ્ચયનયથી પોતાના આત્મસ્વભાવમાં પણ છે તેવું સમ્યક્ શ્રદ્ધાન તે મુમુક્ષુને થાય છે અને આવી અનુભૂતિને ભગવાન સમ્યક્દર્શન કહે છે. જ્યારે આવી આત્મઅનુભૂતિ થાય ત્યારે તે સાધક પણ ધન્ય બની જાય છે અને મેરુ પર્વત જે સોનાનો છે તેવી જ કૃતકૃત્યતા, પોતાના અંતરવૈભવની અનુભવે છે, કૃતકૃત્ય બને છે, ધન્ય બને છે.

આ ગાથામાં શ્રી આનંદઘનજી એક મહાન જૈન તત્ત્વ સિદ્ધાંત સમજાવે છે. મુમુક્ષુ જીવનું ઉપાદાન જ્યારે પ્રભુભક્તિને સન્મુખ થાય છે અને ગુરુભક્તિ કરવા દ્વારા જ્યારે તે તત્ત્વશ્રવણથી પોતાના આત્મામાં અંતરમુખતાનો અભ્યાસ કરે છે ત્યારે શ્રી સદ્‌ગુરુના પ્રવચનનો ઉત્તમ નિમિત્ત તે સાધકના ઉપાદાનરૂપી આત્માને જાગૃત કરીને પ્રવચનરૂપી અંજનથી મોહનિદ્રામાંથી જાગૃત કરીને તેને પોતાના આત્મસ્વરૂપની અનુભૂતિ કરાવે છે. અર્થાત્ સદ્‌ગુરુનું ઉત્તમ નિમિત્ત મળતાં સાચો મુમુક્ષુ પોતાના ઉપાદાનને સદ્‌ગુરુ સન્મુખ કરી તેમની આશ્રયભક્તિ કરતાં પોતાના આત્માનું અવશ્ય કલ્યાણ કરી શકે છે. આ એક અદ્‌ભૂત તત્ત્વસિદ્ધાંત આ ગાથામાં સમજાવ્યું છે. આ જ વાતને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી તેમના સીમંધરસ્વામીના સવાસો ગાથાના સ્તવનની બીજી ઢાળમાં પ્રકાશે છે- જુઓ કેટલી સમાનતા છે.

**''જ્ઞાન પ્રકાશે રે મોહતિમિર હરે, જેહને સદ્‌ગુરુ સૂર,**
**તે નિજ દેખે રે સત્તા ધર્મની, ચિદાનંદ ભરપૂર.''**
**શ્રી સીમંધર સાહેબ સાંભળો. (૨૪)**

**ભાવાર્થ :** જેવી રીતે રાત્રિ પૂરી થાય છે ત્યારે સૂર્યનો પ્રકાશ



થતાં અંધકારનો નાશ થાય છે અને જગત આખું પ્રકાશિત થાય છે, તેવી જ રીતે સૂર્ય સમાન ગીતાર્થ સદ્‌ગુરુ ભવ્ય જીવોના હિતાર્થે સ્યાદ્‌વાદવાણીથી જ્ઞાનરૂપી પ્રકાશ પાથરે છે. આત્મા અને જડનો ભેદ સમજાવે છે ત્યારે મોહરૂપી અજ્ઞાનનો અંધકાર દૂર થતાં ભવ્ય જીવ પોતે જ પોતામાં અનંતગુણમય ધર્મની સત્તા દેખે છે. અર્થાત્ મુમુક્ષુજીવને પોતાનો આત્મા જે સ્વભાવે અનંતગુણાત્મક છે, સિદ્ધ સમાન છે તેની અનુભૂતિ થાય છે. માત્ર એક મોટો ફરક છે કે, જિનેશ્વર ભગવાનનો આત્મા સંપૂર્ણ શુદ્ધ છે. કારણકે ઘાતિકર્મોનો ક્ષય કરી ભગવાન ક્ષાયિકભાવે સર્વ ગુણો નિરાવરણ કરીને પૂર્ણ વીતરાગ-સર્વજ્ઞ થયા છે, જ્યારે મુમુક્ષુજીવને ''સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ'' એ સૂત્ર મુજબ પોતાનો આત્મા પણ અનંતગુણોનો નિધિ છે પણ માત્ર સમ્યક્દર્શનની અનુભૂતિ થતાં તેનો મહિમા મેરૂ સમાન છે તેવી ધન્યતા અનુભવે છે.

હવે મોક્ષનો માર્ગ બહાર નથી પણ અંતરમાં છે તે સમજાવે છે. ''ધર્મ એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. તે બાહ્ય મળવાની નથી. અપૂર્વ અંતરસંશોધનથી તે પ્રાપ્ત થાય છે. તે અંતરસંશોધન કોઈક મહાભાગ્યવાન્ (મુમુક્ષુ) એવા સદ્‌ગુરુના અનુગ્રહે પામે છે'' (શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક ૪૭)

**દોડત દોડત દોડત દોડીયો, જેતી મનની રે દોડ જિનેશ્વર૦**
**પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી, ગુરુગમ લેજો રે જોડ જિનેશ્વર૦**
**ધરમ જિનેશ્વર ગાઉં રંગશું. ॥૩॥**

ચોથી ગાથામાં હવે શ્રી આનંદઘનજી પ્રાર્થના કરતાં કહે છે કે, હે પ્રભુ ! મેં આપના દર્શન કરવા અનાદિકાળથી દોડાદોડ જ કરી છે અને જેટલી મારી શક્તિ હતી તેટલી શક્તિથી મારી મતિ કલ્પનાથી સ્વછંદે માત્ર બહાર ધર્મ શોધવા દોડવાનું જ કામ કર્યું છે પણ મારું

કલ્યાણ થયું નહિ. મેં મારા સ્વચ્છંદને પોષવા ઘણાં તીર્થસ્થળોની યાત્રા કરી છે, તપ, જપ, શાસ્ત્ર અભ્યાસ પણ કર્યો છે, ધર્મની આરાધના લોકસંજ્ઞાથી કરી છે તો મારી શું ભૂલ રહી છે કે, જેથી મારું ભવભ્રમણ હજી ચાલુ જ રહ્યું છે ?

જેમ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની રચના ગુરુ અને શિષ્ય વચ્ચેના સંવાદ તરીકે ખૂબ જ રસિક અને માર્મિક છે તેવી રીતે પ્રસ્તુત ગાથાના ઉત્તરાર્ધમાં જાણે ભગવાન ધર્મનાથસ્વામી આનંદઘનજીને જવાબ આપે છે કે, મોક્ષ મેળવવાનો સાચો અને સરળ માર્ગ તો સદ્‌ગુરુ પ્રત્યેનો પ્રેમ, તેમની પ્રતીતિ એટલે શ્રદ્ધા, વિશ્વાસ અને તેમના બોધવચનોનો વારંવાર વિચાર, અનુપ્રેક્ષા કરવાથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ તથા અનુભૂતિ ઢૂંકડી થશે. અર્થાત્ પોતાના આત્મામાં અંતરમુખતા કરતાં ભગવાનના આત્માનાં દર્શન પોતાના આત્મામાં જ થશે. પરંતુ અગત્યની શરત એ છે કે અરૂપી એવા આત્માના દર્શન ગુરુગમ વિના કોઈ કાળે થતાં નથી જ. આ રહસ્યને શ્રીમદ્ રાજચંદ્રજી તેમના પ્રસિદ્ધ ''યમનિયમ'' પદમાં સ્પષ્ટ માર્ગની સમજણ આપે છે -

**''અબ ક્યો ન બિચારત હૈ મન સેં, કછુ ઓર રહા ઉન સાધન સે,**
**બિન સદ્‌ગુરુ કોઈ ન ભેદ લહે, મુખ આગલ હૈ કહ બાત કહે.**
**કરુના હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુ ગમ કી,**
**પલ મેં પ્રગટે મુખ આગલ સેં, જબ સદ્‌ગુરુ ચરણ સુપ્રેમ બસે.''**

**(યમ-નિયમ પદ - શ્રીમદ રાજચંદ્રવચનામૃતજી)**

હવે નીચેની ગાથામાં એક નવી સમસ્યા પ્રભુને શ્રી આનંદઘનજી બાળકની જેમ નિર્દોષતાપૂર્વક કહે છે-

**એક પખી કેમ પ્રીતિ પરવડે, ઉભય મિલ્યા હોયે સંધિ જિનેશ્વર૦**
**હું રાગી હું મોહે ફંદીયો, તું નીરાગી નિરબંધ જિનેશ્વર૦ ॥૫॥**



ઉપરની ગાથામાં નિવેદન કરે છે કે, હે પ્રભુ ! મારા પક્ષે તમને પ્રીતિ કરવાની પ્રબળ ઈચ્છા છે પણ આપ તો વીતરાગ છો તેથી મારા પ્રત્યે આપ પ્રીતિ કરવાના જ નથી ! તો આપણો મેળાપ, મનમેળ વિના કેવી રીતે થશે ? વળી હું તો રાગદ્વેષથી ભરેલો અને મોહના ફંદામાં ફસાયેલો છું, જ્યારે આપ તો નીરાગી, સંપૂર્ણ વીતરાગ અને સર્વ કર્મબંધનથી રહિત છો તો આપની સાથે મારી પ્રીતિ કેવી રીતે થાય ? આ ગાથામાં માર્મિક રીતે આનંદઘનજી જણાવે છે કે, પોતે સમર્થ જ્ઞાની છે અને ભગવાન વીતરાગ છે તેથી કદીય રાગ કે પ્રીતિ એમના પ્રત્યે નહિ કરે પણ પહેલી ગાથામાં જેમ પ્રકાશ્યું કે, મારી પ્રીતિનો રંગ હે પ્રભુ કદીય ભંગ ન થાય તેવી છે. આ વચનો પ્રભુ પ્રત્યેના સાચા ભક્તનો અખૂટ, અટલ વિશ્વાસ છે તેમ સાબિત કરે છે. જેમ ભક્તકવિ મીરાબાઈ પણ જાણતા હતા કે, ભગવાન કૃષ્ણ તેમના પર પ્રેમ કરવાના નથી પણ પોતે તો ''યેરી મે તો પ્રેમ દીવાની મેરા દર્દ ન જાને કોઈ'' તેમજ ''મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોઈ'' ગાતાં ગાતાં કલ્યાણ પામી ગયા. આ છે મહાન સંતોની પ્રભુ પ્રત્યેની અલૌકિક પ્રીતિ !!!

હવેની ગાથામાં ધર્મના નામે આંધળી દોટ કરતા જગતના જીવોને એક ઉત્તમ આધ્યાત્મિક રહસ્ય સમજાવે છે :-

**પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય, જિ૦**
**જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધોઅંધ પલાય. જિનેશ્વર (૬)**

ઘણીવાર એવું બને છે કે કોઈને ધન પ્રાપ્તિની તીવ્ર જરૂરીયાત હોય અને બહાર શોધતાં મળે જ નહિ ત્યારે માણસ નિરાશ થઈ જાય. અને કંઈક સદ્‌ભાગ્યે એને ખબર પડે કે એના ઘરમાં જ એના પિતાએ સોનાનો ચરૂ ડાટી રાખેલ છે અને તે મળે તો કેટલો આનંદ થઈ જાય. તેવી જ રીતે છટ્ઠી ગાથામાં જણાવે છે કે, આત્માનું હિત કરવાની

ઈચ્છા તો સૌને હોય છે પણ જગતમાં લોકો આત્માને શોધવા જુદા જુદા તીર્થસ્થળોમાં ભટકે છે પણ જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત થયા વગર અરૂપી એવો આત્મા બહાર ક્યાંય મળતો નથી. વળી ઘણીવાર અજ્ઞાની નામધારી ગુરુઓ લોકોને અમૂક તપ, જપ, દાન વગેરે કરવાથી પરમાત્મ તત્ત્વરૂપ નિધાન (ખજાનો) પ્રાપ્ત થશે એમ બતાવે છે. આ વાત તેઓ જાણે ગુરુ પણ અંધ અને ચેલા પણ અંધ તેના જેવું બને છે. આનું કારણ એ છે કે જે કંઈ પણ વસ્તુ જોવી હોય તે પ્રકાશના માધ્યમથી જ જોવાય છે. તેવી રીતે અનુભવી જ્ઞાની સદ્ગુરુની જ્ઞાનદૃષ્ટિ, દિવ્યનયણ જ્યારે સાચા મુમુક્ષુને ગુરુકૃપાથી પ્રાપ્ત થાય ત્યારે દેહમાં રહેલો અરૂપી આત્મા મુખ આગળ એટલે પોતાના શરીરમાં જ રહેલ જગદીશ એટલે પરમેશ્વરની જ્યોતિ, ગુપ્ત ખજાનો જોઈ શકે છે. ''બીન સદ્ગુરુ કોઈ ન ભેદ લહે''

**નિરમલ ગુણમણિ રોહણભૂધરા, મુનિજન માનસ હંસ, જિ૦**
**ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી માતપિતા કુલ વંશ. જિનેશ્વર. ||૭||**

આ ગાથામાં તીર્થંકરદેવ કેવા છે તેનું વર્ણન કરે છે. પ્રભુ તો નિર્મળ ગુણરૂપી મણિઓને ઉત્પન્ન કરવામાં રોહણાચળ પર્વત જેવા છે. રોહણાચળનો પર્વત રત્નોની ઉત્પત્તિનું સ્થાન જણાય છે. વળી તીર્થંકરદેવ તો મુનિઓના મનરૂપી માનસરોવરમાં હંસ સમાન બિરાજમાન છે. અર્થાત્ મહામુનિઓ નિરંતર પ્રભુના ધ્યાનમાં મગ્ન જ હોય છે. એવા કરુણાસાગર તીર્થંકરદેવનો જ્યાં જન્મ થયો હોય તે નગરીને ધન્ય છે, તે જન્મપળને પણ ધન્ય છે અને તેમના માતા, પિતા, કુલ અને વંશને પણ ધન્ય છે કે જ્યાં ત્રણ લોકના મુગટમણી, જગતદિવાકર (સૂર્ય) કેવળજ્ઞાનના પ્રકાશથી જગતના જીવોને મોક્ષમાર્ગ બતાવનાર પ્રભુનો જન્મ થયો તે ભૂમિ પણ તીર્થ બની ગઇ ને ધન્ય ધન્ય થઈ. આવા જગદીશની જ્યોતિથી તેમના બોધરૂપી પ્રકાશથી



ભવ્ય જીવો પોતાના પરમનિધાનરૂપ આત્મસ્વરૂપને જાણી, અનુભવી, પ્રાંતે મોક્ષ પામે છે તે પરમાત્માને અગણિત વંદન હો ! વંદન હો!

**મન મધુકર વરકર જોડી કહે, પદકજ નિકટ નિવાસ, જિનેશ્વર૦**
**ઘનનામી આનંદઘન સાંભળો, એ સેવક અરદાસ. જિને૦ ||૮||**

છેલ્લે શ્રી આનંદઘનજીમહારાજ કહે છે કે, હે પ્રભુ ! મારો મનરૂપી મધુકર એટલે ભમરો, વર એટલે રૂડી રીતે, ભાવપૂર્વક કર એટલે બે હાથ જોડીને પ્રાર્થના કરે છે કે, હે નાથ ! મને નિરંતર આપના પદકજ એટલે ચરણકમળની સમીપ જ નિવાસ આપો.

અર્થાત્ હે પ્રભુ ! મને સદૈવ આપના ચરણકમળમાં, અર્થાત્ આપની આજ્ઞામાં જ રાખો જેથી મારું અવશ્ય કલ્યાણ થાય. જિનેશ્વર ભગવાનના વચન એટલે જિનવાણી અને જિનઆજ્ઞામાં આપણું મન સ્થિર થઈ જાય તેવી આપણી સૌની પ્રાર્થના કરતાં આ સ્તવનનો ભાવાર્થ અત્રે સમાપ્ત થાય છે. તથાસ્તુ !

આ સ્તવન મુખપાઠ કરીને દરરોજ તેની સ્તવના પ્રભુ પ્રત્યે ભાવપૂર્વક કરવાથી ખૂબ જ નિર્ભયતા અને ચિત્તપ્રસન્નતાની પ્રાપ્તિ થશે એવું આ સ્તવનમાં દૈવત છે.

## ૨. શ્રી દેવચંદ્રજી કૃત શ્રી સંભવનાથસ્વામીનું વર્તમાન ચોવીસીનું સ્તવન

આ નવમા પ્રકરણમાં આપણે જિનેશ્વર ભગવાનના ઉત્કૃષ્ટ નિમિત્તરૂપે પ્રભુની પ્રતિમા, જિનવાણી, જિનવચન અને જિનાજ્ઞાના અમૃત અનુષ્ઠાન વિષે વિચારણા કરીએ છીએ. ઉપરના શ્રીમદ્ આનંદઘનજીના ધર્મનાથ ભગવાનના સ્તવનમાં જોયું કે, આખું જગત 'અમે ધર્મ' કરીએ છીએ એવું માને છે પણ જિનેશ્વર ભગવાનના ચરણ અર્થાત્ પ્રભુના અનંતગુણોનું પવિત્ર સ્થાન ભગવાનના

ચરણકમળ, પ્રભુની પાંત્રીસ અતિશયવાળી વાણી અને ભગવાને જે જે ક્રિયાઓ અથવા અનુષ્ઠાનો કહ્યા છે તે બધી જ શ્રાવકધર્મની આજ્ઞા - છ આવશ્યક, પ્રતિક્રમણ, ચૈત્યવંદન, પૂજન આદિ સર્વ ધર્મક્રિયાઓ પ્રભુના અત્યંત બહુમાનપૂર્વક, ઉલ્લસિત ભાવે, સદ્ગુરુ ગમથી પ્રત્યેક ગાથા અને સૂત્રોના અર્થને સમજીને કરવાથી મોક્ષની મંગળયાત્રા આનંદપૂર્વક આગળ વધે છે. દેવચંદ્રજીનું આ સ્તવન સૌએ મુખપાઠ કરીને તેની બહુમાનપૂર્વક ભક્તિ કરવી જરૂરી છે જેથી આત્મકલ્યાણ થશે એવી ગેરન્ટી ગણીશ્રી દેવચંદ્રજી આપે છે :-

**શ્રી સંભવ જિનરાજજી રે, તાહરું અકલ સ્વરૂપ,**
**સ્વપર પ્રકાશક દિનમણી રે, સમતા રસનો ભૂપ,**
**પૂજો પૂજો રે ભવિકજન પૂજો રે પ્રભુ પૂજ્યા પરમાનંદ. (૧)**

વર્તમાન ચોવીસીના ત્રીજા તીર્થંકરદેવ શ્રી સંભવનાથ ભગવાન **જિનરાજ** છે, એટલે કે રાગ, દ્વેષ અને મોહને સર્વથા જીતીને, સર્વ ઘાતિકર્મોનો ક્ષય કરીને પૂર્ણ વીતરાગ થયા છે અને તીર્થંકરનામકર્મના ઉદયથી 'તિન્નાણં તારયાણં'' એટલે પોતે તર્યા છે, સર્વજ્ઞ વીતરાગ થયા છે અને જગતના જીવોને નિષ્કારણ કરુણાથી બોધીને તારનારા છે.

વળી હે પ્રભુ ! તમારું સ્વરૂપ તો 'અકલ' એટલે કળી ન શકાય, સમજી ન શકાય તેવું છે. આપની સર્વજ્ઞતા, સર્વ આત્માના ગુણો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત વીર્ય અને અનંત સુખ આ **સર્વ ગુણો ક્ષાયિક** ભાવે પ્રગટ થયા છે. તેનાથી આપ વીતરાગ છો અને સર્વજ્ઞ છો એટલે કે **સ્વપરપ્રકાશક** છો. સર્વજ્ઞતાના ગુણોને લીધે આત્માના સર્વ ગુણો આપના નિરાવરણ થઈ પ્રકાશિત બન્યા છે અને પરધર્મ એટલે પરદ્રવ્ય, જેવા કે **ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યો,** નવ તત્ત્વ અને



જગતના સર્વ જીવોના ભૂત, વર્તમાન, અને ભાવિના **દ્રવ્ય, ગુણ, અને પર્યાયોને કેવળજ્ઞાનથી** એક સાથે જાણો છો. અર્થાત્ આપના જ્ઞાનની અનંતતા તો સાનંદ આશ્ચર્ય ઉપજાવે છે. વળી આપ પ્રભુ કેવળજ્ઞાનથી સૂર્ય સમાન જગતના સર્વ દ્રવ્યોને પ્રકાશનારા છો અને સર્વજ્ઞતા પામીને આપના બોધથી જગતના સર્વજીવોને તારનારા છો.

વળી હે પ્રભુ ! આપ તો સમતારસના ભૂપ એટલે રાજા છો. લોકાલોકને જાણનારા સર્વજ્ઞ છો, છતાંય તમારો ઉપયોગ તમારા આત્મસ્વરૂપમાં જ મગ્ન છે. કારણકે તમે **પૂર્ણ** વીતરાગ છો. શ્રી દેવચંદ્રજી મ. સા. પ્રથમ ગાથામાં તીર્થંકરદેવની અલૌકિક ઓળખાણ આપણને કરાવે છે અને કહે છે કે, હે ભવ્ય જીવો ! તમે વીતરાગ પરમાત્માને ભાવથી પૂજો, વારંવાર પૂજો કારણકે આવા દેવાધિદેવ સર્વજ્ઞ વીતરાગ પ્રભુને પૂજતાં પરમ આનંદ ઉત્પન્ન થાય છે. જે ભવ્ય જીવો પરમાત્માના શુદ્ધ **પારિણામિક** ભાવવાળી **પરમસિદ્ધ દશા** ને સદ્ગુરુ બોધથી સમ્યક્પણે જાણે, શ્રદ્ધા કરી તેમનું બહુમાનપૂર્વક ઉપાસના કરે તે ભવ્ય જીવ અવશ્ય પોતે વીતરાગતા પામે. કારણ કે મોક્ષપ્રાપ્તિના વીતરાગ પ્રભુ **પ્રબળ નિયામક કારણ છે.** તેમની ઉપાસના સાચા હૃદયના ભાવોલ્લાસથી થાય તો સાધક જીવને પોતાનું આત્મસ્વરૂપ અવશ્ય પ્રગટ થાય. અર્થાત્ સમ્યક્દર્શનથી માંડીને ઠેઠ સિદ્ધદશા પામવાને માટે **વીતરાગ પરમાત્મા અને તેમની વાણી, તેમની આજ્ઞા એ ભવ્ય જીવને સંસાર સાગરને પાર કરવા સફરી જહાજ છે, પ્રબળ મોક્ષનું નિમિત્ત છે** એમ પ્રથમ ગાથામાં સમજાવ્યું છે.

બીજી ગાથામાં વીતરાગ ભગવાન કેવા અનુપમ નિમિત્ત છે તે ખૂબ જ સુંદર લબ્ધિવચન પ્રયોગથી સમજાવે છે અને આ ગાથામાં જાણે આ પુસ્તકના બધા જ અમૃત અનુષ્ઠાનોનો સાર સમાયો છે. જુઓ-

**અવિસંવાદી નિમિત્ત છો રે, જગતજંતુ સુખકાજ,**
**હેતુ સત્ય બહુમાનથી રે, જિનસેવ્યા શિવરાજ.**
**પૂજો પૂજો રે, પ્રભુ પૂજ્યા પરમાનંદ. (૨)**

હે પ્રભુ ! જગતના જીવોના અનંત આત્મિક સુખનું કાર્ય સફળ કરવામાં આપશ્રી **અવિસંવાદી નિમિત્ત** છો. જે કારણ સેવવાથી કાર્ય અવશ્ય થાય જ તેવા નિમિત્તને અવિસંવાદી નિમિત્ત કહેવાય છે. જે વીતરાગ પરમાત્મા ભવ્યજીવોને અનંત અવ્યાબાધ મુક્તિસુખના અવિસંવાદી હેતુ (કારણ) છે, તેમના ઉપર સાચુ બહુમાન, તેમના અનંતગુણોનું સમ્યક્પણે ઓળખાણપૂર્વક ભાવોલ્લાસથી બહુમાન કરવાથી, સાચી પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાન વડે જો પ્રભુની ઉપાસના થાય તો અવશ્ય શિવરાજ એટલે મોક્ષની પ્રાપ્તિ થાય જ આવો જિન સિદ્ધાંત છે.

દેરાસરમાં ભગવાનનાં દર્શન કરતાં આ ગાથાની ભાવપૂર્વક સ્તવના કરવી કે, હે નાથ ! તમે તો કરુણાના સાગર છો અને ત્રણ લોકનો ઉપકાર કરવાવાળા દેવ છો. આપના દર્શનથી મારું જીવન ધન્ય બન્યું છે અને મારા આત્માના પ્રદેશે પ્રદેશે અપૂર્વ આનંદ પ્રસર્યો છે !

આ મહાત્મા પુરુષો આપણને સમસ્ત જિનાગમનો સાર આવા સુંદર દિવ્ય સ્તવનો રચીને વીતરાગ ભગવાનનું અંતરંગ સ્વરૂપ સમજાવી, તે નિમિત્ત કેવું અવિસંવાદી છે તે સમજાવી, પ્રીતિ-ભક્તિ-વચન અમૃત અનુષ્ઠાનની આરાધના કેવી રીતે કરવી તેનું step by step procedure સ્પષ્ટ રીતે સમજાવે છે. આટલો ગુરુગમ આ પુસ્તકમાંથી જેને સમજાશે તે ભવ્ય સાધકોનું આત્મકલ્યાણ અવશ્ય થશે જ આવી unconditional gaurantee ઉપરની ગાથામાં દ્રવ્યાનુયોગના પારગામી શ્રી દેવચંદ્રજી મ.સા. આપણને અલૌકિક ભક્તિયોગના



માધ્યમથી સમજાવે છે. મારી આત્મસાધનામાં શ્રી દેવચંદ્રજી ગણીવર્યનો બહુ જ મોટો ઉપકાર છે. ૧૯૮૦માં તેમના સ્વરચિત સ્તવનોનો બાલાવબોધ ટીકાગ્રન્થ મારા હાથમાં આવ્યો જેનો અભ્યાસ કમ સે કમ પચાસેક વખત થયો છે અને હજીય સાગરમાં બિન્દુ જેટલું જ સમજાયું છે એમ લાગે છે. કારણ કે ‘‘સત્પુરુષના એકેક વચનમાં અનંત આગમ રહ્યા છે’’ (શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક ૧૬૬).

**ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ,**
**ઉપાદાન કારણ પણે રે પ્રગટ કરે પ્રભુ સેવ.**
**પૂજો પૂજો રે, પ્રભુ પૂજ્યા પરમાનંદ. (૩)**

આ ગાથામાં જૈનદર્શનનો અમૂલ્ય તત્ત્વસિદ્ધાંત સમજાવે છે. કાર્ય જેમાં પ્રગટ થાય, અથવા જે કારણ પોતે કાર્ય બની જાય તેને **‘‘ઉપાદાન કારણ’’** કહેવાય છે. અને ઉપાદાન કારણમાં કાર્ય નિપજાવવા માટે કર્તાના વ્યાપારને કારણે જે પ્રધાનપણે સહકાર આપનારૂં કારણ હોય તેને **‘‘નિમિત્તકારણ’’** કહેવાય છે. જેમ ઘડો બનાવવામાં માટી એ ઉપાદાન કારણ છે અને દંડ, ચક્રાદિની સામગ્રી તે નિમિત્તકારણ છે, તેવી જ રીતે **આત્મકલ્યાણ સાધવામાં આપણો આત્મા એ ઉપાદાનકારણ છે અને વીતરાગ જિનેશ્વર દેવ, સદ્ગુરુ અને સત્શાસ્ત્રો તે પ્રબળ નિમિત્ત કારણ છે.**

ઉપાદાનકારણમાં કાર્ય કરવાની કારણતા (ઉપાદાનને Activate કરવાનું કાર્ય) નિમિત્ત કારણના સહકારથી જ પ્રગટે છે. જેવી રીતે છોડ કે વૃક્ષ ઉત્પન્ન કરવાનું ઉપાદાન કારણ બીજ છે પરંતુ પૃથ્વી (માટી), પાણી, પ્રકાશ આદિ નિમિત્ત કારણોનો સંયોગ મળે તો જ બીજમાં ઉપાદાન કારણતા પ્રગટ થાય છે. માટે એ ધ્યાનમાં રાખવું કે ઉપાદાન કારણમાં ઉપાદાન કારણતા (activation of ઉપાદાન) લાવવા માટે નિમિત્ત કારણોની અપેક્ષા અવશ્ય હોય છે.

તેવી જ રીતે આત્મા એ કેવળજ્ઞાનાદિ ગુણસંપત્તિનું ઉપાદાન કારણ ચોક્કસ છે. કારણકે આત્મામાં (આત્મદ્રવ્યમાં) એ ગુણો સત્તાગત રહ્યા છે પણ પ્રગટ થયા નથી. પરંતુ આત્મામાં ઉપાદાન કારણતા પ્રગટાવવી (activation Process) તે પરમાત્માની સેવા, ભક્તિ આદિ નિમિત કારણોનો યોગ થાય તો જ આ જીવમાં (આત્મામાં) મુક્તિની ઉપાદાન કારણતા પ્રગટે છે માટે દેવ-ગુરુની સેવા-ભક્તિરૂપી નિમિત્તકારણની પરમ (most important need) આવશ્યકતા છે.

ગણીશ્રી દેવચંદ્રજીના સ્તવનોમાં નિશ્ચય અને વ્યવહારનો, નિમિત્ત અને ઉપાદાનનો અને **દ્રવ્યાનુયોગ** અને **ભક્તિયોગનો** અદ્‌ભૂત સમન્વય, સમતુલા અને ખૂબ જ ઊંડા ગહન આગમતત્ત્વોનો સુંદર નીચોડ આપણને મળ્યો છે તે આપણો ઉત્તમ પુણ્યોદય સમજવો. ઘણીવાર કેટલાક સાધકો એકાંત નિશ્ચયનયને પકડીને માત્ર આત્મા જ ઉપાદાન છે તેને નિમિત્તની જરૂર જ નથી એમ અધુરી સમજણથી નિમિત્તનો નિષેધ કરતા હોય છે જે જિનમતનો વિરોધ કર્યો કહેવાય. જિનમતમાં તો નિશ્ચય અને વ્યવહાર બન્ને એક રથના પૈડા (Wheels) છે અને તે Balance અથવા સમતુલા હોય તો મોક્ષમાર્ગની સાધના સમ્યક્ બને, તે **સમ્મતિતર્કના** અભ્યાસથી વિશેષ સમજાશે.

ઉપરની ગાથામાં સમજાવે છે કે કેવળજ્ઞાનાદિ અનંતગુણો આ આત્મામાં સત્તાથી અનાદિકાળથી રહેલા છે માટે આત્મા એ કેવળજ્ઞાનાદિ ગુણોનું ઉપાદાનકારણ તો છે જ. પરંતુ તેમાં ઉપાદાનકારણતા પ્રગટી નથી. પ્રગટી હોત તો આપણો આત્મા પણ સિદ્ધદશાને પામેલો ઘટે પણ આપણે તો અજ્ઞાની છીએ, એમ હું મારા માટે અજ્ઞાનીપણું જ માનું છું. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી સાધક જ રહેવું ઉચિત છે.



માટે ખાસ સમજવાની જરૂર છે કે દરેક આત્મદ્રવ્ય અનંતગુણોનું ઉપાદાનકારણ અવશ્ય છે, પણ તેની **ઉપાદાનકારણતા** હજી ક્યારેય પ્રગટી નથી. જ્યારે ભવ્ય જીવની કાળલબ્ધિ પાકે અને તે યોગદષ્ટિમાં આવે ત્યારે તે જાગૃતિપૂર્વક અને સાચી મુમુક્ષુતાથી જે જીવ જિનેશ્વર ભગવાન અને આત્મજ્ઞાની સદ્‌ગુરુનું સમ્યક્શ્રદ્ધાન કરી દેવ-ગુરુની સેવા ભક્તિમાં જોડાય ત્યારે તે સેવા-ભક્તિ પ્રબળ નિમિત્તકારણ હોવાથી આત્મામાં ઉપાદાનકારણતા પ્રગટાવે છે.

આવી રીતે જ્યારે કોઈ ભવ્ય જીવ, સદ્‌ગુરુના તત્ત્વશ્રવણથી જાગૃત થઈ, અરિહંતપ્રભુની દ્રવ્યથી અને સાચા ભાવથી ઉલ્લસિત ભાવે ભક્તિ સેવા કરે તો તે ઉત્તમ નિમિત્તના અવલંબનથી આ આત્મામાં ઉપાદાનકારણતા પ્રગટ થાય છે. દુર્લભ એવો મનુષ્યભવ સફળ કરવા સાધક જીવે વીતરાગ પરમાત્મા કે જે કર્મરોગ દૂર કરવામાં ભાવવૈદ્ય સમાન છે અને જીવના મિથ્યાત્વરૂપી અંધકારને દૂર કરવા સૂર્ય સમાન છે, માટે હે ભવ્ય જીવો ! મોક્ષરૂપી કાર્ય સફળ કરવા પ્રભુ એ પુષ્ટ અવલંબન છે અર્થાત્ પ્રબળ નિમિત્તકારણ છે માટે તેમની સેવા ભક્તિ ભાવસહિત કરી તમારા આત્માનું ત્વરાથી કલ્યાણ કરી લો.

**"રે આત્મ તારો આત્મ તારો, શીઘ્ર તેને ઓળખો"**

**(શ્રીમદ્ રાજચંદ્રકૃત અમૂલ્ય તત્ત્વ વિચાર)**

હવે ઉપાદાન કારણમાં કાર્ય કેવી રીતે પ્રગટે તેનું રહસ્ય (Scientific process) નીચેની ગાથામાં સમજાવે છે.

**કાર્યગુણ કારણપણે રે, કારણકાર્ય અનૂપ,**
**સકલ સિધ્ધતા તાહરીરે, માહરે સાધનરૂપ.**
**પૂજો પૂજો રે, પ્રભુ પૂજ્યા પરમાનંદ... (૪)**

ઉપરની ગાથામાં જૈનદર્શનનું ખૂબ ઊંડું તત્ત્વજ્ઞાન ગણીશ્રી દેવચંદ્રજીએ તેમના અપૂર્વ જ્ઞાનસામર્થ્ય વડે સુંદર પદોમાં રચીને આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે. આ પ્રસ્તુત ગાથામાં હવે પ્રભુને કહે છે કે, હે વીતરાગ પરમાત્મા ! અનાદિકાળથી રખડતાં, ભટકતાં મને હવે તમારું શાસન અને તમારો અલૌકિક ધર્મ પ્રાપ્ત થયો છે જેનાથી તત્ત્વશ્રદ્ધાન રૂપ સમ્યક્ત્વ ગુણ પ્રગટ થયો છે અને સમ્યક્ત્વ ગુણના કારણે જે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રના ક્ષયોપશમ ભાવના થોડા પણ ગુણો આ પ્રગટ થયા છે અને આપની કૃપાથી મને સાચા તત્ત્વોની શ્રદ્ધા, તત્ત્વોનું યથાર્થ જ્ઞાન અને તત્ત્વરમણતા કરવા રૂપ જે કારણતા પ્રગટ થઈ છે તે ગુણો અત્યારે **ક્ષાયોપશમિકભાવના** પ્રગટ થયા છે.

આ રીતે પ્રગટ થયેલા ક્ષાયોપશમિકભાવના જે ગુણો છે તે નવા જ ઉત્પન્ન થયા છે. માટે કાર્યરૂપે ઉત્પન્ન થયા હોવાથી કાર્યગુણ કહેવાય છે અને તેની સાધના અમૃત અનુષ્ઠાનો મુજબ પ્રીતિ-ભક્તિ-આજ્ઞા-અસંગ અનુષ્ઠાનો કરતાં કરતાં આ જ ગુણો પ્રાંતે **ક્ષાયિકભાવના** પ્રગટ થાય છે. ઉપરની ગાથામાં આ રહસ્ય સમજાવે છે કે, જ્યારે ક્ષાયિકભાવના ગુણો પ્રગટ થાય ત્યારે આ ક્ષાયોપશમિક ભાવના ગુણો કાર્યભૂત હોવા છતાં, ક્ષાયિકભાવના પ્રગટ થતા ગુણોની અપેક્ષાએ કારણરૂપે ગણાય છે. અર્થાત્, પ્રગટ થયેલા કાર્યભૂત ક્ષાયોપશમિકભાવના આ ગુણો પણ ક્ષાયિકભાવના ગુણોને પ્રગટવાનું કારણ બને છે અને કારણભૂત એવા આ ગુણો દ્વારા અનુપમ એવા ક્ષાયિકભાવના ગુણો પ્રગટ થાય છે અને માટે તેને કાર્યરૂપ ગુણો કહેવાય છે.

આ ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે કે, હે પ્રભુ ! તમારા પ્રગટ થયેલા સર્વ ગુણોની જે સિદ્ધતા છે, **નિરાવરણતા છે** તે મારા માટે મારા આત્માના ગુણો પ્રગટ કરવામાં એક અનુપમ અને પ્રબળ



નિમિત્ત છે. અર્થાત્, મારા પોતાના ક્ષાયોપશમિકભાવના ગુણો તે ક્ષાયિકભાવના ગુણો પ્રગટ કરવામાં ઉપાદાનકારણ છે. હે પ્રભુ! તમારા પ્રગટ થયેલા ગુણોની અનંત ઋદ્ધિ અને ગુણસંપદા મારા ગુણો પ્રગટ કરવામાં પ્રબળ નિમિત્તકારણ છે. જો કે, હું મારા પોતાના પુરુષાર્થથી જ મારા ક્ષાયિકભાવના ગુણો મેળવું છું તો પણ તેમાં પ્રબળ નિમિત્તકારણ પ્રભુ આપ જ છો. માટે તમારો મોટો ઉપકાર છે અને તમે જ મારા શરણરૂપ છો. આ ભક્તની સાચી ભક્તિનું કથન છે અને ખૂબ જ પ્રબળ છે.

હવેની પાંચમી ગાથા એટલી બધી મહાન અને અલૌકિક છે કે આ ગાથા દરેક જૈન મંદિરમાં શીલાલેખ પર લખવા જેવી છે જેથી દરેક સાધક જીવ તેની ભક્તિ કરે અને અવશ્ય આત્માનું કલ્યાણ થાય તેવું દૈવત આ ગાથામાં છે !!!

**એકવાર પ્રભુવંદના રે, આગમ રીતે થાય,**
**કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય.**
**પૂજો પૂજો રે, પ્રભુ પૂજ્યા પરમાનંદ (૫)**

વીતરાગ પરમાત્મા અનંતજ્ઞાની, અનંતદર્શની, સ્વરૂપમાત્ર-ભોગી, સ્વસ્વરૂપમાં અખંડપણે રમણતા કરવાવાળા, પૂર્ણવીતરાગ સર્વજ્ઞદેવ પરમપુરુષ ત્રણ લોકના નાથ, અલૌકિક દેવાધિદેવ છે, આવા ગુણોના સમુદ્ર, ભગવાનનું અનુપમભાવથી, ઉલ્લસિત ભાવે, વીતરાગ પરમાત્માને સદ્ગુરુના બોધથી સમ્યક્પણે આગમમાં કહ્યા છે તે પ્રમાણે શ્રદ્ધાભાવથી એકવાર સાચું ભાવવંદન થાય તો મોક્ષ થવા રૂપ કાર્ય અવશ્ય સિદ્ધ થાય છે એમ આગમવચન છે.

વીતરાગ પરમાત્માનું ઉત્કૃષ્ટ નિમિત્ત મળે અને ભવ્ય જીવ પોતાના ઉપાદાનકારણમાં પ્રભુ વંદન, પ્રભુ ભક્તિ આદિ અમૃત

અનુષ્ઠાનો વડે સાચી કારણતા પ્રગટાવે તો મોક્ષરૂપી કાર્ય અવશ્ય થાય જ. આવા ભાવાર્થનું પદ શ્રીઆનંદઘનજી ૨૧મા શ્રી નમિનાથ ભગવાનના સ્તવનમાં આ રીતે સમજાવે છે :-

**"જિનસ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે,**
**ભૃંગી ઈલીકાને ચટકાવે તે ભૃંગી જગ જોવે રે."**

આ ગાથાનો ભાવાર્થ આગળ જોઈ ગયા છીએ. ટૂંકમાં જે મુમુક્ષુ સાચી મુમુક્ષુતા પ્રગટાવી, ઉપાદાનકારણતા પોતાના ઉપાદાનરૂપ આત્મામાં જાગૃત કરી અર્થાત્ જિનસ્વરૂપ થઈ જિનેશ્વરને આરાધે તે ખરેખર પૂર્ણ વીતરાગતા પામે-પામે અને પામે જ. એવો સિદ્ધાંત છે.

હવે આગળની ગાથામાં શ્રી દેવચંદ્રજી પ્રભુની સાચી સાધના કરે તેનું બહુમાન કરતા કહે છે :-

**પ્રભુપણે પ્રભુ ઓળખી રે, અમલ વિમલ ગુણગેહ,**
**સાધ્યદૃષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ.**
**પૂજો પૂજો રે, પ્રભુ પૂજ્યા પરમાનંદ. (૬)**

શ્રી જિનેશ્વર વીતરાગ પરમાત્મા સંપૂર્ણ રાગ-દ્વેષ અને અજ્ઞાન આદિ સર્વ દોષોથી રહિત છે. અમલ (મેલ - મલીનતા વિનાના) છે અને તેમના આત્મામાં અનંત જ્ઞાનાદિ ગુણોની સંપત્તિ પ્રગટ થયેલી છે માટે **વિમલ** છે. અનંત ગુણોના ભંડાર હોવાથી **ગુણગેહ** છે. આવા પ્રભુને પરમાત્માપણે બરાબર ઓળખીને જે સમ્યક્દૃષ્ટિ જીવ પોતાના આત્માની અનંતગુણસંપત્તિ પ્રગટાવવા માટે તેમાં સાધનપણે આવા વીતરાગ પરમાત્માને ભાવથી વંદન કરે છે, એટલે કે યથાર્થ સાધક બનીને (સાચી મુમુક્ષુતા વડે) પોતાનામાં પ્રગટ થયેલા ક્ષાયોપશમિક ભાવના ગુણોને ક્ષાયિકભાવના ગુણોમાં પરિણામ પમાડવા પ્રભુને ભાવવંદન કરે છે, ઉલ્લસિત ભાવથી સાચી ભક્તિ



કરે છે તે પુરુષ પણ ધન્યવાદને પાત્ર છે.

હવે આ જ વાતનું વધારે સમર્થન આગળની ગાથામાં સમજાવે છે :-

**જન્મકૃતારથ તેહનો રે, દિવસ સફલ પણ તાસ,**
**જગતશરણ જિનચરણને રે, વંદે ધરીય ઉલ્લાસ,**
**પૂજો પૂજો રે, પ્રભુ પૂજ્યા પરમાનંદ. (૭)**

જે ભવ્ય આત્મા આવા વીતરાગ પરમાત્માને ભાવથી, તત્ત્વ સમજણથી વંદના કરે છે તેનો જન્મ કૃતાર્થ થયો જાણવો તથા તે દિવસ, તે ઘડી પણ સફળ સમજવી. જે સાધક સાચી મુમુક્ષુતા પ્રગટાવી જગતના શરણરૂપ જિનેશ્વર ભગવાનને હૃદયના ઉલ્લસિત ભાવે વંદના કરે છે તેનો જન્મ પણ કૃતાર્થ થયો, સફળ થયો. માટે મનુષ્યભવ સફલ કરવા માટે આ નિમિત્ત ચૂકવા જેવું નથી. કેટલી કરુણા ભાવે શ્રી દેવચંદ્રજી મ. સા. આપણને વીતરાગ સ્તવના અને વંદના કેમ કરવી તે સમજાવે છે !

હવે છેલ્લી ગાથામાં ફરીથી ગણી શ્રી દેવચંદ્રજી મ. સા. પરમ કરુણા કરીને ઉપાદાન અને નિમિત્તની જે મહાનતા જૈનદર્શનમાં પ્રભુએ પ્રકાશી છે તેને જાણે અલૌકિક શબ્દપ્રયોગથી મોક્ષનું ભાથું આપણને પ્રભાવનામાં આપીને આશીર્વાદ અને મંગળકામનાની ભાવના પ્રગટ કરે છે :-

**નિજસત્તા નિજભાવથી રે, ગુણઅનંતનું ઠાણ,**
**દેવચંદ્ર જિનરાજજી રે, શુદ્ધ સિદ્ધ સુખખાણ.**
**પૂજો પૂજો રે, પ્રભુપૂજ્યા પરમાનંદ. (૮)**

જિનમંદિર ઉપર સોનાના રત્નજડીત કળશ સમાન આ અદ્ભૂત ગાથાસૂત્ર છે !

જગતના સર્વ જીવોનું આત્મદ્રવ્ય સિદ્ધસમાન સત્તાગત રીતે છે. અનાદિકાળથી આત્મામાં દ્રવ્યની અપેક્ષાએ, આત્મસ્વભાવમાં સિદ્ધભગવાન જેવા અનંતગુણો - અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ વગેરે સત્તાપણે રહેલા જ છે. જ્યારે કોઈ ભવ્ય જીવ અમૃત અનુષ્ઠાનોથી સાધના કરે અને કેવળજ્ઞાન પામે ત્યારે તેનું કેવળજ્ઞાન ભગવાન આપતા નથી, પણ ઉપાદાનકારણ એવા આત્મામાં શ્રી જિનપરમાત્મા નિમિત્તરૂપે બની, તેને Activate કરવામાં સહાયભૂત બને છે. કેવળજ્ઞાનની ઉત્પત્તિ સાધકે પોતાના પુરુષાર્થથી પોતાના આત્મામાં રહેલા સત્તાગત ગુણોની સાધનાથી પ્રગટ કરવાની છે પણ જિનદેવ, નિર્ગ્રંથગુરુ અને જિનાગમ આદિ સત્શાસ્ત્રો અને પ્રીતિ-ભક્તિ-આજ્ઞા અમૃત અનુષ્ઠાનો તેના પ્રબળ નિમિત્ત કારણ છે. પરમાત્માની ભાવપૂર્વક અને તત્ત્વસમજણપૂર્વકની ભક્તિ કરવાના નિમિત્તથી આત્માની પોતાની ગુણસંપત્તિ આવિર્ભાવપણાને પામે છે, અર્થાત્ પ્રગટે છે. આત્મસંપત્તિ પ્રગટ કરવામાં જિનેશ્વર પરમાત્માની ભક્તિ એ સ્વોત્કૃષ્ટ પ્રબળ નિમિત્ત છે. આવો જ સિદ્ધાંત સૂત્ર શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં શ્રીમદ્જીએ ૧૪ પૂર્વનો સાર નીચેની ગાથામાં પ્રકાશ્યો છે.

**સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય,**
**સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.**
**(શ્રીમદ્ રાજચંદ્રજી રચિત શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર ગાથા ૧૩૫)**

ઉત્તરાર્ધમાં ઉપરની ગાથા ઉપાદાનકારણ સમજાવે છે કે સર્વ જીવો સિદ્ધસમાન સત્તાગત ગુણોવાળા છે પણ તે ગુણો પ્રગટ કરવા પ્રબળ નિમિત્ત સદ્ગુરુની આજ્ઞાનું આરાધન અને જિનેશ્વરની વીતરાગ સર્વજ્ઞદશાની યથાર્થ સમજણ હોવી અત્યંત જરૂરી છે.



ગણીશ્રી દેવચંદ્રજી મ.સા. ૮મી ગાથાના ઉત્તરાર્ધમાં જિનેશ્વર પ્રભુ અત્યંત શુદ્ધ દ્રવ્ય છે, સર્વ કર્મમલથી રહિત છે અને આત્માના અનંતગુણો તેમના આવિર્ભાવ (પ્રગટ) થયા હોવાથી અનંતસુખની ખાણ છે. માટે હે ભવ્ય જીવો તમે ભાવપૂર્વક પ્રભુભક્તિમાં નિરંતર મગ્ન રહેશો તો તમે પણ સિદ્ધદશા પામશો !

--o--

## ૩. મહોપધ્યાય શ્રી યશોવિજયજી કૃત
## શ્રી અરનાથ ભગવાનનું સ્તવન

જિનવચન-જિનઆજ્ઞા અમૃત અનુષ્ઠાનને યથાર્થ સમજવા આપણે ઉપર બે અમૂલ્ય સ્તવનોને વિસ્તારથી સમજાવ્યા અને હવે ઉપાધ્યાયજીનું આ અણમોલ સ્તવનનો ભાવાર્થ સમજીએ જેથી આપણા હૃદયમાં જિનભક્તિના બોધિબીજ ગુરુકૃપાથી વવાય અને મોક્ષની મંગળયાત્રામાં તેનું મોક્ષરૂપી ફળ પ્રાપ્ત થાય તેવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

**શ્રી અરજિન ભવજલનો તારુ, મુજમન લાગે વારુ રે,**
**મનમોહન સ્વામી,**
**બાંહ્યગ્રહી એ ભવજલ તારે, આણે શિવપુર આરે રે**
**મનમોહન સ્વામી... (૧)**

વર્તમાન તીર્થંકર ચોવીસીના અઢારમા ભગવાન શ્રી અરનાથ સ્વામીની સ્તુતિ કરતાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ જણાવે છે કે જે મુમુક્ષુ સાધક જીવો પોતાના આત્માના કલ્યાણના લક્ષે ભગવાનનું સ્મરણ, ભજન તથા પ્રીતિ-ભક્તિ-આજ્ઞા આદિ અમૃત અનુષ્ઠાનની યથાર્થ ભક્તિ સાધના કરે છે, તેમને પ્રભુ સંસારસમુદ્રથી તારી સામે પાર - સામે કાંઠે એટલે મોક્ષપુરીમાં પહોંચાડે છે માટે મારા મનમાં પ્રભુ બહુ જ વહાલા છે. વળી ''તિન્નાણં તારયાણં'' ના

બિરુદ ધરાવતા જિનેશ્વર ભગવાન કેટલા કરુણાના સાગર છે કે મોક્ષાર્થી ભવ્ય જીવોને બાહ્ય ગ્રહી એટલે મા જેમ બાળકનો હાથ પકડી રસ્તો Cross કરાવે છે તેમ જ્ઞાન અને ક્રિયારૂપ બે હાથનું અવલંબન તેમના બોધથી આપીને સંસારસમુદ્રથી ઉદ્ધારી, સામે પાર કે જ્યાં મોક્ષપુરી છે ત્યાં હેમખેમ લઈ જાય છે. આવા અરનાથ પ્રભુ મારા મનને મોહ પમાડનારા છે, મને અત્યંત વહાલા છે. આ ગાથામાં ન્યાયાચાર્ય તત્ત્વશિરોમણી ઉપાધ્યાયજી કેવી સુંદર Practical Examples થી ભગવાનનું કરુણાસાગરનું સ્વરૂપ સમજાવી આપણને તેમની ભક્તિમાં જાણે મગ્ન કરે છે !

**તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે, મનમોહન સ્વામી૦**
**પણ નવિ ભય મુજ હાથોહાથે, તારે છે તે સાથે રે. મનમોહન સ્વામી...(૨)**

જે જીવો તપ તથા જપ આદિ ક્રિયાઓ અમુક પ્રકારનું સાંસારિક પૌદ્‌ગલિક સુખ મેળવવાની ઈચ્છાપૂર્વક કરે, અથવા લોકોમાં પોતાની કીર્તિ ફેલાય, અથવા પોતાના મુખે તેનો ગર્વ કરે, તેમની આત્મારૂપી નાવ ધારેલા મંજીલ તરફ જતી નથી કારણ કે તે નાવને મોહરૂપી મહાતોફાન નડે છે ને નાવ ઊંધી પડી ને ડૂબી પણ જઈ શકે. આવી સાંસારિક ઈચ્છાની ભાવનાથી જે જપ-તપ વગેરે ક્રિયા થાય તેવા જીવો સંસારસાગર તરી શકતા નથી.

પરંતુ ઉપાધ્યાય યશોવિજયજી નિર્ભયતાથી કહે છે કે મને તેવો કોઈ ભય નથી, કારણકે મારી દરેક કરણી, ક્રિયા વગેરે માત્ર પ્રભુની પ્રીતિ-ભક્તિ મેળવવા માટે જ છે. તેથી પ્રભુ મારી સાથે જ છે અર્થાત્ પ્રભુની કૃપાદૃષ્ટિ મારા પર વર્ષે છે. મારા હૃદયનો વિશ્વાસ છે કે પ્રભુ મારો હાથ પકડીને સંભાળપૂર્વક ભવસમુદ્રથી મને પેલી પાર મોક્ષપુરીએ પહોંચાડે એમ છે. ઉપાધ્યાયજીએ કેવી અલૌકિક ભક્તિ ગાથાના ઉત્તરાર્ધમાં પ્રગટ કરી છે જે આપણને સૌને મોક્ષસાધનામાં ઉત્સાહ



અને સંવેગ પરિણામનું બળ આપે છે.

**ભગતને સ્વર્ગ, સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફલ દેઈ,**
**કાયા કષ્ટ વિના ફલ લઈએ, મનમાં ધ્યાન ધરેઈ,**
**મન મોહનસ્વામી (૩)**

જિનેશ્વર ભગવાનની ભક્તિનો યથાર્થ હેતુ જાણ્યા વિના શ્રી અરનાથ પ્રભુની ભક્તિ કરનાર શુભ કરણીના ફળ રૂપે વધારેમાં વધારે દેવલોકનું સુખ પામે છે. પરંતુ જે મુમુક્ષુ પ્રભુભક્તિનું યથાર્થ સ્વરૂપ સમજીને ભક્તિ કરે છે તેવા જ્ઞાનીજનને તો પ્રભુ મોક્ષફળ આપે છે. જ્ઞાનીભક્ત અને અજ્ઞાનીભક્તને કેવા પ્રકારના ફળો મળે છે તેની ભિન્નતા આ ગાથામાં બતાવે છે. આ ગાથાનો સાર એમ છે કે જે જે કરવું તે તે ક્રિયાઓ સમજીને કરવી. ગાથાના ઉત્તરાર્ધમાં વળી વધારે ઊંડી સમજણ આપે છે કે જો જ્ઞાનપૂર્વક સમજીને મનથી પ્રભુના ગુણોનું ધ્યાન કરવામાં આવે, અર્થાત્ પ્રભુના ધ્યાનરૂપી અભ્યંતર તપ ધારણ કરવામાં આવે, તો કોઈપણ પ્રકારના શારીરિક કષ્ટ વિના પણ મોક્ષ મેળવી શકાય છે.

માટે દરેક મુમુક્ષુએ અનુભવજ્ઞાન મેળવવા માટે જીવનપર્યંત અભ્યાસી થઈને રહેવું અને નિરંતર જાગૃતિપૂર્વક જ્ઞાનસાધના અને સમજણપૂર્વક પ્રભુભક્તિમાં મગ્ન રહેવું જોઈએ.

**જે ઉપાય બહુવિધની રચના, યોગમાયા તે જાણો રે,**
**શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાયધ્યાને, શિવદીયે પ્રભુ સપરાણો રે.**
**મનમોહન સ્વામી (૪)**

આ ગાથામાં બાહ્યયોગ અને અંતરયોગનું સ્વરૂપ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી સુંદર રીતે સમજાવે છે.

જગતમાં અનેક પ્રકારના મિથ્યાત્વી જીવો બાવા, સન્યાસી, બાહ્યયોગીઓ મોક્ષ મેળવવા વિવિધ પ્રકારના ઉપાયો અજમાવે છે. કોઈ પંચાગ્નિ તપ કરે, કોઈ જટા તથા નખ વધારે છે, કોઈ ઝાડ ઉપર ઊંધે મસ્તકે લટકી રહે છે અને ધ્યાન ધરે છે, પણ આ સર્વ અજ્ઞાનસહિત કષ્ટક્રિયાના યોગ એ માયારૂપ છે. આનાથી લોકો તેમના તરફ આકર્ષાય અને ભોળા લોકોને છેતરવાની આ યોગમાયા છે. તેમાં આંતરિક વિશુદ્ધિ અલ્પ હોય છે અને બાહ્ય આડંબર ઘણો હોય છે. તેથી આ સર્વ ઉપાયો સંસાર વધારનાર નિવડે છે.

પણ જો એકનિષ્ઠાથી અને સાચા ગુરુગમના આધારે આત્મ-સ્વરૂપનું ધ્યાન ધરવામાં આવે, આત્માના ગુણ પર્યાયોનો વિચાર શાંત ભાવે કરવામાં આવે તો તેવા યોગ્યતાવાળા મુમુક્ષુ જીવોને પ્રભુ અવશ્ય મોક્ષ આપે જ છે. આત્મા એ શુદ્ધ દ્રવ્ય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર (સ્વરૂપમાં રમણતા) આદિ એના ગુણો છે. તે ગુણોની વર્તના એ એના પર્યાયો છે. સદ્ગુરુ દ્વારા તે શુદ્ધાત્માનું સ્વરૂપ સમજીને આત્માનું ચિંતન કરવામાં આવે તો જીવને જરૂર શીવપદની પ્રાપ્તિ થાય એ નિઃસંદેહ છે.

**પ્રભુ પદ વલગ્યા તે રહ્યા તાજા, અલગા અંગ ન સાજા રે,**
**વાચક યશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે.**
**મનમોહન સ્વામી (૫)**

જેણે પ્રભુનું શરણ સાચી શ્રદ્ધા-ભક્તિથી સ્વીકાર્યું છે તેવા જીવો ચઢતી દશાને પામી પ્રાંતે મોક્ષદશાને અવશ્ય પામે જ છે. પણ જેઓ પ્રભુએ બતાવેલા માર્ગથી પતિત થાય છે, ભ્રષ્ટ થાય છે, તે પડતાં ઠેઠ મિથ્યાત્વ ગુણસ્થાનકે પણ આવી જાય. માટે જિનઆજ્ઞા જ ખૂબ મહત્ત્વની છે.જિનઆજ્ઞામય જીવન તેજ સાચી સાધના ! અંતમાં વાચક યશોવિજયજી મહારાજ કહે છે કે શ્રી અરનાથપ્રભુ પૂર્ણ વીતરાગ



છે અને સર્વજ્ઞ છે તથા અનંત કરુણાના સાગર છે તેથી હું માત્ર વીતરાગ પ્રભુના જ ગુણગ્રામ કરું છું. અન્ય દેવો એવી સ્થિતિને પ્રાપ્ત થયેલા ન હોવાથી એમને હું દૂરથી જ પરિહરું છું. તીર્થંકર ભગવાન શ્રી અરનાથ ''તિન્નાણં તારયાણં''નું બિરુદ ધરાવે છે અને તેમના અવલંબનથી હું જરૂર તરી જઈશ અને મોક્ષની પ્રાપ્તિ થશે એવો મને પૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા છે. આવી સમ્યક્ શ્રદ્ધા હૃદયમાં પાકી કરીને પ્રભુની ભક્તિ તથા સર્વ ધર્મક્રિયાઓ ભલે અત્યારે સમજણ ઓછી હોય અને ઉપયોગ તેમાં ન જોડાયો હોય તોય, પ્રભુની સાચી શ્રદ્ધાપૂર્વક જે જે અનુષ્ઠાનો કરવામાં આવે તે પ્રાંતે શુદ્ધિકરણનું કારણ બને જ છે.

ઉપાધ્યાય યશોવિજયજી તેમના ઉત્કૃષ્ટ ગ્રન્થ અધ્યાત્મસારમાં કહે છે :-

''સદ્-આશયના પ્રવેશથી અશુદ્ધક્રિયા પણ શુદ્ધ ક્રિયાનું કારણ બને છે. જેમકે રસ-અનુવેધથી તાંબુ પણ સોનું બની જાય છે.'' માટે **પ્રભુએ કહેલી સર્વ ધર્મક્રિયાઓ અવશ્ય કરવાની જિનઆજ્ઞા છે.** જેમ જેમ તેમાં સમજણ, ઉલ્લાસ અને ભાવશુદ્ધિ થશે તેમ તે તે સર્વ ક્રિયાઓ મોક્ષમાર્ગમાં સાધકને આગળને આગળ લઈ જશે એવા આશીર્વાદ ઉપાધ્યાયજી અધ્યાત્મસારમાં પ્રકાશે છે.

• • •

### ૪. શ્રી મોહનવિજયજી કૃત વર્તમાન ચોવીસીના બારમા શ્રી વાસુપૂજ્યસ્વામીનું સ્તવન

**પ્રભુજી શું લાગી હો પૂરણ પ્રીતડી, જીવન-પ્રાણ આધાર,**
**ગિરુઆ જિનજી હો રાજ !**
**સાહિબ સુણજો હો માહરી વિનતી, દરિશણ દેજો હો,**
**દીલભરી શ્યામજી, અહો ! જગગુરુ સિરદાર... સાહેબ સુણજો૦ ૧**

શ્રી મોહનવિજયજી મ.સા.ના સ્તવનો તો મીઠી વીરડી જેવા અને શેરડીના રસ જેવા હૈયાને ઠારે તેવા મધુરા છે ! આ પદ મારું અત્યંત પ્રિય છે અને તેને ગાતાં, ભક્તિ કરતા હજી મન જાણે ધરાતું નથી એવી રૂડી ભક્તિ છે.

ઉપરની ગાથામાં પોતાની અંતરંગદશા અને પ્રભુ પ્રત્યે કેવી પ્રીતિ-ભક્તિ છે તે દર્શાવતાં કહે છે કે, શ્રી વાસુપૂજ્ય ભગવાન સાથે મારે પૂર્ણ પ્રીતિ થઈ છે. હે પ્રભુ ! તમે મારા જીવનના પ્રાણાધાર છો, મારા શ્વાસે શ્વાસે તમારું સ્મરણ અહોનિશ થયા જ કરે છે. વલી હે પ્રભુ ! જિનરાજ એટલે જિનોમાં રાજા અર્થાત્ તીર્થંકર દેવાધિદેવ છો, મોટા પુરુષ છો, રાગદ્વેષને તમે જીતી લીધા છે, હે જગતગુરુ! મારા મુગટના શિરતાજ અથવા મારા માથાના મુગટ સમાન છો. મારી પ્રાર્થના સ્વીકારીને મને દીલ ભરીને દર્શન આપજો.

ગાથાના ઉત્તરાર્ધમાં ''દર્શન'' જે માંગ્યું છે તે દરિશણ અથવા દર્શનના ઘણાં અર્થ થાય છે. જેમકે દર્શન એટલે વીતરાગ મુદ્રાના ગુણાનુરાગ ભર્યા દર્શન. સત્‌દેવ-સદ્‌ગુરુ અને સત્‌ધર્મ પર સમ્યક્ શ્રદ્ધા થવી તે **વ્યવહાર સમ્યક્ દર્શન** કહેવાય છે. અને સાતગ્રન્થિનો છેદ થતાં - **અનંતાનુબંધી માન-માયા-ક્રોધ-લોભ** એ ચાર અને **મિથ્યાત્વમોહનીય, સમકિતમોહનીય અને મિશ્રમોહનીય**નો નાશ કરવા સ્વરૂપ ગ્રન્થિભેદ કરવો તે અનુભવાત્મક **પરમાર્થ સમ્યક્‌દર્શન** કહેવાય છે. આ ગાથામાં આવું શુદ્ધ સમ્યક્‌દર્શનની યાચના કરી છે જે પ્રાપ્ત થયે સાધક અવશ્ય મોક્ષ પામે જ.



**ચાહીને દીજે હો ચરણની ચાકરી, દ્યો અનુભવ અમ સાજ,**
**ઈમ નવિ કીજે હો સાહેબાજી સાંભળો, કાંઈ સેવકને શિવરાજ.**
**સાહિબ સુણજો માહરી વિનતિ...(૨)**

સમર્થ જ્ઞાની પુરુષોના એક વચનમાં અનંત અર્થો સમાયા હોય છે. આ ગાથામાં પ્રભુને ''ચરણની ચાકરી'' આપવા યાચના કરી છે. ચરણની ચાકરી એટલે પ્રભુના ચરણકમળની સેવા. ચરણ એટલે જિનવાણીનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન. ચરણ એટલે જિનઆજ્ઞા - જ્ઞાન અને ક્રિયાની સમ્યક્ સમજણ. ચાકરી એટલે દાસાનુદાસ ભાવે ભક્તની ભક્તિ, સેવા, પૂજા અને પ્રભુની સર્વ આજ્ઞાઓ ઉત્તમ દાસત્વભાવે પાળવી જેથી પ્રભુની કૃપા મળે અને સમ્યક્‌દર્શન પ્રાપ્ત થાય.

વળી દ્યો ''અનુભવ અમ સાજ'' એટલે હે પ્રભુ ! અમને આત્મ અનુભવ કરવાના સર્વ સાધનો પ્રાપ્ત થાય તેવો સુયોગ આપો, રુચી આપો અને કૃપા કરો કે જેથી આ મનુષ્યભવમાં અમે તમારી કૃપાને પાત્ર બનીએ. ગાથાના ઉત્તરાર્ધમાં ફરી દાસત્વભાવે યાચના કરે છે કે, માત્ર સમ્યક્‌દર્શન આપો તેનાથી અમને પૂરો સંતોષ થવાનો નથી. શિવરાજ અર્થાત્ મોક્ષપદ પણ અમને આપો. કારણકે અમારા હૃદયમાં તમારું સ્મરણ એવું તીવ્ર બન્યું છે કે, અમે જ્યાં સુધી તમારા શિવરાજ - મોક્ષનગરમાં રૂબરૂ મળવા આવી ન વસીએ ત્યાં લગી અમે જપવાના નથી ! માટે મારી અરજી સાંભળી મોક્ષનું રાજ આપવા કૃપા કરો. પણ ભક્તને નિરાશ કરશો નહિ કારણકે તમારું બિરુદ ''કરુણાના સાગર''નું છે તે ભૂલતા નહિ.

**ચૂપ શું છાના હો સાહિબા ન બેસીએ, કાંઈ શોભા ન લહેશો કોય,**
**દાસ ઉદ્ધારો હો સાહિબાજી આપનો, જ્યું હોવે સુજસ સવાય.**
**સાહિબ સુણજો હો માહરી વિનતી...(૩)**

આ ગાથામાં પ્રભુને **ઓલંભો** આપીને કહે છે કે, હે પ્રભુ ! આપ છાનામાના બેસી ન રહેતા ! અમે જાણીએ છીએ કે તમે વીતરાગ પરમાત્મા છો અને રાગ-દ્વેષથી પર છો. પરંતુ તે સાથે તમે 'તિન્નાણં તારયાણં' નું બિરુદ ધરાવો છો તેથી તમારા આ દાસનો ઉદ્ધાર કરતા હો તેમ ઉદ્ધાર કરવો તે તમારી જાણે ટેક છે તે ભૂલતા નહિ ! અમને સંસારસાગરથી પાર કરવાના બધા જ રસ્તા સમ્યક્‌જ્ઞાન - સમ્યક્‌દર્શન - સમ્યક્‌ચારિત્ર - ભક્તિ સેવા આદિ સર્વ ભાવો સમજાવો અને ભવસમુદ્રમાં મારા જેવા દાસને હે નાથ ! યુક્તિપૂર્વક, જાણે શ્રદ્ધાનું દોરડું ફેંકીને પણ ઉદ્ધારો ! તો જ તમારું તરણતારણ બિરૂદ જગતમાં કીર્તિ પામશે ! શ્રી મોહનવિજયજીની ભક્તિથી આ વિશિષ્ટ શૈલી ખરેખર આપણને પ્રભુભક્તિમાં મગ્ન કરી દે છે ! રાતના સમયે નિત્યક્રમ, સામાયિક, સ્વાધ્યાય આદિ સત્‌સાધનો કર્યા બાદ રાતના ૧૦ થી ૧૨ કે વધારે સમય જો આવી ભક્તિ કરવામાં આવે તો એકાંત અને નિરવશાંતિમાં અમને જાણે મહાવિદેહ ક્ષેત્રમાં સિમંધરસ્વામીના સમવસરણમાં પ્રભુભક્તિ કરતા હોઈએ એવી દિવ્યતા આ સ્તવનોમાં લાગે છે. માટે ભક્તિની લુટંલુટ કરી અને મનુષ્યભવનો મોક્ષની મંગળયાત્રામાં સદુપયોગ કરીને પ્રભુની કૃપા પ્રાપ્ત થાય તેવું જીવન અને સાધના થવી જોઈએ. આવો અવસર ફરીથી નહિ મળે. ''અવસર બેર બેર નહિ આવે'' - શ્રી આનંદઘનજી મહારાજ.

**અરુણ જો ઉગે હો સાહિબાજી અંબરે, નાશે તિમિર અંધાર,**
**અવર દેવ હો સાહિબાજી કિંકરા, મિલિયો તું દેવ મુને સાર...**
**સાહિબ સુણજો હો માહરી વિનતી...(૪)**



હવે વીતરાગ પરમાત્માના ગુણગાન કરતાં કહે છે કે, જેમ સવારના સૂર્યોદય થતાં રાત્રિનો અંધકાર આપોઆપ નાશ પામે છે તેમ હે પ્રભુ ! આપ પણ સૂર્યસમાન કેવળજ્ઞાનનો પ્રકાશ પાથરી અમારા જેવા દાસોના તિમિર અર્થાત્ મિથ્યાત્વરૂપી અંધકાર દૂર કરો છો તેવા પ્રતાપી દેવ છો ! બીજા દેવો તો હજી પોતે વિષય કષાયથી મુક્ત થયા નથી તો અમને કેમ તારી શકે ? માટે તમારા જેવા પરમવીતરાગ દેવની અમને ઓળખ થઈ છે, તો હવે અમારું કલ્યાણ આપની કૃપાથી અને આપની ભક્તિ-સેવાથી અવશ્ય થશે એવી અમારી પૂર્ણ શ્રદ્ધા-વિશ્વાસ છે. સાધકે ભક્તિમાં કેવી ખૂમારી રાખવી તેનું આ સુંદર એક ઉદાહરણ છે.

**અવર ન ચાહું હો સાહિબાજી તુમ છતે, જિમ ચાતક જળધાર,**
**ખટપદ ભીનો હું સાહિબાજી પ્રેમથી, તિમહું હૃદય મોઝાર.**
**સાહેબ સુણજો હો મારી વિનતી. (૫)**

હે પ્રભુ ! તમારા જેવા પૂર્ણ વીતરાગ સર્વજ્ઞદેવની મને પ્રાપ્તિ થઈ જવાથી બીજા લૌકિક દેવોને હું કદી ચાહું નહિ. જેમ ચાતક પક્ષી માત્ર મેઘના (વરસાદના) પાણીને જ ઇચ્છે છે તેમ હું અલૌકિક દેવ તમને જ ઇચ્છું છું. ઉત્તરાર્ધમાં સુંદર ઉપમા આપી કહે છે કે, જેમ છ પગવાળો ભમરો કમળની સુગંધરૂપ પ્રેમઆસક્તિથી કમળને કદી જાણે છોડે જ નહિ, તેમ હે પ્રભુ ! આપના હૃદયરૂપી કમળમાં મારો મનરૂપી ભમરો પ્રેમથી આસક્તિ પામીને આપનામાં જ વસે છે. કેવી અલૌકિક ભક્તિ હશે ! સાચા ભક્તનું મન નિરંતર પ્રભુના ધ્યાનમાં જ હોય છે. જેમ ''ચંદનાને જેમ પ્રભુ વીર'' ''સિતાને મન રામ,'' ''મીરાને જેમ શ્યામ'' તેમ જેનામાં વીતરાગ પરમાત્માના ગુણાનુરાગવાળી ઉત્કૃષ્ટ ભક્તિ જાગી છે તે સાધક પોતાનું જાણે અસ્તિત્વ વિસારી દઈ માત્ર પ્રભુ પ્રેમમાં જ ઓગળી જાય છે ! આવો

''ચોળ મજીઠનો રંગ'' આગળ ઉપાધ્યાયજીના અનંતનાથ ભગવાનના સ્તવનમાં આપણે વિસ્તારથી વિચાર્યું હતું.

**સાતરાજને હો સાહિબાજી અંતે જઈ વસ્યા, શું કરીએ તુમ પ્રીત,**
**નિપટ નિરાગી હો જિનવર તું સહી, એ તુમ ખોટી રીત.**
**સાહિબ સુણજો હો માહરી વિનતી (૬)**

શ્રી મોહનવિજયજી મ. સા. પ્રભુજીને કહે છે કે, આપ તો સાત રજ્જુપ્રમાણ દૂર, લોકના અંત ભાગમાં જઈને વસ્યા છો. અસંખ્યાત કોડાકોડી યોજન ઓલંગાય ત્યારે એક રજ્જુ પ્રમાણ કહેવાય. એવા સાત રજ્જુપ્રમાણ આપ અમારાથી દૂર છો. તો તમારી સાથે અમે પ્રીતિ કેવી રીતે કરીએ ? વળી આપ પૂર્ણ વીતરાગ છો, નીરાગી છો તેથી અમે જાણીએ છીએ કે તમારી અમને પ્રીતિ મળે તેમ નથી. છતાંય અમારી આ જીદ છે કે તમારી સાથે જ અમારે પ્રીતિ કરવી છે. પરંતુ તે પ્રીતિ કરવાના કારણો અથવા સાધનો આપની પાસેથી મળતા નથી તેથી તમારી આ રીત અમારા માટે ખોટી છે એમ કહી પ્રભુને ભક્તિભાવે ઓલંભો આપે છે. તો હવે કેમ તમારી સાથે પ્રીતિ કરીએ તેનો રસ્તો હે નાથ ! કૃપા કરી કહો. પછી જાણે પોતાની ધીરજ તૂટી ગઈ હોય તેમ અંતે નીચેની ગાથામાં પોતાની મનની ગુપ્ત વાત, મુંઝવણ દાસત્વભાવે પ્રભુને ખૂલ્લા શબ્દોમાં કહી દે છે :-

**દિલની જે વાતો હો કિણને દાખવું ? શ્રી વાસુપૂજ્ય જિનરાય,**
**ખીણ એક આવી હો પંડેજી સાંભળો, કાંઈ મોહન આવે દાય.**
**સાહિબ સુણજો હો મારી વિનતી. (૭)**

જગતમાં એવો વ્યવહાર છે કે, મનની ગુપ્તવાત બે જણને કહેવાય. એક તો જે દુઃખને કાપી શકવા સમર્થ હોય તેને કહેવાય, અથવા યા તો દુઃખ કાપવા ભલે સમર્થ ન હોય પણ મિત્ર તરીકે



દીલાસો આપી દુઃખ હળવું કરે તેને કહેવાય. આ ન્યાયે શ્રી મોહનવિજયજી પ્રભુને કહે છે કે, હે નાથ ! આપ તો મારા જન્મ મરણનાં દુઃખોને સર્વથા કાપવા પણ સમર્થ છો અને આપના શરણથી મને દીલાસો પણ આપી શકો છો. તેથી હે નાથ ! મારી વિનંતી સાંભળીને એક ક્ષણવાર પણ મારી પાસે આવી વાતો સાંભળો તો મારો દાવ લાગી ગયો એમ સમજીશ. આ ગાથામાં ઘણું ઊંડુ રહસ્ય છે. જેમ પ્રભુ મહાવીરે એકવાર સુલસા શ્રાવિકાને ''ધર્મલાભ''નો સંદેશો મોકલ્યો અને તેનાથી આનંદ વિભોરમાં ઉલ્લસિત થઈને સુલસા શ્રાવિકા જેમ તીર્થંકરનામકર્મ બાંધીને ધન્ય-ધન્ય થઈ ગયા, તેવી રીતે શ્રી મોહનવિજયજી અલૌકિક ભક્તિથી પ્રભુને કહે છે કે, તમે જો મારા હૃદયમાં આવી વસો એવી પ્રસન્નતા કરો તો મારું બધું કાર્ય સફળ થઈ જશે, અર્થાત્ મારું આત્મકલ્યાણ અવશ્ય આપની કૃપાથી થશે.

જિનેશ્વર દેવ, તેમની ભક્તિ, તેમની અલૌકિક વાણી, જિનઆજ્ઞા અને પ્રભુના પંથે ચાલવાની આ ભક્તિમાર્ગની મોક્ષની નીસરણી કેવી સુંદર રીતે આ પદમાં બતાવી તે ખરેખર આપણા હૃદયમાં ખૂબ જ સંવેગ અને ઉલ્લસિત ભાવો પ્રગટ કરે છે.

• • •

## પ્રકરણ-૯ માં જિનવચન-આજ્ઞા અમૃત અનુષ્ઠાનનો સાર, સાધનાત્મક સૂચના

દેવાધિદેવ શ્રી મહાવીર સ્વામીએ પોતાની અંતિમ દેશના પાવાપૂરીમાં કરી તે દેશના ઉત્તરાધ્યયન સૂત્રમાં પૂજ્યપાદ સુધર્માસ્વામી ગણધર ભગવંતે પ્રકાશિત કરી છે તે ઉત્તમોત્તમ ગ્રન્થનો દરેક સાધકે ખાસ જ્ઞાનાભ્યાસ કરવા નમ્ર વિનંતી છે તે ગ્રન્થના ૩જા પ્રકરણની પહેલી ગાથા અત્યંત લબ્ધિગાથા સૂત્ર છે :-

**चत्तारि परमंगाणि दुल्लहाणीह जंतुणो ।**
**माणुसत्तं सुइ सद्धा संजमम्मि अ वीरीअं ॥**
(શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પ્રકરણ ૩જુ ગાથા ૧)

**ચારે અંગોય દુષ્પ્રાપ્ય, જીવોને જગમાં ઘણાં,**
**મનુષ્યત્વ, શ્રુતિ, શ્રદ્ધા સંયમે વીર્ય સ્ફૂરણા,**
**"બહુ પુણ્યકેરા પૂંજથી શુભ દેહ માનવનો મળ્યો,**
**તોયે અરે ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો,**
**સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે રહો,**
**ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો !"**
**(શ્રીમદ્ રાજચંદ્ર - મોક્ષમાળા શિક્ષાપાઠ ૬૭)**

અમૂલ્ય તત્ત્વ વિચારવાળી બાર ભાવનાઓને ભગવાને વૈરાગ્યની માતા કહી છે. તેમાં છેલ્લી ''બોધિદુર્લભભાવના''માં આચાર્ય ભગવંત સમજાવે છે કે મનુષ્યભવની પ્રાપ્તિ થવી અત્યંત દુર્લભ છે. તેમાંય વળી મનુષ્યભવ, આર્યકુળ, જૈનધર્મ અને ધર્મના સંસ્કારો ગળગુથીમાં મળવા તે ઉત્તરોત્તર દુર્લભ છે અને ઉત્તરાધ્યયનની ઉપરની ગાથામાં જણાવ્યું તેમ મનુષ્યભવ બહુ પુણ્યોદયથી મળે છે. તેમાં પણ જિનવાણીનું શ્રવણ થવું અને તેના પર સમ્યક્ શ્રદ્ધા થવી તે તો અત્યંત અત્યંત દુર્લભ છે.



પ્રસ્તુત પ્રકરણ ૯ માં આપણે જિનવચન અને જિનઆજ્ઞા અમૃત અનુષ્ઠાન વિષે ચાર મહાત્માઓનાં દિવ્ય સ્તવનોના માધ્યમથી યથાશક્તિ વિચારણા કરી અને તેને સાધનાત્મક રીતે જો જીવનમાં તેની શ્રદ્ધાપૂર્વક નિયમીત રીતે પાળવામાં આવે તો મોક્ષમાર્ગની મંગળયાત્રા ખૂબ જ સુંદર રીતે થાય. નીચેના Points ની summary ફરી ફરી વિચારવી :-

૧. જિનવાણીના અભ્યાસથી જ્ઞાન સમ્યક્ થાય. માટે દરરોજ એકથી ત્રણ કલાક શાસ્ત્ર અભ્યાસનો ક્રમ કરવો જરૂરી છે. તેમાંય ખાસ કરીને ઉત્તરાધ્યયન સૂત્ર અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી રચિત અધ્યાત્મસાર, જ્ઞાનસાર અને આઠ યોગદષ્ટિની સજઝાયના અર્થ સમજવા. જિજ્ઞાસાપૂર્વક ગુરુમુખે તેનું શ્રવણ બહુ જ સમજવું જરૂરી છે.

૨. જિનઆજ્ઞા - જિનેશ્વર ભગવાને કહેલા સર્વ ધર્મક્રિયાના અનુષ્ઠાનો જેવા કે છ આવશ્યક, પ્રતિક્રમણ, સામાયિક, ચૈત્યવંદન, પ્રભુપૂજા - સેવા, સ્નાત્રપૂજા, અષ્ટપ્રકારી પૂજા અને અન્ય પૂજાઓ ભાવપૂર્વક કરવાથી ધીમે ધીમે અંતરશુદ્ધિ થાય. શરૂઆતમાં ન સમજાય તો પણ ધર્મના અનુષ્ઠાનો કરવાની પ્રભુની આજ્ઞા છે માટે શ્રાવકે આ બધા અનુષ્ઠાનો અવશ્ય કરવા, તેનો નિષેધ કરવાથી ઉત્સૂત્રપણું થવાના દોષો થાય છે. દરેક ક્રિયા સદ્ગુરુના બોધથી સમજીને કરવાની ભાવના અને શ્રદ્ધા રાખવી.

૩. પ્રીતિ અનુયોગ, ભક્તિ અમૃત અનુષ્ઠાન અનુયોગ અને જિનવચન - આજ્ઞા અમૃત અનુષ્ઠાનો જે આપણે અત્યાર સુધી વિચાર્યા તે બધા જેમ જેમ સમજીને ભાવપૂર્વક થાય તેમ તેમ સાધકને વૈરાગ્યભાવની વૃદ્ધિ થાય અને મોક્ષમાર્ગ પ્રત્યે સંવેગ

જાગે. આ બધા અનુષ્ઠાનો અને જ્ઞાનાભ્યાસ આપણા મિથ્યાત્વ (અજ્ઞાન)ને દૂર કરવા માટે અત્યંત જરૂરી છે. શ્રદ્ધા અને ધીરજથી આ ધર્મસાધનાનું ફળ મંગળકારી આવશે કારણકે ભગવાને મોક્ષમાર્ગની વ્યાખ્યા જ કેવી અદ્ભૂત આપી છે :

**सम्यक् दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः (तत्वार्थसूत्र)**

હવેનું છેલ્લું અસંગ અમૃત અનુષ્ઠાનમાં અસંગતા અને સમ્યક્દર્શન વિષે યથાશક્તિ વિચારણા કરશું. પ્રીતિ-ભક્તિ-વચન-આજ્ઞા અમૃત અનુષ્ઠાનોની જેમ જેમ વિશેષ સમજણથી સાધના થશે તેમ તેમ આત્મામાં નિર્મળતા વધશે અને જેમ જેમ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય સંસારના પુદ્ગલપદાર્થો પ્રત્યે થશે, તેમ તેમ સમ્યક્દર્શનના પાંચ ગુણો પ્રગટ થશે :- શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા.

અસંગદશા એટલે સમ્યક્ચારિત્ર અથવા સ્વરૂપરમણતા એ આત્માની અનુભૂતિ થયા બાદ તે દશા પ્રાપ્ત થાય. એ દશા પ્રાપ્ત કરવાનો આપણો ધ્યેય હોવો જોઈએ. આ વિષે આપણે આવતા પ્રકરણમાં યથાશક્તિ વિચારણા સ્તવનોના માધ્યમથી કરશું.

• • •

# પ્રકરણ : ૧૦

# અસંગ અમૃત-અનુષ્ઠાન વિચારણા

સૂરિપુરંદર, આચાર્ય શિરોમણી, યાકિનિમહત્તરાસૂનુ તર્કસમ્રાટ, આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ રચિત ષોડશક પ્રકરણ ગ્રન્થના દસમા અધ્યાયમાં અપૂર્વ એવા જે ચાર અનુષ્ઠાનો કહ્યા છે તેમાં પ્રીતિ-ભક્તિ-વચન-આજ્ઞા-અસંગ અમૃત અનુષ્ઠાનો તેમાંથી આપણે આગળના પ્રકરણોમાં પ્રીતિ અનુષ્ઠાન, ભક્તિઅનુષ્ઠાન અને જિનવચન-જિનઆજ્ઞા આ ત્રણે અમૃત અનુષ્ઠાનો વિષે યથાશક્તિ વિચારણા કરી. તે ષોડશક પ્રકરણના દસમા અધિકારની આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિજી કૃત ગાથા ૭માં ચોથા અસંગ અનુષ્ઠાનની વ્યાખ્યા પ્રકાશે છે :-

**यत्त्ववाभ्यासात् सात्मिभूतमिव चेष्टयते सद्भिः**
**तत् असङ्गमनुष्ठानं भवति त्वेत्तदावेधात् (१०-७)**

**"વળી જે અતિશય જ્ઞાન અભ્યાસથી આત્મસાત્ થયેલ સંસ્કારો તે અસંગ અનુષ્ઠાન જાણવું. વળી વારંવાર અમૃત અનુષ્ઠાનના સેવનથી (આરાધનાથી) જે વિશિષ્ટ સંસ્કારો ઉત્પન્ન થયા હોય તે અસંગ અનુષ્ઠાન જાણવું."**

ઉપરની ગાથામાં આગળ ટીકાનું વિશેષ સ્પષ્ટીકરણ કરે છે કે જેમ ચંદનમાં ગંધ એકમેક હોય છે તેમ જિનવચન અને જિનઆજ્ઞા હૃદયથી ભાવપૂર્વક સ્વીકારીને ક્રમે કરીને મુમુક્ષુની પ્રત્યેક પ્રવૃત્તિ અભ્યાસકાળ સમયના જિનઆજ્ઞા સ્મરણ દ્વારા ઉત્પન્ન થયેલા સદ્અનુષ્ઠાન વિષયક આત્મ-

સંસ્કારથી જે ઉત્પન્ન થાય છે, Automatic સહજરૂપે તે સાધકના સંસ્કારો જ બની જાય છે તે અસંગ અનુષ્ઠાન કહેવાય છે. અર્થાત્ **રોમેરોમ જિનવચન અને આજ્ઞા ઉલ્લસે છે.**

ષોડશક પ્રકરણના દસમા અધ્યાયની ૮મી ગાથામાં આચાર્યદેવ નીચેના ઉદાહરણથી વચનઅનુષ્ઠાન અને અસંગઅનુષ્ઠાનનો ભેદ સમજાવે છે. :-

પહેલી વાર ઘડો બનાવતી વખતે કુંભારના ચક્રનું ભ્રમણ દંડના સંયોગથી થાય છે અને પછીથી ચક્રનું ભ્રમણ દંડસંયોગના અભાવમાં સહજે જે Automatic અર્થાત્ પૂર્વના સંસ્કારથી થાય છે. તેવી રીતે જ મુમુક્ષુના હૃદયમાં વચનઅનુષ્ઠાન આગમશાસ્ત્રોના અભ્યાસથી થાય છે અને દીર્ઘકાળના આગમના અભ્યાસથી આત્મામાં પડેલા સંસ્કારોથી જે સંવેગ સ્વાભાવિકરૂપે પ્રવર્તે છે તે અસંગ અનુષ્ઠાન કહેવાય છે.

સાધનાના ક્રમથી સમજીએ તો જેમ જેમ મુમુક્ષુ જીવો પ્રીતિ, ભક્તિ, જિનવચન અને જિન આજ્ઞાના અમૃત અનુષ્ઠાનો વધારે ઉલ્લસિત ભાવે, ગુરુગમથી સમજીને નિયમિત રીતે જ્ઞાનાભ્યાસની ઉગ્રતાથી પ્રેરાઈને કરે છે તેમ તેમ તે ધર્મઅનુષ્ઠાનના ઉત્તમ સંસ્કારો મુમુક્ષુના હૃદયમાં રુચિ, સંવેગ, શ્રદ્ધા અને ધર્મ આરાધનાના સંસ્કારો વધારે ઊંડા પડે છે. જેથી તે સંસ્કારો જાણે Second Nature બને છે, અથવા તેના હૃદયમાં ચોળ મજીઠના રંગની જેમ રંગાઈ જાય છે. જેવી રીતે તાંબાને સૂવર્ણરસથી વેધવાથી તાંબુ સોનુ જ બની જાય છે એમ મુમુક્ષુનો આત્મા તે ઉત્તમ સંસ્કારોથી અસંગ અનુષ્ઠાન સેવતાં સેવતાં પોતાને અસંગતાનો અનુભવ અર્થાત્ આત્મ અનુભવ અથવા સમ્યક્દર્શનને પામે છે. **"ઉત્તમ ગુણ અનુરાગથી, લહીએ ઉત્તમ ધામ રે"** (ય. ૧૪મું સ્તવન)



મહોપધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ જ્ઞાનસાર ગ્રન્થના જ્ઞાનાષ્ટક પ્રકરણમાં આ વાતને ખૂબ જ માર્મિક સૂત્રથી પ્રકાશે છે :-

**निर्वाण पदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः ।**
**तदेव ज्ञानमुत्कृष्टं निबन्धो नास्ति भूयसा ॥**

**(ઉ. યશોવિજયજી કૃત જ્ઞાનસાર - ૫મું જ્ઞાનાષ્ટક ગાથા ૨)**

ઉપરની દિવ્ય ગાથામાં સર્વ આગમોનો સાર અને ગુરુગમ ઉપાધ્યાયજી સમજાવે છે કે **ઘાતિકર્મોનો** (દર્શનમોહનો) ક્ષય કરાવે તેવું વીતરાગ પરમાત્મા અને જ્ઞાની સદ્ગુરુનું એક જ પદનું આત્મામાં તન્મય થઈને વારંવાર ભાવન કરવું, સ્વરૂપમાં એકત્વનો અનુભવ કરવો, આત્માનો અનુભવ કરવો તે સાધનાનું મહત્ત્વનું અંગ છે. કેવળ પોતાની રુચિ શક્તિ અનુસાર, પોતાને પ્રિય લાગે એવું જ્ઞાની પુરુષનું પદ, સ્તવનની ગાથાઓ, એકાદ તત્ત્વવિચારનું વચન અથવા સ્તવન-સજ્ઝાયનું એવી રીતે ઉલ્લાસપૂર્વક મુખપાઠ કરીને પરિશીલન, ભાવન, ચિંતન,ઘોલન, અનુપ્રેક્ષા કરવી કે જેથી તીર્થંકર પરમાત્મા, ગણધર ભગવંતો અને પૂર્વાચાર્યોના વચનોમાં અત્યંત બહુમાનપૂર્વક કષાયોની મંદતા કરતાં કરતાં, સંવેગ ભાવનાને વધારતાં, દર્શનમોહનો અનુક્રમે ક્ષય કરીએ તો ચારિત્રમોહનો ક્ષય કરવામાં કારણભૂત બને છે. **નિદિધ્યાસન પણ નિર્વાણપદનું અનુપમ સાધન બની શકે છે.**

ઉપરના જિનસિદ્ધાંતને સમર્થન કરવા માટે શિવભૂતિ મુનિનો દાખલો ખૂબ જ પ્રસિદ્ધ અને ઉપકારી છે. શિવભૂતિ મુનિ પોતાના ગુરુ મહારાજની ખૂબ જ સેવા, વૈયાવચ્ચ અને આજ્ઞા પાલનપૂર્વક સુંદર મુનિધર્મ પાળી રહ્યા હતા. તેમના ગુરુ મહારાજ જે પૂર્વધારી, સમર્થ જ્ઞાની હતા, તે શિવભૂતિ મુનિને શાસ્ત્રો ભણાવતા હતા અને પ્રેમપૂર્વક તેમને ગાથાઓ મુખપાઠ કરાવતા હતા. પરંતુ શિવભૂતિમુનિનો એવો ગાઢ **જ્ઞાનાવરણીય** કર્મનો ઉદય હતો કે તેમને

કોઈપણ શાસ્ત્રનું પદ કે સૂત્ર યાદ ન રહે. થોડા વર્ષો વીત્યા અને ગુરુમહારાજ ધીરજથી બોધ આપતા હતા અને શાસ્ત્ર ભણાવતા જ રહ્યા પણ શિવભૂતિને કંઈ જ યાદ ન રહે. અંતે ગુરુએ તેમને એક સરળ મંત્ર યાદ કરવા આપ્યો :- ''मा तुष, मा रुष'' વિનયવંત એવા શિવભૂતિ મુનિ દરરોજ ''मा तुष, मा रुष'' મંત્રનો શ્રદ્ધાપૂર્વક જાપ કરતા રહ્યા અને હૃદયમાં ખૂબ જ ઉલ્લાસ વર્તતો હતો કે મારા ગુરુ મહારાજે મારા પર કૃપા કરી સુંદર મંત્ર આપ્યો જેના આરાધનથી મારું અવશ્ય કલ્યાણ થશે જ. કેવી ગુરુભક્તિ અને નિષ્ઠા.

ક્ષયોપશમ અને યાદશક્તિ કમજોર હોવાથી થોડા સમય બાદ તે મંત્ર સ્મરણ કંઈક આઘું પાછું થઈ ગયું (અણધાર્યે) અને ''માસ તુસ''...''માસતુસ''...મંત્રનું સ્મરણ રાતદિવસ કરતા થયા. જાણી જોઈને, સ્વછંદથી મંત્ર બદલ્યો ન હતો પણ શિવભૂતિની યાદ શક્તિ નબળી હોવાથી મૂળભૂત મંત્ર ''मा तुष, मा रुष'' હવે ''માસતુસ''માં ફરી ગયો. પણ પોતાના હૃદયમાં ગુરુના મંત્રનું જ આરાધન કરું છું આવી પાકી શ્રદ્ધા હતી.

એક દિવસ ભિક્ષા (ગોચરી) લેવા શિવભૂતિ મુનિ જતા હતા અને એક શ્રાવિકા પોતાના ઘરની બહાર ઓટલા ઉપર એક સુપડામાં અડદને ઉપણતી હતી. તે જોઈને શિવભૂતિ મુનિ નિર્દોષતાથી પૂછે છે કે, હે બેન ! તમે આ શું કરો છો ? ત્યારે સરળતાથી તે બાઈએ કહ્યું કે, હું માસ તુસ જુદા કરું છું અને વધારે સમજાવતા કહ્યું કે માસ એટલે અડદના બીજ અને તુસ એટલે ફોતરાને જુદા કરું છું, આ સુપડાને વારંવાર ઉપર નીચે કરવાથી માસ તુસ જુદા થઈ જાય છે, એવી પ્રક્રિયા સમજાવી.

આ વાત સાંભળીને શિવભૂતિ મુનિને સારા ભાગ્યે પોતાના ગુરુનો મંત્ર ''માસ તુસ'' યાદ આવ્યો ને થયું કે મારા ગુરુએ પણ



મને ''માસ તુસ'' મંત્ર કંઈક જુદુ કરવાને માટે જ આપ્યો હશે પણ હું તો કાંઈ જુદું કરતો નથી. જાગૃત થયેલા શિવભૂતિ મુનિ ગોચરી લેવાનું બંધ કરીને જંગલમાં એક ઝાડ નીચે ધ્યાનમાં બેઠા ને વિચારવા લાગ્યા કે જેમ તે બાઈ માસ અને તુસ જુદા કરતી હતી તેમ મારે શું જુદું કરવું ? ધ્યાનમાં મગ્ન થયા અને દર્શનમોહનો પડદો ગુરુની ભક્તિ અને ગુરુકૃપાથી હટવા લાગ્યો. **શિવભૂતિને સમજાયું કે માસ જેવો મારો આત્મા અને તુસ જેવો આ દેહ તે મારે જુદા કરવા માટે મારા ગુરુએ મંત્ર આપ્યો છે.** પોતે પશ્ચાત્તાપથી ગુરુના મંત્રને ન સમજવા માટે આલોચના કરે છે અને કલાકો સુધી દેહ અને આત્માના લક્ષણો ગુરુ મહારાજે શાસ્ત્ર અભ્યાસમાં સમજાવ્યા હતા તે યાદ કરવા લાગ્યા. ભેદજ્ઞાનનો જાણે વિચાર કરવા લાગ્યા :- **''હું દેહાદિ સ્વરૂપ નથી. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એવો આત્મા છું'' એમ આત્મભાવના કરતાં શિવભૂતિમુનિ સમ્યક્દર્શન પામ્યા, અને તે જ ધ્યાનમાં લીન થતાં, શ્રેણી માંડી, કેવળજ્ઞાન પામ્યા !!!** આવી રીતે જિનેશ્વર ભગવાને કહેલા સર્વ ધર્મ અનુષ્ઠાનો, જ્ઞાનાભ્યાસ અને સમજણપૂર્વક, જિનવચન અને જિનઆજ્ઞાનું સમ્યક્ આરાધનથી મુમુક્ષુને અસંગદશા પ્રગટે છે. અર્થાત્ દર્શનમોહ (અજ્ઞાન) અને ચારિત્રમોહનો ક્રમે ક્ષય કરીને, ચોથે ગુણસ્થાને આત્મ અનુભૂતિની અસંગદશાથી માંડીને, સાતમે ગુણસ્થાને નિર્વિકલ્પ સમાધિ અને આઠમે ગુણસ્થાને ગુણશ્રેણી આરોહણ કરતાં, ક્ષપકશ્રેણી માંડી પૂર્ણ અસંગદશા, સિદ્ધદશા, અયોગી દશા ૧૪ મે ગુણસ્થાનકે પ્રાપ્ત કરી શકે તેવી પ્રબળ શક્તિ આ અમૃત અનુષ્ઠાનોની આરાધનામાં આપણને આ સ્તવનોના માધ્યમથી સમજાવી છે. તો હવે અસંગ અનુષ્ઠાનને સમજવા આ મહાત્માઓનાં અલૌકિક સ્તવનોની સમજણપૂર્વક વિચારણા કરીને આ પુસ્તકનું આ છેલ્લું પ્રકરણ પૂરું કરીએ.

## ૧. શ્રી આનંદઘનજી રચિત વર્તમાન ચોવીસીના પાંચમા સુમતિનાથ ભગવાનનું સ્તવન

**સુમતિચરણકજ આતમ અરપણા, દરપણ જિમ અવિકાર સુજ્ઞાની,**
**મતિ તરપણ બહુ સંમત જાણીએ, પરિસરપણ સુવિચાર સુજ્ઞાની**
**સુમતિચરણકજ આતમ અરપણા...(૧)**

**સુજ્ઞાની** એટલે સમ્યક્જ્ઞાન-દર્શનની ઈચ્છાવાળા એવા ભવ્ય જીવો ! મોક્ષમાર્ગની મંગળયાત્રાની શરૂઆત કરતાં સૌ પ્રથમ તમારે જિનવચન અને જિનઆજ્ઞાપૂર્વક જ્ઞાનાભ્યાસ અને ધર્મક્રિયા કરવા સાથે તમારો આત્મા સુમતિનાથ ભગવાનના ચરણકમળમાં અર્પણ કરવો જોઈએ, અર્થાત્

ભગવાનના ચરણકમળ ખરેખર દરપણ એટલે આરીસા સમાન છે જેમાં રાગ-દ્વેષનો સંપૂર્ણ અભાવ છે માટે અવિકારી છે. તે ભગવાનના ચરણમાં ભાવપૂર્વક માથું નમાવી વંદન કરવાથી તમારા મનના વિકારો પણ શાંત થઈ જશે. પરંતુ તે દર્શન કેવી રીતે કરવા તેની શરત મૂકે છે કે તમે ''નીસિહિ'' બોલીને દેરાસરમાં જ્યારે જાવ ત્યારે ભગવાનના દર્શન કરતાં તમારી બુદ્ધિનું અથવા તમારા બધા જ મનના વિચારો, અભિપ્રાયોની ઉપર મીંડુ મારી શાંત ચિત્તથી માત્ર વીતરાગ પરમાત્માના શાંતસ્વરૂપના દર્શન કરો તો ગુણાનુરાગવાળી પ્રીતિ-ભક્તિ હૃદયમાં જાગશે જેથી સુવિચારણા જાગશે. અર્થાત્ જેવું ભગવાનનું સ્વરૂપ અનંતગુણોનો સમુદ્ર છે તેવા જ ગુણો ભગવાનરૂપી અરીસામાં જોવાથી તમારો આત્મા પણ નિશ્ચયનયથી સિદ્ધ સમાન છે તેવું દર્શન થશે. જેમ જેમ ભાવપૂર્વક **''એક વાર પ્રભુ વંદના આગમ રીતે થાય''** તેમ તેમ સુવિચારોનું પરિસરણ અર્થાત્ ફેલાવો થશે અને ''ચિત્ત પ્રસન્નતા''નો અનુભવ થશે. આ પ્રથમ ગાથાને વધારે સમજવા



આપણે શ્રી દેવચંદ્રજી રચિત નવમા સુવિધિનાથ ભગવાનના સ્તવનની છઠ્ઠી ગાથા સમજીએ :-

**પ્રભુમુદ્રાને યોગ, પ્રભુ પ્રભુતા લખે હો લાલ,**
**દ્રવ્યતણે સાધર્મ્ય, સ્વસંપત્તિ ઓળખે હો લાલ,**
**ઓળખતાં બહુમાન, સહિત રૂચિ પણ વધે હો લાલ,**
**રુચિ અનુયાયી વીર્ય, ચરણધારા સધે હો લાલ.**

**ભાવાર્થ :** સમ્યક્દર્શનની આરાધના અને પ્રાપ્તિ માટે મારી આ અત્યંત પ્રિય ગાથા છે અને ઘણી જ લબ્ધિઓ આ દિવ્ય ગાથામાં ગૂઢ રીતે સમાયેલ છે. આ ગાથામાં ૪ થા ગુણસ્થાનકથી ૧૩મા ગુણસ્થાનની સાધનાનો ઉત્તમ મર્મ ગણિ શ્રી દેવચંદ્રજીએ તેમના જ્ઞાન સામર્થ્યથી ભરી દીધો છે :- વીતરણ મુદ્રાના યથાર્થ દર્શન જ્યારે મુમુક્ષુને થાય છે. ત્યારે તે મુમુક્ષુ અનંતગુણ સંપત્તિ રૂપ પ્રભુની પ્રભુતાને લખે એટલે ઓળખે છે. પછી આગમ શાસ્ત્રો અને જ્ઞાનસાર જેવા ઉત્તમ શાસ્ત્રજ્ઞાન વડે તે મુમુક્ષુ પોતાના શુદ્ધ આત્મદ્રવ્યમાં તેવી જ અનંતગુણની સંપત્તિ ઓળખે છે, શ્રદ્ધાનથી જાણે છે કે જેવા અનંતગુણો પ્રભુના પ્રગટ છે તેવા જ અને તેટલા અનંત ગુણો મારા આત્મામાં સત્તાગતપણે અકબંધ પડ્યા છે. આવી ઓળખાણ થતાં પ્રભુ પ્રત્યે અત્યંત બહુમાન પ્રગટે છે, અને પોતાની આત્મપ્રભુતા પ્રગટાવવાની સાચી રુચિ, શ્રદ્ધા, સંવેગ વર્ધમાન થાય છે. પછી આ મહા સિદ્ધાંત સમજાવે છે કે રુચિ અનુસાર જ્યાં પોતાનું મન ખેંચાય તે કાર્ય સફળ કરવા માટે આત્મવીર્યની બધી જ શક્તિ ચરણધારા એટલે આત્મ-ચારિત્રમાં સ્થિરતા અથવા રમણતા કરવાની ધારા સાધ્ય થાય છે જેને આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજ યોગદૃષ્ટિ સમુચ્ચય નામના ગ્રન્થમાં ૬૪મી ગાથામાં **સમાપત્તિ ધ્યાન** દ્વારા સમજાવે છે જે આગળ આપણે જોઈ ગયા છીએ.

આ મહાપુરુષો પ્રભુદર્શનનો મહિમા કેવો અલૌકિક અને ઉત્કૃષ્ટ કલ્યાણકારી છે તે સુંદર રીતે સમજાવે છે. ખરેખર આ ચાર મહાત્માઓએ જૈન સમાજ ઉપર અગણિત ઉપકાર કરીને સાચી જિનભક્તિ કેવી રીતે કરવી તેનું ગુરુગમ એકે એક સ્તવનમાં વિવિધ પાસાઓથી સમજાવ્યું છે અને તે સમજવા માટે, મારા પોતાના આત્મકલ્યાણ માટે જ આ પુસ્તક લખવાનું ખાસ મારું પ્રયોજન છે. સૌ સાધકો આ મહાત્માઓના સ્તવનોના ભાવાર્થ સમજી, સ્તવનો મુખપાઠ કરીને પ્રભુભક્તિમાં મગ્ન થાય તેવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

હવે ત્રણ પ્રકારના આત્મા વિષે આગળની ગાથામાં ખૂબ જ સુંદર રીતે સમજણ આપે છે, અને તેમાંથી આત્મ અનુભૂતિની સાધનાનો ક્રમ પણ બધાને સમજાય તેવી સરળતાથી સમજાવે છે.

**ત્રિવિધ સકલ તનુધરગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ સુજ્ઞાની,**
**બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિચ્છેદ સુજ્ઞાની** (૨)

આ સંસારમાં સકલ તનુધર એટલે સર્વ દેહધારી જીવોના આત્મા ત્રણ પ્રકારના છે. આ ગાથામાં ત્રણ ભેદથી જે આત્માના ભેદ બતાવ્યા છે તેમાં **બહિરાત્મા** નામનો ધુરિ એટલે પહેલો ભેદ છે. આ બહિરાત્મા કોને કહેવાય તે આગળની ગાથામાં સમજાવશે. બીજો ભેદ **અંતરઆત્મા**નો છે અને ત્રીજો ભેદ **પરમાત્મા** નામે છે. આમ ત્રણ ભેદ કહ્યા છે. વળી પરમાત્માનો આત્મા અવિચ્છેદ એટલે કદી પણ કર્મોથી છેદાઈને, બદલાઈને પોતાના સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપથી રહિત હોય એમ બનતું નથી.

**આતમબુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અધરૂપ સુજ્ઞાની,**
**કાયાદિકનો હો સાખીધર રહ્યો, અંતર આતમરૂપ સુજ્ઞાની.** (૩)

આ ત્રણ પ્રકારના આત્મામાંથી પહેલો ભેદ બહિરાત્માનો છે.



જેણે કાયાદિક એટલે પોતાના શરીરમાં આત્મબુદ્ધિ કરી છે, હું શરીરરૂપી નામધારી રમણલાલ છું એવી માન્યતા અથવા શ્રદ્ધા જેને છે તે બહિરાત્મા છે. **વધારામાં જેને દેહમાં અહંભાવ વર્તે છે, અને પોતાના દેહમાં તથા સ્ત્રી, પુત્ર, કુટુંબના સર્વ જીવોમાં અર્થાત્ તેમના દેહમાં મારાપણું કરીને નિરંતર રાગદ્વેષના પરિણામો કરે છે તે બહિરાત્મા અધરૂપ છે,** એટલે પાપરૂપ બહિરાત્મા છે. જૈનદર્શનનો અત્યંત મહાન્ તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત આ સ્તવનમાં સમજાવે છે કે અનાદિકાળથી આ જીવને (આત્માને) પોતે કોણ છે ? તેનું જ અજ્ઞાન છે. પોતે આત્મા છે, છતાંય મિથ્યાત્વ અર્થાત્ સ્વરૂપના અજ્ઞાનને લીધે પોતાના દેહમાં જ ''હું બુદ્ધિ''વાળો હોવાથી તે બહિરાત્મદશા વાળો જીવ નિરંતર ''અહંભાવ અને મમત્વભાવ''ની તીવ્ર ગાંઠમાં સપડાઈને તીવ્ર રાગદ્વેષના પરિણામો કરતો થકો સંસાર પરિભ્રમણ કરતો રહ્યો છે. અનાદિકાળના અનંત પુદ્ગલ પરાવર્તનનો દીર્ઘકાળ વીત્યા છતાંય ક્યારેય તેણે પોતાના સ્વરૂપને જાણ્યું જ નહિ. મિથ્યાત્વનું આ ઝેર આ જીવને અનંતકાળથી અનંત અનંત જન્મ-જરા-મૃત્યુના દુઃખોમાં રઝળાવી, અથડાવી અત્યંત દુઃખી કરેલ છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી સવાસો ગાથાના સ્તવનની બીજી અને ત્રીજી ઢાળમાં આ વાતને ખૂબ જ સુંદર રીતે પ્રકાશે છે :

**જાતિ અંધનો રે દોષ ન આકરો, જે નવિ દેખે રે અર્થ,**
**મિથ્યાદૃષ્ટિ રે તેહથી આકરો, માને અર્થ અનર્થ,**
**શ્રી સીમંધર સાહેબ સાંભળો** (૨-૧૪)

જે જીવ જન્મથી જ નેત્રહીન અર્થાત્ અંધ હોય તે ચાલતાં ચાલતાં ખાડામાં તો જાય પણ મિથ્યાદૃષ્ટિ જીવ, બહિરાત્મ દશાવાળો જીવ તો છતી આંખે વધારે દુઃખી અથવા પાપનો જવાબદાર છે કે જે પોતાનું નથી તેને પોતાનું માને છે. જેમ ઉપર કહ્યું તેમ દેહ તે

જડ છે અને સ્ત્રી-પુત્ર આદિ બધા પરદ્રવ્ય છે. તેને મિથ્યાદષ્ટિ પોતાના માને છે અને તે વિપરીત શ્રદ્ધાન્ તે જ અજ્ઞાન છે, તે જ મિથ્યાત્વ છે અને તે મિથ્યાશ્રદ્ધાન્ જેનામાં છે તે જીવ બહિરાત્મા છે કે જે દેહમાં, ઈન્દ્રિયોના વિષયમાં અને સ્ત્રી, પુત્ર, ઘર, લક્ષ્મી, પરિવાર, મકાનમાં મારાપણાની બુદ્ધિથી સુખ માને છે. સવાસો ગાથાના સ્તવનની ત્રીજી ઢાળમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા. આ આત્માની મૂળભૂત ભૂલનું ફળ અને તેને ટાળવાનો ઉપાય બતાવે છેઃ-

**''આતમ અજ્ઞાને કરી, જે ભવ દુઃખ લહીએ,**
**આતમજ્ઞાને તે ટલે, એમ મન સદ્દહીએ,**
**આતમ તત્ત્વ વિચારીએ''**

સ્વરૂપના અજ્ઞાનને લીધે નિરંતર, સૂતાં-જાગતાં-હરતાં-ફરતાં મિથ્યાદષ્ટિ મારાપણું જ કરે છે કારણ કે તેના પરિણામ પરમાં સુખબુદ્ધિના હોવાથી ઈષ્ટ વસ્તુમાં રાગ અને અનિષ્ટ વસ્તુ કે વ્યક્તિના સંયોગમાં દ્વેષના પરિણામો કરવાથી તીવ્ર કર્મ, તીવ્ર પાપનો બંધ કર્યા જ કરે છે. જિનેશ્વરભગવાને આ મૂળભૂત ભૂલ ટાળવાનો એક જ ઉપાય પ્રકાશ્યો છે. જે ઉપરની ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે કે, મિથ્યાત્વનો નાશ કરવા માટે જીવે સમ્યક્દર્શન અથવા આત્મજ્ઞાન, આત્માની અનુભૂતિ કરવા માટે જ મનુષ્ય જીવનું મુખ્ય ધ્યેય બનાવી, આ પુસ્તકમાં સમજાવેલા પ્રીતિ-ભક્તિ-આજ્ઞા-અસંગ અમૃત અનુષ્ઠાનોને એકનિષ્ઠાથી આરાધવાં જેથી અનાદિકાળનું અજ્ઞાન નાશ પામે અને સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય. આ વાતનું વિશેષ સમર્થન શ્રી દેવચંદ્રજી તેમના પ્રસિદ્ધ પદમાં સમજાવે છે જે ફરી ફરી વિચારવા યોગ્ય છે :-



**''સમકિત નવિ લહ્યું રે, એ તો રૂલ્યો ચતુર્ગતિમાંહી.**
**ત્રસ સ્થાવર કી કરુણાકીની, જીવ ન એક વિરાધ્યો,**
**તીન કાલ સામાયિક કરતાં, શુદ્ધ ઉપયોગ ન સાધ્યો,**
**સમકિત નવિ લહ્યું રે...''**

**બાહ્ય ક્રિયા, સબ ત્યાગ પરિગ્રહ, દ્રવ્યલીંગ ધર લીનો,**
**દેવચંદ્ર કહે યા વિધતો હમ, બહોત બાર કર લીનો...**
**સમકિત નવી લ્હ્યું રે...**

**ભગવાને જૈનદર્શનમાં સમકિતનું કેટલું મહત્ત્વ આપ્યું છે તે ઉપરના પદથી સમજાય છે.** ધારો કે જીવદયા ખૂબ પાળી, ત્રણ વાર દરરોજ સામાયિક આદિ કર્યા, પણ શુદ્ધ ઉપયોગ એટલે આત્મ અનુભવ અર્થાત્ સમ્યક્દર્શનની સ્વસંવેદન અનુભૂતિ ન કરવાથી ચાર ગતિમાં હજી રખડતો જ રહ્યો. વળી બધી બાહ્યક્રિયાઓ કરી, કદાચ દ્રવ્યલિંગી મુનિ પણ થયો, પણ જ્યાં સુધી આત્માનો લક્ષ્ય, આત્મ અનુસંધાન ન થયું અને બહિરાત્મપણું ગયું નહિ, તેથી મોક્ષમાર્ગનો દરવાજો ખૂલ્યો નહિ ને તેથી ભવભ્રમણ ચાલુ જ રહ્યું.

હવે પ્રસ્તુત ગાથાના ઉત્તરાર્ધમાં શ્રી આનંદઘનજી અંતરાત્માની વ્યાખ્યા કરતાં કહે છે કે જે જીવ કાયાદિકનો સાખીધર, એટલે જેમાં મુમુક્ષુના ભાવ પ્રગટવાથી જે સાધક ''હું દેહ છું અને સ્ત્રી પુત્રાદિ મારા છે'' એવી મિથ્યા શ્રદ્ધાનને ત્યાગી, હું જ્ઞાયકભાવ એવો આત્મા છું એવા શ્રદ્ધાનથી વર્તે છે અને જે સંસારમાં રહ્યા છતાં સ્ત્રી, પુત્ર, ઘર, લક્ષ્મી, પરિવાર વગેરેની સાથે માત્ર સાક્ષીપણે વર્તે છે અને તેમાં મારાપણુ ત્યાગી, અનાસક્ત ભાવે રહે છે તે અંતરઆત્મા કહ્યો છે. શ્રી બનારસીદાસ સમયસાર નાટકમાં નીચેના સુંદર પદથી સમકિતી જીવનું બહુમાન કરી કહે છે કે, અહો ! સમ્યક્દષ્ટિજીવનું કેવું અદ્ભુત જીવન !

**અહો ! સમદૃષ્ટિ આતમા, કરે કુટુંબ પ્રતિપાલ,**
**અંતરસે ન્યારો રહે, જેમ ધાવ ખીલાવે બાળ.**

ધાવમાતા અંતરથી બહુ જ સ્પષ્ટ રીતે એ જાણતી હોય છે કે આ જે બાળકને હું ખવડાવું છું, ભરણ-પોષણ કરું છું પણ તે બાળક મારું પોતાનું તો નથી જ. તેવી જ રીતે જગતના જીવોને સમકિતી જીવની ઓળખ પડતી નથી કારણ કે બાહ્યદૃષ્ટિએ ગૃહસ્થાશ્રમમાં રહેતા અવિરતી સમકિત જીવ કુટુંબનું ભરણપોષણ, કમાણી વગેરેનું કામ ખંતથી કરતા દેખાય છે, પણ તેના હૃદયમાં, શ્રદ્ધાનમાં તો ''હું જ્ઞાયકભાવ એવો શુદ્ધ આત્મા છું'' એવો ભાવ યાવજ્જીવ ચાલુ જ રહે છે તેથી તે અનંતાનુબંધી કર્મ બાંધતો જ નથી, અને ભરત ચક્રવર્તિ જેવા સમ્યક્ દૃષ્ટિ જીવ થોડા જ સમયમાં (ત્રણ-ચાર ભવોમાં) અવશ્ય મોક્ષ પામે છે. શ્રીમદ્ આનંદઘનજી સમર્થ આત્મજ્ઞાની અને અધ્યાત્મ તત્ત્વજ્ઞાનના પ્રબુદ્ધ જ્ઞાની હતા અને સાથે સાથે નૈસર્ગિક કવિત્વશક્તિને લીધે જૈન દર્શનના દ્રવ્યાનુયોગના ગહન તત્ત્વવિચારો કેવા સહજપણે, આપણને સ્તવનારૂપે પ્રકાશ્યા છે કે જેથી આ ગાથાઓ ફરી ફરી મુખપાઠ કરી તેની ભક્તિ, પરાવર્તના કરવાથી અસંગઅનુષ્ઠાનમાં આગળ કહ્યા તેવા સમ્યક્ શ્રદ્ધાનના સંસ્કાર આત્મામાં વવાય, દૃઢ થાય અને ફાલેફૂલે જેથી મિથ્યાત્વનું અથવા દર્શનમોહનું બળ ઘટવા માંડે અને જડ-ચેતનના ભેદ વિજ્ઞાનની આ ત્રીજી ગાથાના અવલંબનથી અંતરમુખતાનો અભ્યાસ, ધ્યાન વડે કોઈ ધન્ય પળે મુમુક્ષુ જીવને સમ્યક્દર્શનની અનુભવપૂર્વકની અનુભવાંશે પ્રતીતિ, સમ્યક્ શ્રદ્ધાન થાય છે. ત્રણ પ્રકારના આત્મા આ સ્તવનમાં જે સંક્ષેપમાં શ્રી આનંદઘનજીએ સમજાવ્યા છે તે વિસ્તારથી સમજવા અને પોતામાં બહિરાત્મદશાના દોષોને સમજીને નાશ કરવાનો વિધિ વિસ્તારથી ૨૦૦૦ વર્ષ પહેલા થયેલા પ્રબુદ્ધ આચાર્યદેવ શ્રી પૂજ્યપાદસ્વામીએ તેમના ''સમાધિ તંત્ર''માં (ઉપાધ્યાય શ્રી



યશોવિજયજીએ આ ગ્રન્થનો હિન્દી કાવ્યરૂપે સુંદર અનુવાદ તેઓશ્રી રચિત સમાધિશતકમાં કર્યો છે.) ખૂબ જ સુંદર રીતે પ્રકાશ્યા છે. ૧૦૫ ગાથાનો આ ગ્રન્થ દરેક જિજ્ઞાસુ સાધકે ખરેખર ભણવા, સમજવા યોગ્ય છે. જેમાં બહિરાત્માના લક્ષણો જાણીને તે કેમ દૂર કરવા અને અંતરાત્મદશા (સમ્યક્દર્શનના લક્ષણો) પ્રાપ્ત કરવાનો Total Scientific Process અથવા ભેદજ્ઞાન-વીતરાગ વિજ્ઞાન ખૂબ જ સમજવા યોગ્ય છે. ટુંકમાં ત્રીજી ગાથામાં આપણે જોયું કે બહિરાત્મા જીવ દેહમાં હુંપણું અને સ્ત્રી, પુત્ર, ઘર પરિવારમાં મારાપણાની તીવ્ર શ્રદ્ધાન કર્તાપણાના ભાવથી તે બધા પરદ્રવ્યમાં સુખબુદ્ધિના ભ્રમથી જીવે છે તેથી તે સ્વરૂપના અજ્ઞાનપણાથી તીવ્રકર્મો બાંધે છે. જ્યારે જીવની કાળલબ્ધિ પાકે અને સાચી મુમુક્ષુતા જાગે ત્યારે સદ્ગુરુના બોધથી અને આજ્ઞાથી સ્વરૂપનો લક્ષ્ય થાય છે અને નિરંતર સત્સંગના બળથી તે મુમુક્ષુ પોતાના આત્માના કલ્યાણને અર્થે આવા પ્રીતિ-ભક્તિ-આજ્ઞા અનુષ્ઠાનો સમજણપૂર્વક આરાધે છે ત્યારે તેના ફલરૂપે તેને અસંગતા અથવા આત્મસ્વરૂપમાં સ્થિરતા રૂપે સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય છે અને આવો અંતરઆત્મા હવે ચોથાથી ૧૪ મા ગુણસ્થાનકના પ્રયાસમાં, મોક્ષની મંગળયાત્રામાં ઉત્તરોત્તર આગળ વધી, અંતે તેરમે ગુણસ્થાનકે પરમાત્મદશા અને ચૌદમે સિદ્ધદશા પ્રાપ્ત કરે છે. આવો ઊંડો મર્મ આ સ્તવનમાં કેવી સરળ રીતે આપણને ગ્રન્થકાર સમજાવે છે તેનો અહોભાવ આપણા હૃદયમાં આવવો જ જોઈએ !!!

હવે આગળની ગાથામાં ત્રીજા પ્રકારના આત્માની અર્થાત્ પરમાત્મા કોને જૈનદર્શન માને છે તે સમજાવે છે. જેથી સત્ દેવની સમ્યક્ શ્રદ્ધાન જીવને પાકી થાય. મુમુક્ષુજીવ તેવા પરમાત્માની જ પ્રીતિ-ભક્તિ-આજ્ઞામાં જોડાય અને પોતાનું કલ્યાણ સાધી શકે.

**જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વર્જિત સકલ ઉપાધિ, સુજ્ઞાની૦**
**અતીન્દ્રિય ગુણગણમણિ-આગરૂ, એમ પરમાતમ સાધ. સુજ્ઞાની૦ (૪)**

હવે ત્રીજા પ્રકારનો આત્મા તે પરમાત્મા છે તેના લક્ષણો ચોથી ગાથામાં સમજાવે છે. પરમાત્મદશા પામેલા સર્વ સિદ્ધપુરુષો પણ પૂર્વ અવસ્થામાં આપણા જેવા બહિરાત્મ જીવ જ હતા. તેમાંથી જે ભવ્ય જીવોએ કાળલબ્ધિ પાકતાં સદ્ગુરુ અને જિનઆજ્ઞાનાં ઉત્તમ નિમિત્ત વડે પોતાની અંતરઆત્મદશાની સાધના કરી, ઉત્તમ એવા પ્રીતિ-ભક્તિ-આજ્ઞા-અસંગ અમૃત અનુષ્ઠાનોને સેવતાં સેવતાં ૪ થે થી ૧૪મે ગુણસ્થાનકે પહોંચી સર્વઘાતિ કર્મોનો ક્ષય કરી સર્વજ્ઞતા એટલે કેવળજ્ઞાન વડે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્યની પ્રાપ્તિ કરી છે તે પૂર્ણ પવિત્ર પરમાત્મા છે. તે પરમાત્મા નિરંતર સર્વજ્ઞતા, વીતરાગતા અને અનંત આનંદના સ્વામી છે, ભોક્તા છે, માટે પરમ આતમા છે. વળી તેઓ ભૌતિક જગતની, સંસારની બાહ્ય ત્રિવિધ તાપરૂપ સર્વ ઉપાધિથી અને અંતરંગ મોહનીયાદિ કર્મોની ઉપાધિથી સર્વથા વર્જિત એટલે મુક્ત છે, માટે તે પરમાત્મા છે અને સત્ દેવ છે. વળી તે પરમાત્મા અતીન્દ્રિય એટલે ઈન્દ્રિયોથી જાણી ન શકાય તેવા જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીતરાગતા, સર્વજ્ઞતા આદિ અનંત ગુણોનાં સમૂહરૂપ મણિયોના **આગરૂ** એટલે ખાણ છે. સમ્યક્જ્ઞાનના જિજ્ઞાસુ એવા ભવ્ય જીવો ! તમે પણ આવા પરમ ઈષ્ટ કરુણાના સાગર પરમાત્મા, જિનેશ્વરદેવ પરમાત્માને ભજો અને તેમની આજ્ઞા પ્રમાણે અમૃત અનુષ્ઠાનોની આરાધના કરો, આ દુર્લભ મનુષ્યભવની સફળતા કરી, તમારું પોતાનું પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરો.

શ્રી દેવચંદ્રજી મહારાજ શ્રેયાંસનાથ પ્રભુના સ્તવનમાં નીચેની લબ્ધિગાથામાં આ વાતને સુંદર રીતે પ્રકાશે છે :-



**પ્રગટ તત્ત્વતા ધ્યાવતાં, નિજ તત્ત્વનો ધ્યાતા થાય રે,**
**તત્ત્વરમણ એકાગ્રતા, પૂરણ તત્ત્વે એહ સમાય રે.**

અર્થાત્ શ્રી શ્રેયાંસનાથ ભગવાનનાં સર્વ અનંતગુણો પ્રગટ, નિરાવરણ થયા છે તેને ઓળખીને, પ્રભુના ગુણાનુરાગથી જે સાધક તત્ત્વનો ધ્યાતા એટલે પોતાના આત્મામાં સત્તાગત રહેલા તેવા જ અનંતગુણોનું ધ્યાન, સ્મરણ અને તત્ત્વરમણ એકાગ્રતાપૂર્વક કરે છે તે સાધક સમ્યક્ દર્શનથી માંડીને પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતા અર્થાત્ પરમાત્મસ્વરૂપને અવશ્ય પામે જ છે. જુઓ -

**જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સવિ જિનવર હોવે રે,**
**ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે.**
**(શ્રી આનંદઘનજીકૃત નમિનાથ ભગવાન સ્તવન)**

જુઓ આ મહાત્માપુરુષોની સમર્થતા, સમાનતા અને જિન-ભક્તિનું અલૌકિક માહાત્મ્ય !!! એક એક પદમાં આ માહાત્મા પુરુષોએ અલૌકિક જિનભક્તિની જાણે રેલમછેલ કરી છે અને દરેક ગાથાસૂત્ર જાણે સંક્ષેપમાં સકળ મોક્ષમાર્ગને પ્રકાશે છે તેવી તેમની વચનપ્રયોગની સમર્થતા જોઈને મસ્તક વારંવાર નમી પડે છે. દ્રવ્યાનુયોગ અને ભક્તિયોગની ગંગા-જમનાનો જાણે અવિરતપ્રવાહ આ સ્તવનોમાં કેવી શાંતરસની સરિતાની જેમ આપણને જ્ઞાનાનંદનો રસાસ્વાદ કરાવે છે !!!

**બહિરાતમ તજી અંતર આતમા, રૂપ થઈ થિરભાવ, સુજ્ઞાની૦**
**પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ, સુજ્ઞાની૦ (૫)**

હે સુજ્ઞાની, હે સમ્યક્જ્ઞાનના જિજ્ઞાસુ ભવ્ય જીવો ! તમારું અનાદિકાળનું બહિરાત્મપણાને ત્યાગી દો. કારણ કે બહિરાત્મા શરીરને જ આત્મા માની, ઈન્દ્રિયજનિત ક્ષણિક સુખની ભ્રાન્તિના કારણે

અતૃપ્ત જ રહે છે અને તેની ઈન્દ્રિયસુખ ભોગવવાની તૃષ્ણાને લીધે દુઃખી જ રહે છે. માટે તે મિથ્યાત્વના મૂળ જેમાં છે એવી બહિરાત્મદશાનો ત્યાગ કરી અંતરઆત્મદશા પ્રાપ્ત કરવા સદ્ગુરુની આજ્ઞાનું અને જિનભક્તિનું અવલંબન લો. ઉપરની પાંચમી ગાથાની છાયા આચાર્ય પૂજ્યપાદ સ્વામીજીની સમાધિતંત્ર ગ્રન્થની ગાથા ૧૫ માં આપણને જોવા મળે છે :-

**મૂળ સંસાર દુઃખોનું, દેહમાં આત્મબુદ્ધિ તે,**
**તજી ઈન્દ્રિય વ્યાપાર, બાહ્ય અંતર પેસજે. (૧૫)**

ઉપરની ગાથામાં આચાર્ય પૂજ્યપાદ સ્વામી સમાધિતંત્ર ગ્રન્થમાં જણાવે છે કે, ''દેહ તે જ હું છું'' આવી બુદ્ધિ બહિરાત્માની હોવાથી તેને દેહદૃષ્ટિ કહેવાય છે. આ દેહબુદ્ધિ જ બધા સંસારના દુઃખોનું મૂળ છે તે બહિરાત્મબુદ્ધિ છોડી દે, ઈન્દ્રિયોની બાહ્ય વૃત્તિ અને પ્રવૃત્તિથી પાછો વળ અને અંતરમુખતા, અંતરદૃષ્ટિનો અભ્યાસ કર તો તને પોતાના અંતરાત્મામાં પરમાત્માના દર્શન થશે અને અંતરમાં જ સુખ છે, બહાર નથી તે અનુભવપૂર્વક સમજાશે. આ સમાધિતંત્રની પ્રથમની ૩૦ ગાથાઓ ખરેખર ગુરુગમપૂર્વક ભણવાથી બહિરાત્માના લક્ષણો, તેનાથી થતાં દુઃખોની પરંપરા અને બહિરાત્મદશા ત્યાગીને અંતરઆત્મા થવાનો પૂર્ણ વિધિ (Process) સુંદર રીતે સમજાશે. **સમ્યક્દર્શન પ્રાપ્ત કરવાની આ ગ્રન્થમાં Master Key ગાથા ૧ થી ૩૦માં પૂજ્યપાદ સ્વામીએ ખૂબ જ સમર્થતાથી સમજાવી છે.** પૂજ્યપાદ આચાર્ય અત્યંત સમર્થ દ્રવ્યાનુયોગના પારગામી હતા અને તેમણે તત્વાર્થસૂત્રની અલૌકિક ટીકા ''સર્વાર્થસિદ્ધિ'' નામે લખીને બહુ જ મોટો યોગદાન કરવા સાથે ઉપકાર કર્યો છે. તેમનું રચેલું ''ઇષ્ટોપદેશ'' ગ્રન્થ પણ સમ્યક્દર્શન પ્રાપ્તિ કરાવે તેવું સુંદર સામર્થ્યવાળું છે. સર્વ મતાગ્રહને ત્યજી ગુણાનુરાગ અને તત્ત્વજિજ્ઞાસાપૂર્વક આવા ગ્રન્થો ભણવાની જરૂર છે જેથી આગમ



શાસ્ત્રોનો ગુરુગમ સરળતાથી સમજાશે. જ્ઞાનસાર, અધ્યાત્મસાર અને સમાધિશતક મને મારા જ્ઞાનાભ્યાસમાં અત્યંત ઉપકારી થયા છે. હવે છેલ્લી ગાથામાં શ્રીમદ્ આનંદઘનજી આત્મ-સાધનાની ચાવી સમજાવે છે :-

**આતમ-અર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળશે મતિ દોષ, સુજ્ઞાની૦**
**પરમપદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ પોષ, સુજ્ઞાની૦ (૬)**

દરેક જીવમાં બહિરાત્મપણું અથવા દેહમાં આત્મબુદ્ધિના સંસ્કારો અનાદિકાળથી રહેલા છે અને દરેક ભવમાં ઇન્દ્રિય વિષયોની લોલુપતાથી આ મિથ્યાત્વનું મૂળ અર્થાત્ બહિરાત્મપણું અથવા અવિદ્યાના સંસ્કાર વધારે દ્રઢ થતા જાય છે. નીચેની ગાથામાં આચાર્ય પૂજ્યપાદ સ્વામી આ વાતને વધારે ઊંડાણથી સમજાવે છે :-

**અવિદ્યારૂપ સંસ્કાર, તેથી તો દ્રઢ જામતો,**
**તેથી પૂર્નભવે જીવ, પોતાને દેહ માનતો. (૧૨)**
**(સમાધિતંત્ર ગાથા ૧૨ - આચાર્ય પૂજ્યપાદ સ્વામી)**

'દેહમાં આત્મબુદ્ધિ'થી જાણનારને શાસ્ત્રકાર **અવિધા** નામ આપીને કહે છે કે, પૂર્વભવેથી આ જીવ આવા ''દેહ તે જ હું'' એવી બુદ્ધિના સંસ્કારો લઈને આવે છે અને વર્તમાનકાળમાં પોતાનો દેહ તથા સ્ત્રી, પુત્ર, ધન, પરિવારમાં અહંભાવ, મમત્વભાવ વધારતો રહે છે. જેથી આવતા ભવે આ મિથ્યા માનતા, બહિરાત્મદશા વધારે દ્રઢ થતો જાય છે. આ દર્શનમોહની ગ્રન્થિને આપણે તોડવાની છે.

આ મિથ્યાત્વ નામના Cancer ના રોગને મટાડવા જિજ્ઞાસુ સાધકે સદ્ગુરુનું શરણ અને જિનેશ્વર ભગવાનની આજ્ઞા-ભક્તિથી તેમનું શરણાગત લઈ, પોતાના આત્માને તેમના ચરણમાં અર્પણ કરી, પોતાની મિથ્યા સમજણ પર ચોકડી મારીને પોતાની સ્લેટ કોરી

કરીને સદ્ગુરુના શરણે આત્માનું સ્વરૂપ સમજી, અંતરમુખતાનો અભ્યાસ કરવો. આવી રીતે એકનિષ્ઠાથી અને સાચી શ્રદ્ધાભક્તિથી તથા તત્ત્વસમજણપૂર્વક આત્મતત્ત્વનું નિરંતર વિચાર કરતાં મિથ્યાત્વ મંદ થાય છે અને મતિદોષ એટલે દેહાત્મબુદ્ધિ ટળે છે. જ્યારે દર્શનમોહનો ક્ષયોપશમ થાય ત્યારે પરમ પદારથ અથવા શુદ્ધ આત્મસ્વરૂપની અનુભૂતિ થતાં અંતરાત્મદશાની સંપત્તિ પ્રાપ્ત થાય છે. પછી તે અંતરાત્મદશા પામેલ ભવ્ય જીવ મોક્ષમાર્ગની મંગળયાત્રામાં આગળ વધતાં, ઉલ્લસિત વીર્યથી પ્રીતિ-ભક્તિ-આજ્ઞા-અસંગ અમૃત અનુષ્ઠાનના સોપાનોમાં આગળ વધતાં વધતાં, શુદ્ધ આત્માના ધ્યાન વડે શુક્લધ્યાનની શ્રેણી માંડી, અનંતસુખના ધામ એવા મોક્ષને પામે છે, પરમપદને પામે છે !!!

શ્રીમદ્ આનંદઘનજી રચિત આ સ્તવન ખૂબ જ તત્ત્વજ્ઞાનથી સભર અને સમ્યક્દર્શનની સાધનાનું ખૂબ જ સુંદર મર્મથી ભરેલું છે તેની ભક્તિ, મુખપાઠ કરીને, અર્થ સમજીને તેનું પારાયણ વારંવાર કરવાથી અનાદિકાળનું મિથ્યાત્વ મટશે અને સર્વ મંગળનું મંગળ સમ્યક્ દર્શનની પ્રાપ્તિ થશે, જે પ્રાંતે મોક્ષપદનું અચૂક કારણ બનશે.

### ૨. શ્રી દેવચંદ્રજી કૃત અભિનંદનસ્વામી ભગવાનનું સ્તવન

અસંગ અનુષ્ઠાનને સમજવામાં આ સ્તવન અત્યંત ઉપયોગી છે. ઘણું ઊંડું તત્ત્વજ્ઞાન અને દ્રવ્યાનુયોગનું ઊંડાણ આ સ્તવનમાં સુંદર રીતે જોવા મળે છે.

અનાદિકાળથી આ જીવ પરદ્રવ્યોની પ્રીત, પુદ્ગલપદાર્થોના વિષયોને ભોગવવાની સુખબુદ્ધિથી ભવોભવ રખડ્યો છે. જો આ જીવ પરદ્રવ્યોમાં સુખબુદ્ધિનો ત્યાગ કરે તો જ પરમાત્માની સાથે પ્રીતિ-ભક્તિમાં જોડાઈ શકે તે વાત સમજાવતાં પ્રથમ ગાથામાં શ્રી



દેવચંદ્રજી સુંદર રીતે આ વાતને સવાલ - જવાબ રૂપે રજૂ કરે છે :-

**ક્યું જાણું કયું બની આવશે, અભિનંદન રસ રીતિ, હો મિત૦**
**પુદ્ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત, હો મિત૦**
**કયું જાણું કયું બની આવશે...(૧)**

કેવા સુંદર શબ્દ પ્રયોગથી આ પદની શરૂઆત થાય છે કે જ્યારે કોઈ ભવ્ય ઉત્તમ આત્માને શ્રી વીતરાગદેવને મળવાનું મન થયું છે અને મળીને તેમના બોધ અને કૃપાથી પોતાના આત્માનું કલ્યાણ કરવાની તીવ્ર ભાવના થઈ છે ત્યારે તે ભવ્ય આત્મા શું કહે છે તે જોઈએ.

હે અભિનંદનસ્વામી ભગવાન ! તમને મળવાની, તમારી સાથે એકમેક થવાની, તમારી સાથે રસભરી એકતા કરવાની રીતિ, Method અમે કેમ જાણીએ ? હે પ્રભુ, તમારી સાથે પ્રીતિ કરવાની અલૌકિક રીત તમારા જેવા વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જ સમજાવી શકે તે માટે મારા પર કૃપા કરીને હે નાથ ! તમારી સેવા ભક્તિ કરવા માટે, એકતા કરવાની રીતભાત તમે મને કૃપા કરી સમજાવો.

સાચા સાધકની અંતરની પ્રાર્થના સાંભળીને પરમાત્મા કહે છે કે, હે ભવ્ય જીવ, પરદ્રવ્ય એટલે જડ પુદ્ગલ પદાર્થો સાથે અનાદિકાળથી જે તને પ્રીતિભરી રસ-લોલુપતા છે, તેની અનુભૂતિની જે તીવ્ર લાલસા છે તે પુદ્ગલપદાર્થોની ભોગદૃષ્ટિ જ્યારે તું ત્યાગ કરે ત્યારે જ પરમાત્મતત્ત્વ સાથે તું પ્રીતિ જોડી શકે એવો સિદ્ધાંત છે. આપણે આગળના પ્રકરણોમાં જોયું કે, જ્યાં સુધી જીવને ઓઘદ્રષ્ટિ અથવા સંસાર પ્રત્યે તીવ્ર પ્રીતિ હોય, જેને આચાર્યશ્રી હરિભદ્રસૂરિ ''ભવાભિનંદીપણું'' કહે છે, ત્યાં લગી એવા જીવને પોતાના આત્માને જાણવા માટે યોગદૃષ્ટિનો વિચાર શુદ્ધાં નહિ આવે. મિથ્યાત્વનું આ

જ મૂળ લક્ષણ છે કે જ્યાં સુખ નથી ત્યાં સુખબુદ્ધિ કરાવે જેમ કે પાંચ ઈન્દ્રિયોના વિષયો, સ્ત્રી, ધન, પરિવારમાં સુખબુદ્ધિ હોવી એ મિથ્યાત્વી જીવનું મૂળભૂત લક્ષણ છે. અને જ્યારે જીવની કાળલબ્ધિ પાકે છે, અને તે સદ્‌ગુરુ અને જિનવાણીના તત્ત્વશ્રવણથી જાગૃત થઈને યોગદષ્ટિમાં આવે છે ત્યારે જ તેને ધીમે ધીમે પુદ્‌ગલપદાર્થોની પ્રીતિ-સુખબુદ્ધિ ઘટે છે અને તત્ત્વશ્રવણથી આત્મા અને પરમાત્મા પ્રત્યે સાચો પ્રેમ, બહુમાન જાગે છે. આવું રૂપાંતર થવું તે મહાન પુણ્યોદય હોય ત્યારે જ થાય કારણ કે અનાદિકાળનાં ભોગરૂચિના ઊંડા સંસ્કાર મટવા બહુ જ મુશ્કેલ છે.

હવે બીજી ગાથામાં વીતરાગ પરમાત્માનો અંતર વૈભવ અને શુદ્ધ આત્મદ્રવ્ય, દ્રવ્યાનુયોગના સિદ્ધાંત પ્રમાણે સમજાવે છે-

**પરમાતમ પરમેશ્વરૂ, વસ્તુગતે તે અલિપ્ત હો મિત્તo**
**દ્રવ્યે દ્રવ્ય મીલે નહિ, ભાવે તે અન્ય અવ્યાપ્ત હો મિત્તo** (૨)

વીતરાગ પરમાત્મા તે પરમ આત્મા છે અર્થાત્ તેમના ગુણ-વૈભવને લીધે સર્વથી શ્રેષ્ઠ આત્મા છે. કારણ કે સર્વજ્ઞ વીતરાગદેવ સર્વ દોષોથી મુક્ત છે. વળી આ પરમાત્મા પરમ ઈશ્વર છે કારણકે તેઓ અનંતજ્ઞાનાદિ ગુણોના સ્વામી છે.

આ બીજી ગાથામાં આત્મદ્રવ્યના ગુણધર્મો ઊંડાણથી સમજાવે છે. પરમાત્માનું આત્મદ્રવ્ય મૂળભૂત વસ્તુધર્મથી અલિપ્ત છે. **સંગ્રહનયની** અપેક્ષાએ બધા જીવદ્રવ્ય કર્મોથી, શરીરથી અને સર્વ પ્રકારના પૌદ્‌ગલિકભાવોથી અલિપ્ત જ છે. કારણ કે કોઈપણ એક દ્રવ્ય બીજા દ્રવ્યની સાથે સર્વથા મિલન ન પામવાના સ્વભાવવાળું હોય છે, અર્થાત્ પરદ્રવ્યથી સર્વથા અલિપ્ત જ છે.

વળી જીવદ્રવ્ય મિથ્યાત્વભાવવાળો બન્યો છતો કાર્મણવર્ણગાના



પુદ્‌ગલો ગ્રહણ કરીને તેની સાથે સંયોગભાવે એકમેક થાય છે ખરો, પરંતુ એક જીવદ્રવ્ય બીજા જીવદ્રવ્ય સાથે **તાદાત્મ્યભાવે** એકમેક થઈ જ ન શકે આવો દ્રવ્યાનુયોગનો સિદ્ધાંત છે. બધા જ દ્રવ્યો સ્વભાવથી સ્વતંત્ર છે, અલિપ્ત છે આ મહાન જૈનદર્શનનો તત્ત્વસિદ્ધાંત કેવળી ભગવાને પ્રકાશ્યો છે અને વિશ્વમાં બધા જ જીવ અને અજીવ દ્રવ્યો આવી રીતે જ પ્રવર્તે છે.

વળી જે ''દ્રવ્યે દ્રવ્ય મીલે નહિ'' એ મહા જૈનસિદ્ધાંત પ્રમાણે કોઈ પણ જીવદ્રવ્ય અન્ય જીવ દ્રવ્ય સાથે ક્યારે પણ મળતું નથી. બધા જીવ દ્રવ્યો સ્વતંત્ર છે. અને અભિનંદનસ્વામી તો સર્વ કર્મોથી અને મન-વચન-કાયાના યોગોથી પણ સર્વથા મુક્ત છે અને સિદ્ધાલયમાં કોઈપણ બીજા જીવદ્રવ્ય અથવા પુદ્‌લ (અજીવ)દ્રવ્ય સાથે ક્યારે મળવાના નથી, સ્વતંત્રપણે પોતાના જ્ઞાનાનંદમાં અનંતકાળ બિરાજે છે.

ભાવથી વિચારીએ તો મુક્તિગત સર્વ આત્માઓ અન્ય કોઈપણ દ્રવ્ય (જીવ કે અજીવદ્રવ્યની સાથે)થી એકાકાર થતા જ નથી, અવ્યાપ્ત જ રહે છે આ પ્રમાણે શ્રી અભિનંદનસ્વામી ભગવાન દ્રવ્યથી એક સ્વતંત્ર શુદ્ધ આત્મદ્રવ્ય છે અને ભાવથી પોતાના ગુણપર્યાયમાં વર્તનારા છે. આવી રીતે આ ગાથામાં દ્રવ્યાનુયોગના સિદ્ધાંત અનુસાર સર્વ દ્રવ્યો સ્વતંત્ર છે અને બીજા દ્રવ્યમાં વ્યાપ્ત થતા નથી એમ સમજાવ્યું. હવે નીચેની ગાથામાં શ્રી અભિનંદનસ્વામીનું અંતરંગ વૈભવ, તેમના ગુણો કેવા પ્રગટ છે તે સમજાવે છે. આવા ગુણો આપણા આત્મામાં સત્તાગત છે પણ કર્મથી અવરાયેલા છે, પ્રગટ નથી.

**શુદ્ધ સ્વરૂપ સનાતનો, નિર્મલ જે નિસંગ, હો મિત્તo**
**આત્મવિભૂતિ પરિણમ્યો, ન કરે તે પરસંગ. હો મિતo** (૩)

શ્રી અભિનંદનસ્વામી જે મોક્ષે પધાર્યા છે તેમનું કેવું સ્વરૂપ છે તે સમજાવતાં કહે છે કે પ્રભુએ સર્વ કર્મોનો ક્ષય કરેલો હોવાથી ક્ષાયિકભાવે પ્રગટ થયેલા અનંત ગુણો જેવા કે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત વીર્ય અને અનંત સુખ ઈત્યાદિ અનંત અનંત ગુણસ્વરૂપવાળા આ પ્રભુ છે. વળી તે પરમાત્મા જન્મ-જરા-મરણ વિનાના હોવાથી સનાતન શુદ્ધ આત્મસ્વરૂપ દ્રવ્ય છે, એટલે કે દ્રવ્યથી નિત્યસ્વભાવવાળા છે. વલી તેમના પૂર્વના મોહાદિના સર્વ વિકારો નષ્ટ થયેલા હોવાથી અત્યંત નિર્મળ અને શુદ્ધ આત્મદ્રવ્ય છે. તથા અન્ય સર્વપરદ્રવ્યોના સંગનો ત્યાગ કરવાથી પણ નિઃસંગ છે. આ અસંગ અનુષ્ઠાનની વિચારણા ચાલે છે તેમાં સર્વથી ઉત્તમ જો નિઃસંગતા (અસંગતા) પ્રાપ્ત કરી હોય તો તે શ્રી અભિનંદનસ્વામી છે. વળી સર્વ કાર્મણ વર્ગણાનો ત્યાગ કર્યો હોવાથી **"એક પરમાણુ માત્રને પણ ન સ્પર્શતા, પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો"** એવી શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાનની પ્રગટ છે તેવા અસંગ, અડોલ, શુદ્ધાત્મા છે, અર્થાત્ પરમાત્મા છે.

આ પ્રમાણે સર્વથા અન્ય દ્રવ્યોના ત્યાગી બનીને, માત્ર પોતાના જ આત્માની જ્ઞાનાદિગુણોમય અનંત ગુણવૈભવ જે તેમની **વિભૂતિ** છે તેમાં જ નિરંતર પરિણમનારા, રમણ કરનારા છે તે પરમાત્મા ક્યારે પણ ભવિષ્યમાં અન્ય દ્રવ્યનો સંયોગ કરનારા નથી. તો આવા નિઃસંગ શુદ્ધ પરમાત્માને મારે મળવું છે તે કેવી રીતે મળાય એવો પ્રશ્ન જાણે શ્રી દેવચંદ્રજી ઊભો કરે છે કે, મારી લગની પ્રભુને મળવાની, પ્રીતિ કરવાની છે તે કેમ થશે ? શું કરવાથી પ્રભુને મળવાનું શક્ય બનશે ? તેનો જવાબ નીચેની ગાથામાં આવે છે.

**પણ જાણું આગમ બળે, મિલવું તુમ પ્રભુ સાથ હો, મિત૦**
**પ્રભુ તો સ્વસંપત્તિમયી, શુદ્ધ સ્વરૂપનો નાથ હો. મિત૦**
**કયું જાણું કયું બની આવશે...(૪)**



શ્રી દેવચંદ્રજી મહાત્મા સર્વ આગમ શાસ્ત્રોના પારગામી છે અને ઊંચી અધ્યાત્મદશા પ્રાપ્ત કરેલી હોવાથી સમર્થ અને પ્રબુદ્ધ જ્ઞાની હતા. તેથી શ્રુતજ્ઞાનના બળે આગમ પ્રમાણથી સમજાવે છે કે, અભિનંદનસ્વામી તો પૂર્ણ વીતરાગ છે અને પોતાના અનંતગુણોના સ્વામી છે અને સાદિ-અનંત કાળ પોતાની શુદ્ધ સંપત્તિને ભોગવતા સિદ્ધાલયમાં સ્થિર છે. તેમને મળવું હોય તો, પ્રભુ તો વીતરાગતા છોડીને મને મળવા આવવાના નથી. અર્થાત્ પ્રભુ તો કેવળી વીતરાગ છે ને હવે કદી સંસારી બની મને મળવા આવવાના નથી. પરંતુ હું જો પ્રભુની આજ્ઞાભક્તિનું અવલંબન લઈને હું પોતે તેમના જેવો બનું, તેમની સમાન વીતરાગ સર્વજ્ઞ બનીને મોક્ષે જાઉં તો પ્રભુ સાથે મિલન થઈ શકે છે. આવી રીતે ગ્રન્થકર્તા આપણને સમજાવે છે કે, હે ભવ્ય જીવો, તમને વીતરાગ પરમાત્માને મળવું હોય તો જિનઆજ્ઞા - અસંગ અનુષ્ઠાનની તીવ્ર આરાધના કરી, સર્વ વિષય કષાયથી મુક્ત થઈ, વીતરાગતા પ્રાપ્ત કરી ત્વરાથી મુક્તિપદની આરાધના કરો તો સર્વ દુઃખનો ક્ષય થશે અને ભગવાન સાથે મંગળ મિલન પણ થશે.

હવે ખૂબ જ અગત્યની અને મોટી શરત મૂકે છે કે પ્રભુને મળવા સાધકે શું કરવું જોઈએ.

**પરપરિણામકતા અછે રે, જે તુજ પુદ્ગલજોગ હો, મિત૦**
**જડ ચલ જગની એંઠનો રે, ન ઘટે તુજને ભોગ હો. મિત૦**
**કયું જાણું કયું બની આવશે...(૫)**

નિશ્ચયનય પ્રમાણે જગતના સર્વ જીવો સિદ્ધસમાન અનંતગુણ સંપત્તિના સ્વામી છે પણ સંસારી જીવોના તે ગુણો કર્મોથી અવરાયેલા છે, સત્તાગત દ્રવ્યમાં તો છે જ, પણ પ્રગટ થયા નથી તેથી જીવો પોતાના આત્મસ્વભાવને ભૂલી જઈ, અનાદિકાળથી મોહ (અજ્ઞાન)ના

ઉદયથી પરદ્રવ્યો એટલે કે પુદ્ગલ પદાર્થોમાં (સ્ત્રી, પુત્ર, ધન, પરિવાર, આદિ)માં જ આ જીવને સુખબુદ્ધિ થઈ છે. બાહ્યદષ્ટિવાળો આવો બહિરાત્મા જીવ મનગમતા પુદ્ગલપદાર્થોથી અંજાઈ જાય છે અને તે ઝાંઝવાના જળને સાચું સુખ માની લે છે. આ ભૂલ જગતના જીવો અનાદિકાળથી સ્વસ્વરૂપના અજ્ઞાનને લીધે ભવોભવ કરતા આવ્યા છે.

વીતરાગ ભગવાને સમજાવેલા કર્મોના સિદ્ધાંતને જીવ ભૂલી જાય છે કે પુણ્યનો ઉદય હોય ત્યારે જ મનગમતા મોજશોખના પુદ્ગલપદાર્થોના સાધનો મળે છે અને પુણ્યાઈ ઓછી થાય ત્યારે તો બાહ્યસુખના સાધનો આપોઆપ ગાયબ થઈ જાય છે. અથવા આયુષ્ય કર્મ પૂર્ણ થતાં તો અવશ્ય તે પૌદ્ગલિક સુખનો વિયોગ થાય જ છે. છતાં મોહના ઉદયને લીધે અને તત્ત્વનો અજ્ઞાની હોવાથી આ જીવ પુદ્ગલસુખનો ભોગી થયો છે, અર્થાત્ પરપરિણામી બન્યો છે. આવી રીતે સ્વસ્વરૂપના અજ્ઞાનને લીધે આ જીવને અનાદિકાળથી **પરપરિણામકતા** વર્તે છે. તેથી આ જીવ પરદ્રવ્યનો કર્તા, પરદ્રવ્યનો ભોક્તા, પરદ્રવ્યનો ગ્રાહકતાવાળો અને પરદ્રવ્યમાં રમણતાવાળો થયો છે. **પુદ્ગલાનંદી** બન્યો છે.

વળી આ ગાથામાં આપણને ચેતવે છે કે, હે જીવ ! તું જે પુદ્ગલદ્રવ્યોનો ઉપભોગ કરે છે (સ્ત્રી, પુત્ર, ઘર, ધન, પરિવાર, મોજશોખના સાધનો) તે બધા પરદ્રવ્યો જડ છે. જ્યારે તું તો ચેતન છો, આત્મા છો. તારો આત્મસ્વભાવ તો અનંતગુણોનો સમુદ્ર છે. વળી આ બધા જ પુદ્ગલદ્રવ્યો ચલ એટલે ચલિત છે, ચંચળ છે, દરરોજ તેના વર્ણાદિક (વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ) ધર્મો બદલાતા જ રહે છે. આખું જગત સમયે સમયે ઉત્પાદ-વ્યયવાળું છે. અર્થાત્ પુદ્ગલપદાર્થો મળે છે અને છૂટા પડી જાય છે, જ્યારે તું પોતે



સદાકાળ અચલિત સ્વરૂપવાળો શાશ્વત આત્મા છો, ધ્રુવદ્રવ્ય છો.

ઉપરની ગાથાનાં ઉત્તરાર્ધમાં એક મહાન તત્ત્વ સિદ્ધાંત પ્રકાશે છે કે, હે જીવ ! તું જે પુદ્ગલપદાર્થોનો ઉપભોગ કરતાં આનંદ માને છે, તને તેમાં સુખ ભાસે છે તે બધા પુદ્ગલ પદાર્થો ચલિત છે, નાશવંત છે, એટલું જ નહિ પણ તે બધા પુદ્ગલ પદાર્થો જગતની એંઠ છે કારણકે અનંતા જીવો વડે અનંતીવાર ગ્રહણ અને ત્યાગ કરાયા છે. જેમ કોઈનું ખાધેલું વધેલું એઠું આપણને ખાવાનું ગમતું નથી, જોવાનું પણ ગમતું નથી, તેવી જ રીતે આ સમસ્ત પુદ્ગલદ્રવ્યો અનંતા જીવો વડે અનંતી વાર ભોગવી ભોગવીને મૂકાયેલા છે એટલે અતિશયપણે તે એંઠ-જુઠ છે, માટે હે જીવ ! તેનો ઉપભોગ કરવો તને ઉચિત નથી.

જગતનો સમસ્ત પુદ્ગલાસ્તિકાય જુદા જુદા જીવો વડે, જુદા કાળે ભાષારૂપે, શ્વાસોશ્વાસરૂપે, શરીરરૂપે, મનરૂપે અનંતી વાર ગ્રહણ કરીને મૂકાયા છે. આ બધા પુદ્ગલદ્રવ્યોથી જે તને સુખાભાસ છે તે અનંતા જીવોની અનંતીવાર ભોગવેલી એંઠમાત્ર છે ! આ તો પશુવૃત્તિ છે ! શ્રીમદ્ દેવચંદ્રજીની સમર્થતા (Mastery) એ છે, કે દરેક સ્તવનોમાં તત્ત્વસિદ્ધાંત અને ભક્તિયોગનો સુમેળ કરી, આપણને વૈરાગ્યભાવમાં, શાંતભાવમાં ડુબાડી દે છે અને આગમસૂત્રોના ગહનમાં ગહન સૂત્રોને સરળ કરીને ગાઈ શકાય, મુખપાઠ કરી તેની ભક્તિ તથા અનુપ્રેક્ષા કરી શકાય તેવી રીતે રચ્યા છે. આવા તત્ત્વસભર સ્તવનોનો અર્થપૂર્વક અભ્યાસ કરી જો ભક્તિયોગ, આજ્ઞાયોગની નિયમીત સાધના થાય તો તેના ફલરૂપે જીવને સમ્યક્ દર્શનની પ્રાપ્તિ અવશ્ય થાય અને અસંગતાનો અનુભવ થાય. ઉપરની ગાથાના અંતમાં કરુણાભાવે આપણને શિખામણ આપે છે કે, હે ભવ્ય જીવ!

જેમ માનસરોવરના હંસલા ક્યારે પણ કચરામાં કે મલિન પાણીમાં ચાંચ નાખતાં નથી, તેમ તું તો અનંતગુણોનો સ્વામી આત્મદ્રવ્ય છે અને પોતાના શુદ્ધ સ્વભાવને છોડીને, ભૂલી જઈને અનંતીવાર ભોગવાયેલા, મેલા, ગંદા, એંઠવાડ જેવા પુદ્‌ગલપદાર્થોમાં ભોગવવાની દૃષ્ટિ રાખે છે તે તને શોભતું નથી. તારી જાત તો સિદ્ધસમાન છે અને તું કરોડપતિ હોવા છતાં જાણે ગટરનું પાણી પીવા કેમ દોડે છે ? આવી રીતે ગ્રન્થકાર આપણને કરુણાથી, તત્વશ્રવણ કરાવીને જાગૃત કરે છે અને અનાદિકાળની આપણી મૂળભૂત ભૂલ ભાંગવા, પરદ્રવ્યોમાં સુખબુદ્ધિની ભ્રમણાને ભાંગવા આટલો સ્પષ્ટ, વૈરાગ્યપ્રધાન બોધ આપી હવે તે મૂળભૂત ભૂલો ભાંગવાનો અચૂક ઉપાય સમજાવે છે. તે આગળની ગાથામાં વિચારીશું.

**શુદ્ધ નિમિત્તી પ્રભુ ગ્રહો, કરી અશુદ્ધ પરહેય, હો મિત૦**
**આત્માલંબી ગુણલયી, સહુ સાધકનો ધ્યેય. હો મિત૦**
**કયું જાણું કયું બની આવશે (૬)**

આપણા જેવા સંસારી, અજ્ઞાની જીવોને ઉપરની ગાથા ૫ માં સમજાવ્યું તેમ અનાદિકાળથી પુદ્‌ગલસુખનો ભોગ, તેમાં રંગાવું, રમવું તે પરભોગીપણાનું અશુદ્ધ નિમિત્ત છે. પરિણામે જીવના પરિણામ, કર્મબંધન તીવ્ર વિષય કષાયવાળા જ વર્તે છે. અશુભકર્મનો નવો બંધ થયા જ કરે છે. જો આવા અશુભ નિમિત્તોથી બચવું હોય તો આ જીવને પ્રબળ અવલંબનની જરૂર પડે છે. કારણકે પોતાની મેળે, પોતાના સ્વછંદથી અનાદિકાળનો દેહાધ્યાસ, દેહમાં જ આત્મ-બુદ્ધિરૂપ જે મિથ્યાત્વનું મૂળ છે તે પોતાની મેળે તૂટે તેવું નથી. માટે આ ગાથાના ઉત્તરાર્ધમાં સરળ ઉપાય બતાવ્યો કે, હે જીવ ! તું પુદ્‌ગલપદાર્થોના ભોગને છોડી દરરોજ નિયમિત રીતે શુદ્ધ વીતરાગ પરમાત્માનું આલંબન લે. આ પુસ્તકમાં આપણે સમજાવ્યા તેવા સરળ



અને સુંદર અનુષ્ઠાનો સર્વ વીતરાગ પરમાત્માની પ્રીતિથી માંડી, ભક્તિ, જિનઆજ્ઞા અને અસંગ અનુષ્ઠાનનું અવલંબન લઈ, તારા આત્માના પરિણામોની શુદ્ધિ કરવા કટીબદ્ધ થા. અર્થાત્ પોતાના આત્માની નિર્મળતા માટે હે જીવ ! તું અશુદ્ધ નિમિત્તોને છોડી દે અને અરિહંત ભગવાનનું શુદ્ધ નિમિત્તનું અવલંબન - પ્રીતિ-ભક્તિ-જિનઆજ્ઞા અમૃત અનુષ્ઠાનમાં ઉપર સમજાવી તે Process સમજીને તેમાં જ નિમગ્ન થા. ભગવાને અનાદિકાળની પરદ્રવ્યોની ભોગેચ્છાને ભાંગવા જિનાગમોમાં **વૈરાગ્ય અને ઉપશમ** ગુણો પ્રગટાવવાની ભલામણ વારંવાર કરી છે. જ્ઞાનાભ્યાસથી જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જ્યારે મુમુક્ષુતાના ગુણ રૂપે પ્રગટે ત્યારે જ જીવ સંસારસુખથી U-Turn કરી શકે. આ અભ્યાસ માટે નિયમિતપણે સત્સંગ, જિનભક્તિ, શ્રાવકના બાર વ્રત, છ આવશ્યક આદિ સર્વ અનુષ્ઠાનો સમજણપૂર્વક, ઉલ્લસિત ભાવે કરવાની જિનઆજ્ઞા છે. સાથે સાથે આ પુસ્તકમાં વિચારેલા આ મહાત્માઓના અલૌકિક સ્તવનોથી વીતરાગ ભગવાનના અનંત ગુણો જાણી, સમજી, ગુણાનુરાગપૂર્વકની ભક્તિ હૃદયમાં પ્રગટે તેવા નિમિત્તો અને તેવો નિયમીત અભ્યાસ કરવો જરૂરી છે. શરૂઆતમાં આ માર્ગ કઠીન લાગશે પણ જેમ જેમ વીતરાગ પરમાત્માની ગુણાનુરાગવાળી ભક્તિ હૃદયમાં જાગશે તેમ તેમ તે અવલંબન એટલું પ્રબળ બની જશે કે આપોઆપ, સહજપણે, પરદ્રવ્યોની ભોગેચ્છા ઘટવા માંડશે અને ધર્મનો અનુરાગ, પ્રભુના ગુણોનો અનુરાગ વધશે. વૈરાગ્ય એ મોક્ષનો પાયો છે. ''વૈરાગ્ય એ મોક્ષપદનો ઉત્કૃષ્ટ ભોમિયો છે'' (શ્રીમદ્ રાજચંદ્ર રચિત મોક્ષમાળા)

ગાથાના ઉત્તરાર્ધમાં વધારે સ્પષ્ટતાથી સમજાવે છે કે, પ્રભુનું અવલંબન તમામ સાધક જીવોને ધ્યેયરૂપે છે. વીતરાગ ભગવાન કેવળ આત્માવલંબ છે અને પોતાના આત્મગુણોમાં રમણતાવાળા છે.

પ્રભુનું અવલંબન સર્વ સાધક જીવો માટે પ્રબળ નિમિત્ત છે. એટલે કે અજ્ઞાની જીવથી માંડીને અવિરત સમ્યક્દૃષ્ટિ, દેશવિરતિધર, સર્વ વિરતિધર અને ધ્યાન શ્રેણીમાં વર્તનારા સર્વ જીવો - ચોથાથી બારમા ગુણઠાણાની સાધના કરતા સર્વજીવોને વીતરાગ પરમાત્મા જ પ્રબળ અવલંબન છે. શાસ્ત્રમાં આને **"સાલંબન ધ્યાન"** કહ્યું છે જે ધ્યાનમાં અરિહંત અથવા સિદ્ધ ભગવાનનું ધ્યાન ધરી સાધક ધ્યાનમાં એકાગ્ર બને તે સાલંબન ધ્યાન કહ્યું છે. તેમાંય ખાસ કરીને નીચેની દશાના સાધકો માટે તો વીતરાગ પરમાત્માનું અવલંબન અત્યંત જરૂરી છે, અત્યંત ઉપકારી છે. ભક્તિયોગની આરાધના સમર્થ મહાત્માઓ - શ્રી આનંદઘનજી, શ્રી દેવચંદ્રજી અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ મહત્ કરુણા કરીને આપણને સ્તવનો રચીને તેના માધ્યમથી સમજાવી છે. જેમ મેંદીને ઘૂંટવાથી તેનો રંગ વધારે જામે છે તેમ પ્રભુભક્તિમાં રંગાઈ જવાથી તીવ્ર અનુરાગ પ્રગટે છે. આપણે પ્રીતિ અનુયોગમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના અનંતનાથ ભગવાનના સ્તવનમાં વિસ્તારથી સમજાવ્યું તેમ આપણા હૃદયમાં તત્ત્વભક્તિનો રંગ એકતાન થાય તેવી સાધના કરવાનો આ મનુષ્યભવનો સુવર્ણકાળ આપણને આત્મઅનુભવની પ્રાપ્તિ માટે સાંપડ્યો છે તો આ અવસર ચૂકવા જેવો નથી. સરખાવો આનંદઘનજીના પદ -

**ઈણ વિધ પરખી, મન વિસરામી, જિનવરગુણ જે ગાવે,**
**દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે,**
**સમકિત સાથે સગાઈ કીધી, સપરિવાર શું ગાઢી,**
**મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી.**
**હે મલ્લિજિન....... (આનંદઘનજી ૧૯મું સ્તવન)**

પ્રસ્તુત સ્તવનની છઠ્ઠી ગાથામાં ઉપર પ્રમાણે જોયું કે શાસન નાયક ભગવાન મહાવીરની કરુણા કેવી નિરંતર વરસી રહી છે કે શ્રી



દેવચંદ્રજી મહાત્મા આપણને સમજાવે છે કે અનાદિકાળના મિથ્યાવાસના, પુદ્ગલ પદાર્થોની ભોગેચ્છાઓની વાસના તોડવા, મટાડવા એક માત્ર રામબાણ ઉપાય છે તે છે **જિનેશ્વર ભગવાનનું અવલંબન** - અર્થાત્ જગતના સંસારી સંબંધો અને પદાર્થોની નશ્વરતા, અસારતા અને પરિણામે વિયોગનું દુઃખ જ્યારે સાધકને સમજાય છે ત્યારે જેમ દરિયામાં ડૂબતા માણસને કોઈ હેલીકોપ્ટરમાં આવીને દોરડું ફેંકી ઉપર લઈ જાય ને બચાવે, તેવી જ રીતે આપણા જેવા અનાદિકાળના આત્મસ્વરૂપના અજ્ઞાનીજીવો ભ્રાન્તિગત પુદ્ગલ પદાર્થોના સુખમાં રખડનારા જીવોને મહાન્ પુણ્ય યોગના આધારે સાચા સદ્ગુરુના તત્ત્વશ્રવણ અને સત્સંગનો સમાગમ થાય ત્યારે જિનવાણીનું શ્રવણ કરવાનો સુયોગ મળે છે અને વીતરાગ પરમાત્માનું અવલંબન લઈને સાધક જીવ જાગ્રત થાય છે.

આવા સાધકજીવને બે અગત્યની Conditions પાળવી જરૂરી છે : (૧) તત્ત્વશ્રવણ અને તત્ત્વજિજ્ઞાસાની રુચી કેળવવી અને (૨) જિનઆજ્ઞાનું Maximum પાલન કરવું જેથી તેની સર્વ ધર્મક્રિયાઓ સમજણપૂર્વકની, અંતરના ભાવ-ઉમળકાથી અને પોતાના **આત્માની નિર્મળતા** અને **સ્વરૂપાનુસંધાનના લક્ષે બધા અનુષ્ઠાનો આરાધવાનો લક્ષ અત્યંત જરૂરી છે. જ્ઞાનાભ્યાસ અને ધર્મક્રિયાઓ આ બે, એક રથના પૈડા છે અને જો તે એકનિષ્ઠાથી, સમજણપૂર્વક થાય તો જ આત્મકલ્યાણ સાધી શકાય છે.** માત્ર જડક્રિયા લોકસંજ્ઞાથી થાય અને એકાંત શુષ્ક જ્ઞાનીપણું હોય તો તે મોક્ષમાર્ગમાં આગળ ન વધારી શકે. પંચમકાળમાં પણ મોક્ષમાર્ગ ખૂલ્લો જ છે અને સાધનાના અમૃત અનુષ્ઠાનો જે આ પુસ્તકમાં સમજીએ છીએ તે કેવા પ્રબળ અને ઉત્તમ ફળના દેનારાં છે અને મોક્ષની યાત્રાનો આ રાજમાર્ગ છે તે નીચેની ગાથામાં હવે સમજાવે છે.

**જિમ જિનવર અવલંબને, વધે સધે એક તાન, હો મિત૦**
**તિમ તિમ આત્માલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન. હો મિત૦**
**કયું જાણું કયું બની આવશે... (૭)**

માત્ર ચાર જ (૬ થી ૯) ગાથામાં શ્રી દેવચંદ્રજીએ સંપૂર્ણ મોક્ષમાર્ગ સમજાવ્યો છે અને જો એકનિષ્ઠાથી આ ચાર ગાથામાં બતાવેલ વિધિ (Process) જો સમજીને તેની આરાધના ભક્તિયોગ આજ્ઞાયોગ અસંયોગના અમૃત અનુષ્ઠાન નિષ્ઠાપૂર્વક થાય તો અવશ્ય જીવને સમ્યક્‌દર્શનથી માંડીને ઠેઠ પૂર્ણ વીતરાગદશા અને સિદ્ધપદની પ્રાપ્તિ થાય તેવું સામર્થ્ય આ દિવ્ય ગાથામાં ભર્યું છે. તેનો યથાશક્તિ વિચાર અને સમજવાનો આપણે પ્રયત્ન કરીએ.

પ્રસ્તુત ગાથાનો અર્થ સમજવા આપણે ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના વિમલનાથ ભગવાનના સ્તવનની બે ગાથાઓ પહેલા જોઈએ તો પ્રભુ અવલંબનનું માહાત્મ્ય વધારે સમજાશે :-

**સેવો ભવિયા વિમલ જિનેશ્વર, દુલ્લહા સજ્જન સંગાજી,**
**એવા પ્રભુનું દર્શન લેવું, તે આલસમાં ગંગાજી.**
**તત્ત્વપ્રીતિકર પાણી પાએ, વિમલા લોકે આંજીજી,**
**લોયન ગુરુ પરમાન્ન દિએ તવ, ભ્રમણા નાખે સવિ ભાંજીજી''**
**સેવો ભવિયા વિમલ જિનેશ્વર.......**

**અર્થ :** હે ભવ્યજનો ! તમે વિમલનાથ ભગવાનની સેવા, ભક્તિ કરો. કારણ કે સજ્જન પુરુષો-જ્ઞાનીજનોનો સત્સંગ પ્રાપ્ત થવો બહુ જ દુર્લભ છે. વળી આવા પ્રભુનું દર્શન (ગુણાનુરાગપૂર્વકનું સમ્યક્‌દર્શન)ની પ્રાપ્તિ પંચમકાળમાં થવી તે આળસના ઘરમાં રહેલા કોઈ આળસુ સાધકને જાણે ગંગાજીની પ્રાપ્તિ, અર્થાત્‌ જિનવાણીરૂપ ગંગા પ્રાપ્ત થવા બરાબર છે.



પછી બીજી ગાથામાં કહે છે કે, જ્યારે કોઈ જીવની કાળ લબ્ધિ પાકે અને સદ્‌ગુરુનો યોગ થાય ત્યારે તત્ત્વશ્રવણ અને તત્ત્વશ્રદ્ધાનું પાણી, અમૃત, જીવને પીવાનો યોગ સદ્‌ગુરુવાણીથી પ્રાપ્ત થાય ત્યારે શ્રી સદ્‌ગુરુ **સમ્યકજ્ઞાનરૂપી અંજન** નેત્રમાં આંજી, દિવ્યનેત્ર આપીને અનાદિકાળનો અંધકાર નાશ કરે છે અને જિનાજ્ઞારૂપ પરમાન્ન આપીને જીવને સમ્યક્‌જ્ઞાન-દર્શન-ચારિત્રનો માર્ગ બતાવી પરમ કલ્યાણ કરે છે. આ વાત ઉપમિતિ ભવપ્રપંચ નામના ગ્રન્થનો સાર ઉપાધ્યાયજી આ સ્તવનમાં આપણને ભક્તિયોગના માધ્યમથી સુંદર રીતે સમજાવે છે. આવા સ્તવનોનો અભ્યાસ કરવાથી અજ્ઞાનતા નાશ પામે છે.

હવે આપણે પ્રસ્તુત સ્તવનની સાતમી ગાથાને વિસ્તારથી સમજીએ. ''જિમ જિનવર અવલંબને'' આ શબ્દપ્રયોગ અત્યંત સુંદર છે. આપણો આત્મા જ્યારે પોતાના જ પુરુષાર્થ વડે પોતાના આત્મામાં મુમુક્ષુતાના ગુણો - શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા - જે સમ્યક્‌ દર્શનના પાંચ લક્ષણો જેમ જેમ તે પ્રગટાવવા સત્‌ - પુરુષાર્થ આદરે છે, અને પરમાત્માની ભક્તિ - બહુમાન - આજ્ઞા આરાધવાનું કાર્ય કરવામાં એકાગ્ર થાય છે, સંસારના ક્ષણિક સુખોને વિસારી, સાચો વૈરાગ્ય અને ઉત્તમ સંવેગના નિર્મળ ભાવોમાં નિમગ્ન ભક્તિભાવે ડૂબે છે, તેમ તેમ જાણે તેનો આત્મા પ્રભુનો ગુણાનુરાગી બને છે. આ એક મોટું Scientific Process છે. પરમાત્માની વીતરાગ મુખમુદ્રા અને તેમના અનંતગુણોમાં જેમ જેમ સાધકનું મન-તન લયલીન થાય છે, એકતાન થાય છે તેમ તેમ તેના અંતઃકરણમાંથી વિષયકષાયના મલિન ભાવો દૂર થતા જાય છે, આશ્રવભાવો દૂર થાય છે અને સંવર-નિર્જરાના નિર્મળભાવો વધે છે. પરંતુ આ પ્રક્રિયા સફળ કરવા પ્રભુનું અવલંબન એક પ્રબળ નિમિત્ત છે તેમ જાણી, સમજી, પોતાના આત્માનું ઉપાદાન જાગ્રત કરવાના લક્ષે આ સાધના

કરતાં કરતાં, કોઈ ધન્ય પળે મુમુક્ષુજીવ પોતાના આત્મામાં પ્રભુકૃપાથી ઉપાદાન કારણતા પ્રાપ્ત કરી, પોતાના આત્માના ગુણોને પ્રગટ કરવાની વીર્યતા પ્રાપ્ત કરે છે. જેવું પરમાત્માનું અનંતગુણાત્મક સ્વરૂપ પ્રગટ છે, તેવા જ અનંત ગુણો પોતાના આત્મામાં સત્તાગત રહેલા છે તેનો આવિર્ભાવ થવાથી કારણતા પોતાના આત્મામાં પ્રગટ કરે છે. અર્થાત્ આવી દશા જેને પ્રાપ્ત થાય તે સાધક પોતાને સ્વસંવેદન જ્ઞાનરૂપી સમ્યક્‌દર્શનને પામે છે. આ વાતને હવે આગળની ગાથામાં ખૂબ જ અલૌકિકભાવથી સુંદર રીતે સમજાવે છે કે, અહો ! જિનેશ્વર ભગવાનની તત્ત્વભક્તિથી જીવને ઠેઠ પરાભક્તિ સુધી પહોંચાડે છે અને ઠેઠ સમ્યક્‌દર્શનથી માંડીને મોક્ષપદની પ્રાપ્તિ કરાવે છે ! ॥૭॥

**સ્વસ્વરૂપ એકત્વતા, સાધે પૂર્ણાનંદ, હો મિત૦**
**રમે ભોગવે આતમા, રત્નત્રયી ગુણવૃંદ. હો મિત૦**
**કયું જાણું કયું બની આવશે... (૮)**

આ સ્તવનોમાં ઘણો જ ઊંડો દ્રવ્યાનુયોગનો સિદ્ધાંત સમાયો છે. એકાદ વાર વાંચીને ગાઈ જવાથી તેનો ભાવ અને રહસ્ય સમજવો મુશ્કેલ છે. સૌ પ્રથમ તો ઉપર જણાવ્યું તેમ સાચી મુમુક્ષુતા પ્રાપ્ત થવી અત્યંત જરૂરી છે. કારણ કે મુમુક્ષુતાના મૂળગુણો જે **વૈરાગ્ય એટલે ભોગ પ્રત્યે અનાસક્તિ,** અને **ઉપશમ એટલે કષાયોની મંદતા** - આ બે ગુણો જ્યાં સુધી આત્મામાં પ્રગટે નહિ ત્યાં સુધી સિદ્ધાંતજ્ઞાન સમજાય નહિ અને પરિણમન થાય નહિ.

આ ગુણો પ્રાપ્ત કરવા સાધક જીવે સદ્‌ગુરુ બોધનું નિયમિત શ્રવણ, જિનઆજ્ઞામાં કહેલા શ્રાવકના આચાર તથા અનુષ્ઠાનો જેવાં કે છ આવશ્યક, પ્રતિક્રમણ, સામાયિક, ભક્તિ વગેરે એકનિષ્ઠાપૂર્વક સમજણ અને ભાવપૂર્વક કરવાની અત્યંત જરૂરી છે. અર્થાત્ જ્ઞાનાભ્યાસ



અને સદ્‌અનુષ્ઠાનો રુચિપૂર્વક નિયમિતપણે આરાધવાથી જેમ જેમ વૈરાગ્ય, ઉપશમ અને જિનભક્તિના પરિણામો વર્ધમાન થાય તેમ તેમ સાધકને પોતાના આત્મસ્વરૂપનું માહાત્મ્ય વધારે સમજાય અને પોતાના આત્મામાં અનંતગુણો જે અત્યારે સત્તામાં છે પણ કર્મથી અવરાયેલા હોવાથી પ્રગટાવવાની તીવ્ર ઈચ્છા જિજ્ઞાસા ઉત્પન્ન થાય. આ વાત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં સુંદર રીતે પ્રકાશી છે :-

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,**
**ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ. (૧૦૮)**
**તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુ બોધ, (૧૦૯)**
**તો પામે સમકિતને વર્તે અંતર શોધ,**
**વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ,**
**ઉદય થાય ચારિત્રનો વીતરાગપદ વાસ. (૧૧૨)**

**ભાવાર્થ :** જે મુમુક્ષુજીવમાં ઉપર કહ્યા તેમ કષાયની મંદતા, સંવેગ અર્થાત્ મોક્ષની જ માત્ર ઈચ્છા, સંસાર પ્રત્યે વૈરાગ્ય અને પોતાની આત્માની દયા - આ લક્ષણો અથવા ગુણો હોય તે જિજ્ઞાસુ જીવને જ્યારે સદ્‌ગુરુનો બોધ શ્રવણનો સુયોગ મળે છે ત્યારે તે જીવ અંતરમુખતાની સાધના કરતાં સમ્યક્‌દર્શનને પામે છે અને તે દર્શનવિશુદ્ધિ વધતાં જતાં તે જીવને દર્શનમોહનો ઉપશમ ક્ષય અથવા ક્ષયોપશમ થયા પછી ક્રમે કરીને ચારિત્રમોહનો ક્ષય કરતાં પૂર્ણ વીતરાગદશા પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં મોક્ષના ઉપાયમાં ઉપરની ગાથાઓમાં સુંદર માર્ગદર્શન જોવા મળે છે. જેની સાધના કરવાની જ્ઞાનીની ભલામણ છે.

આ વાતને હવે શ્રી દેવચંદ્રજીની ૮મી ગાથામાં સમજીએ જેમ જેમ સાધક જીવ પરમાત્મા શ્રી વીતરાગદેવનું અવલંબન લેતાં જેમ જેમ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપની સાથે એકમેકતા સાધે છે તેમ તેમ

સાધકનો આત્મા દર્શનવિશુદ્ધિને વર્ધમાન કરતાં પ્રથમ દર્શનમોહ અને પ્રાંતે ચારિત્રમોહનો ક્ષય કરે છે અને તેને પૂર્ણાનંદ પ્રાપ્ત થાય છે. પ્રથમ જે **ક્ષાયોપક્ષમિક ગુણો** પ્રગટ્યા હતા તે વીતરાગ પરમાત્માના અવલંબનથી ભક્તિ-આજ્ઞા-અસંગ અનુષ્ઠાનોમાં મગ્નતા થતાં તે ગુણો **ક્ષાયિક ભાવવાળા** જ્ઞાન-દર્શન-ચારિત્ર એમ **ક્ષાયિક રત્નત્રયીની ગુણોના વૃંદ** અથવા સમૂહને પ્રાપ્ત કરીને આત્મા તે ગુણોમાં નિરંતર ભોગ અને રમણતા કરે છે. આવી દશા જે પૂર્ણ વીતરાગ દશા છે તે પ્રાપ્ત થયા પછી આ આત્મા ક્યારે પણ વિભાવદશામાં જતો નથી, નિરંતર અખંડપણે સ્વસ્વરૂપમાં, પોતાના આત્માના અનંતગુણોમાં જ રમણતા કરે છે. તેથી તેને ક્યારે પણ કર્મબંધ થતો નથી અને ફરીથી તેનું સંસારમાં આગમન થતું નથી. તે સિદ્ધિપદને પામે જ છે. આ છે વીતરાગ ધર્મની મહાનતા !

આ અલૌકિક સ્તવનમાં શ્રી દેવચંદ્રજીએ સંપૂર્ણ મોક્ષમાર્ગની સાધનાનો ક્રમ આગમશાસ્ત્રોના નિચોડરૂપે કેટલી સુંદર ભક્તિયોગના રૂપમાં આપણને સમજાવ્યું છે તેનો અહોભાવ કરવાના શબ્દો જ જડતા નથી. પહેલી ગાથામાં અભિનંદનસ્વામી સાથે પ્રીતિ કેમ કરવી તે પ્રશ્ન મૂકી, જીવની **મૂળભૂત ભૂલ જે પુદ્ગલાનંદીપણું** છે તેની સમજણ પાંચમી ગાથામાં આપીને મુમુક્ષુજીવને જાગૃત કરી, વૈરાગ્ય અને ઉપશમની સાધના કરવાનો ક્રમ ગાથા ૬ થી ૮ માં અલૌકિક શબ્દપ્રયોગ દ્વારા સમજાવીને પરમ ઉપકાર કર્યો છે ! આ સ્તવન મુખપાઠ કરીને તેનો ભાવાર્થ સમજી, અંતરમુખતાનો અભ્યાસ કરવાથી સાધક જીવને પ્રભુસેવા અને જિનભક્તિથી આત્મ અનુભવનો અભ્યાસ કરવાની ભલામણ અને આશીર્વાદ નવમી ગાથામાં આપે છે.

**અભિનંદન અવલંબને, પરમાનંદ વિલાસ, હો મિત૦**
**દેવચંદ્ર પ્રભુ સેવના, કરી અનુભવ અભ્યાસ. હો મિત૦**
**કયું જાણું કયું બની આવશે... (૯)**



ગણીશ્રી દેવચંદ્રજીના આવા ઉત્તમ સ્તવનોમાં સંપૂર્ણ મોક્ષમાર્ગની સાધનાનો ક્રમ સુંદર રીતે જોવા મળે છે. જિજ્ઞાસુ જીવોએ દેવચંદ્રજીનું બીજું, પાંચમું, અઢારમું, પંદરમું અને ઓગણીસમું સ્તવન ગહન છે પણ તેનો ભાવાર્થ સમજવાનો પુરુષાર્થ કરવો જરૂરી છે. તો જ ઉપાદાન અને નિમિત્તનો જૈનસિદ્ધાંત સમજાશે અને આત્મસાધનાના અમૃત અનુષ્ઠાનો વધારે સ્પષ્ટ (Clear and compelling) જણાશે.

છેલ્લી ગાથામાં ભગવાન શ્રી અભિનંદનસ્વામીની પ્રતિમાજીના દર્શન અને અવલંબનથી અભ્યાસી એવા સાધક મુમુક્ષુને પ્રભુના કેવળજ્ઞાનાદિ અનંત ગુણો પ્રગટ છે તેનાં દર્શન થાય છે અને તે પ્રભુની અરીસા સમાન પ્રતિમાજી નિહાળતાં, સાધક જીવને પોતાના આત્મામાં એવા જ ગુણો સત્તાગત છે તેના દર્શન થાય છે. આવી પ્રતીતિ, શ્રદ્ધાન થવાથી મુમુક્ષુને પરમ આનંદ થાય છે કે મારો આત્મા પણ પ્રભુ જેવા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંત આનંદ આદિ ગુણોનો સમુદ્ર છે. પ્રભુનાં અવલંબન લઈને હું મારા આત્મકલ્યાણ માટે પ્રભુભક્તિ અને જિનઆજ્ઞામાં મગ્ન થઈ, મનુષ્યભવને સફળ કરવા આત્મ અનુભવનો અભ્યાસ નિરંતર કરું એવો ઉલ્લાસ થાય છે. આવા વીર્યોલ્લાસથી કરાતી સાધના જો પ્રભુભક્તિ અને આજ્ઞામાં લીનતાપૂર્વક થાય તો અવશ્ય પરમાનંદનો વિલાસ અર્થાત્ પરમ મોક્ષપદની પ્રાપ્તિ થાય તેમ દેવોમાં ચંદ્રમા સમાન અભિનંદનસ્વામી સાધકને પ્રતિબોધે છે. તથાસ્તુ ! આ સ્તવન ખાસ મુખપાઠ કરી, તેનો ભાવ સમજીને હૃદયમાં ભક્તિના બીજની વાવણી કરવી રહી. આઠ યોગદૃષ્ટિની સજ્ઝાયનો મુખ્ય સાર પણ આ સ્તવનમાં સંક્ષેપમાં સમાયો છે. તે સમજવા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત આઠ યોગદૃષ્ટિનો અભ્યાસ કરવો ખૂબ જ ઉપયોગી થશે.

• • •

## ૩. ઉપાધ્યાય યશોવિજયજીકૃત
## શ્રી શાંતિનાથ ભગવાનનું સ્તવન

**હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં,**
**વિસર ગઈ દુવિધા તન મન કી,**
**અચિરાસુત ગુણગાન મેં. હમ મગન ભયે...(૧)**

આપણે આ પુસ્તકમાં પ્રીતિ અમૃત અનુષ્ઠાનમાં પ્રભુ પ્રત્યે હૃદયનો પ્રેમ, પ્રીતિ અનુયોગ વિષે વિસ્તારથી વિચારણા કરી અને ત્યારબાદ ભક્તિ અમૃત અનુષ્ઠાનમાં પ્રભુભક્તિનું માહાત્મ્ય સમજાવ્યું. પ્રીતિ અને ભક્તિ જ્યારે પ્રભુ પ્રત્યે એકનિષ્ઠાથી આગળ વધે છે ત્યારે જિનઆજ્ઞા-જિનવચનમાં મગ્નતા થવાથી અમૃત અનુષ્ઠાન કેમ થાય તે વિષે પણ વિચારણા કરી. આ છેલ્લા અસંગ અનુષ્ઠાનમાં પ્રભુના ગુણોમાં મગ્નતા, ધ્યાનરૂપી સ્થિરતા અને તેના ફળરૂપે અંતરમુખતા અથવા અસંગતા કેમ પ્રાપ્ત થાય તેની વિચારણા ઉપરના બે સુંદર સ્તવનોમાં વિચારી.

જે સાધક જીવને પંચમકાળમાં મોક્ષમાર્ગની આરાધના કરવી હોય તેણે વીતરાગ પ્રભુના ગુણાનુરાગવાળી તત્ત્વભક્તિનો માર્ગ સમજીને આરાધવો અત્યંત જરૂરી છે.

શ્રી યશોવિજયજી એક પ્રબુદ્ધ જ્ઞાની અને સમસ્ત શ્રુતસાગરના પારગામી છે. આ સ્તવનમાં પોતાની અનુભૂતિના પ્રમાણથી પ્રભુના ગુણાનુરાગવાળી તત્ત્વભક્તિનો અલૌકિક મહિમા સમજાવે છે જે ભક્તિ કરવાથી સાધક જીવ પણ સમ્યક્દર્શન પામે છે.

પહેલી ગાથામાં કહે છે કે અમે શુદ્ધ સ્વરૂપી એવા શ્રી શાંતિનાથ ભગવાનના ધ્યાનમાં, તેમના અનંતગુણોરૂપી કમળમાં અમારું મન મગ્ન થયું છે અને અચિરાસુત એટલે અચિરામાતાના નંદન શ્રી શાંતિનાથ ભગવાનના અનંત ગુણોનું ભક્તિપૂર્વક જ્ઞાન કરતાં અમારા તન અને મનની બધી જ દુવિધા અર્થાત્ અસ્થિરતા દૂર થઈ છે અને મનની ચંચળતા દૂર થવાથી, મન શાંત થવાથી ચિત્તપ્રસન્નતા અને અદ્ભુત શાંતિનો અનુભવ થયો છે. શ્રી આનંદઘનજી આ વાતને પુષ્ટ કરતાં કહે છે કે, **"મન સાધ્યું તેણે સઘળું સાધ્યું"** -



ઉપાધ્યાયજીના દરેક પદોમાં, સૂત્રોમાં ઘણું જ ઊંડું રહસ્ય અને તત્ત્વજ્ઞાન જોવા મળે છે. જ્યાં સુધી જીવની બાહ્યદૃષ્ટિ છે, જગતના પૌદ્ગલિક પદાર્થોમાં સુખબુદ્ધિ વર્તે છે અને તેને લીધે ઈષ્ટ-અનિષ્ટ યોગના રાગ-દ્વેષના પરિણામો જ વર્તે છે અને તેનાથી ચિત્તની ચંચળતા, અજંપો, દુઃખ, ક્લેશ વગેરેના કડવા અથવા અશાંતિજનક પરિણામો મનનાં વર્તે છે.

પરંતુ જ્યારે સાધક જિનવાણીનું અમૃતપાન કરીને જિનેશ્વર ભગવાનના દર્શનથી માંડીને પ્રભુ ભક્તિમાં લીનતા, મગ્નતા કરે છે ત્યારે જાણે ચમત્કાર થયો હોય તેમ અચાનક મન એકદમ શાંતિ અનુભવે છે. આપણા આત્માનો ઉપયોગ જગતના પદાર્થો અને સંયોગોથી મુક્ત થઈ, પ્રભુભક્તિમાં મગ્ન થાય ત્યારે પ્રભુના ગુણાનુરાગથી અને તત્ત્વભક્તિના પરિણામથી આપણું મન પ્રભુના ચરણોમાં થોડીવાર સ્થિર થાય છે અને તે ધન્ય પળોમાં જો સાધક ઉપયોગને અંતરમુખ કરે તો અપૂર્વ એવી શાંતિનો અનુભવ થાય. આવી પ્રક્રિયામાં આપણા આત્માના ઉપાદાનમાં પ્રભુની સેવાભક્તિથી **"ઉપાદાન કારણતા"** પ્રગટે છે. અર્થાત્ ઉપાદાન Activate થાય છે. જેવા પ્રભુમાં અનંત ગુણો પ્રગટ થયા છે તેનું દર્શન થતાં, સાધકને પોતાના આત્મામાં પોતાનો અંતરવૈભવ નજરાય છે અને તેનાથી ધ્યાનમાં મગ્નતા થાય છે અને તેના ફળરૂપે બધી જ અશાંતિ દૂર થતાં અદ્ભૂત શાંતિ, ચિત્ત પ્રસન્નતાનો અનુભવ થાય છે. આવી શાંતિનો

અનુભવ જેને થાય તેને ધીમે ધીમે સમતારસનો કેવો અનુભવ થાય તેની સમજણ આગળની ગાથામાં પ્રકાશે છે :-

**હરિહર બ્રહ્મ પુરંદર કી રિદ્ધિ આવત નહિ કોઈ માન મેં,**
**ચિદાનંદ કી મોજ મચી હૈ સમતા રસ કે પાન મેં,**
**હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં...(૨)**

આ ગાથામાં આત્માના અનુભવનો જ્ઞાનાનંદ કેવો હોય છે તેનો ચિતાર ઉપમા અલંકાર વડે સમજાવે છે. વીતરાગ ભગવાનના અનંત ગુણોની જે સમૃદ્ધિ છે, તેની આગળ આ વિશ્વની કોઈ પણ સંપત્તિ કે રિદ્ધિ સરખાવી શકાય તેમ જ નથી. જેમ કે **હરિ કહેતાં વિષ્ણુ, હર કહેતાં શંકર** અને **બ્રહ્મ કહેતાં બ્રહ્મા** તથા **પુરંદર કહેતા ઈન્દ્ર**ની સર્વ રિદ્ધિ કે સંપત્તિ જાણે તૃણ સમાન છે. આના ઘણાં કારણ છે. પ્રથમ તો જગતના બીજા દેવોની રિદ્ધિ તેમના પુણ્યાઈ ઉપર આધાર રાખે છે અને પુણ્યાઈ ચાલી જતાં તે સંપત્તિ પણ ચાલી જાય છે. જ્યારે શુદ્ધ સ્વરૂપથી પ્રગટતો એવો સમતારસ કે જે વધતાં વધતાં વીતરાગતામાં પરિણમે છે. સમતારસના પ્યાલા ભરી ભરીને પાન કરતાં અમે પણ આત્માનંદની મોજ માણી રહ્યા છીએ. તેથી જ ઉપાધ્યાયજી આત્માની ખુમારી બતાવતા કહે છે કે, પ્રભુના ધ્યાનમાં અમે એવા તો મગ્ન બન્યા છીએ કે, ‘‘આખું જગત સાવ સોનાનું થાય તો પણ અમને તણખલા સમાન ભાસે છે.’’ અસંગ દશાનો અનુભવ થયો હોય તેવા શ્રી આનંદઘનજી અને દેવચંદ્રજી તથા ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના ઘણા સ્તવનોમાં તેમની આત્માનંદની મસ્તી આપણને જોવા મળે છે. જુઓ નીચેના પદમાં અવધૂત આનંદઘનજીની મસ્તી :-

**આશા ઓરન કી કયા કીજે, જ્ઞાન સુધારસ પીજે, આશા**
**ભટકે દ્વાર દ્વાર લોકન કે, કૂકર આશા ધારી,**



**આતમ અનુભવ રસ કે રસીયા, ઉતરે ન કબહુ ખુમારી.**
**આશા ઓરન કી ક્યા કીજે....**

ઉપરના પદમાં શ્રી આનંદઘનજી કહે છે કે, હે ચેતન ! તને બીજાની આશા કે ઈચ્છા કેમ થાય છે ? તારી પાસે જ તારા આત્માનો અનંતજ્ઞાનનો ખજાનો છે તેના પ્યાલા ભરીભરીને અમૃતરસને માણ. આગળ સમજાવે છે કે કુકર એટલે કે કુતરો જેમ લોકોના ઓટલે રોટલો ખાવા ભટકે છે તેમ તું જગતનાં પુદ્‌ગલપદાર્થોમાં સુખબુદ્ધિની ભ્રમણાથી ચાર ગતિમાં રખડે છે અને ઘાંચીની ઘાણીના બળદની જેમ આશાના પાશમાં ભટકે છે અને દુઃખી જ થાય છે. જો હવે તું ચેતી જાય તો તારા અંતરમાં જ તારો પોતાનો અખૂટ જ્ઞાનના આનંદનો ખજાનો ભર્યો છે તેને તું જાણ, સમજી લે તો તારી અનાદિકાળની ભીખ માગવાની ટેવ છૂટી જશે. તારા સહજ સુખની ખુમારી એવી તને પ્રાપ્ત થશે કે કદી તે ખુમારી ઉતરશે જ નહિ.

આત્માના અનુભવરસની આવી ખુમારી આપણને આ મહાત્માઓના સ્તવનોમાં પદે પદે જોવા મળે છે ! મને આવા આત્માનંદનાં પદોમાં એટલો આનંદ થાય છે કે, ઘણીવાર કલાકો સુધી આવા ખુમારીવાળા પદોનું પારાયણ કરતાં જગત જાણે ભૂલાઈ જાય છે ! પણ આવી દશા પ્રાપ્ત કરવા યથાયોગ્ય જ્ઞાન અભ્યાસ અને ભક્તિપદો મુખપાઠ કરી, તેના અર્થ સહીત પારાયણ કરવાથી તેના ઊંડા સંસ્કાર આત્મામાં પડે છે અને એક નિર્ભયતાનો અનુભવ થાય છે. આવા ૧૦૮ પદો શ્રી આનંદઘનજીએ રચ્યાં છે. જેનો સુંદર વિવેચન શ્રી બુદ્ધિસાગરજી મહારાજ સાહેબે ૧૯૨૯માં કર્યું છે અને મારા સદ્‌ભાગ્યે આ પુસ્તક ૧૯૮૧માં મળ્યું ત્યારથી તેના ઘણા ખરા પદો મુખપાઠ કરી તેનો સ્વાધ્યાય કરાવવાનો સુયોગ મળ્યો છે.

હવે આપણે પ્રસ્તુત સ્તવનની ૩જી ગાથા સમજીએ :

**ઈતને દિન તું નાહિં પિછાન્યો, મેરો જન્મ ગમાયો અજાનમેં,**
**અબ તો અધિકારી હોઈ બેઠે, પ્રભુ ગુણ અક્ષય ખજાન મેં,**
**હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં (૩)**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી સમર્થ આત્મઅનુભવી હતા. જ્ઞાનસાર, અધ્યાત્મસાર, દ્રવ્ય-ગુણ-પર્યાય રાસનો ગ્રન્થ તથા બીજા ઘણા શાસ્ત્રોની રચના કરનાર તાર્કિક શિરોમણી, ન્યાયાચાર્યનું બિરુદ ધરાવનાર સમર્થ તત્ત્વજ્ઞાની હતા. આવા મહાપુરુષો પણ ભગવાન આગળ કેવી આલોચના કરે છે કે, હે પ્રભુ ! અનાદિકાળના પરિભ્રમણમાં અમે તમને ક્યારેય ઓળખ્યા જ નહિ ! આટલા દિવસ સુધી તમારી સમ્યક્ શ્રદ્ધાનપૂર્વકની ઓળખાણ, દર્શન ન થયા, તેથી મારો જન્મ અજ્ઞાનદશામાં જ વ્યતીત થયો. પણ હવે તમારી કૃપાથી તમારા અનંતગુણોની યથાર્થ ઓળખાણ અને દર્શનરૂપી સમ્યક્દર્શનની પ્રાપ્તિ થવાથી પ્રભુના અનંત ગુણોના **અક્ષય** (ક્યારેય પણ ખૂટે જ નહિ) **ખજાના**ને મેળવવા માટે અમને પણ અધિકાર પ્રાપ્ત થયો છે. અર્થાત્ અમને પણ અમારો આત્મવૈભવનો ખજાનો હે પ્રભુ ! તમારા શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરતાં અવશ્ય પ્રાપ્ત થશે એવી ખુમારી આ ગાથામાં વ્યક્ત કરે છે. અમારા અમેરિકાના સ્વાધ્યાયોમાં મેં ઘણીવાર મારી અનન્યભક્તિ શ્રી યશોવિજયજી મ.સા. પ્રત્યે વ્યક્ત કરતાં કહ્યું છે કે, જે સાધકને આત્મકલ્યાણ કરવાની સાચી જિજ્ઞાસા હોય તેણે ઉપાધ્યાય યશોવિજયજીના જેટલા શાસ્ત્રો, જેટલી સજ્ઝાયો અને સ્તવનોનો અભ્યાસ થાય તેટલો ધગશ અને ધીરજથી કરવો જોઈએ તો સંપૂર્ણ મોક્ષમાર્ગનો Roadmap આપોઆપ સમજાશે. તેમાંય ખાસ કરીને જ્ઞાનસાર, અધ્યાત્મસાર, આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય અને સવાસો ગાથાનું સ્તવન અર્થપૂર્વક અવશ્ય, અવશ્ય ભણવાની ખાસ ભલામણ છે. મારા ઉપર ઉપાધ્યાયજીનો ઉત્કૃષ્ટ ઉપકાર છે અને આ પુસ્તક લખતાં તેમના પ્રત્યે જે અહોભાવ મને હૃદયમાં વર્તે છે તે શબ્દોમાં વર્ણવવા મારું ગજુ નથી.



હવે આગળની ગાથામાં ઉપાધ્યાયજી પ્રભુકૃપાથી પોતાની કૃતકૃત્યતાનો આનંદ વ્યક્ત કરે છે :-

**ગઈ દીનતા સબહી હમારી, પ્રભુ ! તુજ સમકિત દાન મેં,**
**પ્રભુ ગુણ અનુભવ કે રસ આગે, આવત નહિ કોઈ માન મેં.**
**હમ મગન ભયે પ્રભુ ધ્યાન મેં (૪)**

આ ગાથામાં સમજાવે છે કે, અનાદિકાળથી મારો આત્મા આત્મઅનુભવ વગરનો હોવાથી બહિરાત્મદશાવાળો થઈ જગતના પુદ્ગલ પદાર્થોની ભીખ માગતો હતો. જેથી દીન અને કંગાળ હતો. ક્યારે પણ મને મારા અંતરવૈભવનો ખ્યાલ સુધા ન હતો. પણ આ મનુષ્યભવ સફળ થયો છે કે, જે મનુષ્યભવમાં મને દેવાધિદેવ અરિહંત ભગવાનની યથાર્થ ઓળખાણ, સમ્યક્દર્શન અને પ્રભુકૃપાની પ્રાપ્તિ થઈ. હે પ્રભુ ! આપે આપેલા સમકિતના દાનથી મારું અનાદિનું યાચકપણું મટી ગયું. હવે પ્રભુના આત્મગુણોને માણવામાં, અનુભવવામાં, ગુણાનુરાગમાં જે રસ આવે છે તેની સરખામણીમાં જગતનો કોઈ રસ કે પદાર્થ આવી શકે તેમ નથી ! માટે અમે તો નિરંતર આત્મઅનુભવનો રસાસ્વાદ માણવામાં જ મગ્ન રહેવા ઈચ્છીએ છીએ. તે માટે તત્પર બન્યા છીએ.

આવી જ અદ્ભુત ચમત્કૃતિ આપણને શ્રી યશોવિજયજીના મલ્લિનાથ ભગવાનના માત્ર ૩ ગાથાના નીચેના દિવ્ય સ્તવનમાં માણવા મળે છે :-

**મલ્લિ જિનેશ્વર મુજને તુમે મિલ્યા, જે માંહી સુખકંદ, વાલેસર૦**
**તે કળીયુગ અમે ગિરૂઓ લેખવો, નવિ બીજા યુગવૃંદ. - ૧**
**આરો સારો રે મુજ પાંચમો, જિહાં તુમે દર્શન દીઠ,**
**મરુભૂમિ પણ થિતિ સુરતરુ તણી, મેરૂ થકી હોઈ ઈઠ. - ૨**
**પંચમ આરે રે તુમ મેલાવડે, રૂડો રાખ્યો રે રંગ,**
**ચોથો આરો રે ફિરિ આવ્યો ગણું, વાચક યશ કહે ચંગ,**
**વાલેસર, મલ્લિજિનેશ્વર મુજને તુમે મિલ્યા.**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.ની આવી દિવ્ય રચનાઓમાં માત્ર ત્રણેક ગાથાઓમાં પોતાની આનંદની અવધિ અને પ્રભુ દર્શનની ધ્યાનતા કેવી વર્તે છે તે આનંદ માણવો રહ્યો. પંચમકાળમાં ચોથા આરા જેવી લબ્ધિ અને આત્માની અનુભૂતિ તેમણે પ્રાપ્ત કરી તેનું સુંદર ચિત્ર જોવા મળે છે. શ્રી આનંદઘનજીની અધ્યાત્મમસ્તી, શ્રી દેવચંદ્રજીની તત્ત્વભક્તિ અને પ્રબળ ગુણાનુરાગની અભિવ્યક્તિ અને શ્રી યશોવિજયજીની દાસત્વભાવથી પ્રેમલક્ષણા ભક્તિના સ્તવનોએ મને એટલો મુગ્ધ અને ભાવવિભોર કરી દીધો છે કે તેનો રસાસ્વાદ જાણે નિરંતર માણી રહ્યો છું એમ ભાસે છે. આ આત્માના આનંદની અનુભૂતિના રસની જે મસ્તી છે તે જગતના અન્ય પદાર્થોની તુલનાએ તૃણ સમાન ભાસે છે. મારી ભાવના છે કે, આ પુસ્તકના માધ્યમ દ્વારા સકળ જૈન સમાજને આ મહાપુરુષોના પદો અને શાસ્ત્રો - સ્તવનોનો વિશેષ પરિચય થાય, ગુણાનુરાગથી જિનેશ્વર ભક્તિમાં મોક્ષની મંગળ યાત્રામાં આપણે સૌ મૈત્રીભાવે, ગાતા ગાતા, સ્તવના કરતાં, કરતાં આનંદમંગળના નાદથી પ્રભુને વધાવીએ, ગુણગ્રામ કરતાં મોક્ષના મંગળ પ્રવાસમાં ઉલ્લસિત ભાવે, સંવેગભાવે, આગળ વધી સમ્યક્દર્શનથી માંડીને ઠેઠ ક્ષપકશ્રેણીના આરોહણથી શાશ્વત સુખના ધામ સિદ્ધપદને પામીએ !!!

**સવિ જીવ કરું શાસનરસી,**
**ઈસી ભાવદયા મનમાં વસી.**



હવે જે આત્માના અનુભવી મહાપુરુષો કેવા ગુપ્ત આચરણાથી વર્તે છે તેનો સાર પાંચમી ગાથામાં નીચે મુજબ પ્રસ્તુત કરે છે.

**જિનહી પાયા તિનહી છિપાયા, ન કહે કાઉંકે કાન મેં,**
**તાલી લાગી જબ અનુભવ કી, તબ જાને કોઈ સાન મેં.**
**હમ મગન ભયે પ્રભુ ધ્યાન મેં (૫)**

જેને આત્મસ્વરૂપની અનુભૂતિ છે તેવા અવધૂત મહાત્મા જેવા કે શ્રી આનંદઘનજી, ચિદાનંદજી અથવા શ્રીમદ્ દેવચંદ્રજી જેવા સમર્થ જ્ઞાનીપુરુષો પોતાના નગારા વગાડતા નથી, કારણ કે કીર્તિકામનાથી પર છે. ગુપ્ત રહીને જગતના જીવોનું કલ્યાણ કરવા આવા ઉત્તમ પદોની રચના કરીને સ્વ-પરકલ્યાણનું કાર્ય કરતા જ રહે છે. કોઈના કાનમાં જઈને પણ પોતા વિષે કાંઈ જ કહેતા નથી. બીજી વાત ઉત્તરાર્ધના પદમાં સમજાવે છે કે, જ્યારે આવા જ્ઞાની પુરુષો પોતાના આત્મસ્વરૂપમાં મગ્ન થઈ જાય છે. સમાધિ દશામાં વર્તે છે ત્યારે જ્ઞાનીને ઓળખવા સાચી યોગ્યતા ''મુમુક્ષુના નેત્રો મહાત્માને ઓળખી લે છે'' (વચનામૃત ૨૫૪ - શ્રીમદ્ રાજચંદ્ર) છેલ્લી ગાથામાં પોતાની આત્મદશા પ્રગટ કરતાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી આત્માની ખુમારી અને નિર્ભયતા પ્રકાશે છે.

**પ્રભુગુણ અનુભવ ચંદ્રહાસ જો, સો તો ન રહે મ્યાન મેં,**
**વાચક યશ કહે મોહ મહા અરિ, જીત લીયો હૈ મેદાન મેં.**
**હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં (૬)**

જેમ બહાદુર એવો કોઈ શૂરવીર ક્ષત્રિય રણ મેદાનમાં જાય ત્યારે પોતાની **ચંદ્રહાસ એટલે ધારવાળી તલવાર** મ્યાનમાંથી કાઢીને શત્રુને મારવા તૈયાર જ રાખે છે, તેમ ઉપાધ્યાયજી કહે છે કે, પ્રભુના ગુણાનુરાગથી અમને પ્રાપ્ત થયેલી આત્મ અનુભવની તલવાર જેના

ગુણો અથવા લક્ષણો શમ, સંવેગ, નિર્વેદ છે તેવી ક્ષમા નામની તલવાર અથવા કવચ પહેરીને મોહરૂપી મહા અરિ એટલે દુશ્મન અર્થાત્ ક્રોધ-માન-માયા-લોભ-કામ આદિ વિષય કષાયના શત્રુઓને અમે આત્મઅનુભવ રૂપી તરવારથી જીતી લીધા છે. એટલું જ નહિ પણ ઉદિતકર્મોનો પણ હવે ડર નથી. કારણ કે, અમે નિરંતર પ્રભુ ધ્યાનમાં, ગુણાનુરાગમાં મગ્ન થયા છીએ એટલે કર્મ શત્રુઓનો પણ ડર નથી.

આપણે છઠ્ઠા પ્રકરણમાં આ મહાત્મા પુરુષોના જીવનચરિત્ર વિષે સંક્ષેપમાં સમજણ આપી હતી. કેટલી નાની ઉંમરે ઉપાધ્યાયજી દીક્ષા લઈને કાશી ભણવા ગયા અને વીસ-બાવીસ વર્ષે તો સર્વ આગમોના પારગામી થયા. પછીના તેમના જીવનમાં ૩૫-૪૦ વર્ષો લગાતાર આવા ઉત્તમ સ્તવનો, પદો, શાસ્ત્ર રચનાઓ અને સજઝાયો રચીને જૈન સમાજ ઉપર સર્વોત્કૃષ્ટ ઉપકાર કર્યો છે ! કેવું એમનું દિવ્ય જીવન, કેવી તેમની પ્રતિભા, કેવો શાસ્ત્રપ્રેમ, કેવી તત્ત્વ-સમર્થતા અને સાથે સાથે કેવી બાળક જેવી સરળતા તેઓશ્રીના સ્તવનોમાં પદે પદે જોવા મળે છે. ઉપાધ્યાય યશોવિજયજીનો મારા ઉપર ઘણો મોટો ઉપકાર છે અને તેમના શાસ્ત્રો અને સ્તવનોના અધ્યયનથી મારા આત્માનું આંશિક અજ્ઞાન દૂર થયું છે અને જે દિવ્ય પ્રકાશ અને આનંદની અનુભૂતિ થઈ છે તે મહત ગુરુકૃપાની પ્રસાદી છે. **અગણિત વંદન હો ઉપાધ્યાય યશોવિજયજીને ! જૈનદર્શનના આ યુગપુરુષને વારંવાર નમસ્કાર હો ! નમસ્કાર હો !!!**

• • •



## ૪. શ્રી દેવચંદ્રજી કૃત શ્રી અજિતવીર્ય જિન સ્તવન
## શ્રી દેવચંદ્રજીકૃત વિહરમાન ચોવીસી-૨૦મું સ્તવન

**નિત્યક્રમ પુસ્તક - પાનું ૨૩૯.**

**અજિતવીર્ય જિનવિચરતા રે મનમોહના રે લાલ,**
**પુષ્કર અર્થ વિદેહ રે, ભવિ બોહના રે લાલ,**
**જંગમ સુરતરુ સારિખો રે, મનમોહના રે લાલ.**
**સેવે ધન્ય ધન્ય તેહ રે, ભવિ બોહના રે લાલ. - (૧)**

જૈનદર્શનમાં આગમશાસ્ત્રો પ્રમાણે મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર ભગવંતો સદા કાળ વિચરે છે અને વર્તમાનમાં શ્રી સીમંધરસ્વામીથી શ્રી અજિતવીર્ય ભગવાન નામે ૨૦ તીર્થંકરો વિદ્યમાનપણે વિચરે છે. શ્રીમદ્ દેવચંદ્રજીએ આ વિરહમાન તીર્થંકર ચોવીસી પણ રચી છે. જેમાંથી આ સ્તવન આપણે અસંગ અનુષ્ઠાનના અંતે સમજવા લીધું છે. ૨૦૧૦ ના પર્યુષણમાં આ સ્તવનનો સ્વાધ્યાય અમેરિકામાં મેં સમજાવેલો અને આ પુસ્તક લખવાની પ્રથમ પ્રેરણા આ સ્તવનમાંથી મળેલી કારણ કે આ સ્તવનની ત્રીજી ગાથામાં ચાર અમૃત અનુષ્ઠાનો - પ્રીતિ, ભક્તિ, વચન - આજ્ઞા અને અસંગ અનુષ્ઠાનની સુંદર સંકલના જોવા મળે છે. બીજી ગાથામાં ધર્મક્રિયાના પાંચ અનુષ્ઠાનોમાંથી - વિષ, ગરલ, અનનુષ્ઠાન, તદ્હેતુ અને અમૃત અનુષ્ઠાનો જે આપણે આગળ ચોથા પ્રકરણમાં વિચાર્યાં હતાં તેનો સુંદર ગાથાસૂત્રમાં સંદર્ભ જોવા મળે છે કે, બધી ધર્મક્રિયાઓ અમૃત અનુષ્ઠાનરૂપે જ કરવી જોઈએ તો જ તે ધર્મક્રિયાઓ મોક્ષમાર્ગમાં ખરેખર ઉપયોગી નીવડે છે. કોઈ ક્રિયાનો નિષેધ નથી, પણ સમજીને કરવી.

આ સ્તવનમાં જિનેશ્વર ભગવાનની ગુણાનુરાગપૂર્વકની હૃદયની ભક્તિ કરવાથી નિયમા મોક્ષપદની સાચી સાધના બને છે તેની અનુપમ શબ્દ પ્રયોગથી સુંદર સમજણ સ્તવના જોવા મળે છે. જેમ

જિનમંદિર ઉપર સોનાનો રત્નજડીત કળશ આપણે પ્રભુને વધાવવા ચડાવીએ છીએ તેવું જ આ રત્નોથી ઝડેલા શબ્દોનો કળશ આ પુસ્તકનું હાર્દ અને જિનભક્તિનો મહિમા અલૌકિક રીતે સમજાવે છે તેથી તેનો ભાવાર્થ ખૂબ જ ધ્યાનથી સમજવા સૌને નમ્ર વિનંતિ છે. આ સ્તવન મુખપાઠ કરીને ચૈત્યવંદનમાં ફરી ફરી સ્તવના કરવાથી જેમ લોઢાને પારસમણીનો સ્પર્શ થતાં સોનું બની જાય છે, તેમ આવી સમજણપૂર્વકની જિનભક્તિથી આપણા આત્માના ઉપાદાનમાં ''ઉપાદાનકારણતા'' પ્રગટે છે અને તે મુમુક્ષુ અવશ્ય સમાપત્તિધ્યાન વડે પૂર્ણ વીતરાગ દશા અને સિદ્ધિપદને પામે છે તેવી મોક્ષમાર્ગની સંપૂર્ણ સાધનાનો Complete Process આ ક્રમ ખૂબ જ સુંદર રીતે અત્રે શ્રી દેવચંદ્રજીએ પ્રગટ કર્યો છે.

ઉપરની પ્રથમ ગાથામાં સમજાવે છે કે, શ્રી અજિતવીર્ય તીર્થંકર ભગવાન, વર્તમાનમાં પુષ્કરાર્ધના મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહ્યા છે. જે મનમોહન અથવા મુમુક્ષુજનના મનને મોહ પમાડનારા છે, આનંદ આપનારા છે. વળી આગમ શાસ્ત્રો પ્રમાણે તીર્થંકર દેવ દરરોજ ૭॥ કલાકની દેશના (અઢી કલાકની ત્રણદેશનાઓ દરરોજ) નિરંતર પ્રકાશે છે તેથી ''ભવિ બોધના'' એટલે ભવ્ય જીવોને તત્ત્વનો બોધના દાતાર છે. વળી શ્રી તીર્થંકર ભગવંતો, ગામથી ગામ ભગવાન મહાવીરની જેમ, વિચરતા હોય છે તેથી શ્રી અજિતવીર્ય જિનેશ્વર દેવ પણ જંગમ તીર્થ એટલે હાલતા ચાલતા સુરતરુ અથવા કલ્પવૃક્ષ સમાન છે. આવા દેવાધિદેવ જિનેશ્વર ભગવાનની જે સેવા ભક્તિ કરે તે ભવ્યજીવોને ખરેખર ધન્ય ધન્ય છે. કારણ કે જિનભક્તિથી તે ભવ્યજીવો અજ્ઞાનને ટાળી સમ્યક્દર્શનથી માંડીને કેવળજ્ઞાનરૂપી સૂર્યને પામશે, એમ જિનઆગમો પ્રમાણ આપે છે.



જિનેશ્વરભગવાનની વાણી કેવી અનુપમ હોય છે તેનો સુંદર ભાવ શ્રી દેવચંદ્રજીના શાંતિનાથ ભગવાનના ૧૬મા સ્તવનમાં જોવા મળે છે :-

**વાણી ગુણ પાંત્રીસ અનોપમ, અવિસંવાદ સરૂપે રે,**
**ભવદુઃખવારણ, શિવસુખકારણ, શુદ્ધો ધર્મ પ્રરૂપે રે.**
**ભવિક જન હરખો રે, નિરખી શાંતિજિણંદ.** (ગાથા ૩)

ભગવાનની વાણી પાંત્રીસ અતિશયોથી શોભતી હોય છે, દેવો, મનુષ્યો, તિર્યંચના જીવો સૌને પોત-પોતાની ભાષામાં સમજાય તેવી અતિશયયુક્ત તથા **અવિસંવાદ** એટલે પૂર્વાપર વિરોધ ન હોય, સર્વથા સત્ય જ હોય તેવી તથા **ભવ દુઃખવારણ** એટલે જન્મ-જરા-મરણાદિ દુઃખોનો નાશ કરનારી અને અવશ્ય મોક્ષનું કારણ બને તેવી શુદ્ધ આત્મતત્ત્વને પ્રકાશનારી આ વાણી હોય છે !

આવા દેવાધિદેવ જિનેશ્વર ભગવાનના અનંત ગુણો - અનંતજ્ઞાન - અનંતદર્શન આદિ ગુણોના બહુમાનપૂર્વકની ભક્તિથી ઉલ્લસિત થતો જીવ શું પામે છે ? તેનું સુંદર વર્ણન બીજી ગાથામાં પ્રસ્તુત સ્તવનમાં પ્રકાશે છે :-

**જિનગુણ અમૃતપાનથી રે, અમૃત ક્રિયા સુપસાય રે,**
**અમૃત ક્રિયા અનુષ્ઠાનથી રે, આતમ અમૃત થાય રે.** (૨)

આ સ્તવનમાં ૨ થી ૯ ગાથા સુધીમાં એટલો સુંદર જિનભક્તિનો મહિમા અને સાધનાનો ગુરુગમ ભરેલો છે કે, આ ભાવાર્થ લખતાં લખતાં મારા આત્માના આનંદનો પાર નથી ! **શ્રી દેવચંદ્રજીએ પંચમકાળમાં જિનભક્તિના જાણે અમૃત વરસાવ્યા છે ! હજારો શાસ્ત્રોનો જાણે નિચોડ દરેક ગાથામાં સમાવી દીધો છે અને બહુ મોટો ઉપકાર જૈન સમાજ પર કર્યો છે !!!** માટે ધ્યાનથી સમજીએ.

આગળના પ્રકરણોમાં ક્રિયા જડતા અને શુષ્કજ્ઞાન વિષે થોડી વિચારણા રજૂ કરેલી. જિનમાર્ગમાં ज्ञानक्रियाभ्याम् मोक्षः અર્થાત્ ભગવાને જ્ઞાન અને ક્રિયા બન્નેનો સમ્યક્ સમન્વય કરવાથી મોક્ષની સાધના સફળ થાય છે તેમ પ્રકાશ્યું છે. પ્રસ્તુત ગાથામાં આ જ વાતને ખૂબ જ સરળ રીતે સમજાવે છે કે, સદ્‌ગુરુના બોધથી જે ભવ્ય જીવ જિનેશ્વર ભગવાનનો અંતરવૈભવ - અર્થાત્ ભગવાનના નિરાવરણ થયેલા અનંતગુણોને જાણી, સમજી, તેના શ્રવણ અને દર્શનથી જે અમૃતરસનું પાન અર્થાત્ તત્ત્વ શ્રવણ કરીને જે જે ધર્મનાં અનુષ્ઠાનો અથવા ધર્મક્રિયાઓ કરે છે તે ક્રિયાઓ અમૃતઅનુષ્ઠાનના લક્ષણોવાળી હોવાથી, તે સાધકનો આત્મા પણ તેવા અનુષ્ઠાનની સાધનાથી તેનો આત્મા પણ અમૃત થાય છે, અર્થાત્ દેહ અને આત્માનો ભેદજ્ઞાન કરતાં જેમ શિવભૂતિ મુનિ કેવળજ્ઞાન પામ્યા તેમ આપણો આત્મા સમ્યક્દર્શન પામી પ્રાંતે શાશ્વત સુખને પામે છે. સમજણપૂર્વકની ઉલ્લસિત ભાવે થતી જિનસેવા, જિનભક્તિ અને શ્રાવકની બધી જ આવશ્યક ક્રિયાઓ ભાવપૂર્વક કરવાથી જ આત્માને પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. માત્ર જડક્રિયા અથવા ભાવશૂન્ય ક્રિયાથી પુણ્યાઈ મળે, પણ મોક્ષનું કારણ ન થાય. આ વાતનું સમર્થન ઉપાધ્યાય શ્રી યશોવિજયજી આઠમી યોગદૃષ્ટિની સજ્ઝાયમાં પ્રકાશે છે - જુઓ :-

**શુદ્ધભાવ ને સૂની ક્રિયા, બેહુમાં અંતર કેતો જી,**
**ઝળહળતો સૂરજ ને ખજુઓ, તાસ તેજમાં જીતોજી.**

અર્થાત્, ક્રિયાશૂન્ય એવો ભાવ અને ભાવશૂન્ય એવી ક્રિયામાં સૂર્યના તેજ સામે ખજુઆના અલ્પ તેજની સરખામણી કરી ઉપદેશ આપે છે કે સૂર્યના તેજ જેવા તત્ત્વરસિક ભવ્ય જીવો જ અમૃત અનુષ્ઠાનના અધિકારી બને છે. પાંચમા પ્રકરણમાં આપણે સમજાવ્યું



તેમ વિષ, ગરલ અને અનઅનુષ્ઠાન ત્યાગવા યોગ્ય છે અને તદ્‌હેતુ અને અમૃતઅનુષ્ઠાન સેવવાનો અભ્યાસ અને લક્ષ રાખવો જરૂરી છે. આવી રીતે મોક્ષમાર્ગની સાધનામાં જ્ઞાનાભ્યાસથી સમજણ મેળવીને તત્ત્વદૃષ્ટિ પ્રાપ્ત કરવા બધી જ ધર્મક્રિયાઓ ભાવથી કરવાની શીખામણ જ્ઞાનીપુરુષો આપે છે જેથી આત્મલક્ષ અને આત્મઅનુસંધાન થાય અને પરિણામે જીવને સમ્યક્દર્શનરૂપી રત્નની પ્રાપ્તિ થાય. હવે ત્રીજી ગાથામાં આ અનુષ્ઠાનો કેવા ઉત્તમ ફળને આપે છે તે સમજાવે છે : પ્રસ્તુત પુસ્તકનું શીર્ષક આ ગાથાની પ્રેરણાથી લીધેલ છે.

**પ્રીતિ ભક્તિ અનુષ્ઠાનથી રે, વચન અસંગી સેવ રે,**
**કર્તા તન્મયતા લહે રે, પ્રભુ ભક્તિ નિત્યમેવ રે.** (૩)

આ ત્રીજી ગાથા આ પુસ્તકનો પ્રાણ છે. અર્થાત્ આ ગાથાની પ્રેરણાથી પુસ્તકનું Title અથવા શીર્ષક **''આત્મસાધનાના અમૃત અનુષ્ઠાન''** મૂકવાનું યોગ્ય લાગ્યું અને આ પુસ્તક જાણે આ સ્તવનનો વિસ્તારથી સમજાવવાનો સુયોગ બની ગયો આ શ્રી દેવચંદ્રજીની મારા ઉપર અત્યંત કૃપાદૃષ્ટિનું ફળ છે. છેલ્લા દસેક વર્ષમાં શ્રી દેવચંદ્રજીના સ્તવનોનો ભાવાર્થ ભણવાનો અને બીજાને સમજાવવાનો મને ઘણો જ ઉલ્લાસ થયો છે અને ખરેખર જિનભક્તિ, તત્ત્વભક્તિ કેવી રીતે કરવી તેનો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ આ સ્તવનો વડે ખૂબ જ સ્પષ્ટ સમજાયો છે અને આત્મરુચિમાં દિન પ્રતિદિન ભરતીના મોજા આવવા માંડ્યા. **દ્રવ્યાનુયોગ અને ભક્તિયોગનો અનુપમ સંગમ આ સ્તવનોમાં જોવા મળે છે.**

ઉપરની ગાથામાં ખૂબ જ અગત્યનો બોધ સમજાવે છે કે, જે સાધક જિનેશ્વર ભગવાન પ્રત્યે સાચા ગુણાનુરાગવાળી ઉલ્લસિત ભાવભક્તિ, પ્રીતિ, પ્રેમ, હૃદયમાં જાગૃતીપૂર્વક કરે છે તેને જિનવચન અને જિનઆજ્ઞાનું અમૃત અનુષ્ઠાન સહજપણે એટલે નિત્યક્રમ કરવા

માટે કરવું તેમ નહિ પણ એક Passion અથવા અંતરના પ્રેમઉલ્લાસથી કરવાનું ગમવા માંડે અને તેવી લગની તેના રોમેરોમમાં પ્રભુભક્તિ રૂપે પરિણમે. ખાતાં, પીતાં, હસતાં, રમતાં, જમતાં મન જ્યારે પ્રભુભક્તિ અને જિનવચનમાં રમણતા કરે ત્યારે તેના ફળ રૂપે અસંગતાનો અનુભવ થાય અને આત્મામાં તન્મયતા, મગ્નતા, રમણતાના અભ્યાસથી સંસાર ધીમે ધીમે વીસરાઈ જાય અને પ્રભુભક્તિમાં જ તેનો તન-મન-ચિત્તવૃત્તિ બધા જ યોગો લીન થતા જાય. આવી પ્રબળ શક્તિ આ અમૃત અનુષ્ઠાનોની છે તેમ સમજવું. હવે આગળની ગાથામાં આ અમૃત અનુષ્ઠાનો સાધકને **સમાપત્તિ ધ્યાનના** અધિકારી બનાવે તેવો મહાન સિદ્ધાંત સમજાવે છે.

**પરમેશ્વર અવલંબને રે, ધ્યાતા ધ્યેય અભેદ રે,**
**ધ્યેય સમાપત્તિ હુવે રે, સાધ્યઉ સિદ્ધિ અવિચ્છેદ રે. (૪)**

દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્માના શુદ્ધ સ્વરૂપના અવલંબનથી, તેમના અનંતગુણો પ્રત્યે દઢ ગુણાનુરાગવાળી ભક્તિ અને આજ્ઞાપાલનથી ધ્યાતા એટલે પ્રભુનું ધ્યાન કરનાર એવો સાધક મુમુક્ષુ, ધ્યેય એવા પ્રભુના શુદ્ધ આત્મ સ્વરૂપ સાથે પ્રથમ અભેદ કરે છે, તન્મય થાય છે, મગ્ન થાય છે. આ પ્રક્રિયામાં તત્ત્વજિજ્ઞાસુ જીવ સદ્ગુરુના તત્ત્વબોધના શ્રવણથી અને સમ્યક્શ્રદ્ધાનના બળથી પોતાના આત્મદ્રવ્યમાં સત્તાગત રહેલા સર્વગુણોને દિવ્યદૃષ્ટિ વડે જોતો તેની સમાપત્તિ અથવા સ્પર્શનારૂપ ધ્યાન કરે છે અને આ Process અથવા ધ્યાનની પ્રક્રિયા નિરંતર વધારે બળવાળી બનતાં સાધ્ય એવી આત્મસિદ્ધિની અવિચ્છેદ એટલે ક્યારેય નાશ ન પામે એવી અપ્રતિપાતી સિદ્ધ દશાને પામે છે. આ એક બહુજ ઉત્તમ લબ્ધિગાથા છે અને તેને સમજવા આપણે **આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીના યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રન્થની ૬૩ અને ૬૪ ગાથાનો વિચાર કરી ઊંડી સમજણ પ્રાપ્ત કરીએ :-**



તત્ત્વશ્રવણના ફળની કલ્યાણ કરનારી આ ગાથા છે-

**अतस्तु नियमादेव, कल्याणमखिलं नृणाम् ।**
**गुरुभक्ति सुखोपेतं लोकद्वयहितावहम् ॥ ६३ ॥**
(યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રન્થ-ગાથા-૬૩)

**અર્થ : સદ્ગુરુના તત્ત્વશ્રવણના બોધથી ભવ્ય જીવોનું નિયમથી કલ્યાણ અવશ્યમેવ થાય છે.** ઉત્તમોત્તમ જ્ઞાની તથા ગીતાર્થ ગુરુના મુખે તત્ત્વશ્રવણ કરતાં કરતાં જીવને થયેલો સંસારનો રાગ તથા સંસાર સુખની આસક્તિ મંદ થાય છે અને વૈરાગ્ય વધે છે. દયા, દાન, તપ, ભક્તિ, આદિ અમૃત અનુષ્ઠાનોથી સાત્વિક ધર્મસંસ્કારો દ્રઢ થાય છે. વારંવાર તત્ત્વ શ્રવણ, **ચિંતન-મનનથી પરિણામની શુદ્ધિ થાય છે. માટે આવી શ્રેષ્ઠ ગુરુભક્તિ અને જિનભક્તિથી જ ધર્મના સંસ્કારો દઢ બને છે, જે આ ભવમાં પાકા બનવા સાથે અન્ય ભવમાં લઘુવયથી જ ઉગી નિકળે છે. આનો જ્વલંત ઉદાહરણ તો શ્રી દેવચંદ્રજી અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી પોતે જ છે કે,** જેમણે આઠ-દસ વર્ષની વયે દીક્ષા લીધી ને વીસ-બાવીસ વર્ષે તો સર્વ શાસ્ત્રોના પારગામી બન્યા. આટલી નાની ઉંમરે અમૂલ્ય ગ્રન્થોની રચના કરી. પોતે તર્યા અને આપણને તેમના ગ્રન્થો અને સ્તવનોથી તારનારા મહર્ષિ બન્યા ! પૂર્વભવના સંસ્કાર કેવા મહાન હશે ?

હવે સમાપત્તિ ધ્યાન વિષે યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રન્થ ૬૪મી ગાથા સમજવા જેવી છે :-

**गुरुभक्ति प्रभावेन तीर्थकृद्दर्शनं मतम् ।**
**समापत्यादिभेदेन निर्वाणैकनिबन्धनम् ॥ ६४ ॥**

**ભાવાર્થ :** શ્રી સદ્ગુરુદેવ અને પરમ ગુરુદેવ **જિનેશ્વર ભગવાનની ભાવભરેલી તત્ત્વભક્તિના પ્રભાવથી સાધક જીવને સમાપત્તિ આદિ ભેદ**

**દ્વારા તીર્થંકર પરમાત્માનું દર્શન થાય છે. એ દર્શન મુક્તિ (મોક્ષ)નું અવશ્ય એટલે અવન્ધ્ય કારણ બને છે.**

**સમાપત્તિ ધ્યાન** એટલે ''ધ્યાનથી એકાકારપણે તીર્થંકર પરમાત્માના અનંત ગુણોની ભાવથી, દિવ્યચક્ષુ વડે સ્પર્શના થવી તે.''

જે મુમુક્ષુ જીવ સદ્ગુરુ બોધના નિત્યશ્રવણથી સંસારના પૌદ્ગલિક સુખોની ઈચ્છારૂપ ખારાપાણીનો ત્યાગ કરી, સત્શાસ્ત્રના બોધ અને ગુરુગમનો ઉપકાર જે સદ્ગુરુએ કર્યો છે તેમના પ્રત્યે ભાવભક્તિથી સેવા, ઉપાસના કરે છે તેને જ્ઞાનાવરણાદિ સર્વ ઘાતિકર્મોનો ક્ષયોપક્ષમ થવાથી તેના ફળરૂપે સમ્યક્દર્શન અને તીર્થંકર પરમાત્માનું ભાવદર્શન થાય છે એમ યોગીપુરુષો કહે છે. મુમુક્ષુના ચિત્તમાં જેમ જેમ તીર્થંકરદેવના તત્ત્વશ્રવણના બોધથી અત્યંત ગુણાનુરાગ, બહુમાન, અને તત્ત્વભક્તિ પરિણમે છે તેમ તેમ સાધકમાં ત્રણ વસ્તુઓ બને છે : (૧) ચિત્તની **નિર્મળતા** થાય છે, (૨) તત્ત્વમાં અને ધ્યાનમાં મનની **સ્થિરતા** વર્તે છે, અને (૩) તત્ત્વમાં અથવા પ્રભુના ગુણોમાં **તન્મયતા** થાય છે. આવા સાધકનું ચિત્ત (મનની વૃત્તિ) જગતના પદાર્થોમાંથી મુક્ત થઈ, અંતરમુખ થઈ, પરમાત્માના ધ્યાનમાં જ એકાકાર થઈ જાય છે. જેમ જેમ પરમાત્માના ગુણોનો રંગ સાધકના અંતરમાં જામે છે તેમ તેમ પ્રભુના ગુણોનું અંજન એટલે પ્રતિબિંબ સાધકના નેત્રમાં પડે છે અને સાક્ષાત્ પરમાત્માના દર્શન થાય છે. ઉત્કૃષ્ટ ભાવાવેશથી મહાવીરસ્વામીના ''ધર્મલાભ''ના શુભ સંદેશ સાંભળીને જેમ સુલસા શ્રાવિકાજીને તીર્થંકરનામકર્મ બંધાઈ ગયું તે આ સમાપત્તિધ્યાનનું જ્વલંત ઉદાહરણ છે આ વાત ઈયળના દૃષ્ટાંતથી શ્રી આનંદઘનજી તેમના બનાવેલા પદમાં સુંદર રીતે પ્રકાશે છે.

**જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે,**
**ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે.**
**(ષટ્દર્શન જિન અંગ ભણીજે - આનંદઘનજી-૨૧)**



જે સાધક પરમાત્માના ધ્યાનમાં આવી રીતે લીનતા કરે છે તેને ૨ થી ૩ ભવમાં અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે. દિવ્ય ચક્ષુ દ્વારા તીર્થંકર પરમાત્માનું આ ભાવદર્શન (સમાપત્તિધ્યાન) મોક્ષનું અવંધ્યકારણ છે એમ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ગ્રન્થમાં ગાથા ૨-૧૦માં જણાવે છે અને તેનો ભાવ નીચેના સ્તવનમાં ઉપાધ્યાયજી સુંદર રીતે પ્રકાશે છે.

**તારું ધ્યાન તે સમકિતરૂપ, તેહી જ જ્ઞાનને ચારિત્ર તે જ છે,**
**તેહથી જાયે રે સઘળા પાપ, ધ્યાતા રે ધ્યેયસ્વરૂપ હોયે પછી જી.**
**(ઉપાધ્યાય યશોવિજયજી કૃત શ્રી શાંતિનાથ ભગવાનનું સ્તવન)**

આવી રીતે આપણે પ્રસ્તુત સ્તવન શ્રી દેવચંદ્રજીની ચોથી ગાથાનું વિસ્તારથી વિવેચન કર્યું કારણ કે આ બહુ જ મહત્ત્વનો જૈન સિદ્ધાંત છે કે **જિનભક્તિ એ પ્રબળ મોક્ષનું કારણ છે.** આ પુસ્તકનો મુખ્ય હાર્દ, (Main Message) અને અમૃત અનુષ્ઠાન એ સાધનાનો રાજમાર્ગ છે જેના ઉપર સરળતાથી મોક્ષમાર્ગની મંગળયાત્રા ઠેઠ સિદ્ધપદ સુધી પહોંચાડે છે. જેનાથી આત્માની શાશ્વતતા, સર્વ ગુણોની ક્ષાયિકભાવે પરિણમનતા થવાથી પરમાત્માનું ધ્યાન ધ્યાવતાં સાધક જીવ પોતે જ પરમાત્મસ્વરૂપ પામે છે. આવી અલૌકિક સિદ્ધિ માત્ર મનુષ્યભવમાં જ થઈ શકે છે. આ મહાપુરુષોના સ્તવનોને પ્રાણપ્રિય ગણીને મુખપાઠ કરવા અને નિયમિત ભક્તિ - સ્વાધ્યાયથી સૌ વાચકોને પ્રભુકૃપાથી મોક્ષમાર્ગની સાધના કરવાની નમ્ર વિનંતી છે. આવો દુર્લભ અવસર ફરીથી નહિ મળે માટે ''જાગ્યા ત્યારથી સવાર'' તેમ સમજીને આ આત્મદ્રવ્યના અમૂલ્ય ખજાનો પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરવા જેવો છે.

**''અવસર બેર બેર નહિ આવે'' - શ્રી આનંદઘનજી.**

**જિનગુણરાગપરાગથી રે, વાસિત મુજ પરિણામ રે,**
**તજશે દુષ્ટ વિભાવતા રે, સરશે આતમ કામ રે. (૫)**

પ્રસ્તુત સ્તવનમાં શ્રી દેવચંદ્રજી હવે પાંચમી ગાથામાં એક મહાન ગુરુગમનો મર્મ સાધનાનો સમજાવે છે. ઉત્તરાર્ધમાં જે **''દુષ્ટ વિભાવતા''** શબ્દ પ્રયોગ છે તેને સમજવાની પ્રથમ આવશ્યકતા છે. આ વાતને સમજવા માટે શ્રી દેવચંદ્રજીનું વિહરમાન જિન શ્રી સીમંધર સ્વામીની સ્તવનાની નીચેની ગાથા વિચારીએ :

**જે વિભાવ તે પણ નૈમિત્તિક, સંતતીભાવ અનાદિ,**
**પર નિમિત્ત તે વિષય સંગાદિક, તે સંયોગે સાદિ રે.**
**વિનવીયે મનરંગે.**

અગાઉ ઘણીવાર જણાવ્યું છે કે, **શ્રી દેવચંદ્રજીના સ્તવનોમાં સમસ્ત દ્રવ્યાનુયોગનો નિચોડ છે અને તેનો ભક્તિયોગથી એવો સુંદર સમન્વય કર્યો છે કે જાણે આપણે સ્તવનો ગાતા હોઈએ એમ લાગે પણ તેનો મર્મ ઘણો જ ઊંડો છે. જે સાધકને સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ કરવી હોય, તેને માટે આ સ્તવનોના ભાવ અને ઊંડાણથી સમજણ પ્રાપ્ત કરવી અત્યંત જરૂરી છે.** દ્રવ્યાનુયોગ એટલે જે શાસ્ત્રોમાં આત્માના છ પદનો વિસ્તારથી સમજણ આપી હોય, છ દ્રવ્યો અને નવ તત્ત્વોનો ઊંડો પ્રકાશ સમજાવ્યો હોય, તેવા શાસ્ત્રો મુમુક્ષુજીવે સદ્‌ગુરુચરણે બેસીને ખાસ ભણવા જરૂરી છે તો જ આ સ્તવનોનો મર્મ સમજાશે અને તો જ મોક્ષમાર્ગની સમ્યક્‌શ્રદ્ધા અને જ્ઞાન થશે.

દ્રવ્યાનુયોગના ઉપલબ્ધ શાસ્ત્રો જેવા કે અધ્યાત્મસાર, જ્ઞાનસાર, તત્ત્વાર્થસૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, સમયસાર, સમાધિતંત્ર, સમકિતના સડસઠ બોલની સજ્ઝાય અને યોગદૃષ્ટિ સમુચ્ચય આદિ ગ્રન્થો ભણવાથી જ આત્માનું સ્વરૂપ અથવા આત્માના અનંત ધર્માત્મક - ગુણધર્મો



સમજાશે, જે આ સ્તવનોમાં ખૂબ જ ઊંડાણથી ગૂંથાયેલા છે.

હવે આપણે ઉપરની ગાથામાં ''વિભાવ'' શબ્દનો અર્થ સમજીએ. **આગમ શાસ્ત્રો આત્માનો 'સ્વભાવ' અને 'વિભાવ' એ બે ભાગમાં આત્માનો ભેદજ્ઞાન સમજાવે છે.** પ્રથમ **'સ્વભાવ'** સમજીએ. જે દ્રવ્યનું મૂળભૂત સ્વભાવ હોય, જે ત્રણે કાળે હાજર હોય, જેનો કદી નાશ ન થાય તે 'સ્વભાવ'. જેમ કે સોનુ તે ૨૪ Caret નું શુદ્ધ સોનું કહેવાય છે. પણ જ્યારે ખાણમાંથી નીકળે ત્યારે ૧૦૦ ટકા શુદ્ધ નથી હોતું, કારણ કે તેમાં માટી તથા બીજા અશુદ્ધિ કરનારાં દ્રવ્યો ભેળસેળ રૂપે હોય છે. હવે જે બીજા ભેળસેળના લીધે થતા અશુદ્ધિ પદાર્થો છે તે સોનાનો **'સ્વભાવ'** નથી પણ **'વિભાવ'** છે. જ્યારે સોનાને ભઠ્ઠીમાં તપાવીને બીજા અશુદ્ધ (Elements)ને બાળી નાંખવામાં આવે છે ત્યારે ૧૦૦ ટચ સોનું પ્રાપ્ત થાય છે. અગત્યની વાત એ છે કે સોની જ્યારે ''અશુદ્ધ સોના''ને ભઠ્ઠીમાં તપાવે છે ત્યારે પણ તેની દૃષ્ટિમાં તો માત્ર શુદ્ધ સોનું જ દેખાય છે અને તેની જ તેને કિંમત છે. આ દ્રવ્યદૃષ્ટિ કહેવાય છે.

**તેવી જ રીતે જિનેશ્વર ભગવાનનો તત્ત્વસિદ્ધાંત સમજાવે છે કે સ્વભાવથી ત્રણે કાળે આત્મા શુદ્ધ જ છે. પણ જીવના અજ્ઞાનને લીધે જે રાગાદિભાવો આવે છે, જાય છે અને પરિણમે છે તે બધા 'વિભાવ' ભાવ છે. આત્માના ઘરના નથી, અર્થાત્ તે વિભાવો એક મલિનતા છે.** આચાર્ય શ્રી અમૃતચંદ્રે સમયસાર નામના ગ્રન્થમાં આના ઉપર ખૂબ જ વિસ્તારથી સમજાવેલ છે. તેમજ તેમના કળશો ખાસ સમજવા જેવા છે.

જેમ સોનામાં ક્ષારની મલિનતા હતી પણ સોની તેને અગ્નિમાં તપાવીને મલિનતા જુદી કરે છે ને શુદ્ધ સોનું લઈ લે છે, મલિન ક્ષારો ફેંકી દે છે. તેવી જ રીતે અજ્ઞાન (મિથ્યાત્વ)ને લીધે જીવને અનાદિકાળથી પરદ્રવ્યમાં આસક્તિ અને સુખબુદ્ધિ હોવાથી વિષય કષાયના

પરિણામરૂપી વિભાવભાવો 'માથે પડેલા મહેમાન' ની જેમ આત્માના પર્યાયમાં આવીને વસી ગયા છે. પણ તે આત્માના ઘરના, પોતાના સ્વભાવના નથી, તે વિભાવો આવે છે ને જાય છે. જ્યારે સ્વભાવ અથવા જ્ઞાન-દર્શન-ચારિત્રના ગુણો આત્માનો સ્વભાવ છે. ''આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય'' (આત્મસિદ્ધિશાસ્ત્ર ગાથા ૬૮)

હવે જ્યારે જીવની કાળલબ્ધિ પાકે અને તે સાધક જાગૃત થઈને સદ્‌ગુરુ પાસેથી જૈનતત્ત્વજ્ઞાન સમજે અને ભગવાનના ગુણો જે બધા પ્રગટ છે તેવા જ અનંતગુણો પોતાના આત્મામાં સત્તામાં છે તેમ સમજાય, ત્યારે વિષય-કષાયના મલિન ભાવો જે વિભાવ છે તેને ત્યાગવા કટિબદ્ધ થાય અને પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને પામવા સત્સંગ, જિનભક્તિ, છ આવશ્યક, તપ, જપ, પૂજા સેવા, વગેરે ધર્મક્રિયામાં એકનિષ્ઠાથી જોડાય ત્યારે જિનેશ્વર ભગવાનના ગુણાનુરાગથી ચિત્તવૃત્તિ બહાર ભટકતી ધીમે ધીમે અટકે છે અને ''દુષ્ટ વિભાવતા'' ઘટવા માંડે અને અંતરમુખતાની સાધનાથી કોઈ ધન્ય પળે શુદ્ધ આત્માની અનુભૂતિ કરે ત્યારે ભેદવિજ્ઞાનથી **દેહ અને આત્મા જુદા ભાસે એટલું જ નહિ પણ જ્ઞાન (સ્વભાવ) અને રાગ (વિભાવ) પણ બન્ને જુદા તત્ત્વો તેને સમજાય, ભાસે, જ્ઞાન તો ચેતના છે અને રાગ તો જડ છે** એવી રાગ અને જ્ઞાન વચ્ચે પ્રદેશભેદ છે તેમ સમયસાર ગ્રન્થમાં દીવા જેવું સ્પષ્ટ સમજાવેલ છે. જ્ઞાન તે સ્વભાવમાં છે અને રાગ તે વિભાવ છે. જ્ઞાન તે સમુદ્રની જેમ સ્થિર-નિત્ય છે. રાગાદિ ભાવો મોજાની જેમ ઉત્પાદ-વ્યય કરતા જણાય છે. ઊંડી સમજણ તેને પ્રાપ્ત થાય. આ ભેદજ્ઞાનના રસાયણથી નિરંતર સ્વ-પરનો વિવેક કરતાં આત્મદ્રવ્યની શુદ્ધતાનું કાર્ય શરૂ થાય. ''પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન જિનેશ્વર''. **આ અસંગ અનુષ્ઠાનનો મુખ્ય ધ્યેય એ જ છે કે સ્વભાવ અને વિભાવ જેમ છે તેમ સમજવા.**



**અર્થાત્ ''હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ સ્ત્રી પુત્રાદિ (રાગ, દ્વેષ, કષાય ભાવો) મારા નથી. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય છે''**

**(શ્રી વચનામૃત - પત્રાંક ૬૯૨)**

અસંગભાવના - આત્મભાવનાનો આવો મહામંત્ર ઉપાધ્યાયજી અમૃતવેલની સજ્ઝાયમાં પ્રકાશે છે તેનું ચિત્ર દર્શન આ પછીના પાનામાં જુઓ.

**દેહ મન વચન પુદ્‌ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે,**
**અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે,**
**ચેતન જ્ઞાન અજવાળીયે ટાળીએ મોહ સંતાપ રે,**
**ચિત્તડું ડમડોલતું વાળીયે, પામીએ સહજ ગુણ આપરે.**
**(ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત અમૃતવેલની સજ્ઝાય)**

હવે પ્રસ્તુત સ્તવનની ૬ઠ્ઠી ગાથામાં શ્રી દેવચંદ્રજી જિનભક્તિનું ચમત્કાર ભર્યું. રસાયણ અર્થાત્ વિજ્ઞાનને સમજાવે છે :

દરેક પદમાં તત્ત્વજ્ઞાન અને ભક્તિયોગનો જાણે કેવો સુંદર સમન્વય કર્યો છે !!! શેરડીના રસ જેવો મીઠો લાગે તેવો છે.

**દેહ મન વચન પૂદ્‌ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે,**
**અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે. ચેતન૦**
**(ઉ. યશોવિજયજી - અમૃતવેલની સજ્ઝાય)**

**જિનભક્તિરત ચિત્તને, વેધક રસગુણ પ્રેમ રે,**
**સેવક જિનપદ પામશે, રસવેધિત અય જેમ રે. ૬**

શ્રી જિનેશ્વર ભગવાનની ગુણાનુરાગની પ્રશસ્ત ભક્તિમાં જે સાધકનું ચિત્ત (મન) રત એટલે લીન અથવા મગ્ન છે, તેનો પ્રભુ

## આત્માના સ્વભાવ અને વિભાવનું ચિત્ર દર્શન - ભેદવિજ્ઞાન માટે ઉપયોગી MODEL

**વિભાવ**

**જે વિભાવ તે પણ નૈમિત્તિક, સંતતિ ભાવ અનાદિ, પરનિમિત્ત તે વિષય સંગાદિ, તે સંયોગે સાદિ.**
**જુઓ દેવચંદ્રજી કૃત સીમંધરસ્વામીનું સ્તવન**

**અજ્ઞાન અને મોહના સામ્રાજ્યથી થતા વિષય-કષાયના મલિન પરિણામ તે વિભાવ**

**તું છો મોક્ષસ્વરૂપ**
**અનંત-દર્શન-જ્ઞાન**
**તું અવ્યાબાધ સ્વરૂપ**

**આત્માનો સ્વભાવ**

**આત્માનું ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ**
**પરમ પારિણામિક ભાવ**
**ત્રણે કાળે શુદ્ધ ચેતના છે.**

**મોહનીયકર્મની ૨૮ પ્રકૃત્ઓથી નિરંતર થતા રાગ-દ્વેષ તે વિભાવ**

**નિરંતર રાગ-દ્વેષના પરિણામની મલિનતા તે વિભાવ**



પ્રત્યેનો પ્રેમગુણ વેધક રસ જેવો Powerful and effective હોય છે. જેવી રીતે વેધક રસ (એક રસાયણ) થી વેધિત ‘‘અય’’ એટલે લોઢું સોનુ બની જાય છે, તેમ પ્રભુભક્તિમાં મગ્ન એવો સેવક પણ ક્રમે કરીને જિનપદને પામે જ છે. અગાઉ આપણે જોઈ ગયા છીએ કે ભગવાન મહાવીરના કેટલાય શિષ્યરત્નો જેવા કે પ્રાતઃસ્મરણીય શ્રી ગૌતમસ્વામી, સુલસા શ્રાવિકા, રેવતી શ્રાવિકા, આનંદ શ્રાવક, શ્રેણિક રાજા આદિ પ્રભુભક્તિમાં એટલા બધા મગ્ન હતા, ડૂબેલા હતા કે તે ભક્તિના ફળરૂપે સુલસા શ્રાવિકાને તો તીર્થંકરનામકર્મની પ્રાપ્તિ થઈ અને બધા જ મોક્ષગામી બન્યા ! આ સ્તવનોમાં જિનભક્તિનો માહાત્મ્ય અને ગુણાનુરાગવાળી પ્રભુભક્તિ કેમ કરવી અને તેનું કેવું અદ્ભૂત ફળ મળે છે તેની સુંદર સમજણ આપી છે અને રોમેરોમ આ ભક્તિમાં જે સાધક તત્ત્વજિજ્ઞાસાપૂર્વક લીન થાય છે તેનો મોક્ષનો ભવ્ય દરવાજો તો ખૂલી ગયો જ સમજવો. આના માટે યથાશક્તિ જ્ઞાનાભ્યાસ અને તત્વભક્તિની સમજણ અને નિયમિત સાધના કરવાની આવસ્યકતા છે. પ્રીતિ-ભક્તિ અમૃત-અનુષ્ઠાન જે આ પુસ્તકમાં આપણે સમજાવ્યા છે તે કેટલા ઉત્તમ ફળદાયી છે તે આ ગાથામાં જોયું.

હવે આગળની ગાથામાં જિનેશ્વર ભગવાનનો અદ્ભૂત મહિમા સમજાવે છે :-

**નાથ ભક્તિરસભાવથી, તૃણ જાણું પરદેવ રે,**
**ચિંતામણી સુરતરુ થકી, અધિકી અરિહંત સેવ રે. ॥ ૭ ॥**

મને જિનેશ્વરભગવાનની સાચી ઓળખાણ, તેમનો અંતર વૈભવ વીતરાગતા સાથે સર્વજ્ઞતા, અનંતગુણોની સમ્યક્શ્રદ્ધાન અને સમ્યક્જ્ઞાન શ્રી દેવચંદ્રજી અને શ્રી આનંદઘનજીના સ્તવનોમાંથી મળી છે જેથી

તેમનો હું અત્યંત ઋણી છું. માત્ર શાસ્ત્રજ્ઞાનથી મોક્ષની સાધના થવી મારા જેવા બાળજીવો માટે અત્યંત મુશ્કેલ છે. પરંતુ જ્ઞાનાભ્યાસ સાથે જો **જિનભક્તિમાં સાચી રુચિ, ઝુરણા અને લગની લાગે તો ભક્તિરસનો રસાસ્વાદ અંતઃકરણના સમસ્ત મલિન ભાવો, વિષય કષાયના દુષ્ટ પરિણામોને બાળી નાખવા સંજીવની ઔષધિ સમાન છે.** જે સાધક પ્રભુ પ્રીતિથી શરૂઆત કરીને ભક્તિયોગ, આજ્ઞાયોગ અને અસંગયોગના અનુષ્ઠાનમાં લયલીન થઈ તેમાં મગ્ન થાય તેને મોક્ષમાર્ગની મંગળ યાત્રા ખૂબ જ સુગમ, આનંદદાયક અને ઉલ્લસિતતાવાળી જણાય છે અને ચિત્તપ્રસન્નતા વધતી જાય છે. સંસારની યાત્રા માત્ર દુઃખ વેદનયાત્રા છે, જ્યારે અંતરની મસ્તિથી થતી જિનભક્તિ મોક્ષની મંગળ યાત્રા આનંદ અને સુખની યાત્રા છે.

સાતમી ગાથામાં શ્રી દેવચંદ્રજી કહે છે કે, મારા નાથ વીતરાગ પરમાત્માની ભક્તિરસમાં ભાવોની તરબોળતા, લીનતા થતાં, મને બીજા સર્વ દેવો તૃણસમાન ભાસે છે. તીર્થંકરદેવના અનંત ગુણોની શુદ્ધતા અને સ્યાદ્વાદ શૈલીથી અનંત ધર્માત્મક ગુણોની નિરાવરણતા સમજવી હોય તો શ્રી દેવચંદ્રજીનું પાંચમા સુમતિનાથ ભગવાનના સ્તવનનો ભાવાર્થ સમજવો ખાસ જરૂરી છે. તેની છેલ્લી ગાથા નીચે રજુ કરી છે :-

**માહરી શુદ્ધ સત્તા તણી પૂર્ણતા, તેહનો હેતુ પ્રભુ તુંહી સાચો,**
**દેવચંદ્રે સ્તવ્યો, મુનિગણે અનુભવ્યો, તત્ત્વભક્તે ભવિક સકળ રાચો.**
**અહો ! શ્રી સુમતિ જિન શુદ્ધતા તાહરી !''**

ઉપરની ગાથામાં શ્રી દેવચંદ્રજી સુમતિનાથ ભગવાનને કહે છે કે, હે પ્રભુ ! તમારી પૂર્ણ વીતરાગદશા અને તમારા અનંતગુણો જે નિરાવરણ થયા છે તેવી તમારી સર્વ આત્મપ્રદેશોની પૂર્ણતા, શુદ્ધતા,



તે મારા આત્માની શુદ્ધતા જે આત્મદ્રવ્યમાં અત્યારે સત્તાગત રહેલી છે તેને પ્રગટ કરવા માટે **તમારી પ્રગટ તત્ત્વતા એ ઉત્તમ નિમિત્ત છે અને તમારું અવલંબન અને તમારી ભક્તિ તે મારી પૂર્ણ દશા પ્રગટ કરવાનું અત્યંત ઉપકારી નિમિત્ત છે.** માટે તમારી અમે સ્તવના નિત્ય કરીએ છીએ. મહામુનિઓ પણ અનુભવથી કહે છે કે, હે ભવ્ય જીવો ! પ્રભુની તત્ત્વભક્તિમાં રાચો એટલે મગ્ન થાવ. તે જ મોક્ષનો સર્વોત્કૃષ્ટ ઉપાય છે, રાજમાર્ગ છે.

પ્રસ્તુત સ્તવનની સાતમી ગાથામાં કહે છે કે ચિંતામણી કે કલ્પવૃક્ષ કરતાંય અરિહંત પ્રભુની ભક્તિ સેવા અધિક ઉપકારી અને મંગળકારી છે. જેવું ભગવાનનું વીતરાગ સર્વજ્ઞ સ્વરૂપ પ્રગટ છે તેવી જ વીતરાગ દશા મને પ્રાપ્ત કરાવે તેમાં જિનભક્તિ પ્રબળ નિમિત્ત છે. બીજા દેવો જે પોતે જ રાગ-દ્વેષમાં સપડાયા છે તે બધાને તૃણ સમજી, માત્ર અરિહંત પ્રભુની સેવા અમે કરવા તલસીએ છીએ. કેવો અલૌકિક જિનભક્તિનો મહિમા આ સ્તવનોમાં છલકાય છે !!!

**પરમાતમ ગુણસ્મૃતિથકી રે, ફરસ્યો આતમરામ રે,**
**નિયમા કંચનતા લહે રે, લોહ જ્યું પારસ ધામ રે.** (૮)

આ ગાથામાં **સમાપત્તિધ્યાનની** પ્રક્રિયા (Process) સારી રીતે સમજાવે છે. જેવી રીતે પારસમણી લોઢાને સ્પર્શ કરે ત્યારે લોઢુ સોનું થઈ જાય છે, તેવી રીતે વીતરાગ પરમાત્માના અનંતગુણોની સ્મૃતિ અર્થાત્ ધ્યાન કરનાર સાધકનો આત્મા ભાવથી અને દિવ્ય ચક્ષુથી પ્રભુના શુદ્ધ સ્વરૂપને સ્પર્શે ત્યારે તે સાધક પણ પ્રાંતે વીતરાગ દશાને પામે જ છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી તેમના બનાવેલા દેશના-દ્વાત્રિંશિકા નામના ગ્રન્થમાં ''દેશના અધિકારમાં'' **શ્રુતજ્ઞાન, ચિંતનજ્ઞાન** અને

**ભાવનાજ્ઞાન**ના ભેદો સમજાવતાં કહે છે કે, જિનેશ્વર પ્રભુએ પ્રકાશિત કરેલ એવું પ્રકાશેલ શ્રુતજ્ઞાન ઘણું જ ઉપયોગી છે, અને ચિંતનજ્ઞાન અર્થાત્ શ્રુતજ્ઞાનની ચિંતવના વધારે ઉપયોગી છે. શ્રુતજ્ઞાન જ્યારે ભાવનાજ્ઞાન થાય છે, એટલે કે ભાવભાસનના પરિણામ થાય છે ત્યારે આસ્તિક્ય કહેતા ભાવનાજ્ઞાનથી ભાવભાસન તત્ત્વનું યથાર્થ સમજાય કે, ભગવાને કહ્યું તે સત્ય = तहत्ति જ છે. આમ આ રીતે શ્રદ્ધાન ગુણ પ્રગટે છે જે સમ્યક્દર્શનનું પ્રબળ કારણ છે. અને તે ભાવનાજ્ઞાન જ્યારે સમાપત્તિ ધ્યાનરૂપે પ્રગટે છે ત્યારે તે સાધકને ઉત્તરોત્તર ઊંચા ગુણસ્થાનોમાં લઈ જાય છે અને તેના ફળરૂપે પૂર્ણ વીતરાગ દશા પ્રગટે છે. આવું અવિસંવાદી નિમિત્ત, ગુણાનુરાગવાળી પ્રશસ્ત પ્રભુભક્તિ વિષે, આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ તેમના પ્રસિદ્ધ ગ્રન્થ લલિતવિસ્તરામાં વિશેષ સમજાવ્યું છે. એ ગ્રન્થમાં સમજાવે છે કે જ્યારે શ્રુતજ્ઞાન ભાવનાજ્ઞાનમાં પરિણમીને પ્રગટે છે ત્યારે તેના ફળરૂપે સાધકના અંતઃકરણમાં સર્વ વિષયરસની જડતા, લોલુપતા મટી જાય છે અને તત્ત્વાભિનિવેશનું ચૈતન્ય આવે છે. અર્થાત્ **સાધકના ક્ષાયોપશમિક ગુણો ક્ષાયિકભાવે નિરાવરણ થાય અને તેના ફળરૂપે પૂર્ણ શુદ્ધ વીતરાગ દશા પ્રાપ્ત થાય. આવી પ્રબળ શક્તિ છે જિનભક્તિમાં અને જિનઆજ્ઞા અનુયોગમાં જે, સાધકને અસંગ અનુષ્ઠાન પર પહોંચાડી, પૂર્ણ અસંગ દશા પ્રગટાવે છે અને અંતે સિદ્ધદશા પ્રગટે છે.**

છેલ્લી ગાથામાં શ્રી દેવચંદ્રજી સર્વ ભવ્ય જીવોને આશીર્વાદ અને ધર્મલાભરૂપે સૂચના કરે છે.

**નિર્મળ તત્ત્વરુચી થઈ રે, કરજો જિનપતિ ભક્તિ રે,**
**દેવચંદ્ર પદ પામશો રે, પરમ મહોદય યુક્તિ રે.** (૯)

હે ભવ્ય જીવો ! જો તમને નિર્મળ એવી આત્મતત્ત્વ પામવાની રુચિ (આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટરૂપે અનુભવવાની રુચિ) થઈ હોય



તો જિનેશ્વર ભગવાનની ગુણાનુરાગપૂર્વકની પ્રશસ્તભાવે ભાવભક્તિ નિયમિત રીતે કરજો. તો તમે પણ દેવોમાં ચંદ્રમા સમાન ઉત્તમ શાશ્વત મોક્ષપદને પામશો. વીતરાગ પરમાત્માની ભક્તિ સાચા ભાવે, ગુણાનુરાગથી અને ઉલ્લસિતભાવે કરવી એ જ પરમ મહોદય એવા મોક્ષપદને - સિદ્ધપદને પામવાની સાચી યુક્તિ છે. અર્થાત્ તે સાચો અચૂક ઉપાય છે. તેની ગેરન્ટી આ સ્તવનમાં શ્રી દેવચંદ્રજી આપણને સમજાવે છે.

• • •

## પ્રીતિયોગ-ભક્તિયોગ-જિનવચન-જિનઆજ્ઞા અને અસંગ અમૃત અનુષ્ઠાનનો સાર

અત્યાર સુધી આપણે આત્મકલ્યાણ માટે જિનેશ્વર ભગવાને પ્રકાશેલા ચાર અમૃત અનુષ્ઠાનોની વિસ્તારથી વિચારણા ચાર મહાત્માઓના સ્તવનોના માધ્યમથી જોઈ ગયા. કેટલું અદ્‌ભુત વીતરાગ વિજ્ઞાન Logical and Scientific છે કે અરૂપી એવા આત્મસ્વરૂપને દિવ્યચક્ષુથી જોવાનો, અનુભવવાનો સ્વસંવેદન જ્ઞાનથી અનુભૂતિનો Process પ્રથમ જેમણે તે આત્મસ્વરૂપને સંપૂર્ણપણે, શુદ્ધપણે, સર્વગુણ સંપન્નતાથી પ્રગટ કર્યું છે તેવા શ્રી જિનેશ્વર ભગવાન પ્રત્યે પ્રેમ, પ્રીતિ કરવાનું પ્રીતિઅમૃત અનુષ્ઠાનમાં સમજાવ્યું. આને step # 1 કહી શકાય. અથવા આ પ્રીતિ અનુષ્ઠાનને બાળપોથીનો એકડો બરાબર ઘુંટતા આવડે. તેવો અગત્યનો એકડો તે છે પ્રભુ પ્રત્યે અને સદ્‌ગુરુદેવ પ્રત્યે તથા કેવળી ભગવાને પ્રરૂપેલા ધર્મતત્ત્વનો અંતરમાં પ્રેમ, લાગણીપૂર્વકની સાચી પ્રીતિ થવી તે મોક્ષ મારગનું પહેલું પગથીયું છે, First Step છે.

પછી જેના પર પ્રેમ, પ્રીતિ સાથે તેની યથાર્થ સમ્યક્ ઓળખાણ

થાય, વિશ્વાસ અને બહુમાન જાગે ત્યારે તે પ્રીતિ ભક્તિરૂપે પરિણમે છે જેના ત્રણ અંગ છે :- પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા. આપણે ભક્તિ અનુષ્ઠાનમાં અર્પણતા અને સમર્પણતાની વાત વિસ્તારથી જોઈ ગયા. તો આ બીજો ભક્તિયોગ અમૃત અનુષ્ઠાન સૌથી મહત્ત્વનો Anchor અથવા મોક્ષમાર્ગનો ઘોરી પાયો છે. કે જેના વિના આગળના અનુષ્ઠાનોમાં પહોંચી શકાય જ નહિ.

જિનભક્તિ અને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ જેને રોમેરોમ પ્રગટી છે. તેવો મુમુક્ષુ હવે જિનવચન - જિન - આજ્ઞા અમૃત અનુષ્ઠાનમાં એકનિષ્ઠાથી સાધના કરવા પોતાનું જીવન દાવ પર મૂકી જ્ઞાનાભ્યાસ અને ધર્મક્રિયા, આવશ્યક ક્રિયાઓ અને જિનઆજ્ઞા પ્રમાણે વર્તવાનો ખંતથી અભ્યાસ અને પાલન કરે છે અને પોતાના દોષોનું Introspection, તપાસતો રહે છે અને નિયમિત આલોચના, પ્રતિક્રમણ, સામાયિક આદિ સર્વ આવશ્યકો, વ્રત, નિયમ, સંયમનું યથાશક્તિ પાલન કરી, શ્રવણ, મનન અને નિદિધ્યાસનના શાસ્ત્ર અભ્યાસના ક્રમથી ચિત્તની એકાગ્રતા કેળવતાં, પ્રભુભક્તિમાં લીન થવાનો અને સંસારના સુખની ભ્રમણાનો નાશ કરતો વૈરાગ્ય પ્રાપ્ત કરે છે.

પોતાના આત્મામાં સમ્યક્દર્શનના પાંચ લક્ષણો પ્રાપ્ત કરવા ઉત્કૃષ્ટ પુરુષાર્થ કરે છે, જેથી શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા અથવા આસ્તિક્યતા નામના ગુણોની વૃદ્ધિ થાય. જુઓ તેનો Process અથવા પ્રક્રિયાની રીત :-

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,**
**ભવે ખેદ, અંતરદયા, તે કહિયે જિજ્ઞાસ. (૧૦૮)**
**તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુ બોધ,**
**તો પામે સમકિતને, વર્તે અંતર શોધ (૧૦૯)**



**વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ,**
**ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ. (૧૧૨)**
**(શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર - ગાથા ૧૦૮, ૧૦૯, ૧૧૨)**

ઉપર સમજાવ્યા મુજબ જ્યારે ગાથા ૧૦૮ માં પ્રકાશેલા સમ્યક્ત્વના પાંચ લક્ષણો- શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને સમ્યક્શ્રદ્ધા જીવને પ્રગટે ત્યારે તે જિજ્ઞાસુ જીવ સદ્ગુરુના તત્ત્વ શ્રવણથી હવે અસંગ અનુષ્ઠાન અને અમૃત અનુષ્ઠાનની સાધના કરવા તત્પર થાય છે અને જિનભક્તિ વડે અંતરની નિર્મળતા પ્રાપ્ત કરવા ખૂબજ ધીરજથી પોતાના વિષય કષાયના દોષો ટાળવા નિયમીત રીતે સાધના કરે છે. આ **અસંગ અનુષ્ઠાન એ આપણો ધ્યેય છે કે, જેમાં અંતરમુખતાના ધ્યાન અભ્યાસ વડે બાહ્ય જગતની વિસ્મૃતિ થાય અને આત્માનું સ્વસંવેદન જ્ઞાન એટલે આત્મઅનુભવની ધન્યતા અનુભવાય. સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય.**

અસંગઅમૃત અનુષ્ઠાન ઘણો જ અઘરો અને મુશ્કેલ છે કારણ કે, જીવને અનાદિકાળથી જગતના પુદ્ગલપદાર્થોમાં જ તીવ્ર આસક્તિ છે. તે લોલુપતા, ભોગાસક્તિ તોડવા નિયમીત રીતે તેનાં પ્રતિસ્પર્ધી અનુયોગ જ્ઞાનાભ્યાસ અને શ્રાવકના ૧૨ વ્રત, છ આવશ્યક અને સર્વધર્મ ક્રિયાના અનુષ્ઠાનો સમજણપૂર્વક કરવાનું આચાર્યોએ આપણને સમજાવ્યું છે.

આપણે આ પુસ્તકમાં જે જે સ્તવનોના અર્થ સમજાવ્યા તેમાં મુખ્ય ઉપદેશ એ છે કે, સાધક જીવે પોતાના મતાગ્રહ, દુરાગ્રહ અને લોકસંજ્ઞાનો ત્યાગ કરીને મહાત્માઓએ સમજાવેલો જિનભક્તિનો અભ્યાસ, સ્તવના, તેનું પારાયણ અર્થ સમજીને કરવું જેથી રોમે રોમ પ્રભુ ભક્તિ પ્રગટે અને અંતરશત્રુઓ (વિષય કષાયની મલીનતા - ક્રોધ, માન, માયા, લોભ, કામની વાસના)ને જિતી શકાય. શ્રી દેવચંદ્રજીનું છેલ્લું સ્તવન આપણે સમજ્યા તેમાં સ્પષ્ટપણે બતાવ્યું છે કે,

**જિનગુણ રાગપરાગથી, વાસિત મુજ પરિણામ,**
**તજશે દુષ્ટ વિભાવતા, સરસે આતમ કામ.**
**નિર્મળ તત્ત્વરૂચિ થઈ, કરજો જિનપતિ ભક્તિ,**
**દેવચંદ્ર પદ પામશો, પરમ મહોદય યુક્તિ.**

આ ગાથાઓ મુખપાઠ કરી, તેનો ભાવાર્થ ઉપર આપણે સમજાવ્યો તે ફરી ફરી અભ્યાસ કરીને જે સાધક નિયમિતપણે દરરોજના (1 to 3 Hours) એક થી ત્રણ કલાકની Minimum આત્મસાધના કરશે તેને આ ચાર અમૃત અનુષ્ઠાનોને એકનિષ્ઠાથી સેવતાં, અવશ્ય આત્મસિદ્ધિ થશે.

ટૂંકમાં અસંગઅનુષ્ઠાનનું ફળ, ખરેખર તો સમ્યક્દર્શનની પ્રાપ્તિ ચોથે ગુણસ્થાનકે થાય ત્યારથી તેની પ્રગટતા ગણાય છે પણ તે પહેલા આ અનુષ્ઠાનો પ્રીતિ-ભક્તિ-જિનઆજ્ઞા અમૃત અનુષ્ઠાનો જેમ જેમ વધારે ભાવોલ્લાસથી થાય તેમ તેમ અસંગતાનો અંશે અંશે ખ્યાલ આવશે આ અસંગ અનુષ્ઠાનનો સાચો ગુરુગમ તો શ્રી આનંદઘનજી, શ્રી દેવચંદ્રજી, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી અને શ્રી મોહનવિજયજીના અંતરમાં જ છે જેનો યથાશક્તિ સમજવાનો પ્રયાસ અત્રે કર્યો છે. **મારી આત્મ સાધનામાં આ ચારે મહાત્માઓને માથાના મુગટ સમાન ગણી મેં તેમની પ્રત્યક્ષતા અનુભવી છે અને તેમની ગુરુકૃપાથી જ આ પુસ્તકનું લખાણ શક્ય બન્યું છે.** આ અમૃત અનુષ્ઠાનોનું વિવેચન કરતાં જે ગુરુકૃપા અને ચિત્તપ્રસન્નતા તથા આત્માનો આનંદ મેં અનુભવ્યો છે તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. માત્ર દેવ-ગુરુ કૃપા જ આ કાર્ય કરવાની પ્રેરણા અને શક્તિરૂપે મને કૃપાપ્રસાદીથી પ્રાપ્ત થયા છે તે મારું પરમ સૌભાગ્ય ગણું છું. ''સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો !''

● ● ●

# પ્રકરણ : ૧૧ જૈનદર્શનની દૃષ્ટિએ કર્મનો સિદ્ધાંત

**કર્મ અનંત પ્રકારના, તેમાં મુખ્યે આઠ,**
**તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ. (૧૦૨)**

**કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ,**
**હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. (૧૦૩)**

**(શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર)**

### જીવ અને કર્મનો અનાદિનો સંબંધ :

જેવી રીતે સોનું અને માટી અનાદિ કાળથી ખાણમાં સાથે રહેલા છે તેવી રીતે દરેક જીવ સાથે અનંતા કર્મરૂપ પુદ્‌ગલ પરમાણુઓ અનાદિ કાળથી બંધાયેલા છે. સમયે સમયે તેમાંથી કેટલાક કર્મ પરમાણુઓ છૂટા પડે છે અને કેટલાક નવા આવી મળે છે.

કર્મબંધનું મૂળભૂત કારણ (Mechanism) : આત્માના રાગાદિ ભાવોના (રાગ, દ્વેષ અને અજ્ઞાન) Force Field ના કારણે કાર્મણ વર્ગણારૂપી પુદ્‌ગલો (Karmic Particles) આકર્ષાય છે, અને આત્મા સાથે બંધાય છે. કર્મ ને આકર્ષણ કરનારું “Force Field” તે મોહનીયકર્મ છે, જેના કારણે જીવ પોતાના સ્વભાવને ભૂલીને જ્યારે વિભાવમાં પ્રવર્તે છે ત્યારે કર્મબંધ થાય છે. **આ વિભાવ અનાદિનો છે, તેથી કર્મબંધ પણ અનાદિનો છે.**

જીવને થતા વિભાવો (રાગાદિ વિકારી ભાવો) અનંત પ્રકારના છે એમ શ્રી તીર્થંકર ભગવાન પ્રકાશે છે અને વિભાવ પ્રમાણે કર્મબંધ થતો હોવાથી કર્મના પ્રકાર પણ અનંતા છે. જિનેશ્વર ભગવાને કેવલજ્ઞાન વડે દરેક સંસારી જીવના અનંત કર્મો જાણ્યા છે અને તે બાળજીવોને સહેલાઈથી સમજાવા માટે તે અનંત કર્મોના મુખ્ય આઠ વિભાગ પ્રકાશ્યા છે :

(૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગોત્ર (૮) અંતરાય કર્મ

**કર્મના આઠ પ્રકાર અને બંધનું કારણ :**

પ્રત્યેક આત્મામાં અનંત ગુણો છે. જિનેશ્વર ભગવાને તેમાંથી મુખ્ય આઠ ગુણોને પ્રધાન કરીને દર્શાવેલ છે કે દરેક આત્મામાં આ આઠ ગુણો ત્રણે કાળે સત્તામાં વર્તમાનપણે હોય છે.

(અસ્તિત્વરૂપે) અનંતજ્ઞાન, અનંતદર્શન, અવ્યાબાધ સુખ, અનંત ચારિત્ર, અરૂપીપણું, અગુરુલઘુ, અક્ષયસ્થિતિ, અને અનંતવીર્ય.

આ આઠ ગુણો દરેક આત્મામાં શક્તિરૂપે અસ્તિત્વ ધરાવે છે પણ વર્તમાનમાં તે ગુણો કર્મથી અવરાયેલા છે. આગમ શાસ્ત્રો પ્રકાશે છે કે દરેક જીવ આઠ ગુણોની સંપત્તિ સંપન્ન છે પણ મિથ્યાત્વરૂપી અજ્ઞાન (દર્શનમોહનીય કર્મના આવરણથી) ના કારણે તેનું વિસ્મરણ થઈ ગયું છે. અર્થાત્ વર્તમાન દશામાં જીવના આઠ ગુણો આઠ પ્રકારના કર્મોના આવરણને લીધે પોતાની મૂળભૂત આત્મશક્તિને જાણતા ન હોવાથી સમયે સમયે દુઃખ જ છે. એમ મુખ્ય અનુભવે છે. અનંત ગુણોના ઐશ્વર્યવાળા સિદ્ધ ભગવાન આઠ ગુણો વડે અને તીર્થંકર ભગવાન મુખ્યપણે ચાર ગુણોથી જગતમાં પૂજ્યરૂપે બને છે, મંગલમય છે. આ ચાર ગુણોનું ચિંતવન કરવું કે સિદ્ધ ભગવાન (૧) સર્વજ્ઞ છે, (૨) વીતરાગ છે, ૯૩) અનંત કરુણાના સાગર છે, અને (૪) સર્વ શક્તિમાન છે. તીર્થંકર ભગવાન પણ આ ગુણોથી પૂજ્ય હોવાથી શ્રી નવકાર મંત્રમાં નમો અરિહંતાણ અને નમો સિદ્ધાણં આ બે પદોનું સ્મરણ કરવા દ્વારા તેમના અનંત ગુણોનું બહુમાન કરવાથી આપણા કર્મોની નિર્જરા થાય છે અને જીવ મોક્ષમાર્ગમાં પ્રવેશે છે અને ભગવાનની કરુણાને પાત્ર બને છે.



**મોહનીયકર્મની પ્રધાનતા :**

આ આઠે કર્મોથી સંસારી જીવો બંધાયેલા છે તેથી આપણા આત્માના મૂળભૂત ગુણો જેવાં કે અનંત જ્ઞાન, અનંત દર્શન વગેરે વર્તમાન દશામાં કર્મથી આવૃત છે. તીર્થંકર ભગવાને ઉપદેશેલા આગમ શાસ્ત્રોના અભ્યાસથી અને સદ્‌ગુરુની સેવા-ભક્તિથી જીવને પોતાની અનંત શક્તિઓનો સાચો ખ્યાલ આવે છે, અને અનાદિની મોહ-નિદ્રાને દૂર કરવાનો તે જીવ પુરુષાર્થ કરવા જાગૃત થાય છે.

આ આઠે કર્મોમાં મોહનીય કર્મની પ્રધાનતા એટલા માટે છે કે જ્યારે જ્ઞાનાવરણાદિ ત્રણ ઘાતી કર્મો (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય) આત્માના ગુણોને માત્ર આવરણ કરે છે, જ્યારે મોહનીય કર્મ તો આત્માના ગુણોમાં વિકાર ઉત્પન્ન કરે છે, વિકૃતિ કરે છે.

જેમ દારૂ પીધેલ માણસ નશાને વશ થઈ ને પોતાનું નામ, ઠામ, ઘર, વગેરે ભૂલી જાય છે, તેવી રીતે મોહનીયકર્મના વિપાક વડે, જીવ મિથ્યાત્વરૂપી દારૂના નશાથી પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે, કે ''હું તો ખરેખર સિદ્ધ સ્વમાન અનંત ગુણોનો સ્વામી એવો આત્મા છું.'' અનાદિ કાળથી જીવને પોતાની આત્મશક્તિ અને આત્માના વૈભવનું વિસ્મરણ મોહનીયકર્મના ઉદયથી થતું આવ્યું છે જેથી સંસારી જીવો પુદ્‌ગલ પદાર્થની તૃષ્ણાથી, તેમાં સુખબુદ્ધિની ભ્રાંતિ વડે રઝડે

છે, રખડે છે, અને આત્માના અનંત સુખને ભૂલીને ક્ષણિક સુખની લાલસામાં મનુષ્ય જીવન દુખી થઈને વેડફી દે છે, અને ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે.

મિથ્યાત્વને વશ એટલે કે દર્શનમોહને વશ એવો સંસારી જીવ, પોતાના સુખસ્વરૂપ આત્માને, અવ્યાબાધ સુખના સાગરરૂપી આત્માને ભૂલીને પર પદાર્થમાં અને અન્ય વ્યક્તિમાં સુખબુદ્ધિ, આત્મબુદ્ધિ, આધારબુદ્ધિ, કર્તૃત્વબુદ્ધિ અને ભોક્તૃત્વબુદ્ધિ કરવા વડે વિપરીત માન્યતા (મિથ્યા શ્રદ્ધા - મિથ્યાત્વ) અથવા મિથ્યા શ્રદ્ધા કરે છે. આ મિથ્યા શ્રદ્ધા જીવને અનાદિકાળથી છે તેથી જીવ આ મિથ્યાત્વ જન્ય આત્મભ્રાંતિના કારણે અજ્ઞાન અને કષાયના ભાવોમાં વર્તીને સતત કર્મ વર્ગણાઓને ગ્રહણ કરે છે અને દુઃખી થાય છે. આ કર્મબંધનો પ્રવાહ ક્યારે પણ બંધ થતો નથી. સમયે સમયે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવ અનંત કર્મરજનો જથ્થો મોહનીયકર્મના ઉદયથી ગ્રહણ કરે છે. અને જિનેશ્વર ભગવાનના આગમશાસ્ત્રો પ્રમાણે આ નવીન કર્મો આઠ કર્મ પ્રકૃતિઓમાં વહેંચાઈને આત્માને વળગી રહે છે. જૈનદર્શનમાં ''કરણાનુયોગ'' શાસ્ત્રોમાં વિસ્તારથી સમજાવામાં આવે છે કે, જ્યાં સુધી જીવને મોહનીયકર્મના રાજયશાસનમાં જીવવું થાય છે, ત્યાં લગી તીવ્ર કર્મબંધન અનાદિ-કાળથી અત્યાર સુધી ચાલુ જ છે. જ્યાં સુધી જીવને જિનેશ્વર ભગવાને પ્રકાશેલા યથાર્થ નવ તત્ત્વોનું જ્ઞાન, સમજણ અને આત્મ અનુભૂતિ ન થાય ત્યાં લગી જીવ અજ્ઞાની જ રહે છે. જ્યારે જીવ યથાર્થ તત્ત્વશ્રદ્ધાન વડે સમ્યક્‌દર્શન અને સમ્યક્‌જ્ઞાનની પ્રાપ્તિ કરે છે ત્યારે કર્મબંધન થતું અટકી જાય છે. જ્યારે નીચે બતાવેલા સમ્યક્‌દર્શનનાં પાંચ લક્ષણો જીવમાં પ્રગટે છે ત્યારે તે જીવ મિથ્યાત્વમોહનીયની સાત પ્રકૃતિઓ (ગ્રંથિઓ)ને છેદીને સમ્યક્‌દર્શન પામે છે અને તે જીવનો અવશ્ય મોક્ષ થાય છે.



### મિથ્યાત્વની સાત ગ્રંથીઓ

૧. મિથ્યાત્વમોહનીય, ૨. મિશ્રમોહનીય, ૩. સમ્યક્ત્વ-મોહનીય, ૪. અનંતાનુબંધી ક્રોધ, ૫. અનંતાનુબંધી માન, ૬. અનંતાનુબંધી માયા, ૭. અનંતાનુબંધી લોભ.

### સમ્યક્‌દર્શનનાં પાંચ લક્ષણો

**૧. શમ** - કષાયોની ઉપશાંતતા, **૨. સંવેગ** - મોક્ષની તીવ્ર જીજ્ઞાસા, મુમુક્ષુતા, **૩. નિર્વેદ** - સંસાર અને ભોગ પ્રત્યે અનાસક્તિ ભાવ પૂર્વકનો વૈરાગ્ય (જ્ઞાનગર્ભિત વૈરાગ્ય), **૪. આસ્થા** - દેવ-ગુરુ-ધર્મની સમ્યક્‌શ્રદ્ધા, **૫. અનુકંપા** - સર્વ જીવો પ્રત્યે કરુણા ભાવ.

### દર્શનમોહનીયની ૩ પ્રકૃતિઓ :

**(૧) મિથ્યાત્વ મોહનીય** - જે કર્મના ઉદયથી જીવાદિ તત્ત્વો વિષે યથાર્થ (સમ્યક્) શ્રદ્ધા ના થાય અને વિપરીત શ્રદ્ધા-માન્યતા થાય તે મિથ્યાત્વમોહનીય. જેમ કે અજ્ઞાની જીવ દેહને જ આત્મા માને છે, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારમાં પોતાપણાની માન્યતાને લીધે સુખ-દુઃખ નિરંતર અનુભવે છે તે બધું વિપરીત શ્રદ્ધાનને લીધે થાય છે.

કોઈ પૂર્વ પુણ્યના ઉદયથી જ્યારે જીવને સદ્‌ગુરુની સાચી શ્રદ્ધા થાય અને મિથ્યા શ્રદ્ધાનો નાશ થાય કે **''હું દેહાદિ સ્વરૂપ નથી, સ્ત્રી પુત્રાદિ મારા નથી, પણ હું તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપી આત્મા છું, શાશ્વત છું, અનંત સુખનો ધણી છું'' આવી સમ્યક્ શ્રદ્ધાન થતાં મિથ્યાત્વનો નાશ થાય છે અને જીવ સમ્યક્‌દર્શન પામે છે.**

**(૨) મિશ્રમોહનીય** - જે કર્મના ઉદયથી જીવાદિ તત્ત્વો વિષે આ જ સત્ય છે એવી શ્રદ્ધા પણ ન થાય, તથા આ અસત્ય છે એવી અશ્રદ્ધા પણ ન થાય, પરંતુ મિશ્ર ભાવ રહે તે મિશ્રમોહનીય.

(૩) **સમ્યક્ત્વમોહનીય** - જે કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલા સમ્યકત્વમાં - શ્રદ્ધામાં દુષણ લાગે તે સમ્યકત્વ મોહનીય. આ કર્મના ઉદયથી સમ્યક્ત્વ નષ્ટ થતું નથી પણ દુષિત થાય છે. શંકા, કાંક્ષા આદિ થાય છે.

**ચારિત્રમોહનીય - કષાયના સોળ પ્રકારો :**

**કષ** - સંસાર, અને **આય** - લાભ, કષાય એટલે જેના ઉદયથી સંસાર વધે તે કષાયભાવો.

કષાયના ચાર ભેદ છે - ક્રોધ એટલે ગુસ્સો (Anger), માન એટલે અહંકાર (Ego) માયા એટલે દંભ અને લોભ એટલે તૃષ્ણા (Greed)

આ કષાયો ચાર પ્રકારના છે.

(૧) **અનંતાનુબંધી કષાય :** (ક્રોધ, માન, માયા, લોભ) - જે કષાયના ઉદયથી જીવના સમ્યક્દર્શનનો ઘાત થાય તે અનંતાનુબંધી કષાય છે. અનંતકાળથી જીવને અનંતાનુબંધી કષાય વળગેલા છે. અનંત કર્મોનો બંધ એક સમયમાં કરાવે તેવી શક્તિવાળો જે કષાય તે અનંતાનુબંધી કષાય છે. ઉત્કૃષ્ટ પ્રકારનો અનંતાનુબંધી કષાયનો ઉદય જીવને ૭૦ ક્રોડા-ક્રોડી સાગરોપમનું મોહનીયકર્મ બંધાવીને નિગોદમાં મોકલી શકે છે.

(૨) **અપ્રત્યાખ્યાની કષાય :** જે કષાય (ક્રોધ, માન, માયા, લોભ) ના ઉદયથી જીવને દેશચારિત્ર (અણવ્રતરૂપ ચારિત્ર)નો સંભવ ન રહે તે અપ્રત્યાખ્યાની ક્રોધ-માન-માયા-લોભ અપ્રત્યાખ્યાની કષાય કહેવાય છે.

(૩) **પ્રત્યાખ્યાની કષાય :** જે ક્રોધ-માન-માયા-લોભ કષાયના



ઉદયથી જીવને સકળ ચારિત્ર (મહાવ્રત)નો ઘાત થાય તે પ્રત્યાખ્યાની કષાય છે. આ કષાયના ઉદયથી જીવ સર્વવિરતિ ગ્રહણ કરી શકતો નથી.

(૪) **સંજ્વલન કષાય :** જે કષાયના ઉદયથી આત્માના યથાખ્યાત ચારિત્રનો ઘાત થાય તે ક્રોધ-માન-માયા-લોભ રૂપ કષાયને સંજ્વલન કષાય કહેવાય છે. આ કષાયના ઉદયથી જીવને ચારિત્રમાં અતિચાર (દુષણ) લાગે છે, અર્થાત્ અલ્પ કષાયના કારણે આત્મસ્થિરતા અખંડપણે રહી શકતી નથી.

આ પ્રમાણે ૪ X ૪ = ૧૬ કષાયના પ્રકારો ચારિત્રમોહનીયકર્મની મૂળભૂત પ્રકૃતિઓ છે.

તથા આ સોળ કષાયોને મદદ કરનાર સહાયક એવા નવ નોકષાય કહેવાય છે. ૧. હાસ્ય, ૨. રતિ, ૩. શોક, ૪. અરતિ, ૫. ભય, ૬. જુગુપ્સા, ૭. સ્ત્રીવેદ, ૮. પુરુષવેદ અને ૯. નપુંસકવેદ આ પ્રમાણે મોહનીયના કુલ ૨૮ ભેદો છે.

મોહનીયકર્મની કુલ ૨૮ કર્મપ્રકૃતિઓ નીચેના ચિત્રમાં જોવાથી સમજાશે.

# મોહનીયકર્મની ૨૮ કર્મ પ્રકૃતિઓ

- દર્શન મોહનીયની ૩ કર્મ પ્રકૃતિઓ
  - ૧. મિથ્યાત્વમોહનીય
  - ૨. મિશ્રમોહનીય
  - ૩. સમ્યકત્વમોહનીય
- ચારિત્રમોહનીયની ૨૫ કર્મ પ્રકૃતિઓ
  - ૧૬ કષાયો
    - અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ
    - અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ
    - પ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ
    - સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ
  - નવ નોકષાયો
    - હાસ્ય, રતિ, અરતિ
    - ભય, શોક, દુર્ગન્છા
    - પુરષવેદ, સ્ત્રીવેદ, નપુસંકવેદ



Table 1 - **આત્માના ગુણોને આવરણ કરનાર કર્મો**

| | આત્માના સ્વભાવિક ગુણો | ગુણને આવરણ કરનાર કર્મ | આવરણને ઉપમા | આવરણીય કર્મનું રૂપ |
|---|---|---|---|---|
| ૧ | અનંતજ્ઞાન | જ્ઞાનાવરણીય | આંખે પાટા તુલ્ય | પદાર્થનો વિશેષ બોધ ન થાય |
| ૨ | અનંતદર્શન | દર્શનાવરણીય | દ્વારપાળ સમાન | સામાન્ય બોધ ન થાય |
| ૩ | અવ્યાબાધ સુખ | વેદનીયકર્મ | મધુલીપી તરવાર | સુખ-દુઃખનો અનુભવ થાય |
| ૪ | અનંતચારિત્ર | મોહનીયકર્મ | મદિરાપાન તુલ્ય | સાચું શ્રધ્ધાન તથા આચરણ ન થઈ શકે |
| ૫ | અક્ષયસ્થિતિ | આયુષ્યકર્મ | કેદીને બેડી સમાન | ચાર ગતિમાં સ્થિતિ |
| ૬ | અરૂપીપણું | નામકર્મ | ચિત્રકાર સમાન | રૂપ અને આકૃતિ |
| ૭ | અગુરુ-લઘુ | ગોત્રકર્મ | કુંભાર તુલ્ય | ઉચ્ચનીચનો વ્યવહાર |
| ૮ | અનંતવીર્ય | અંતરાયકર્મ | ભંડારી સમાન | દાન આદિમાં અંતરાય |
| ● | આત્માના અનંતગુણ | અનંતકર્મનું આવરણ | અનંત જાત ના આવરણ | અનંત જન્મમરણનું દુઃખ |

# પ્રકરણ : ૧૨ ઉપસંહાર

**આ**પણે આગળના દસ પ્રકરણોમાં આત્મસાધનાનાં અમૃત અનુષ્ઠાનનું લખાણ આ ચાર મહાત્માઓના સ્તવનોના ભાવાર્થથી સમજવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો. તે સમજણને પ્રમાણ રૂપ કહેનારા આચાર્યપ્રવર શ્રી હરિભદ્રસૂરિ અને મહોપાધ્યાય શ્રી યશોવિજયજીના અમૂલ્ય ગ્રન્થોના અવતરણો, સંદર્ભો, સમજવાનો ભાવ યથાશક્તિ વ્યક્ત કર્યો.

મોક્ષમાર્ગની મંગળયાત્રામાં પૂર્વાચાર્યોએ જ્ઞાનયોગ, કર્મયોગ, ધ્યાનયોગ અને ભક્તિયોગ અંગેની સમજણ તથા માર્ગદર્શન ઘણું ઊંડાણથી આપ્યું છે. આ નાનકડા પુસ્તકમાં મેં મારી સાધનામાં મને સૌથી જે ઉપયોગી નિવડ્યા છે એવા બક્તિયોગના ચાર અનુષ્ઠાનો - પ્રીતિયોગ, ભક્તિયોગ, જિનવચન-આજ્ઞા અનુયોગ, અને અસંગ અનુષ્ઠાનનો ભક્તિયોગને, માથાના મુગટ સમાન અધ્યાત્મ યોગી શ્રી આનંદઘનજી, ગણીશ્રી દેવચંદ્રજી, મહોપાધ્યાય યશોવિજયજી અને શ્રી મોહનવિજયજી રચિત તીર્થંકર ચોવીસીના, થોડા સ્તવનોનો ભાવાર્થ મારી સાધનાની અનુભૂતિરૂપે રજુ કરેલ છે.

પ્રકરણ ત્રીજામાં મનુષ્યભવને સફળ કરવા ભગવાન મહાવીરે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવેલા ચાર દુર્લભ અંગો વિષે વિચારણા કરી.



**મનુષ્યત્વ, જિનવાણી અથવા શ્રુતનું શ્રવણ,** તે જિનવાણીના સૂત્રરત્નો ઉપર અખંડ, **અતૂટ શ્રદ્ધા** અને જિનેશ્વર ભગવાને પ્રરૂપેલા જ્ઞાન-દર્શન-ચારિત્રના મોક્ષમાર્ગમાં યથાશક્તિ **સંયમ અને વીર્યોલ્લાસ પૂર્વકની સાધના,** પુરુષાર્થ કરવો એ ઉત્તરોત્તર દુર્લભ છે, પરંતુ તેનું ફળ અવશ્ય મોક્ષ છે એમ આપણે વિચારીને સમજણ મેળવી.

વર્તમાનકાળમાં મારા જેવા અલ્પજ્ઞ, અજ્ઞાની, સંસારી જીવોને આગમશાસ્ત્રો અને પૂર્વાચાર્યોના શાસ્ત્રો ભણવાનો ક્ષયોપશમ, સમય, રુચિ અને ધીરજ ન હોય તે સમજી શકાય છે. આવા મારા જેવા બાળજીવો માટે આ પુસ્તકને “Bhaktiyog 101 - A home study course” તરીકે મેં લખવાનો પ્રયાસ કર્યો છે. હું માત્ર એક અભ્યાસી, સાધક છું અને **જ્ઞાની નથી** તેમ જણાવીને આ પુસ્તક લખવાની હિંમત કરી છે અને મહાત્માપુરુષોના સ્તવનોનાં ત્રીસેક વર્ષના મારા અભ્યાસ, પારાયણ, મનન અને ભાવનાત્મક ચિંતનથી જે મને મારી અલ્પમતિથી સમજાયું અને તેમાંથી જે જ્ઞાનનો, ભક્તિનો આનંદ અને ચિત્તપ્રસન્નતાની અનુભૂતિ થઈ છે, તે સૌ સાધક મિત્રો સાથે Share કરવા, સાધર્મિક વાત્સલ્યભાવે, ધર્મ અને જ્ઞાનની પ્રભાવના કરવાના હેતુથી લખ્યું છે.

અત્રે ‘‘યોગ’’ શબ્દનો અર્થ અને તેનું સ્વરૂપ સમજવા યોગસાર, યોગશતક, યોગદષ્ટિ સમુચ્ચય, દ્રવ્યગુણ પર્યાયનો સાર, આદિ ગ્રન્થોના રાસના અવતરણોથી ભક્તિયોગ કેટલો સુગમ અને ઉપકારી છે તેની થોડી વિચારણા કરીએ, જેથી વધારે સ્પષ્ટતાથી સમજાય.

યોગદષ્ટિ સમુચ્ચયમાં જે આઠ યોગદષ્ટિની Scientific અને Logical રચના આચાર્યદેવ શ્રી હરિભદ્રજીના જણાવ્યા મુજબ અનાદિકાળથી આ જીવ સ્વરૂપના અજ્ઞાનને લીધે ‘‘ઓઘદષ્ટિ’’માં મૂઢ બનીને ચારે ગતિમાં અનંત પુદ્ગલ પરાવર્તનકાળથી રખડતો હતો. આ ઓઘદષ્ટિવાળા જીવને દેહમાં આત્મબુદ્ધિ અને પાંચ

ઈન્દ્રિયોના વિષયોમાં જ સુખબુદ્ધિ રૂપી મિથ્યાત્વ અથવા અજ્ઞાન હોવાથી તે જીવનો મન-વચન-કાયાનો યોગ માત્ર સતત કર્મબંધન કરવાના કાર્ય એટલે આશ્રવ અને બંધ રૂપી યોગકાર્ય કરી રહેલ છે, અને તેથી સંસારમાં રખડે છે.

જ્યારે કોઈ ભવ્ય જીવની કાળલબ્ધિ પાકે અને તેને ''હું કોણ છું ? મારું ખરું સ્વરૂપ શું છે'' આવા તત્ત્વ વિચારો કરવાની જાગૃતિ આવે, અને જો તે જીવ સાચા સદ્‌ગુરુ અને સત્‌દેવના તત્વશ્રવણના બોધથી સાવધાન થઈ, સંસારથી પાછો હઠી, U-Turn લઈને, આત્માના કલ્યાણ માટે આ મનુષ્યભવને દાવ પર મૂકી કટિબદ્ધ થાય, ત્યારે આ જીવ ''યોગદષ્ટિ''માં પ્રવેશ કરે છે. ઓઘદષ્ટિ વાળો જીવ જેનો યોગ અત્યાર સુધી માત્ર આત્માને તીવ્ર કર્મબંધનથી જોડવાનો યોગ કરતો હતો તે હવે યોગદષ્ટિમાં પ્રવેશ કરવાથી તેના આત્મામાં યોગના બીજની વાવણી પ્રથમ યોગદષ્ટિમાં થાય છે જેનો વિસ્તાર યોગદષ્ટિ સમુચ્ચયમાંથી જાણવો.

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ તેમના યોગશતક નામના ગ્રન્થમાં આ યોગ શબ્દનો અર્થ નીચે મુજબ સમજાવ્યો છે :-

જિનેશ્વર પરમાત્માની આજ્ઞાનું અનુસરણ કરવારૂપ અમૃતથી સિંચાયેલો આ **આજ્ઞાયોગરૂપ અનુષ્ઠાન પરમ કલ્યાણકારી યોગ છે.** વીતરાગ સર્વજ્ઞ ભગવાન સર્વથા રાગ-દ્વેષથી રહિત છે માટે તેમની જિનવાણી એ ખરેખર અમૃત સ્વરૂપ છે. આથી જ પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મ.સા. શ્રી મહાવીર જિન સ્તવનમાં કહે છે કે-

**ગિરુઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે,**
**સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મળ થાયે કાયા રે,**

આવી અમૃતસ્વરૂપ જિનવાણી અને જિનઆજ્ઞાનું બહુમાનપૂર્વક આરાધન અને પાલન કરવાથી જીવનું અવશ્ય કલ્યાણ થાય છે એવી



**અવિસંવાદી નિમિત્તરૂપ જિનવાણી** છે. સત્‌દેવ, સદ્‌ગુરુ, અને સત્‌ધર્મનો વિનય કરવો, ગુરુની સેવા અને વૈયાવચ્ચ કરવી, તેમનું તત્ત્વશ્રવણ વિનય અને ખંતથી સમજવું અને તે બોધના શ્રવણને પરિણમવવાની તીવ્ર અભિલાષા, જિજ્ઞાસા કરવી અને શાસ્ત્રમાં કહેલા ધર્મ અનુષ્ઠાનો વિધિપૂર્વક કરવા, યથાશક્તિ અઢાર પાપ સ્થાનકનો ત્યાગ કરવો, આ સાધનસ્વરૂપ **વ્યવહારયોગ** છે. અને સમજણપૂર્વક, ઉલ્લસિત ભાવથી, આત્મકલ્યાણના લક્ષ્યથી આ વ્યવહારયોગ પણ પરંપરાએ મોક્ષનું કારણ બને છે એમ યોગશતકમાં સમજાવ્યું છે.

અને સદ્‌ગુરુનિશ્રાએ આત્માનું સ્વરૂપ, છ દ્રવ્યો, નવ તત્ત્વો, આત્માના છ પદનું યથાર્થ સ્વરૂપ સમજવા જ્ઞાનાભ્યાસ કરતાં સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન અને સમ્યક્‌ચારિત્રની જ્ઞાનસાધના કરવી તે નિશ્ચય યોગ છે. કે જે મોક્ષનું અનંતર કારણ છે. વ્યવહારયોગ એ મોક્ષનું પરંપરાએ કારણ છે. **આવી રીતે નિશ્ચય અને વ્યવહાર બન્ને સંલગ્ન હોય તો જ બન્ને યોગ આત્માના કલ્યાણરૂપ નિવડે છે.**

આ પુસ્તકનું મુખ્ય હાર્દ, સંદેશ, સાધનાનો લક્ષ, ભક્તિયોગમાં આત્માને જોડવો જેથી સરળતાથી, લઘુતા અને વિનયભાવે જિનપરમાત્માની ગુણાનુરાગવાળી ભક્તિ કરતાં કરતાં સાધકનો આતમા ધીમે ધીમે વિષય કષાયના મલિન ભાવોને છોડતો જાય છે અને અંતરશુદ્ધિ કરતાં, પ્રભુના ગુણાનુરાગપૂર્વકની ભક્તિ કરતાં પ્રભુ પ્રત્યે પ્રેમ, પ્રીતિ, ભક્તિ, આજ્ઞાયોગ અને અંતે અસંગયોગ સુધી પહોંચે તેની સમજણ પ્રકરણ ૫ થી ૧૦ માં આપણે વિચારી.

અસંગ અનુષ્ઠાનનાં દસમા પ્રકરણમાં આપણે જોયું કે, જેમ જેમ મુમુક્ષુ જીવ પ્રભુના અનંતગુણોનું ગુણાનુરાગવાળી ભક્તિમાં મગ્ન થાય છે. તેમ તેમ તેને જ્ઞાનાભ્યાસથી પોતાના આત્મદ્રવ્યમાં પ્રભુ જેવા જ અનંત ગુણો સત્તામાં રહેલા ''નજરાય'' છે. અર્થાત્‌, ભગવાનના અનંત ગુણો પ્રગટ છે તેનું દર્શન જ્યારે મુમુક્ષુને સમ્યક્‌

પણે થાય છે ત્યારે તેને પ્રભુના ગુણોની સ્પર્શના થાય છે અને તેના કારણે કોઈ ધન્ય પળે તે સાધકને ''સમાપત્તિધ્યાન'' પ્રગટે છે જે નીચેના શ્લોકમાં આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી સમજાવે છે :- આત્મસાધનાનો ગુરુગમ આ લબ્ધિગાથામાં છે.

**गुरुभक्ति प्रभावेन, तीर्थकृदर्शनं मत्तम् ।**
**समापत्यादिभेदेन, निर्वाणैकनिबन्धनम् ॥**

**ભાવાર્થ :** ઉત્કૃષ્ટ એવી ભક્તિના પ્રભાવે સાધકને શ્રી તીર્થંકર પરમાત્માનું દર્શન થાય છે, અને તે દર્શન સમાપત્તિ ધ્યાન (તન્મયતા - એકાકારતા)રૂપ કેવળ મુક્તિનું જ કારણ બને છે. આ સમાપત્તિ ધ્યાનમાં સાધક પોતાનો આત્મા પરમાત્મા જેવો જ શુદ્ધ - અનંતગુણના સમુદ્ર જેવો છે એમ ભેદબુદ્ધિથી ચિંતન, ભાવભાસન કરતાં કરતાં, મોહના વિકારો, ચિત્તવૃત્તિઓનો વિલય થતાં પરમાત્મા સાથે અભેદબુદ્ધિ વડે એકાકારપણાને પામે છે. જ્ઞાનસાર અષ્ટકમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ આ જ વાતને સમજાવી છે કે, ઉત્તમ નિર્મળ મણિની જેમ શુભધ્યાનથી મનની તમામ મોહની વૃત્તિઓ ક્ષીણ થતાં નિર્મળ બનેલા **અંતરાત્મામાં પ્રતિબિંબ (Image) પરમાત્માનું જે પડે છે તેને જ ''સમાપત્તિયોગ'' કહેવાય છે.** સવાસો ગાથાના સ્તવનમાં ઉપાધ્યાયજીએ આ વાતને ખૂબ જ સુંદર રીતે પ્રકાશી છે :

**જેમ નિર્મળતા રે, રત્ન સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ,**
**તે જિન વીરે રે ધર્મ પ્રકાશીયો, પ્રબળ કષાય અભાવ.**
**શ્રી સીમંધર સાહેબ સાંભળો** (૨-૭)

**ભાવાર્થ :** જેમ સ્ફટિકરત્નની નિર્મળતા સ્વાભાવિક છે, તેમ આત્મદ્રવ્યની શુદ્ધ-બુદ્ધ, નિર્મળ અવસ્થા એ પણ સ્વાભાવિક છે (દ્રવ્યનો આવો સ્વભાવ છે), એમ શ્રી જિનેશ્વર ભગવાન પ્રકાશે છે. આ સ્વાભાવિક નિર્મળતા પર્યાયમાં કર્મથી અવરાયેલ છે તે પ્રગટ



કરવા પ્રબળ કષાયોના ઉદયરૂપ (ક્રોધ-માન-માયા-લોભના પરિણામો) મલિનતાનો નાશ કરવો તે જ વીતરાગ ધર્મ છે.

આ પુસ્તકમાં સમજાવેલા અમૃત અનુષ્ઠાનોની સાધના કરતાં કરતાં જેમ જેમ સાધક અંતરંગ મલિનતાનો અભાવ કરવા અને નિર્મળતા પ્રાપ્ત કરવા તીવ્ર પુરુષાર્થ કરીને પ્રભુના ગુણોમાં મગ્નતા, સ્થિરતા અને નિર્મળતાના ગુણોથી ભક્તિમાં મગ્ન થાય ત્યારે શું થાય તે શ્રી આનંદઘનજી તેમના દિવ્ય સ્તવનમાં પ્રકાશે છે :-

**જિનસ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે,**
**ભૃંગી ઈલીકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે.**
**(શ્રી આનંદઘનજી કૃત શ્રી નમિનાથ સ્તવન)**

જેવી રીતે ભમરી ઈયળને ચટકો મારીને જમીનમાં દાટી રાખે છે અને ૧૭ દિવસમાં તે ચટકાને યાદ કરતી ઈયળ પોતે જ ભમરી બની જાય છે, તેવી જ રીતે યોગદૃષ્ટિમાં પ્રવેશેલો જાગૃત મુમુક્ષુ પ્રીતિ-ભક્તિ-આજ્ઞા-અસંગ અનુષ્ઠાનોની સાધના કરતાં કરતાં જ્યારે ઉપર જણાવેલા સમાપત્તિ ધ્યાનમાં પ્રવેશે છે ત્યારે તેને પ્રભુના નિરાવરણ થયેલા અનંત જ્ઞાનાદિગુણોની સ્પર્શના થાય છે અને પોતાના આત્માના સ્વભાવમાં તેવા જ અનંતગુણો સત્તામાં રહેલા છે તેની સમ્યક્ શ્રદ્ધાન, પ્રતીતિ અને અનુભૂતિ થાય છે. જ્યારે મુમુક્ષુના આત્મામાં શમ, સંવેગ, નિર્વેદ એટલે વૈરાગ્યાદિ ગુણોની યોગ્યતા પાકે છે ત્યારે તેને આત્માની અનુભૂતિ અર્થાત્ સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય છે અને ''સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ'' એ સૂત્ર પ્રમાણે એક સમકિત ગુણ જ્યારે ક્ષાયિકભાવે પ્રગટે છે. ત્યારે બધા જ ગુણો ક્રમે કરીને ક્ષાયિકભાવે પરિણમે તેવો જિન સિદ્ધાંત છે. શ્રી દેવચંદ્રજીના નવમા સુવિધિનાથ ભગવાનના સ્તવનમાં આ સિદ્ધાંત સુંદર રીતે જણાવે છે :-

**પ્રભુ મુદ્રાને યોગ, પ્રભુ પ્રભુતા લખે હો લાલ,**
**દ્રવ્ય તણે સાધર્મ્ય, સ્વસંપત્તિ ઓળખે હો લાલ.**
**ઓળખતાં બહુમાન, સહિત રુચિ પણ વધે હો લાલ,**
**રુચિ - અનુયાયી વીર્ય ચરણધારા સધે હો લાલ. (૯-૬)**

**ક્ષાયોપક્ષમિક ગુણ સર્વ થયા, તુજ ગુણ રસી હો લાલ,**
**સત્તા સાધન શક્તિ, વ્યક્તતા ઉલ્લસી હો લાલ,**
**હવે સંપૂરણ સિદ્ધ, તણી શીવાર છે હો લાલ,**
**દેવચંદ્ર જિનરાજ, જગત-આધાર છે હો લાલ. (૯-૭)**

**(શ્રી દેવચંદ્રજી કૃત શ્રી સુવિધિનાથ જિન સ્તવન)**

ઉપર સમજાવ્યું તેમ જ્યારે પ્રભુભક્તિમાં મગ્ન એવા મુમુક્ષુને વીતરાગ પરમાત્માની મુખમુદ્રાના દર્શન થતાં પ્રભુના અનંતગુણોનું દર્શન સમ્યક્પણે થાય છે ત્યારે તેના આત્મામાં એવા જ અનંતગુણોનું સામર્થ્ય, સ્વસંપત્તિની સ્પર્શના, ઓળખાણ થાય છે અને તે ગુણો પ્રાપ્ત કરવાની તીવ્ર રુચિ (સંવેગ) થતાં તેની ચરણ ધારા એટલે તેની ચારિત્રરૂપી વર્તનાની વીર્ય ધારા ખૂબ જ Force થી ઉત્કૃષ્ટ સાધના કરવામાં જોડાય છે. આવી ઉત્કૃષ્ટ વીર્યની ગતિ (Force) સાતમી અને આઠમી યોગદૃષ્ટિ કાળે **સામર્થ્યયોગમાં** પ્રગટે છે અને **ક્ષપક શ્રેણી** માંડીને સાધક પોતાના બધા જ ક્ષાયોપશમિક ગુણોને ક્ષાયિકભાવે નિરાવરણ કરીને પૂર્ણ સિદ્ધ દશાને પામે છે.

આવી રીતે દાસત્વભાવે પ્રીતિ અનુષ્ઠાનથી શરૂ કરીને, ઠેઠ સમાપત્તિ ધ્યાન પર પહોંચી, ધ્યાનારૂઢ થઈ પૂર્ણ વીતરાગ દશા અને સર્વજ્ઞતા પ્રાપ્ત કરવાનો અમૃત અનુષ્ઠાનનો ક્રમ નીચેના ચિત્ર નં. ૧ માં Flow chart થી રજૂ કર્યો છે. અને ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનું ચિત્ર પણ આપેલ છે.



**ઇચ્છાયોગાદિનું ચિત્ર**

| | | ઈચ્છાયોગ | શાસ્ત્રયોગ | સામર્થ્યયોગ | |
|---|---|---|---|---|---|
| ૧ | કોની | ધર્મ કરવાની | શાસ્ત્રના સૂક્ષ્મ | ધર્મસંન્યાસ | યોગસંન્યાસ |
| | પ્રધાનતા | તીવ્ર ઈચ્છા | બોધની પ્રધાનતા | તીવ્ર પ્રાતિભ જ્ઞાન | અયોગિ અવસ્થાની પ્રાપ્તિ |
| ૨ | મુખ્ય લક્ષણ | સાચી ધર્મની ઈચ્છા યથાયોગ્ય શાસ્ત્ર શ્રવણ સમ્યક્શાસ્ત્ર બોધ પ્રમાદજન્ય વિકલતા | તીવ્ર શાસ્ત્રબોધ શાસ્ત્રજ્ઞાનની પટુતા પરમ શ્રદ્ધા અપ્રમાદાવસ્થા | શાસ્ત્રજ્ઞાનથી પર સ્વાનુભવ જ્ઞાન, સ્વયં સંવેદન, ક્ષાયોપશમિક ભાવોનો ત્યાગ, ક્ષાયિકભાવની પ્રાપ્તિ અંતે કેવલજ્ઞાન | કાયાદિયોગોનો ત્યાગ પરમ પ્રકૃષ્ટ યોગ-પરમ પ્રકૃષ્ટ યોગદશા શૈલેશીકરણ અનાશ્રવાવસ્થા તથા સર્વ સંવરભાવ |
| ૩ | અધિકારી | શાસ્ત્રજ્ઞાની, પ્રમાદી પરંતુ ધર્મની ઈચ્છાવાળો | શાસ્ત્રપટુ પરમ શ્રદ્ધાયુક્ત અપ્રમતાદિ | ક્ષપકશ્રેણીવર્તી જીવો | અયોગી કેવલી ભગવાન્ |
| ૪ | ગુણસ્થાનક | પ્રધાનતાએ ૪થી૬ ગુણસ્થાનકવાળો તથા મંદમિથ્યાત્વી | અપ્રમત્ત તથા અપ્રમત્તાભિમુખ પ્રમત્ત (અંશતઃ-દેશવિરતિ) | ૮થી૧૨ ગુણસ્થાનક | ૧૪મું અયોગીકેવલી અયોગીકેવલી ગુણસ્થાનક |

# આત્મસાધનાના અમૃત અનુષ્ઠાનોની ભક્તિયોગની ગુણશ્રેણીનો આરોહણ ક્રમ - 10 STEPS

↓

સાધકની દાસત્વભાવે જિનભક્તિ

↓

પ્રેમલક્ષણા-પ્રીતિયોગભક્તિ

↓

અનન્ય દેવ-ગુરુ-ભક્તિયોગ

↓

પ્રશસ્ત રાગ-સાત્વિક ભક્તિયોગ

↓

તાત્ત્વિક ભક્તિયોગ

↓

પરાભક્તિ-સમાપત્તિ ધ્યાનયોગ

↓

સામર્થ્યયોગ

↓

ક્ષપકશ્રેણી-શુક્લધ્યાન

↓

સયોગી કેવળીપદ

↓

અયોગી કેવળી

↓

સિદ્ધદશા



## ક્ષમાપના :

દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામીની અનન્યકૃપાથી આ પુસ્તકનું લખાણ નિર્વિઘ્ને અત્રે પૂરું થયું તે માટે હું વીરપ્રભુની અનંતી કરુણાનો ભાજન બની ગયો જેનું ઋણ ચૂકવવા સર્વથા અસમર્થ છું. મારી અલ્પજ્ઞતા, પ્રમાદિપણું, ગુજરાતી ભાષાની બહુ જ અલ્પજ્ઞતા અને યોગ્યતાની ઘણી ખામી હોવા છતાં મેં આ પુસ્તક લખવાનું કાર્ય માત્ર પ્રભુભક્તિથી પ્રેરાઈને સર્વ સાધકોને જિનવાણી અને પ્રભુભક્તિમાં જે મને આનંદ, સંતોષ અને ચિત્ત પ્રસન્નતા અને આત્માના આનંદનો રસાસ્વાદ મળ્યો છે, તે સરળ ભાવે વ્યક્ત કરીને Share કર્યો છે. ભગવાને પ્રકાશેલા સર્વ અનુપષ્ઠાનો અને ધર્મક્રિયાઓ કરવાની પ્રભુની આજ્ઞા છે, કોઈ ક્રિયાનો નિષેધ કરવાનો જ ન હોય. છતાંય મારી અલ્પમતિથી ક્રિયાજડતાનો દોષ ટાળવાની સૂચના કરતાં કોઈનું પણ મન દુઃખ થાય તો અત્યંત ભક્તિભાવે ક્ષમા યાચું છું. જિનવાણી વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.

મારા લખાણોમાં ઘણી ભૂલો જણાય, તત્ત્વની મારી ગેરસમજણ જ્યાં જ્યાં જણાય તે સુધારવા વિદ્વજ્જનો અને જ્ઞાની પુરુષો સુધારી મારું તે પ્રત્યે અવશ્ય ધ્યાન દોરે તેવી પ્રાર્થના કરું છું.

આ ભક્તિયોગની સાધનાનું પુસ્તક દરેક સ્વાધ્યાય Group માં અને વ્યક્તિગત ધર્મ સાધનામાં ઉપયોગી નિવડે તેવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના ભક્તિયોગના Course તરીકે કોલેજોમાં પણ વાપરી શકાય.

# જિનવાણીનો અભ્યાસ કરવા
# સૌ વાચકો, સાધકોને મૈત્રીભાવે વિનંતિ-સૂચના

મનુષ્યભવ મળવો અતિ દુર્લભ છે એમ ભગવાન મહાવીર સ્વામીએ ઉત્તરાધ્યયનસૂત્રના ૩જા અને ૧૦મા અધિકારમાં શ્રી ગૌતમસ્વામી અને શ્રી સુધર્માસ્વામીને વારંવાર સમજાવતાં પ્રતિબોધે છે કે **''समयम् गोयम ! मा पमाय !''** અર્થાત્ હે ગૌતમ ! એક સમય માત્રનો પણ પ્રમાદ ન કરવો અને આવો અવસર ફરી નહિ મળે તેમ જાણી ઝબકે મોતી પરોવી લો. જિનવાણીનું માહાત્મ્ય આપણે આવા દિવ્ય સ્તવનોનાં સુંદર પદોમાં જાણ્યું. પરંતુ ઘણી વાર આપણને જૈનકુળમાં જન્મ મળ્યો અને આપણે મોટા થઈશું ત્યારે ધર્મની આરાધના કરશું એવી એક સામાન્યપણાની માન્યતા ઘર કરી ગઈ છે જેથી જોઈએ તેવો જ્ઞાનાભ્યાસનો, અને ધર્મક્રિયાનો લક્ષ્ય બંધાતો નથી અને આરંભ પરિગ્રહ તથા વિષય કષાયના મલિન પરિણામોમાં જ આપણો મનુષ્યભવ વેડફાઈ જાય છે !

પરંતુ ''જાગ્યા ત્યારથી સવાર'' એ ન્યાયે It is never too late. મને યુવાન વયમાં દેવ-ગુરુકૃપાથી ધર્મસાધના કરવાની તીવ્ર રુચિ થયેલ તે માટે હું ભગવાન મહાવીર પ્રભુનો અત્યંત ઋણી છું. અને તમને સૌને મારી અનુભૂતિના બળથી કહું છું કે તમે દરરોજ એકથી ત્રણ કલાક ધર્મ આરાધનાનો ક્રમ બનાવશો તો આ જિનવાણી રૂપી પારસમણીના સ્પર્શથી આત્માનું ઉપાદાન જાગૃત અવશ્ય થશે અને આપણી સૌની મોક્ષની મંગળયાત્રા આવા અમૃત અનુષ્ઠાનોની સાધનાની સુગમતાથી આગળ વધશે. આના પ્રમાણ માટે આ પુસ્તકના અંતમાં મહોપાધ્યાય યશોવિજયજીના ગ્રન્થરત્નરૂપી દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસમાંથી થોડી ગાથા સમજાવી જિનવાણીના ગુણગ્રામ અને બહુમાન



કરીને સૌને જિનવાણીનો અભ્યાસ કરવા પ્રાર્થના કરું છું. જુઓ કેવી છે આ જિનવાણી :-

સામાન્ય મ જાણો, એ તો જિન બ્રહ્માણી ।
ભલી પરિ સાંભલો, તત્ત્વરયણની ખાણી ॥
એ શુભમતિમાતા, દુર્મતિવેલી કૃપાણી ।
એ શિવસુખ સુરતરુ, ફલ રસાસ્વાદ નિસાણી. (૧૬-૩)
એહથી સંભારી જિનગુણ, શ્રેણી સુહાણી ।
વચનાનુષ્ઠાઈ સમાપત્તિ પરમાણી ॥ (૧૬-૫)

**(ઉપાધ્યાય યશોવિજયજી કૃત દ્રવ્યગુણ પર્યાયનો રાસ)**
**ઢાળ ૧૬, ગાથા ૩, ૪**

**ભાવાર્થ :** આ દ્રવ્યાનુયોગને સમજાવનારી વીતરાગ પરમાત્માની વાણી સામાન્ય છે એમ ન જાણો ! એ તો સાક્ષાત જિનેશ્વર ભગવાનની બ્રહ્માણી (વાણી) છે. માટે સાવધાનતાપૂર્વક સાંભળો, સમજો. આ જિનવાણી તત્ત્વોરૂપી રત્નોની ખાણ છે. વળી આ વાણી શુભમતિની માતા છે, અને દુર્મતિ (મલિન પરિણામો)ની વેલડીને કાપવામાં કુહાડી સમાન છે. આ જિનવાણી મોક્ષના અનંત સુખરૂપી કલ્પવૃક્ષના ફળોની રસાસ્વાદની નિશાની છે.

ઉપાધ્યાયજી ૧૬-૫ ગાથામાં કહે છે કે આ જિનવાણીને નિરંતર વાગોળવાથી, અનુપ્રેક્ષાથી, જિનેશ્વર પરમાત્માના અનંતગુણોની સ્મૃતિ થાય છે. તેના દ્વારા આ વચન અનુષ્ઠાન અને અસંગ અનુષ્ઠાનની સાધના વડે ''સમાપત્તિ'' દશાની પ્રાપ્તિ થાય છે. વળી વિશેષ ધ્યાનથી સમજવું કે આ જિનકથિત પરમ રહસ્યભૂત તત્ત્વ હૃદયમાં સ્થિર થયે છતે, પરમાત્મા જ હૃદયસ્થ થયા છે એમ જાણવું. કારણકે જેની વાણી રુચે તે વાણી કહેવાવાળા વકતા (તીર્થંકરદેવ) પણ અવશ્ય રુચ્યા જ સમજવા ! આવી રીતે જે મુમુક્ષુ નિરંતર **જિનવાણીના**

**તત્ત્વોને હૃદયમાં વાગોળે છે,** તેની સ્તવના, ભજના ભક્તિ કરે છે **તે ભવ્ય જીવના અંતઃકરણમાં, હૃદયમાં, મનમાં જાણે સાક્ષાત્ પરમાત્મા બિરાજમાન થયા એમ જાણી, તેના મોક્ષરૂપી સાધનાના સર્વ કાર્યો સફલ થયા છે એમ સમજો.**

વચનાનુષ્ઠાનથી સમાપત્તિ દશાની વિશેષ સમજણ ઉપરોક્ત ગ્રન્થમાંથી અને યોગદષ્ટિ સમુચ્ચય ગ્રન્થમાંથી સમજવા વિનંતી છે. આ નાનકડું પુસ્તક ફરી ફરી ભણવાથી ભક્તિયોગની સાધના પાકી થશે, જ્ઞાનાવરણ ઘટશે અને ક્ષયોપશમ લબ્ધિ પ્રગટશે.

આ પુસ્તકમાં જે ગ્રન્થોના સંદર્ભો મૂક્યા છે તે બધા જ ગ્રન્થોનું લીસ્ટ પાછળ મુક્યું છે તે જાણી, તેમાંથી બને તેટલા શાસ્ત્રોનો અભ્યાસ કરવાની ખાસ ભલામણ છે. આ પુસ્તકમાં રજુ કરેલા સ્તવનોના અર્થ પણ સમજીને મુખપાઠ કરવા અને તેની ભક્તિ કરવાની ખાસ સૂચના છે મારી ભૂલોને સુધારવા મને સૂચના અવશ્ય કરશો.

**॥ મિચ્છા મિ દુક્કડમ્ ॥**

## જ્ઞાનાભ્યાસ અને ભક્તિયોગનો સમન્વયરૂપ અભ્યાસ કરવાની સૂચના-નમ્ર પ્રાર્થના

આપણે જોયું કે શ્રી આનંદઘનજીના સ્તવનો અધ્યાત્મયોગથી ખૂબ જ રસભર છે અને શ્રી દેવચંદ્રજીના સ્તવનોમાં દ્રવ્યાનુયોગ અને ભક્તિયોગનો અણમોલ સંગમ છે. મને પ્રભુકૃપાથી દ્રવ્યાનુયોગના શાસ્ત્રોની રુચી ઘણી જ યુવાન વયે થઈ અને ભક્તિયોગની રુચિ તો નાનપણથી જ હતી. જેના પરિણામે આ પુસ્તક રચવાનો સુયોગ દેવ-ગુરુ કૃપાથી પ્રાપ્ત થયો, અને મારો અનુભવ Share કરું છું. મારી અલ્પજ્ઞતા માટે ક્ષમા કરજો.



દરેક સાધક મિત્રોને દ્રવ્યાનુયોગનો અભ્યાસ ખંતથી, રુચિથી અને ધીરજથી કરવાની મારી નમ્ર વિનંતી અને પ્રાર્થના છે. આનું માહાત્મ્ય સમજવા ઉપાધ્યાય યશોવિજયજીની બે ત્રણ ગાથાઓ સમજીએ

**વિના દ્રવ્ય અનુયોગ વિચાર, ચરણકરણનો નહીં કો સાર ।**
**સમ્મતિ ગ્રન્થે ભાસ્યું ઈસ્યું, તે તો બુધ જન મનમાં વસ્યું ॥ (૧-૨)**
**દ્રવ્યાદિક ચિંતાએ સાર, શુક્લધ્યાન પણિ લઈએ પાર ।**
**તે માટે એહી જ આદરો, સદ્ગુરૂ વિણ મત ભૂલા ફરો ॥ (૧-૬)**

**(ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ. ઢાળ ૧, ગાથા ૨ અને ૬)**

**ભાવાર્થ :** ઉપાધ્યાય શ્રી યશોવિજયજી તેમના મહાગ્રન્થરત્ન શ્રી દ્રવ્ય ગુણ પર્યાય રાસની પહેલી ઢાળમાં બીજી ગાથામાં તાર્કિક શિરોમણી શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી કૃત 'સમ્મતિતર્ક પ્રકરણ'ની સાક્ષી (પ્રમાણરૂપે) આપીને કહે છે :-

''દ્રવ્યાનુયોગનો અભ્યાસ કર્યા વિના, તે મહાન તત્ત્વજ્ઞાનનો શ્રવણ, ચિંતન, મનન અને અનુપ્રેક્ષા કર્યા વિના માત્ર લોકસંજ્ઞાથી ધર્મક્રિયામાં એટલે કે એકલા વ્યવહાર માર્ગમાં જેઓ મગ્ન છે, તેને જ ધર્મ માની વર્તે છે, તે કર્મક્ષયના ફળરૂપે નિર્જરા અને અંતરશુદ્ધિનો ક્ષયરૂપ મોક્ષફળ પામતા નથી. તેવા ક્રિયાજડતામાં કોઈક મગ્ન જીવો પોતાની તપ, જપ અને બાહ્યક્રિયાની સંખ્યા ગણી ગણીને પોતાના માનકષાયને વધારે છે અને મુખ્ય કાર્ય જે ''મોહનો નાશ કરવાનો'' છે તેનો લક્ષ પણ નથી હોતો જેમ કે આ ધર્મક્રિયા કરવાથી મારી વિભાવદશા કેટલી ઘટી, અને સ્વભાવદશા કેટલી વધી તેનો ખ્યાલ પણ હોતો નથી. દ્રવ્યાનુયોગના (આત્માનું સ્વરૂપ સમજાવનાર શાસ્ત્રો જેવા કે અધ્યાત્મસાર, દ્રવ્ય-ગુણ પર્યાયના રાસના) અભ્યાસ વિના, **સમજણ વિનાની ધર્મક્રિયા ઘણીવાર મોહને પોષનારી બની જાય છે. માટે**

**આત્મજાગૃતિ આત્મલક્ષ લાવવા દ્રવ્યાનુયોગ ભણવો અત્યંત જરૂરી છે.** જે જે વ્રતનિયમાદિનું પાલન છે તે સાધના છે અને તેના ફલરૂપે મોહના વિકારો, વિષય કષાયના ભાવોના નાશ કરવો તે સાધ્ય છે, અને તે જ મોહનીયકર્મનો ક્ષયોપશમભાવ છે.''

વળી આ વાતની મહત્ત્વના ઉપાધ્યાયજી દ્રવ્ય-ગુણ-પર્યાયની ૧લી ઢાળની ૬ઠી ગાથામાં દ્રવ્યાનુયોગ તે શુક્લધ્યાનનું પ્રધાન કારણ છે એમ પ્રકાશે છે :-

**દ્રવ્યાદિક ચિંતાઈ સાર, શુક્લધ્યાન પણ લહિએ પાર ।**
**તે માટે એહી જ આદરો, સદ્‌ગુરુ વિણ મત ભૂલા ફરો ॥**
**(દ્રવ્ય-ગુણ પર્યાયનો રાસ - ૧-૬)**

દ્રવ્યાનુયોગનો અભ્યાસી મુમુક્ષુજીવ, નિરંતર આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતવના કરનારો આત્મા, શ્રેષ્ઠ એવા શુક્લધ્યાનનો પણ પાર પામે છે, (જે મોક્ષનું અચૂક કારણ બને છે), માટે આ ઉત્તમ દ્રવ્યાનુયોગનો આદરથી અભ્યાસ કરો અને તેમાં સદ્‌ગુરુ વિના ભૂલા થઈ ન ભટકો. ગુરુકૃપાથી સમજો.

આ ગ્રન્થના વિવેચન કર્તા પૂજ્ય પંડિતવર્ય શ્રી ધીરજલાલ મહેતા (જેમનો મને ગાઢ પરિચય અને લાભ મળ્યો છે) એ ગ્રન્થના પાના નં. ૨૫-૨૬ માં જણાવે છે કે, દ્રવ્યાનુયોગની ચિંતવનાથી સિદ્ધસમાપત્તિ અવસ્થાની પ્રાપ્તિ થાય છે તે નીચેના અવતરણથી સમજાશે.

''આત્માના શુદ્ધ દ્રવ્ય, ગુણ અને પર્યાયની ભાવના ભાવતાં ભાવતાં સાધક જીવ સિદ્ધસમાપત્તિદશા પ્રાપ્ત કરે છે. અનાદિકાળથી આ જીવ ભવાભિનંદીપણું ધરાવે છે જેના લીધે જગતના પુદ્‌ગલ પદાર્થોમાં તીવ્ર આસક્તિ અને વિષયકષાયના મલિનતાના પરિણામોમાં ડૂબેલો છે. આવી ઉલટી બુદ્ધિ કરવામાં આત્મામાં ભળેલો 'મોહનો ઉદય' પ્રધાનકારણ છે. આ જીવની પરાભિમુખતા છે. તેને ટાળવાનો મુખ્ય ઉપાય જ્ઞાનાભ્યાસથી મોહનીયકર્મનો ક્ષયોપશમ અને ક્ષય કરવાનો પ્રયત્ન છે. અશુદ્ધ નિમિત્તોથી દૂર થઈને જ્યારે સાધક આત્મા જાગૃતિપૂર્વક અરિહંત પરમાત્માના નિરાવરણ થયેલા શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયના ચિંતનમાં પોતાના આત્માને વાળવા જ્ઞાન અને ભક્તિયોગથી સાધના કરે છે, પરમાત્માના અનંતગુણોની ગુણાનુરાગવાળી ભક્તિમાં લીન થાય છે, ત્યારે તેનો પુરુષાર્થ પોતાના આત્માના શુદ્ધિકરણ કરવા પ્રત્યે વળે છે. આવા પ્રકારના પ્રભુના શુદ્ધ સ્વરૂપના ચિંતનમાં વર્તતાં કાળક્રમે તેમાં જ સ્થિર થતો આત્મા, વારંવાર આવા ચિંતન-મનનના અભ્યાસથી પોતાના આત્મામાં જ પરમાત્માપણું સમજે છે, કે નિશ્ચય નયથી મારો આત્મા પણ અનંત ગુણોનો સાગર છે. જે અંતરવૈભવ મારે પ્રગટ કરવા માટે પ્રભુની તત્ત્વભક્તિ જ ઉત્તમ ઉપાય છે. આવી સાધનાથી સાધક જીવ બાહ્યભાવમાં (જગતના પદાર્થોમાં) ભટકતી ચેતનાને અંતર્મુખ કરે છે અને જેમ તે અંતરમુખતા વધે છે તેમ તેની અંતરઆત્મદશા પ્રગટ થાય છે. **આવી રીતે અંતર્મુખવૃત્તિની પ્રબળતા (Forcefull) થતાં, આ જીવની મોહદશા ક્ષીણ થવા લાગે છે અને કાળાન્તરે આવી સાધના જેમ જેમ પ્રબળ બને તેમ તેમ ત્યારે મોહનીયનો ક્ષય થાય છે. ચેતનાને શુદ્ધ બનાવવાનો આ જ પરમ ઉપાય છે.**

**અરિહંત પરમાત્માના શુદ્ધ દ્રવ્ય-ગુણ અને પર્યાયની સાથે પોતાના આત્માનો અભેદ વિચારતાં, પરદ્રવ્યો પ્રત્યેના ભાવો તૂટી જતાં, કોઈ ધન્ય પળે નિર્વિકલ્પદશા પ્રાપ્ત કરી આ આત્મા ભાવથી ''સિદ્ધની સમાન અવસ્થા'' પામે છે જેને ''સિદ્ધસમાપત્તિ'' કહેવાય છે.** આવી અવસ્થા પ્રાપ્ત કરવી એ જ શુકલધ્યાનનું ફલ છે આવી રીતે જેમ જેમ સાધક જીવની અંતર આત્મદશાની વિશુદ્ધતા વધતી જાય, તેમ તેમ આ આત્મા પરમાત્મા સાથે પડેલા ભેદનો છેદ કરીને પરમાત્મા જેવી જ

દશા પામે છે. આવી દશા સામર્થ્યયોગથી શુક્લ ધ્યાનના બળથી પ્રગટે છે જે અવશ્ય મોક્ષનું અવંધ્ય કારણ છે. આ વાતને બે પદોથી પ્રમાણ આપીને સમજાવે છે.

**જે જાણતો અરિહંતને ગુણ દ્રવ્યને પર્યય પણે,**
**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.**
(આચાર્યવર કુંદકુદ ભગવાન રચિત પ્રવચન સાર ગાથા ૮૦)

**અર્થાત્** જે ભવ્ય જીવ દ્રવ્યત્વ ગુણત્વ અને પર્યાયત્વ વડે અરિહંત પરમાત્માને જાણે છે. તે આત્મા જ પોતાના આત્માને અરિહંત સમાન જાણે છે અને તે જીવનો મોહ અવશ્ય લયને એટલે ક્ષયને પામે છે.

પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી નવપદની પૂજામાં આ જ વાત સુંદર રીતે પ્રકાશે છે :-

**અરિહંત પદ ધ્યાતો થકો, દ્રવ્ય ગુણ પજ્જાય રે,**
**ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે.**

આવી રીતે જ્ઞાનમાર્ગની સાધનામાં ક્રિયામાર્ગ ઉપકારી સાધન અવશ્ય છે, પણ અંતરાત્મદશા પ્રાપ્ત કરવા માટે અને મોહનો ક્ષય કરવા માટે જ્ઞાનમાર્ગ અતિશય વધારે ઉપકારી છે. આ જ્ઞાનમાર્ગ કઠીન છે માટે સદ્ગુરૂની નિશ્રામાં જ તેની સાધના કરવાની જરૂરી છે, અને સ્વમતિકલ્પનાથી શાસ્ત્રોના અર્થ ન કરવાની ભલામણ જ્ઞાની પુરુષો વારંવાર કરે છે.

### સમ્યક્દર્શનની આરાધનાના સૂત્રો

**નાણપરમગુણ જીવનો, નાણ ભવન્નવપોત,**
**મિથ્યામતિ તમ ભેદવા, નાણ મહા ઉદ્યોત.**
(દ્રવ્યગુણપર્યાયનો રાસ - ઢાળ ૧૫ - ગાથા ૮)



**અર્થાત્ :** સમ્યક્જ્ઞાન એ જીવનો પરમગુણ છે, જ્ઞાન તે ભવસમુદ્રથી તરવા માટે સફરી જહાજ છે, મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરવા પ્રકાશ સમાન છે, માટે જ્ઞાનાભ્યાસ તે મોક્ષનો સર્વોત્કૃષ્ટ ઉપાય છે. **ज्ञानक्रियाभ्याम् मोक्षः ॥**

**જિહાં લગે આતમદ્રવ્યનું લક્ષણ નવી જાણ્યું,**
**તિહાં લગે ગુણઠાણું કેમ આવે તાણ્યું ?**
**આતમ તત્ત્વ વિચારીએ.**

**આતમ અજ્ઞાને કરી, જે ભવ દુ:ખ લઈએ,**
**આતમ જ્ઞાને તે ટળે, એમ મન સદ્હીએ.**

**જ્ઞાનપ્રકાશેરે મોહતિમિર હરે, જેહને સદ્ગુરુ સૂર,**
**તે નિજ દેખે રે સત્તા ધર્મની, ચિદાનંદ ભરપૂર.**

**એમ જાણીને રે જ્ઞાનદશા ભજી, રહીએ આપસ્વરૂપ,**
**પર પરિણતિથી રે, ધર્મ ન છાંડીયે, નવિ પડીયે ભવકૂપ.**
(ઉ. યશોવિજયજી કૃત સવાસો ગાથાનું સ્તવન)

**"આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળ જ્ઞાન રે"**
**"દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપરે,**
**અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે."**
(ઉ. યશોવિજયજી કૃત અમૃતવેલની સજઝાય)

# References

## આધારભૂત ગ્રંથ સૂચિ


| ગ્રન્થનું નામ | ગ્રન્થકર્તા / વિવેચક |
|---|---|
| ૧ આચારાંગ સૂત્ર | ગણધર ભગવાન |
| ૨ ભગવતિ સૂત્ર | ગણધર ભગવાન |
| ૩ ઉત્તરાધ્યયન સૂત્ર | સુધર્મસ્વામી ભગવાન |
| ૪ તત્ત્વાર્થ સૂત્ર | ઉમાસ્વાતિ ભગવાન |
| ૫ સમયસાર | આચાર્ય શ્રી કુંદકુંદસૂરિજી |
| ૬ પ્રવચન સાર | આચાર્ય શ્રી કુંદકુંદસૂરિજી |
| ૭ અષ્ટ પાહુળ | આચાર્ય શ્રી કુંદકુંદસૂરિજી |
| ૮ સમાધિ તંત્ર | આચાર્ય પૂજ્યપાદ સ્વામીજી |
| ૯ જ્ઞાનાર્ણવ | આચાર્ય શ્રી શુભચન્દ્રજી |
| ૧૦ યોગદૃષ્ટિ સમુચ્ચય | આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી |
| ૧૧ યોગશતક | ” |
| ૧૨ યોગવિંશતિ | ” |
| ૧૩ ષોડશક પ્રકરણ | ” |
| ૧૪ લલિતવિસ્તરા | ” |





| ગ્રન્થનું નામ | ગ્રન્થકર્તા / વિવેચક |
|---|---|
| ૧૫ ધર્મબિન્દુ | ” |
| ૧૬ ષટ્દર્શન સમુચ્ચય | ” |
| ૧૭ યોગસાર | ચિરંતનાચાર્ય |
| ૧૮ અધ્યાત્મસાર | મહો. શ્રી યશોવિજયજી |
| ૧૯ જ્ઞાનસાર | ” |
| ૨૦ આઠ યોગદૃષ્ટિ સજ્ઝાય | ” |
| ૨૧ દ્રવ્યગુણ પર્યાયનો રસ | ” |
| ૨૨ અમૃતવેલની સજ્ઝાય | ” |
| ૨૩ ૧૮ પાપસ્થાનક સજ્ઝાય | ” |
| ૨૪ સવાસો ગાથાનું સ્તવન | ” |
| ૨૫ શ્રી વચનામૃતજી | શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ - અગાસ |
| ૨૬ નિત્યક્રમ | શ્રીમદ્ આશ્રમ - અગાસ |
| ૨૭ આનંદઘન-તીર્થંકર ચોવીસી | વિવેચકઃ મોતીલાલ કાપડીયા |
| ૨૮ દેવચંદ્રકૃત તીર્થંકર ચોવીસી | વિવેચક-પંડિત શ્રી ધીરૂભાઈ મહેતા |
| ૨૯ ઉપાધ્યાય યશોવિજયજી અને મોહનવિજયજી ચોવીસી | અનુવાદક - પારસભાઈ જૈન અગાસ આશ્રમ |

| ગ્રન્થનું નામ | ગ્રન્થકર્તા / વિવેચક |
|---|---|
| ૩૦ આનંદઘનજીના ૧૦૮ પદ | શ્રી બુદ્ધિસાગરજી મહારાજ |
| ૩૧ ભક્તામરસ્તોત્ર | માનતુંગાચાર્ય-વિવેચકઃ સરયુબેન મહેતા |
| ૩૨ કબીરવાણી | મહાત્મા કબીરજી |
| ૩૩ ગંગાસતીના ભજન | ગંગાસતી |
| ૩૪ આશ્રમ ભજનાવલી | ગાંધીજીની પ્રેરણાથી |
| ૩૫ સમ્મતિતર્ક | સિદ્ધસેનદિવાકર- વિવે.: ધીરૂભાઈ પંડિત |
| ૩૬ સમ્યક્ત્વના ૬૭ બોલની સજ્ઝાય | ઉ. શ્રી યશોવિજયજી વિવેચક : ધીરૂભાઈ પંડિતજી |
| ૩૭ મોક્ષમાળા | શ્રીમદ્ રાજચંદ્રજી-અગાસ આશ્રમ |
| ૩૮ ઈષ્ટોપદેશ | આચાર્ય પૂજ્યપાદ-અગાસઆશ્રમ |
| ૩૯ દેવચંદ્રજી કૃત વિહરમાન તીર્થંકરના સ્તવનો | રાવજીભાઈ દેસાઈ- અગાસ આશ્રમ |
| ૪૦ કલ્યાણમંદિર સ્તોત્ર | શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી |

નોંધ - ઉપાધ્યાય યશોવિજયજીના શાસ્ત્રો અને સજ્ઝાયોના વિવેચક પંડિતવર્ય શ્રી ધીરજલાલ ડી. મહેતાના પુસ્તકો મુંબઈ અને અમદાવાદમાં ઉપલબ્ધ છે.



# શબ્દકોષ - Dictionary

અમૃત અનુષ્ઠાન - આત્મકલ્યાણના લક્ષે થતી ભાવપૂર્વકની ધર્મ ક્રિયાઓ

અંતરશુદ્ધિ - વિષય-કષાયની મલિનતા દૂર કરવી

કેવળ જ્ઞાન - સર્વજ્ઞતા-ત્રણે કાળનું સર્વ દ્રવ્યોનું અને તેના ગુણપર્યાયનું પૂર્ણ જ્ઞાન

ક્ષપક શ્રેણી - શુકલ ધ્યાનની શ્રેણી જેમાં સર્વ કર્મોનો ક્ષય થાય છે.

દ્વાદશાંગી - જિન આગમ શાસ્ત્રો-૧૨ અંગ

પ્રાજ્ઞજીવો - બુદ્ધિશાળી જીવો

જડ જીવો - મૂઢ, અણસમજુ જીવો

વક્રબુદ્ધિ - અવળી સમજણવાળા જીવો

પ્રવચન અંજન - સદ્‌ગુરુના બોધરૂપી અંજન

સંજીવની ઔષધિ - જેનાથી બધા રોગો મટી જાય તેવી જડીબુટ્ટી

ગુણાનુરાગ - જ્ઞાની ભગવંતના ગુણોનું બહુમાન

દરિશણ શુદ્ધતા - સમ્યક્‌દર્શનની વિશુદ્ધિ

વિપર્યાસબુદ્ધિ - સ્વરૂપ વિષે અજ્ઞાનવાળી દુર્બુદ્ધિ

ભવાભિનંદી જીવ - સંસારમાં સુખબુદ્ધિવાળા જીવો

આર્તધ્યાન - ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિથી રાગદ્વેષના પરિણામ થવા

રૌદ્રધ્યાન - હિંસક ભાવો, જૂઠ અને તીવ્ર ચોરીના ભાવો

ઓઘદૃષ્ટિ - પુદ્‌ગલ પદાર્થોમાં સુખબુદ્ધિ

યોગદૃષ્ટિ - આત્મામાં સુખ છે તેવી સન્મતિ

શમ-ઉપશમ - કષાયની ઉપશાંતતા

| | | |
|---|---|---|
| સંવેગ | - | માત્ર મોક્ષની જ અભિલાષા |
| નિર્વેદ-વૈરાગ્ય | - | ભોગ પ્રત્યે વૈરાગ્યદૃષ્ટિ, ઉદાસીનતા |
| આસ્થા | - | જિનભાષિત તત્ત્વમાં જ સત્યબુદ્ધિ |
| અવિસંવાદિ નિમિત્ત | - | અચૂક ફળ પ્રાપ્તિ કરાવે તેવું નિમિત્ત જે જિનેશ્વર દેવ છે. |
| બહિરાત્મા | - | બાહ્યદૃષ્ટિવાળો જીવ, જગતમાં અને સંસારમાં જ સુખબુદ્ધિ, દેહમાં આત્મબુદ્ધિ |
| અંતરઆત્મા | - | આત્મામાં જ આત્મબુદ્ધિ |
| વિવેકબુદ્ધિ | - | હેય-ઉપાદેયનો વિવેક |
| આગમ શાસ્ત્રો | - | વીરપ્રભુની દેશના ગણધરોએ રચી તે આગમ શાસ્ત્રો |
| પુદ્‌ગલ પરાવર્તન | - | સમજી ન શકાય તેટલો લાંબો કાળ |
| જિજ્ઞાસા | - | જ્ઞાનીએ પ્રકાશેલ તત્ત્વ સમજવાની ધગશ, ખંત, તીવ્ર ઈચ્છા |
| શુશ્રુષા | - | તત્ત્વ સાંભળવાની તીવ્ર ઈચ્છા |
| ચિત્તપ્રસન્નતા | - | આત્માનો સહજ આનંદ અનુભવવો. |
| સ્યાદ્‌વાદવાણી | - | નિશ્ચય અને વ્યવહારની સાપેક્ષતા |
| સમ્યક્ શ્રદ્ધા | - | તત્ત્વ આમ જ છે તેવી અડગ શ્રદ્ધા |
| દ્રવ્યલિંગી મુનિ | - | માત્ર બાહ્ય વેષે મુનિ, જ્ઞાન વગરના સાધુ |
| સત્પુરુષ | - | આત્મજ્ઞાની મહાત્મા |
| વચનામૃત | - | જ્ઞાની પુરુષનાં વચનો |
| સ્વચ્છંદતા | - | પોતાની મતિ કલ્પનાથી વર્તવું |
| સત્સંગ | - | જ્ઞાની પુરુષનો સંગ |
| સ્વાધ્યાય | - | આત્મલક્ષે શાસ્ત્ર અભ્યાસ કરવો |
| ત્રિવિધ તાપ | - | આધિ-વ્યાધિ-ઉપાધિ |



| | | |
|---|---|---|
| આત્મભ્રાન્તિ | - | સ્વરૂપ વિષે અજ્ઞાન |
| ગુણસ્થાનક | - | આત્માનું ગુણોમાં રહેવાનું સ્થાનક |
| ઘાતિકર્મો | - | જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મો તે ઘાતિકર્મો છે. આત્માના ગુણોનો નાશ કરનાર. |
| ક્રિયા જડતા | - | ભાવ વગરની, સમજણ વગરની ક્રિયા |
| મુમુક્ષુતા | - | મોક્ષ પ્રાપ્ત કરવાની તીવ્ર ઈચ્છા |
| આઠ યોગદૃષ્ટિ | - | આત્માની દશામાપક યોગ દૃષ્ટિઓ |
| સાપેક્ષ વચન | - | નિશ્ચય અને વ્યવહારનો સમન્વય |
| દ્રવ્ય | - | પદાર્થનું મૂળભૂત સ્વરૂપ |
| પર્યાય | - | બદલાતી અવસ્થા |
| અભિનિવેષ | - | મતના આગ્રહોવાળું મન |
| કદાગ્રહ | - | ખોટા મતનો કે સ્વનો આગ્રહ |
| દ્રવ્ય ક્રિયા | - | **Mechanical** ક્રિયા, જડતાવાળી, ભાવશૂન્ય ક્રિયા |
| વિષ અનુષ્ઠાન | - | સંસારિક લાભ અર્થે થતી ધર્મક્રિયાઓ |
| ગરલ અનુષ્ઠાન | - | પરલોકના સુખની ઈચ્છાવાળી ક્રિયા |
| અનઅનુષ્ઠાન | - | ભાવ વગરની શૂન્ય મનવાળી ક્રિયા |
| સમિતિ | - | ગુરુ આજ્ઞા પ્રમાણે ખાવું, ફરવું વગેરે |
| ગુપ્તિ | - | મન-વચન-કાયાનો સંયમ |
| ચરમાવર્ત | - | છેલ્લું પુદ્‌ગલ પરાવર્તન |
| કાળલબ્ધિ | - | જીવને મોક્ષપ્રાપ્તિનો ઉદયકાળ પાકવો તે |
| ભવ-ઉદ્વેગ | - | સંસાર પ્રત્યે સાચો વૈરાગ્યભાવ |
| લોકસંજ્ઞા | - | લોકમતથી તણાઈને થતી ક્રિયા |
| ઓઘસંજ્ઞા | - | અંધશ્રદ્ધા, કુળધર્મને સાચો માનવો |

| | | |
|---|---|---|
| અનિત્યભાવના | - | બાર ભાવનામાં જગતની અનિત્યતા સમજવી |
| આત્માર્થી | - | આત્મકલ્યાણનો જિજ્ઞાસુ જીવ |
| ભેદજ્ઞાન | - | જડ-ચેતનનો વિવેક |
| અપ્રમત ગુણસ્થાનક | - | સાતમું નિર્વિકલ્પ દશાવાળું ગુણસ્થાનક |
| સમાપત્તિ ધ્યાન | - | ભાવથી તીર્થંકર ભગવાનની ગુણસ્પર્શના |
| ભૃંગી | - | ભમરી |
| ઈલીકા | - | ઈયળ |
| પરાભક્તિ | - | આત્મા અને પરમાત્માનું એકરૂપ થવું. |
| તીર્થંકર નામકર્મ | - | ભાવિમાં તીર્થંકર પણું પ્રાપ્ત થવું. |
| નિષ્કારણકરુણા | - | જ્ઞાનીની કરુણા સહજે જ હોય તે |
| ચોળમજીઠનો રંગ | - | કદી ઉતરે નહિ તેવો પાકો રંગ |
| સ્વસંવેદન જ્ઞાન | - | આત્માની અનુભૂતિ પૂર્વકનું જ્ઞાન |
| પ્રત્યાહાર | - | વિષયોમાંથી ઈન્દ્રિયો પાછી ખેંચવી |
| વેદ્યસંવેદ્યપદ | - | આત્મ અનુભૂતિ |
| સૂક્ષ્મબોધ | - | જડ-ચેતનનો અનુભૂતિવાળો વિવેક |
| ઝાંઝવાના જળ | - | ભ્રમણાવાળું જળ રેતીમાં નજરાય (Mirage) |
| જ્ઞાન ચેતના | - | આત્માનું લક્ષણ જ્ઞાન છે તેવી ચેતના |
| અધ્યાત્મયોગ | - | જેમાં આત્મસાધનાનું લક્ષ હોય તે |
| જ્ઞાનયોગ | - | જૈન તત્ત્વોનું જ્ઞાન સમજાવે તેવો યોગ |
| તિન્નાણં તારયાણં | - | તીર્થંકર ભગવાન - પોતે તર્યા અને સૌને સંસારથી તારનારા દેવ છે. |
| ત્રિપદી મંત્ર | - | ઉત્પાદ-વ્યય-ધ્રુવતાનો મંત્ર |
| દેહાધ્યાસ | - | દેહમાં સુખબુદ્ધિ, મમત્વબુદ્ધિ |



| | | |
|---|---|---|
| ઉત્સૂત્રપણુ | - | ભગવાનના સૂત્રથી વિરુદ્ધ બોલવું |
| અનુપ્રેક્ષા | - | અનુપ્રેક્ષા-તત્ત્વનું ચિંતન, મનન, ભાવન |
| સજીવનમૂર્તિ | - | પ્રત્યક્ષ સદ્‌ગુરુ અથવા સત્પુરુષ |
| અપ્રતિબદ્ધતા | - | બંધનથી રહિત અથવા **Attachment** રહિત |
| સમ્યક્ પ્રતિતિ | - | સાચું શ્રદ્ધાન, યથાર્થ શ્રદ્ધા |
| ચરણારવિંદ | - | સદ્‌ગુરુ કે તીર્થંકરના ચરણકમળ |
| ધાતુમેલાપ | - | ભગવાનના શુદ્ધ સ્વરૂપ સાથે એકતા |
| યથાખ્યાત ચારિત્ર | - | કેવળજ્ઞાન, સર્વજ્ઞતા |
| ક્ષીણમોહ ગુણસ્થાનક | - | બારમું ગુણસ્થાનક |
| અનંતાનુબંધી કર્મ | - | અનંત સંસાર વધારે તેવાં કર્મ |
| ચિત્તપ્રસન્નતા | - | પ્રભુભક્તિનું ફળ ચિત્તશાંતિ, આનંદ |
| અવિચળ ગુણગેહ | - | શાશ્વત અવ્યાબાધ સુખ-સિદ્ધપદ |
| અપ્રશસ્ત રાગ | - | અશુભ રાગ-વિકારી ભાવો |
| પ્રશસ્તરાગ | - | ભગવાનના અનંતગુણોનો ગુણાનુરાગ |
| ઋણાનુબંધ | - | પૂર્વકર્મના ફળરૂપે મળેલા સંયોગો |
| ઉપમા અલંકાર | - | ઉદાહરણથી સમજાવવાની ઉત્તમશૈલી |
| સુવર્ણ સિદ્ધિ | - | એક રસાયણ જે તાંબું સોનામાં બદલાવી નાખે તેવું રસાયણ |
| ક્ષાયિક સમકિત | - | જે પૂર્ણ શુદ્ધ સમકિત, કદિ નાશ ન પામે તેવું. |
| તત્ત્વ જિજ્ઞાસા | - | ભગવાને પ્રકાશેલા તત્ત્વોને સમજવાની પ્રબળ ઈચ્છા - **Burning Desire** |
| મિથ્યાત્વ | - | આત્માના સ્વરૂપ વિષે અજ્ઞાન |
| સમ્યક્ત્વ | - | આત્માનું સ્વસંવેદનપૂર્વક અનુભૂતિ |

| | | |
|---|---|---|
| અક્ષય, અભંગ | - | નાશ ન પામે, તૂટે નહિ તેવી દશા |
| અનંતગુણનિધાન | - | ભગવાન અનંતગુણોના સાગર છે. |
| ઓસાંગલો | - | વિરહનો તાપ, મુંઝવણ, બેચેની |
| વ્યવહારસમકિત | - | સત્ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે સાચી શ્રદ્ધા |
| દોહગ | - | દુર્ભાગ્ય, માઠી દશા |
| ધીંગધણી | - | ત્રણ લોકના નાથ તીર્થંકરદેવનું શરણ |
| અંતરવૈભવ | - | આત્માના અનંત ગુણો - અનંતજ્ઞાનાદિ |
| દ્રવ્યદૃષ્ટિ | - | આત્માના નિત્ય શાશ્વત સ્વભાવને જાણવું |
| પર્યાયદૃષ્ટિ | - | આત્માના ઉત્પાદ-વ્યય રૂપી બદલાતી અવસ્થા |
| નિશ્ચયનય | - | પદાર્થના ધ્રુવ, મૂળ સ્વભાવને પ્રધાનપણે જાણે |
| વ્યવહારનય | - | પદાર્થની બદલાતી અવસ્થાને પ્રધાનપણે જાણે |
| મોહનિદ્રા | - | અજ્ઞાન દશા, સ્વપ્ન દશા |
| શાંત સુધારસ | - | વીતરાગતા દર્શાવતી પ્રભુની પ્રતિમા |
| દ્રવ્યાનુયોગ | - | નવતત્ત્વ, છ દ્રવ્યો આદિ તત્ત્વજ્ઞાનનાં શાસ્ત્રો |
| શુષ્કજ્ઞાની | - | વાચાજ્ઞાની, એકાંતે નિશ્ચયનયનો આગ્રહી |
| સરણદયાણં | - | સાચું શરણ આપનાર ભગવાન |
| ઉપાદાન | - | દ્રવ્યની સત્તાગત ગુણોની શક્તિ |
| નિમિત્ત | - | જેના વગર ઉપાદાન જાગૃત ન થાય તેવા સત્‌દેવ |
| શિવસુખકારીણી | - | જિનવાણી તે મોક્ષપદનું પ્રધાન નિમિત્ત છે. |
| પુણ્યાનુબંધી પુણ્ય | - | જિનભક્તિથી મળતું તે પુણ્ય ભવિષ્યમાં વધારે ઉત્તમનિમિત્ત ધર્મના લાવે તે. |
| કલ્પશાખી | - | કલ્પવૃક્ષ જે માગ્યું આપે તેવું વૃક્ષ |



| | | |
|---|---|---|
| મહીભાણ | - | ભગવાન સૂર્ય જેવા પ્રભાવશાળી છે. |
| કનકમણી | - | પારસમણી રૂપ ભગવાન |
| દર્શનમોહ | - | આત્મસ્વરૂપ વિષે અજ્ઞાન, મિથ્યાત્વ |
| ચારિત્રમોહ | - | રાગ-દ્વેષના પરિણામો જે ૧૦મા ગુણ-સ્થાનકના અંતે ક્ષય થાય. |
| આશ્રવભાવો | - | કર્મોના આગમન થાય તેવા મલિન ભાવ |
| સંવર ભાવ | - | નવા કર્મ ન બંધાય તેવા શુદ્ધપરિણામ |
| નિર્જરાભાવ | - | જૂના કર્મો ખરી જાય તેવો સમભાવ |
| વીર્યોલ્લાસ | - | પ્રભુભક્તિમાં ઉલ્લાસથી જોડાવું |
| કરણાનુયોગ | - | કર્મના સિદ્ધાંતો સમજાવે તેવા કર્મગ્રન્થો |
| ચરણાનુયોગ | - | સાધુજી અને શ્રાવકના આચારના ગ્રન્થો |
| નિરાવરણતા | - | આત્માના ગુણો પર કર્મોનું આવરણ દૂર થવું. |
| વિમલ | - | આત્માના અનંતગુણો શુદ્ધપણે પ્રગટ થવા. |
| ઓલંભો | - | પ્રભુને ભક્તિભાવે ઠપકો (મોહનવિજયજીના સ્તવનોમાં મળે છે.) |
| નિર્વાણપદ | - | મોક્ષપદ |
| અતીન્દ્રિય ગુણમણીઆગરૂ | - | અનંત સુખ, અનંતગુણોના સાગર |
| અવિદ્યા | - | મિથ્યાત્વ, સ્વરૂપનું અજ્ઞાન |
| તાદાત્મ્યયભાવ | - | એકરૂપ થઈ જવું |
| પ્રવચનઅંજન | - | સદ્‌ગુરુ બોધરૂપી અંજનથી દિવ્ય ચક્ષુ |
| ક્ષાયિક રત્નત્રયી | - | ક્ષાયિકભાવે આત્માના ગુણો પરિણમે |
| ચન્દ્રહાસ | - | સૂક્ષ્મ ધારવાળી તરવાર |

## સમાપ્ત

## BIOGRAPHY OF PRAVIN L. SHAH

**Dr. Pravin L. Shah** is a Molecular Rheologist with Ph.D. in Newtonian and Quantum Physics. He lives near Phildelphia.

Pravinbhai has been keenly interested in Jain Scriptures for more than thirty five years. He has extensively studied the teachings of Shrimad Rajchandra who is his Spiritures Master (Sadguru). Pravinbhai's spiritual Sadhana has been highly influenced by the epic works of Acharya Haribhadra's Yogdristi, Yashovijayji's Adhytmasar and Gnasar and immortal Stavans of Shri Anandghanji, Shri Devchandraji, and Upadhyay Yashovijajyi.

Pravinbhai is a skilled writer and has contributed more than thirty-five articles to Jain Digest on Jainism. He is fluent in Sanskrit and can read Ardha Magadhi (Prakrit). He has studied extensively the Bhagavad-Gita and twenty some Upnishads and Shrimad Bhagavat, and he is well versed with classic scriptures of the world's great religions.

Pravinbhai has been conducting Parushana Swadhyay programx for the last thirty five years for adults and youth at many Jain and Hindu Centers, and is instrumental in explaining the spiritual and scientific significance of popular Jain Pujas, Jain Sutras, and Jain and Hindu Philosophy.

cell Phone : 610-780-2855. Home 610-678-1260
Email : pshahusa@yahoo.com